Murder Mystery (Gujarati Edition)

Christie, Agatha

VISIT…

LANZAROTE Caliente.com



રહસ્યકથાનાં Queen of Crime

અગાથા ક્રિસ્ટી

મર્ડર Mystery

રહસ્ય, રોમાંચ અને ઉત્તેજનાની

Super Fast કથા

Now a major motion picture from Twentieth Century Fox

‘અગાથા ક્રિસ્ટી’ એટલે રહસ્યકથાના લેખકોમાં જગમશહૂર નામ. તેમને ‘રહસ્યકથાનાં રાણી’ તરીકે ઓળખવામાં આવે છે. તેમણે લખેલ રહસ્યકથાઓની અંગ્રેજી ભાષામાં 100 કરોડથી વધુ પ્રત વેચાઈ ચુકી છે અને બીજી 100 કરોડ પ્રત દુનિયાની અનેક ભાષામાં અનુવાદિત થઈને સમગ્ર વિશ્વના વાચકો સુધી પહોંચી છે. વિશ્વના ઈતિહાસમાં તેઓ એવાં લેખિકા છે જેમનાં પુસ્તકો અંગ્રેજી અને અન્ય ભાષામાં સૌથી વધુ સંખ્યામાં પ્રકાશિત થયાં છે. ફક્ત બાઇબલ અને શેક્સપિયરના પુસ્તકોનું વેચાણ આ સંખ્યાથી વધારે છે. તેમણે રહસ્યને આલેખતી નવલકથા અને ટૂંકી વાર્તાનાં 80 પુસ્તકો લખ્યાં છે. આ ઉપરાંત 19 નાટકો અને *Mary West Mascot* ના નામે 6 નવલકથાનું સર્જન કર્યું છે.

તેમણે પોતાની પ્રથમ નવલકથા *The Mysterious Affairs at Styles* પ્રથમ વિશ્વયુદ્ધના અંતે સન્ 1920માં લખેલી. આમાં તેમણે ડિટેકટિવ હરક્યુલ પોઈરોના પાત્રનું નિર્માણ કર્યું. બેઠી દડીનું કદ અને મોટી આંકડા ચડાવેલી મૂછો ધરાવતા બેલ્જિયમના રહેવાસી હરક્યુલ પોઈરો રહસ્યકથાના લોકપ્રિય ડિટેકટિવ તરીકે શેરલોક હોમ્સ પછીનું સ્થાન ધરાવે છે.

The Murder of Roger Ackroyd અગાથા ક્રિસ્ટીની નાટ્ય રૂપાંતર પામેલી પ્રથમ નવલકથા હતી, જેનું *Alibi* નામના નાટકમાં રૂપાંતર થયું અને જે લંડનના વેસ્ટ એન્ડમાં ભજવાયું. એમણે લખેલું *Mousetrap* નાટક ઇંગ્લેન્ડમાં છેલ્લા સાઇઠ વર્ષથી દરરોજ ભજવાઈ રહ્યું છે જે એક વિશ્વવિક્રમ છે. 1971માં અગાથા ક્રિસ્ટીને *Dame* નો ઈલ્કાબ એનાયત થયેલો. 1976માં તેઓનું અવસાન થયું. તેમનાં અવસાન બાદ તેમનાં અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. બેસ્ટસેલર બનેલી નવલકથા *Sleeping Murder* 1976માં પ્રસિદ્ધ થયેલી. ત્યારબાદ તેમની આત્મકથા પ્રસિદ્ધ થઈ અને પછી ટૂંકી વાર્તાના સંગ્રહ *Miss Marple’s Final cases, Problem at Pollensa Bay* અને *While the light lasts* પ્રકાશિત થયાં. ૧૯૯૮માં તેમણે લખેલા *Black Coffee* નાટકનું ચાર્લ્સ ઓસ્બોર્ન નામનાં લેખક દ્વારા નવલકથામાં રૂપાંતર થયેલું.

'રહસ્યકથાનાં રાણી' અગાથા ક્રિસ્ટીની આ નવલકથા તમે વાંચી?

ક્રાઇમ Scene

પળે પળે રહસ્ય સર્જતી રોમાંચક કથા

ઇંગ્લેન્ડના ડેવોન કિનારા પર આવેલો સૉલ્જર ટાપુ..

ટાપુ પરનો આલિશાન છતાં નિર્જન બંગલો!

એ ટાપુ પર દસ વ્યક્તિઓને ભેગા કોણે કર્યા? શા માટે?

ડિનર સમયે ગ્રામોફોનમાંથી આવતો ભેદી અવાજ
સૌના હોશ કેમ ઉડાડે છે?

દરેક વ્યક્તિના રૂમની દીવાલ પર લગાડેલા
એકસરખાં જોડકણાં શેનો સંકેત છે?

પળે પળે તમારો શ્વાસ અદ્ધર થઈ જાય એ રીતે એક પછી એક થતા Crime અને રૂંવાડાં ખડા કરી દેતા સસ્પેન્સથી ભરપૂર આ થ્રિલર વાંચતાં તમને ચોક્કસ લાગશે કે તમે હોલિવૂડનું મૂવી જોઈ રહ્યા છો! રહસ્યકથાઓની દુનિયામાં Queen of Crime તરીકે ઓળખાતાં અગાથા ક્રિસ્ટીએ કરોડો વાચકોને તેમની સ્ટોરીટેલિંગ સ્ટાઇલના દીવાના બનાવી દીધા છે!

અગાથા ક્રિસ્ટીની માસ્ટરપીસ કથા.
– સ્પેક્ટેટર

રહસ્યોનાં રોમાંચક જાળા ગૂંથતી અદ્ભુત કથા.
– ઓબ્ઝર્વર

આજે જ વાંચો...

મર્ડર **Mystery**

રહસ્ય, રોમાંચ અને ઉત્તેજનાની **Super Fast** કથા

અગાથા ક્રિસ્ટી

અનુવાદ: નીતિન ભટ્ટ

સંપર્કસૂત્ર

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
116, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441
`દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573
Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

MURDER MYSTERY
Crime Fiction
Gujarati Translation of Timeless Bestseller
Murder On the Orient Express
Originally Written in English by Agatha Christie
Translated into Gujarati by Nitin Bhatt
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2018

ePub Version 3.0.1
eISBN : 978-93-5122-743-4

To
M.E.L.M. Arpachiya, 1933

ભાગ–૧: હકીકત

પ્રકરણ–૧
ટોરસ એક્સપ્રેસનો મુસાફર

સિરિયા દેશના એલેપ્પો શહેરના રેલવે સ્ટેશન પર ટોરસ એક્સપ્રેસ ટ્રેન ઊભી હતી. જેમાં ડાઇનિંગ કાર, સ્લીપિંગ કાર ઉપરાંત બે જનરલ કોચ હતા.

શિયાળાની વહેલી સવારે પાંચ વાગે મિલિટરીના યુનિફૉર્મમાં સજ્જ ફ્રેંચ લેફ્ટનન્ટ ડ્યુબોસ્ક, સ્લીપિંગ કારના પગથિયા પાસે ઊભા રહીને એક નાના કદના, પાતળા બાંધાવાળા મિસ્ટર હરક્યુલ પોઈરો સાથે વાતો કરતા હતા. પગથી માથા સુધી ગરમ કપડામાં ઢંકાયેલાં પોઈરોનું ફક્ત ગુલાબી થયેલું નાક અને મૂછોના થોભિયા દેખાતા હતા.

હાડ થિજાવી દે એવી ઠંડીમાં કોઈને ટ્રેન પર મૂકવા આવવાનું કામ કપરું હતું, પણ લેફ્ટનન્ટ ડ્યુબોસ્ક પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરતા હતા. એમને ખબર નહોતી કે મિસ્ટર પોઈરો અહીં શા માટે આવેલા. હા, તેમણે અમુક અફવાઓ સાંભળેલી અને એ પણ અનુભવેલું કે તેમના ઉપરી, જે જનરલ હતા, તેમનો મિજાજ બગડતો જતો હતો. ત્યાં અચાનક આ બેલ્જિયન જેન્ટલમેન ઇંગ્લૅન્ડથી આવ્યા અને એક અઠવાડિયા સુધી રહ્યા. આ અઠવાડિયા દરમ્યાન બધાએ ઘણું ટૅન્શન અનુભવ્યું અને સાથે જ અમુક ઘટના બનેલી. એક ઉચ્ચ અધિકારીએ આત્મહત્યા કરેલી તો બીજાએ રાજીનામું આપેલું. લોકોના ચહેરા પર જે ચિંતા દેખાતી હતી તે દૂર થયેલી અને લેફ્ટનન્ટ ડ્યુબોસ્કના ઉપરી જનરલ તો એવા મૂડમાં આવી ગયા જાણે દસ વર્ષ નાના થઈ ગયા હોય!

ડ્યુબોસ્કે એમના ઉપરીને મિસ્ટર પોઈરો સાથે વાત કરતા સાંભળેલા. “સર, તમે અમને બચાવી લીધા. તમે ફ્રેંચ આર્મીની આબરૂ રાખી અને લોહિયાળ સંઘર્ષ અટકાવ્યો. આટલે દૂરથી આવીને તમે આવું ઉચ્ચ કામ કર્યું જેને માટે મારી પાસે તમારો આભાર માનવા માટે શબ્દો નથી.”

આના જવાબમાં હરક્યુલ પોઈરોએ કહેલું: “સર, તમે એકવાર મારી જિંદગી બચાવેલી એ શું મને યાદ નથી?”

જનરલે કહેલું: “અરે, એ તો મારી ફરજ હતી.”

આટલું કહી બંને જણા એકમેકની પ્રશંસા કરીને છૂટા પડેલા.

ડ્યુબોસ્કને જે વાતો થતી હતી તે વિષયમાં કોઈ માહિતી નહોતી. તેમને હરક્યુલ પોઈરોને ટ્રેન પર વિદાય કરવાનું કામ સોંપવામાં આવેલું જે તે ખંતપૂર્વક કરતા હતા. તેમણે પોઈરોને કહ્યું, “આજે રવિવાર છે. આવતીકાલે સાંજે તમે ઈસ્તંબુલ પહોંચી જશો.” આ જ વાત ડ્યુબોસ્કે થોડા વખત પહેલા કહેલી પણ ટ્રેન છૂટવાની હોય ત્યારે પ્લૅટફૉર્મ પર થતી અમુક વાતોનું પુનરાવર્તન થાય તે સ્વાભાવિક હોય છે.

“એ બરાબર.” પોઈરોએ ટૂંકમાં જવાબ આપ્યો.

“સર, તમે ત્યાં થોડા દિવસો રોકાવાના છો?” ડ્યુબોસ્કે પૂછ્યું.

“હા, હું ક્યારેય ઈસ્તંબુલ ગયો નથી એટલે થોડા દિવસો ત્યાં રોકાવું છે. વળી બીજું કોઈ કામ નથી એટલે એક ટૂરિસ્ટ તરીકે રહેવાની મજા ઔર હશે!” પોઈરોએ જણાવ્યું.

“ત્યાંનું સૈન્ટ સોફિયા ચર્ચ બહુ મજાનું છે.” લેફ્ટનન્ટે કહ્યું. જો કે તેમણે એ ચર્ચ જોયું નહોતું.

ઠંડા પવનની લહેરખી આવી અને બંને જણા જરા ધ્રૂજી ગયા. ડ્યુબોસ્કે ઘડિયાળમાં જોયું તો ટ્રેન શરૂ થવાને હવે ફક્ત પાંચ મિનિટની વાર હતી. ફરી એમણે ઔપચારિક વાત કરતા કહ્યું: “આ સિઝનમાં ટ્રેનની મુસાફરી કરનારા ઓછા હોય છે.”

"હમમ..." પોઈરોએ કહ્યું.

"આશા રાખીએ કે તમને ટોરસ પર્વત પાસે બરફનું તોફાન નડે નહીં." ડ્યુબોસ્કે કહ્યું.

'એવું થતું હોય છે?"

"હા સર, પહેલા આવું થયું છે. જો કે આ વર્ષે હજુ સુધી બરફ નથી પડ્યો." ડ્યુબોસ્કે જણાવ્યું.

પોઈરોએ કહ્યું: "યુરોપમાં હવામાન ખરાબ છે તેવા સમાચાર છે."

"હા સર, બાલ્કન વિસ્તારમાં ઘણો જ બરફ પડ્યો છે."

"મેં સાંભળ્યું કે જર્મનીમાં પણ બહુ બરફ પડ્યો છે." પોઈરોએ કહ્યું.

વાત બદલતા ડ્યુબોસ્કે જણાવ્યું, "કાલે સાંજે પોણા આઠ વાગે તમે કોન્સ્ટેનટીનોપોલમાં હશો."

પોઈરોએ કહ્યું: "હા, મેં સાંભળ્યું છે કે સૈન્ટ સોફી ચર્ચ બહુ સરસ છે."

"એ તો ભવ્ય ચર્ચ છે સર." ડ્યુબોસ્કે સૂર પુરાવ્યો.

એમની પાસેના સ્લીપર કંપાર્ટમેન્ટની બારીનો પડદો ખૂલ્યો અને એક યુવતીનો ચહેરો દેખાયો.

મેરી ડેબેનહામે ગુરુવારે બગદાદ છોડ્યું ત્યાર પછી બહુ ઓછી ઊંઘ લીધેલી. કિરકુકની ટ્રેનમાં, મોસુલના રેસ્ટ હાઉસમાં કે પછી ગઈકાલથી શરૂ થયેલી ટ્રેનની મુસાફરીમાં, એકપણ જગ્યાએ તેને બરાબર ઊંઘ નહોતી આવી. અત્યારે પણ તેને કંપાર્ટમેન્ટમાં સૂતા સૂતા ગરમી અને ગૂંગળામણ થતી હતી એટલે તેણે ઊભા થઈને બારીનો પડદો ખોલ્યો.

મેરીએ મનમાં કહ્યું, "આ એલેપ્પો સ્ટેશન લાગે છે." લાંબા પ્લૅટફૉર્મ પર ઝાંખો પ્રકાશ હતો. ક્યાંક અરેબીક ભાષામાં થઈ રહેલી ઉગ્ર ચર્ચાનો અવાજ સંભળાતો હતો. કંપાર્ટમેન્ટની બહાર બે જણા ફ્રેંચ ભાષામાં વાતો કરતા હતા. એક ફ્રેંચ આર્મીનો ઑફિસર હતો અને બીજો વામન કદનો હતો, જેને બહુ મોટી મૂછો હતી અને તેનું શરીર પગથી માથા સુધી ગરમ કપડામાં ઢંકાયેલું હતું. મેરીને આછું હસવું આવ્યું કારણકે એણે ક્યારેય કોઈને પગથી માથા સુધી આટલાં બધાં ગરમ કપડાંમાં લપેટાયેલો જોયો નહોતો.મેરીને વિચાર આવ્યો કે 'બહાર બહુ ઠંડી પડતી લાગે છે, એટલે જ કદાચ ઍટેન્ડન્ટે કંપાર્ટમેન્ટનું ટેમ્પરેચર આટલું વધારી દીધું હશે.'

ટ્રેનના કન્ડક્ટરે આવીને કહ્યું: "સર, ટ્રેન ઊપડવાની તૈયારીમાં છે. તમે પ્લીઝ બેસી જાઓ"

વામન કદના માણસે પોતાની હેટ ઉતારી. મેરીએ જોયું કે એનું માથું ઈંડાના આકારનું હતું. તે થાકેલી અને અસ્વસ્થ હોવા છતાં હસી પડી અને વિચાર્યું, "આ માણસ કેવો વિચિત્ર દેખાય છે! મોટી મોટી મૂછો અને ઈંડા જેવું માથું! આવા ઠીંગણાં માણસનું કાંઈ ઊપજે નહીં. એને કોઈ માન ન આપે."

લેફ્ટનન્ટ ડ્યુબોસ્કે પોઈરોનો આભાર માન્યો અને પોઈરો તેનો યોગ્ય જવાબ આપીને ટ્રેનમાં ચડ્યા. કન્ડક્ટર એમની પાછળ આવ્યો અને એક આંચકા સાથે ટ્રેન શરૂ થઈ.

"આહ! અંતે અહીંથી નીકળવાનું થયું." પોઈરો ધીમેથી બબડ્યા.

"આવો સાહેબ!" કન્ડક્ટરે પોઈરોને આવકારતા કહ્યું અને હાથના ઇશારાથી સ્લીપિંગ કંપાર્ટમેન્ટ બતાવતા કહ્યું: "આપની બૅગ અહીં મૂકી છે, સર." પોઈરોએ તેના લંબાયેલા હાથમાં એક પાઉન્ડની નોટ મૂકી.

"થૅંક્યુ, સર. તમારી ટિકિટ મારી પાસે છે. આપનો પાસપોર્ટ આપશો પ્લીઝ? હું માનું છું કે આપ ઈસ્તંબુલ ઊતરવાના છો." કન્ડક્ટરે પાસપોર્ટ લેતા પૂછ્યું.

પોઈરોએ જણાવ્યું, "હા, હું ઈસ્તંબુલ ઊતરીશ." અને પૂછ્યું "મને લાગે છે કે આ ટ્રેનમાં અત્યારે બહુ મુસાફરો નથી."

કન્ડક્ટરે જવાબ આપ્યો, "સાચી વાત સર. અત્યારે આ કંપાર્ટમેન્ટમાં તમારા સિવાય ફક્ત બે જ મુસાફરો છે. બંને ઇંગ્લૅન્ડના છે. એક કર્નલ છે જે ભારતથી આવે છે અને બીજી એક યુવાન સ્ત્રી છે જે બગદાદથી આવે છે." પછી તેણે પૂછ્યું, "તમને કોઈ વસ્તુની જરૂરિયાત છે?"

પોઈરોએ મિનરલ વૉટરની નાની બૉટલ મંગાવી.

પાંચ વાગ્યાની ટ્રેન પકડવા વહેલા ઊઠેલા પોઈરો સૂઈ ગયા. એ જાગ્યા ત્યારે સાડા નવ વાગેલા. થોડીવાર બાદ તે ગરમાગરમ કૉફી અને નાસ્તા માટે રેસ્ટોરાં કારમાં પહોંચ્યા ત્યારે ત્યાં એક યુવતી બેઠેલી જેના વિષે કન્ડક્ટરે વાત કરેલી. ઊંચી, પાતળી કાયા અને સહેજ ઘઉંવર્ણી ત્વચા ધરાવતી આ યુવતી જે રીતે નાસ્તો કરતી હતી અને તેણે જે રીતે વેઇટરને વધારે કૉફી લાવવાનું કહ્યું તે પરથી લાગતું હતું કે તેને પ્રવાસનો સારો અનુભવ છે અને દુનિયા વિષે સારી માહિતી છે.

પોઈરો પોતાનો નાસ્તો અને કૉફી આવે ત્યાં સુધી આ યુવતીનું અવલોકન કરતા રહ્યા.

પોઈરોને લાગ્યું કે આ યુવતી કોઈપણ પરિસ્થિતિમાં પોતાનો માર્ગ કાઢે તેવી ક્ષમતા ધરાવતી હતી. તેના વર્તનમાં સ્વસ્થતા અને કાર્યક્ષમતા દેખાતા હતા જે જ્ઞાન અને અનુભવથી આવતા હોય છે. સ્નિગ્ધ ત્વચા, કાળા વાંકડિયા કેશ અને ભૂરી આંખો તેના સૌંદર્યને ઓપ આપતા હતા. પોઈરોને એ પણ લાગ્યું કે આ યુવતીની પ્રતિભા એવી હતી કે તેને માત્ર 'સ્વરૂપવાન સ્ત્રી' ગણવી તે ભૂલ ભરેલું કહેવાય. રૂપ, બુદ્ધિ અને પ્રતિભાનો સુમેળ તેનામાં દેખાતો હતો.

ત્યાં રેસ્ટોરાં કારમાં ઊંચો, પાતળો દેહ, સહેજ ભૂખરા થયેલા વાળ અને ઘઉંવર્ણી ચામડી ધરાવતા પુરુષે પ્રવેશ કર્યો. એમને જોઈને પોઈરોએ મનમાં કહ્યું, "આ ભારતથી આવેલા કર્નલ છે."

આગંતુકે સહેજ ઝૂકીને યુવતીને કહ્યું: "ગુડ મોર્નિંગ મિસ ડેબેનહામ."

"ગુડ મોર્નિંગ કર્નલ આર્બથનોટ." યુવતીએ જવાબ આપ્યો.

કર્નલે પૂછ્યું, "હું તમારા ટેબલ પર બેસી શકું?"

મેરીએ કહ્યું, "અવશ્ય. પ્લીઝ બેસો."

કર્નલે આમલેટ અને કૉફીનો ઑર્ડર આપ્યો. તેમણે પોઈરો તરફ અછડતી નજર કરી અને બીજે જોયું. પોઈરોને થયું કે 'આ રૂઢિચુસ્ત ઇંગ્લિશમેન મને કોઈ નકામો પરદેશી જ માનતો લાગે છે.'

ઇંગ્લિશ લોકોની પ્રણાલી મુજબ મેરી અને કર્નલ આર્બથનોટ વચ્ચે બહુ વાતો ન થઈ. થોડી વાર પછી મેરી પોતાના કમ્પાર્ટમેન્ટમાં પાછી ગઈ.

લંચ વખતે ફરીવાર તે બંને જણા એક ટેબલ પર બેઠેલા. આ વખતે પણ તેમણે પોઈરો તરફ જરાપણ ધ્યાન ન આપ્યું. કર્નલ પંજાબની વાતો કરતા હતા. મેરીએ પોતે બગદાદમાં ગવર્નેસ તરીકે કામ કરેલું તેના વિષે જણાવ્યું. વાતચીત દરમ્યાન બંનેને ખબર પડી કે તેમના અમુક કોમન મિત્રો હતા. આને કારણે બંને વચ્ચે ઔપચારિકતા ઓછી થઈ અને વધુ મૈત્રીપૂર્ણ વાતો થઈ.

કર્નલે પૂછ્યું: "તું સીધી ઇંગ્લૅન્ડ જાય છે કે ઈસ્તંબુલમાં રોકાવાની?"

"હું સીધી ઇંગ્લૅન્ડ જાઉં છું." મેરીએ જણાવ્યું.

"કેમ? ઈસ્તંબુલ જોવું નથી?" કર્નલે જરા આશ્ચર્ય સાથે પૂછ્યું.

"બે વર્ષ પહેલા હું ઈસ્તંબુલમાં ત્રણ દિવસ રોકાયેલી." મેરીએ ચોખવટ કરતા કહ્યું.

"ઓહો, એમ વાત છે. મને આનંદ છે કે તું સીધી ઇંગ્લૅન્ડ જાય છે. હું પણ ત્યાં જ જાઉં છું."

પોઈરોએ જોયું કે કર્નલે જરા ઝૂકીને આ વાત કરી. મેરીએ ઔપચારિક જવાબ આપ્યો, "સારું, સાથે મુસાફરી કરવાનો આનંદ રહેશે."

કર્નલ મેરી સાથે તેના કંપાર્ટમેન્ટ સુધી ગયા. થોડા વખત બાદ ટોરસ પર્વતમાળામાંથી ટ્રેન પસાર થઈ ત્યારે બંને જણા કૉરિડૉરમાં ઊભા રહી તેનું સૌન્દર્ય માણતા હતા. ટ્રેન જ્યારે સીલીસિયન ગેટ પાસે પહોંચી ત્યારે મેરીએ આછો નિસાસો નાખીને કહ્યું: "કેટલું સુંદર દૃશ્ય છે! કાશ હું આ બધું માણી શકત!"

કર્નલ આર્બથનોટ જરા ગંભીર થઈને બોલ્યા, "હું તો એ ઇચ્છું કે તું આ બધામાંથી તરત બહાર આવે!"

મેરીએ તરત કહ્યું: "પ્લીઝ, ધીમે બોલો!"

આર્બથનોટે પોઈરો તરફ નજર નાખીને કહ્યું, "અરે, ઠીક છે. પરંતુ તું ગવર્નેસનું કામ કરે છે તે મને જરાપણ પસંદ નથી. આખો દિવસ જોહુકમી કરતી મેડમ અને તેના તોફાની ટેણિયાઓની ગુલામી કરવાની?!"

મેરીએ સ્વસ્થતાથી જવાબ આપ્યો, "તમે વિચારો છો તેવું નથી હો! ગવર્નેસ ગુલામી કરતી હતી તે વાત તો બહુ જૂની થઈ ગઈ! હવે તો પૅરન્ટ્સ મારાથી ડરે છે!"

આર્બથનોટ વધુ કાંઈ બોલ્યા નહીં. કદાચ તેમણે જે કહ્યું તેને માટે તે શરમ અનુભવતા હતા. થોડે દૂર બેઠેલા પોઈરોને વિચાર આવતો હતો, `આ કાંઈક વિચિત્ર નાટક થઈ રહ્યું લાગે છે!' એમને પોતાનો આ વિચાર ભવિષ્યમાં ફરી યાદ આવવાનો હતો.

રાતે સાડા અગિયાર વાગે ટ્રેન કોન્યા સ્ટેશને પહોંચી. બંને ઇંગ્લિશ મુસાફરો પ્લૅટફૉર્મ પર ઊતરીને આંટા મારવા લાગ્યા. પોઈરો બારીમાંથી તેમને જોતા હતા. થોડીવાર પછી તેમને થયું કે થોડી તાજી હવા માણવાનું અને પગ છૂટો કરવાનું સારું રહેશે. એમણે ત્રણ ગરમ કોટ પહેર્યા અને બે મફલરથી પોતાનું મોઢું બરાબર ઢાંકી દીધું. ત્યારબાદ બૂટ પર વૉટરપ્રૂફ કવર ચડાવીને તે ટ્રેનમાંથી ઊતર્યા અને પ્લૅટફૉર્મ પર ચાલતા ચાલતા એન્જિનની પાસે આવ્યા.

અચાનક તેમને આર્બથનોટનો અવાજ સંભળાયો. તે અને મેરી ટ્રાફિકવાન પાસે ઊભા રહીને વાતો કરતા હતા. આર્બથનોટે કહ્યું, "મેરી..."

મેરીએ તેમને અધવચ્ચે અટકાવતા કહ્યું: "અત્યારે એ વાત ન કરો. અત્યારે નહીં. બધું પૂરું થઈ જાય પછી... પછી એ વાત..."

પોઈરો ધીમા પગલે પાછા ફરી ગયા. તેમને વિચાર આવ્યો કે આ આખી વાત કાંઈક વિચિત્ર હતી. બીજે દિવસે એમણે જોયું કે મેરી અને કર્નલ એકબીજા સાથે બહુ ઓછી વાતો કરતાં હતાં. કદાચ આગલે દિવસે ઝઘડો થયો હશે. મેરી જરા ચિંતામાં લાગતી હતી. તેની આંખ નીચે કાળાં કુંડાળાં દેખાતાં હતાં.

બીજે દિવસે બપોરે અઢી વાગે ટ્રેન અચાનક અટકી ગઈ. પોઈરોએ બારીમાંથી જોયું તો થોડા માણસો ટ્રેનની પાસે ઊભા રહીને ડાઇનિંગ કારની નીચે જોતા હતા.

કન્ડક્ટર ડાઇનિંગ કાર તરફ ઝડપથી જતો હતો ત્યારે પોઈરોએ બારીમાંથી એને પૂછ્યું, "શું થયું? ટ્રેન કેમ અટકી છે?"

કન્ડક્ટરનો જવાબ સાંભળી પોઈરોએ માથું અંદર લઈને જોયું તો મેરી એમની સાવ પાસે ઊભી હતી. તેણે આતુરતાથી પૂછ્યું, "શું થયું? આપણે શા માટે રોકાયા છીએ?"

પોઈરોએ જણાવ્યું, "ખાસ કાંઈ નથી મેડમ. ડાઇનિંગ કાર નીચે જરા આગ લાગેલી જે બૂઝવી નાખી છે. હવે બગડેલો ભાગ રીપેર થાય છે. કોઈ જોખમ નથી."

મેરીએ કહ્યું: "ઓ.કે. જોખમ તો ઠીક છે પણ ટાઇમનું શું? ટ્રેન મોડી પડશે?"

પોઈરોએ સંમત થતા કહ્યું: "હા, એ શક્ય છે."

મેરીએ વ્યગ્ર અવાજમાં કહ્યું: "અરે પણ ટ્રેન મોડી પડશે તો મુશ્કેલી થઈ જશે! સાતમાં પાંચ મિનિટે ટ્રેન પહોંચશે. પછી મારે બૉસ્ફોરસને બોટમાં ક્રૉસ કરી, સામેના છેડે નવ વાગ્યાની

સિમ્પલન ઑરીએન્ટ ઍક્સપ્રેસ પકડવાની છે. એકબે કલાકનું મોડું થશે તો હું ટ્રેન ચૂકી જઈશ."

પોઈરોએ કહ્યું: "હા, એમ બની શકે."

તેમણે જોયું કે મેરીના ચહેરા પર ચિંતા છવાયેલી હતી અને તેના હોઠ કાંપતા હતા એટલે તેમણે પૂછ્યું, "મેડમ, તમારે માટે તે ટ્રેન પકડવી બહુ જરૂરી છે?"

"હા, હા. એ બહુ જરૂરી છે કે હું એ ટ્રેન ચૂકી ન જાઉં." મેરીએ જણાવ્યું અને તે કર્નલ આર્બથનોટ બેઠા હતા ત્યાં ગઈ.

મેરીએ ચિંતા કરવાની જરૂર નહોતી. દસ મિનિટ પછી ટ્રેન શરૂ થઈ અને માર્ગમાં ઝડપ વધારીને તેણે ગુમાવેલો સમય કવર કરી લીધો. આમ ટ્રેન જ્યારે તુર્કીના હાયડાપસાર સ્ટેશનમાં આવી ત્યારે નિર્ધારિત સમયથી ફક્ત પાંચ મિનિટ મોડી પડેલી.

ઈસ્તંબુલ શહેરમાં પહોંચવા બૉસ્ફોરસ સામુદ્રધુની બોટમાં ક્રૉસ કરવાની હતી. મોજાં ઊછળતાં હતાં એટલે પોઈરોને બોટની મુસાફરી આરામદાયક ન લાગી. તેમની સાથેના બ્રિટિશ મુસાફરો બોટમાં તેમનાથી જુદા થઈ ગયા હતા અને ફરી દેખાયા નહીં.

ઈસ્તંબુલના જાણીતા ગાલાટા બ્રિજને ક્રૉસ કરીને પોઈરો સીધા ટોકાટલીઅન હોટેલમાં ગયા.

પ્રકરણ–૨
ટોકાટલીઅન હોટેલ

ટોકાટલીઅન હોટેલમાં આવીને પોઈરોએ ઍટેચ્ડ બાથવાળો રૂમ બુક કરાવ્યો અને પોતાને માટે કોઈ ટપાલ આવી છે કે નહીં તેની તપાસ કરી. તેમને માટે ત્રણ પત્ર આવેલા. આ ઉપરાંત એક ટેલિગ્રામ પણ આવેલો જેને જોઈને પોઈરોને નવાઈ લાગી. આ ટેલિગ્રામ અણધાર્યો આવેલો.

પોઈરોએ પોતાની ટેવ મુજબ સુઘડ રીતે, ચોકસાઈથી ટેલિગ્રામ ખોલીને તેમાં છાપેલો સંદેશો વાંચ્યો. “કેસનર કેસમાં તમે જે ધારેલું તેવું થયું છે. જલદીથી પાછા આવો.”

ટેલિગ્રામ વાંચીને પોઈરો મનમાં બબડ્યાઃ “આ કેસ તો માથાનો દુઃખાવો છે!” તેમણે ઘડિયાળમાં જોઈને હોટેલના ક્લાર્કને જણાવ્યું, “મારે આજે રાતે જવું પડે એમ છે. ઑરિએન્ટ ઍક્સપ્રેસ કેટલા વાગે ઊપડે છે?”

ક્લાર્કે જવાબ આપ્યોઃ “રાતે નવ વાગે સર.”

“મને તેમાં એક સ્લીપર બર્થ મળી જશે?” પોઈરોએ પૂછ્યું.

“જરૂર સર. આ સિઝન દરમ્યાન ટ્રેનની ટિકિટ આસાનીથી મળી જાય છે. ફર્સ્ટ ક્લાસમાં કરાવવી છે કે સેકન્ડ ક્લાસમાં?” ક્લાર્કે પૂછ્યું.

“ફર્સ્ટ ક્લાસમાં.” પોઈરોએ જણાવ્યું.

“બહુ સારું સર. આપ ક્યાં સુધી જશો?”

“લંડન સુધી” પોઈરોએ કહ્યું.

“હું આપની ફર્સ્ટ ક્લાસની લંડન સુધીની ટિકિટ ઈસ્તંબુલ-કાલાઈસ સ્લીપર કોચમાં બુક કરાવી દઉં છું.” ક્લાર્કે કહ્યું.

પોઈરોએ ઘડિયાળમાં જોયું તો આઠ વાગવામાં દસ મિનિટ બાકી હતી. તેમણે પૂછ્યુંઃ “હું ડીનર લઈ શકું એટલો સમય છે?”

ક્લાર્કે કહ્યુંઃ “ચોક્કસ સર. તમે નિરાંતે ડીનર લઈ શકશો.”

પોઈરોએ રૂમનું બુકિંગ કૅન્સલ કર્યું અને રેસ્ટોરાંમાં ગયા. ટેબલ પર બેસીને તે વેઇટરને ઑર્ડર આપતા હતા ત્યાં કોઈએ એમના ખભા પર હાથ મૂકીને કહ્યું, “અરે મારા મિત્ર! તમને અહીં જોઈને બહુ આનંદ થયો!”

પોઈરોએ જોયું કે એક નાના કદનો, મજબૂત બાંધાનો માણસ તેમને જોઈને પ્રસન્ન થઈને સ્મિત આપતો હતો. પોઈરોએ ઊભા થઈને તેની સાથે હાથ મિલાવીને કહ્યું, “હેલ્લો મિસ્ટર બુક, કેમ છો?”

“હેલ્લો મિસ્ટર પોઈરો, તમે કેમ છો?” મિસ્ટર બુકે પૂછ્યું. તેઓ ઇન્ટરનેશનલ વેગન લીટ રેલવે કંપનીના માલિક હતા અને પોઈરોને ઘણા વર્ષથી ઓળખતા હતા. તેમણે પૂછ્યું, “તમે અહીં ક્યાંથી?”

પોઈરોએ જણાવ્યું, “સિરિયામાં એક કેસ હતો એટલે ત્યાં ગયેલો. આજે રાતે પાછો જાઉં છું.”

“બહુ સરસ, હું પણ આજે સ્વીટ્ઝરલૅન્ડના લૌસન સુધી મુસાફરી કરવાનો છું. તમે ઑરિએન્ટ ઍક્સપ્રેસમાં મુસાફરી કરવાના છો ને?” મિસ્ટર બુકે ઉત્સુકતાથી પૂછ્યું.

પોઈરોએ કહ્યુંઃ “હા, હમણાં જ મેં સ્લીપર ક્લાસમાં એક બર્થ બુક કરવાનું કહ્યું છે. મારે તો અહીં બે-ત્રણ દિવસ રોકાવું હતું પણ લંડનથી ટેલિગ્રામ આવ્યો છે કે એક અગત્યનું કામ આવ્યું છે એટલે મારે તરત પહોંચવું પડે એમ છે.”

"સાહેબ, તમે તો અત્યારે તમારા ક્ષેત્રમાં ટોચ પર બિરાજો છો ને?" મિસ્ટર બુકે કહ્યું.
"એવું તો નહીં પણ મને થોડી સફળતા મળી છે." પોઈરો વિનમ્ર થવા ગયા પણ ફાવ્યા નહીં!
મિસ્ટર બુક હસીને ઊભા થયા અને કહ્યું, "ચાલો સર, પછી મળીએ."
સૂપ પીને પોઈરો બીજી ડીશની રાહ જોતાં હતા ત્યારે તેમણે રેસ્ટોરાંમાં નજર ફેરવી. બહુ ઓછા લોકો બેઠા હતા અને જેટલા હતા તેમાંના ફક્ત બે જણ પર પોઈરોનું ધ્યાન ગયું.
આ બંને જણા થોડે દૂરના ટેબલ પર બેઠા હતા. બેમાંથી જે ત્રીસેક વર્ષની ઉંમરનો જુવાન હતો તે અમેરિકન હતો તેમ ચોખ્ખું દેખાતું હતું. એની સાથે હતો એ સાંઈઠ આસપાસની ઉંમરનો આધેડ પુરુષ હતો. તેનું પાંખા વાળવાળું માથું, મોટું કપાળ અને સફેદ દાંતના ચોકઠાવાળું સ્મિત જોતાં તે કોઈ ઉદાર દાનવીર જેવો દેખાતો હતો, પણ તેની આંખો તેના સ્વભાવને છતો કરતી હતી. એની ઝીણી, ઊંડી ઊતરેલી આંખોમાં શઠતા દેખાતી હતી. તેણે આજુબાજુ જોયું અને જ્યારે પોઈરો પર એની નજર પડી, ત્યારે એ આંખોમાં સહેજ ક્રૂરતા અને સખ્તાઈ આવી તેવું પોઈરોને લાગ્યું.
તેણે ઊભા થઈને કહ્યું, "હેક્ટર, બીલ ચૂકવી દે." અને તે રેસ્ટોરાંની બહાર ગયો.
થોડીવાર પછી પોઈરો રેસ્ટોરાંમાંથી બહાર નીકળી હોટેલની લૉબીમાં મિસ્ટર બુક સાથે ઊભા હતા, ત્યારે તેમણે જોયું કે હોટેલમાંથી બંને અમેરિકન ચેક આઉટ કરીને નીકળતા હતા. પોર્ટર તેમનો સામાન લઈને નીચે આવ્યો એટલે હેક્ટરે કહ્યું: "મિસ્ટર રાટચેટ, બધું તૈયાર છે." અને મિસ્ટર રાટચેટ હોટેલની બહાર ગયા.
પોઈરોએ મિસ્ટર બુકને પૂછ્યું, "આ બંને તમને કેવા લાગ્યા?"
મિસ્ટર બુકે કહ્યું: "બંને અમેરિકન છે."
"એ તો દેખીતું છે. તમને તેમના વિષે કેવી છાપ પડી?" પોઈરોએ પૂછ્યું.
"જુવાન સારા સ્વભાવનો, મજાનો લાગ્યો." મિસ્ટર બુકે કહ્યું.
"અને બીજો હતો તે?"
મિસ્ટર બુકે જણાવ્યું, "ચોખ્ખી વાત કરું તો મને એ માણસ બહુ ઠીક ન લાગ્યો. તમને એ કેવો લાગ્યો?"
પોઈરોએ થોડીવાર વિચાર કરીને કહ્યું: "રેસ્ટોરાંમાં એ મારી પાસેથી પસાર થયો ત્યારે કોઈ જંગલી, ખૂંખાર જાનવર મારી પાસેથી પસાર થયું હોય તેવું મને લાગ્યું."
"જો કે તેનો દેખાવ અને પહેરવેશ તો સજ્જન વ્યક્તિના હતા." બુકે કહ્યું.
"મારે એ જ કહેવાનું છે." પોઈરોએ કહ્યું, "પહેરવેશ અલબત્ત સજ્જનનો હોય પણ તેની નીચે એક રાની, હિંસક પશુ હુમલો કરવા તાકીને બેઠું હોય."
મિસ્ટર બુકે કહ્યું, "તમારી વાત માનવામાં આવે તેવી નથી."
પોઈરોએ પ્રતિભાવ આપ્યો, "કદાચ એમ હોય પરંતુ મારા મનમાં તેની એક શેતાન તરીકેની છાપ પડી છે જે જતી નથી."
"પેલા માનનીય અમેરિકન સજ્જન વિષે તમને આવો વિચાર આવ્યો?" બુકે પૂછ્યું.
"હા, મને તે 'માનનીય સજ્જન' વિષે જ આવો વિચાર આવ્યો." પોઈરોએ દૃઢતાથી કહ્યું.
મિસ્ટર બુકે સંમત થતા કહ્યું, "હું સ્વીકારું છું કે જગતમાં શેતાનિયત વધી ગઈ છે."
ત્યાં બારણું ખૂલ્યું અને હોટેલના ક્લાર્કે આવીને પોઈરોને દિલગીરી સાથે જણાવ્યું, "સર, બહુ નવાઈ લાગે તેવી વાત છે પણ ફર્સ્ટ ક્લાસની એકપણ બર્થ ખાલી નથી."
મિસ્ટર બુક આશ્ચર્યથી બોલ્યા, "એમ? આ સિઝનમાં બર્થ ખાલી નથી? જરૂર કોઈ પત્રકારો અથવા રાજકારણીઓનું ગ્રુપ મુસાફરી કરતું હશે."

ક્લાર્કે માનપૂર્વક મિસ્ટર બુક સામે જોઈને કહ્યું, "એ ખબર નથી, સર."

મિસ્ટર બુકે પોઈરોને કહ્યું: "ફિકર ન કરો દોસ્ત, આ ટ્રેનમાં સોળ નંબરનો કંપાર્ટમેન્ટ હંમેશાં ખાલી રાખવામાં આવે છે, તેમાં તમારી વ્યવસ્થા થઈ જશે." પછી ઘડિયાળમાં જોઈને એમણે કહ્યું: "ચાલો, જવાનો સમય થઈ ગયો છે."

સ્ટેશન પહોંચ્યા ત્યારે ટ્રેનના કન્ડક્ટરે મિસ્ટર બુકને ઉત્સુકતાપૂર્વક કહ્યું: "ગુડ ઇવનિંગ સર, આપનો કંપાર્ટમેન્ટ નંબર એક છે." પછી પોર્ટરને બોલાવીને મિસ્ટર બુકનો સામાન લઈ જવા જણાવ્યું.

"આજે આખી ટ્રેન ફૂલ છે કે શું?" મિસ્ટર બુકે પૂછ્યું.

કન્ડક્ટરે કહ્યું: "હા, સર. બહુ નવાઈની વાત છે પણ બધાને જાણે આજે જ મુસાફરી કરવી છે!"

"જે હોય તે, તમે મારા આ મિત્ર માટે એક જગ્યાની વ્યવસ્થા કરો.એમને સોળ નંબરનો કંપાર્ટમેન્ટ આપો." મિસ્ટર બુકે કહ્યું.

કન્ડક્ટરે કહ્યું: "સર, સોળ નંબર તો અપાઈ ગયો છે."

"શું?" મિસ્ટર બુકે પૂછ્યું, "સોળ નંબર અપાઈ ગયો છે?"

કન્ડક્ટરે તેમની સામે જોઈને આછું, મર્માળુ સ્મિત કરીને કહ્યું: "હા, સાહેબ, આખી ટ્રેન ફૂલ છે, કોઈ જગ્યા નથી."

બુક ગુસ્સે થઈને બોલ્યા: "એકપણ જગ્યા ખાલી નથી? શું કોઈ જગ્યાએ મોટી કૉન્ફરન્સ છે? કે મોટી પાર્ટી છે?"

"ના સર, જોગાનુજોગ આજે જ ઘણા બધા લોકોએ મુસાફરી કરવાનું નક્કી કર્યું લાગે છે."

મિસ્ટર બુક અકળાઈને બોલ્યા, "બેલગ્રેડમાં એથેન્સથી આવતો એક સ્લીપિંગ કોચ જોડાશે. બુચારેસ્ટ-પેરીસનો કોચ પણ આવશે. જો કે આપણે આવતીકાલે સાંજે બેલગ્રેડ પહોંચીશું. આજ રાત પૂરતો સવાલ છે. કોઈ સેકન્ડ ક્લાસનો કંપાર્ટમેન્ટ પણ ખાલી નથી?"

"સર, સેકન્ડ ક્લાસના એક કંપાર્ટમેન્ટની બર્થ ખાલી છે પણ તે લેડીઝ માટે છે અને તેની બીજી બર્થ પર જર્મન લેડી છે." કન્ડક્ટર અચકાઈને બોલ્યો.

મિસ્ટર બુકે કહ્યું: "હમમ... એ તો ન ફાવે."

પોઈરોએ કહ્યું: "ફિકર ન કરો દોસ્ત, હું જનરલ કંપાર્ટમેન્ટમાં મુસાફરી કરીશ."

"જરા પણ નહીં." ટ્રેન કંપનીના ડાયરેક્ટરે ભારપૂર્વક કહ્યું અને કન્ડક્ટરને પૂછ્યું, "બધા મુસાફરો આવી ગયા છે?"

કન્ડક્ટરે જણાવ્યું, "ના, બધા નથી આવ્યા. સેકન્ડ ક્લાસના કંપાર્ટમેન્ટમાં સાત નંબરની બર્થના મુસાફર મિસ્ટર હેરીસ હજુ સુધી આવ્યા નથી. ટ્રેન ઊપડવાને ચાર મિનિટ બાકી છે."

મિસ્ટર બુકે કન્ડક્ટરને સૂચના આપી, "સાહેબનો સામાન સાત નંબરની બર્થ પર લઈ જાઓ. મિસ્ટર હેરીસ આવે તો કહેજો કે એ મોડા પડ્યા છે અને બર્થ બીજાને અપાઈ ગઈ છે. ગમે તે રીતે તેમને સમજાવી દેજો."

કન્ડક્ટરે કહ્યું: "સારું સર." તેણે પોર્ટરને પોઈરોનો સામાન સાત નંબરની બર્થ પર લઈ જવા કહ્યું અને પોઈરોને જણાવ્યું, "આવો સાહેબ, તમારો કંપાર્ટમેન્ટ છેલ્લેથી બીજો છે."

ઘણા મુસાફરો કૉરિડૉરમાં ઊભા હતા તેમની વચ્ચેથી માર્ગ કાઢતા પોઈરો કંપાર્ટમેન્ટમાં પહોંચ્યા. ત્યારે તેમણે જોયું કે ટોકાટલિયન હોટેલના રેસ્ટોરાંમાં જોયેલો ઊંચો અમેરિકન પોતાની સૂટકેસ બર્થ પર ગોઠવતો હતો.

પોઈરોને આવતા જોઈને અમેરિકન બોલ્યો, "માફ કરજો, તમારી ભૂલ થતી લાગે છે."

પછી આ જ વાત તેણે ભાંગીતૂટી ફ્રેંચ ભાષામાં કહી.

પોઈરોએ ઇંગ્લિશમાં પૂછ્યું, “તમે મિસ્ટર હેરીસ છો?”

“ના, મારું નામ મેકક્વીન છે, પણ...”

વાક્ય પૂરું થાય તે પહેલા કન્ડક્ટરે આવીને ચોખવટ કરતા કહ્યું, “ટ્રેનમાં બીજી કોઈ બર્થ નથી સર, એટલે આ સાહેબને સાત નંબરની બર્થ આપેલ છે.” આટલું જણાવી કન્ડક્ટરે પોઈરોનો સામાન લાવીને કંપાર્ટમેન્ટમાં મૂક્યો.

પોઈરોએ જોયું કે કન્ડક્ટર જરા નરમાશથી બોલતો હતો. દેખીતું હતું કે જો આ કંપાર્ટમેન્ટમાં બીજો કોઈ મુસાફર ન આવે તો તેને સારી બક્ષીસ મળવાની હતી. પરંતુ કંપનીના ડાયરેક્ટરનો હુકમ થાય ત્યારે ગમે તેટલી મોટી બક્ષીસની પણ અસર ન થાય તે સ્વાભાવિક હતું!

કન્ડક્ટરે કૉરિડૉરમાં આવીને પોઈરોને કહ્યું, “સર, તમારો સામાન ગોઠવી દીધો છે. સાત નંબરની બર્થ તમારી છે. ટ્રેન એક મિનિટમાં ઊપડશે.”

પોઈરોએ કંપાર્ટમેન્ટમાં આવીને સહેજ સ્મિત આપતા કહ્યું, “ઓહો! આવી સર્વિસ તો પહેલા ક્યારેય નથી જોઈ! કન્ડક્ટર ખુદ આવીને સામાન મૂકી જાય! આવું તો ક્યાંય સાંભળ્યું પણ નથી!”

મેકક્વીને સ્મિત આપીને સંમતિ દર્શાવી અને કહ્યું: “આજે ટ્રેનમાં ઘણી ભીડ છે.” એણે પોઈરોના આગમનને સ્વીકારી લીધું હતું. એટલામાં વ્હીસલ વાગી અને એન્જિન શરૂ થવાનો અવાજ આવ્યો. બંને જણા કૉરિડૉરમાં આવ્યા.

મેકક્વીને વિવેકથી કહ્યું: “સર, તમારે નીચેની બર્થ પર સૂવું હોય તો હું ઉપરની બર્થ પર ચાલ્યો જઈશ.”

પોઈરોએ કહ્યું: “ના, ના. એવી કોઈ જરૂર નથી. તમે નીચેની બર્થ પર રહો.”

મેકક્વીને આગ્રહ ચાલુ રાખતા કહ્યું: “અરે સર, એમાં વાંધો નહીં.”

પોઈરોએ કહ્યું: “એક રાતનો જ સવાલ છે. બેલગ્રેડ આવશે એટલે...”

મેકક્વીને પૂછ્યું, “અચ્છા. તો તમે બેલગ્રેડ ઊતરી જવાના?”

“ના, હું બેલગ્રેડ નથી ઊતરવાનો...” પોઈરોએ કહ્યું. ત્યાં ટ્રેન શરૂ થઈ અને બંને જણા બારીમાંથી લાંબા પ્લૅટફૉર્મને પસાર થતું જોઈ રહ્યા.

ઑરિએન્ટ ઍક્સપ્રેસની ઈસ્તંબુલથી લંડન સુધીની ત્રણ દિવસની મુસાફરી શરૂ થઈ ગયેલી.

પ્રકરણ–૩
પોઈરો કેસ લેવાની ના પાડે છે

પોઈરો બીજે દિવસે લંચ લેવા જરા મોડા ગયા. સવારે વહેલા ઊઠી, બ્રેકફાસ્ટ કરીને તેમણે બધો સમય એ કેસના પેપર તપાસવામાં ગાળેલો, જેને લીધે તેમને તાકીદે લંડન પાછા બોલાવવામાં આવેલા. મેકક્વીન પણ બહુ ઓછો સમય તેમની સાથે કંપાર્ટમેન્ટમાં હતા.

ડાઇનિંગ કારમાં મિસ્ટર બુક બેઠેલા અને તેમણે પોઈરોને પોતાના ટેબલ પર બોલાવ્યા. લંચમાં બનેલી સ્વાદિષ્ટ વાનગીઓ સૌ પ્રથમ આ ટેબલ પર પીરસાતી હતી. લંચને અંતે પીરસાયેલ ડેલિકેટ ક્રીમ ચીઝનો સ્વાદ માણતા મિસ્ટર બુકે બીજા મુસાફરો તરફ હાથનો ઇશારો કરીને કહ્યું: “આહા! મારી પાસે બાલ્ઝાક જેવી લખવાની કળા હોત તો હું આ બધાનું સુંદર વર્ણન લખી શકત!”

પોઈરોએ કહ્યું: “હા, એ સારો વિચાર છે.”

“તમને પણ લાગે છે ને?” બુકે ઉત્સુકતાથી પૂછ્યું અને કહ્યું: “આપણી આજુબાજુ કેટલા બધા લોકો છે! જુદી જુદી ઉંમરના, જુદા જુદા દેશમાંથી આવેલા, જુદા જુદા સામાજિક સ્તરના. ત્રણ દિવસ આ લોકો સાથે રહેશે. જે એકબીજાને ઓળખતા પણ નથી તેઓ ત્રણ દિવસ સાથે રહીને એક જ જગ્યાએ જમશે અને એક જ રસ્તે પ્રવાસ કરશે. ત્રણ દિવસ પછી બધા છૂટા પડી જશે અને કદાચ ક્યારેય એકબીજાને નહીં મળે.”

“સિવાય કે અકસ્માત થાય...” પોઈરોએ હળવેથી કહ્યું.

“અરે, એવું ન કહો.”

પોઈરોએ વાત ચાલુ રાખી: “હું સમજું છું કે તમારે માટે તે દુ:ખદાયક ઘટના બની રહે, પણ કદાચ એવું બન્યું તો આ બધા હંમેશ માટે સાથે જ રહે... મૃત્યુમાં.”

મિસ્ટર બુક અકળાઈને બોલ્યા: “અરે આવું ન બોલો મિત્ર. તમારી તબિયત તો ઠીક છે ને?”

પોઈરોએ કહ્યું: “સિરિયામાં જે ખોરાક લીધો તે કદાચ બહુ માફક ન આવ્યો.” પછી વાઇન પીતા પીતા તેમણે બીજા મુસાફરો તરફ નજર કરી. ડાઇનિંગ કારમાં બધા થઈને તેર મુસાફરો હતા.

એમની સામેના ટેબલ પર ત્રણ જણા બેઠા હતા. એ ત્રણેય એકલા મુસાફરી કરતા હોય તેવું લાગ્યું. એમનો એક મોટા કદનો ઇટાલિયન હતો જે ટૂથપીકથી પોતાના દાંત સાફ કરતો હતો. બીજો ઇંગ્લિશમેન હતો જે સુઘડ કપડામાં, ચહેરા પર કોઈ જાતના હાવભાવ લાવ્યા વિના બેઠો હતો.

ત્રીજો ઊંચા કદનો અમેરિકન હતો જેણે ભડકીલા રંગનો સૂટ પહેરેલો.

અમેરિકને તાનમાં આવીને કહ્યું: “આપણે તો બસ જલસા કરવાના.”

ઇટાલિયને મોઢામાંથી ટૂથપીક કાઢીને કહ્યું: “હું તો હંમેશાં એમ જ કહું છું.”

તેમની બાજુમાં નાના ટેબલ પર એક વૃદ્ધ મહિલા બેઠેલાં. તે દેખાવમાં કદરૂપાં લાગતાં હતાં પણ તેમની પર અણગમો થવાને બદલે આશ્ચર્ય થાય તેવો તેમનો દેખાવ હતો. એકદમ ટટ્ટાર બેઠેલાં આ મહિલાના ગળામાં સાચા મોતીનો હાર હતો અને હાથમાં ઘણી વીંટીઓ હતી. તેમણે મોંઘા ભાવની કાળી હેટ પહેરેલી જેનો તેમના ચહેરાની ફિક્કી ત્વચા સાથે જરાપણ મેળ નહોતો.

એ ડાઇનિંગ કારના વેઇટર સાથે ધીમા પણ સત્તાવાહી અવાજમાં વાત કરતાં હતાં. “તમે મારા કંપાર્ટમેન્ટમાં મિનરલ વૉટરની એક બૉટલ અને ઑરેન્જ જ્યૂસનો મોટો ગ્લાસ મૂકી દેજો.

મારે આજે રાતના જમવામાં ચીકન જોઈએ પણ એને કોઈ જાતના સૉસમાં નહીં બનાવતા. સાથે જ થોડી બોઇલ્ડ ફીશ બનાવજો."

વેઇટરે નમ્રતાથી કહ્યું: "જી, મેડમ. આપે કહ્યું તે પ્રમાણે થશે."

તે ઊભાં થયાં અને પોઈરો તથા મિસ્ટર બુક તરફ એક અછડતી નજર નાખીને ડાઇનિંગ કારની બહાર ગયાં.

મિસ્ટર બુકે ધીમે અવાજે કહ્યું: "તે રશિયન પ્રિન્સેસ ડ્રેગોમાઇરોફ છે. તેમના પતિએ પોતાની લખલૂટ મિલકતનું, રશિયન ક્રાંતિ થઈ તે પહેલા પરદેશમાં રોકાણ કરી દીધેલું. બહુ પૈસાદાર છે."

પોઈરોએ સંમતિ દર્શાવતા માથું હલાવ્યું. તેમણે પ્રિન્સેસ ડ્રેગોમાઇરોફ વિષે સાંભળેલું.

બુકે કહ્યું: "તે પ્રતિભાશાળી છે એમ કબૂલ કરવું પડે. ભલે તે થોડા કદરૂપા લાગે."

પોઈરોએ સંમતિ દર્શાવતા માથું હલાવ્યું અને બીજા મોટા ટેબલ પર નજર કરી જ્યાં મેરી ડેબેનહામ બે મહિલા સાથે બેઠાં હતાં. એમાંના એક ઊંચાં, સ્કર્ટ-બ્લાઉઝમાં સજ્જ, ચાલીસેક વર્ષની ઉંમરનાં હતાં. તેમને આછા પીળા વાળ હતા અને ચશમાં પહેરેલા તેમના ચહેરા પર મૈત્રીપૂર્ણ ભાવ દેખાતા હતા.

અત્યારે તેઓ ત્રીજા મહિલાની વાત ધ્યાનથી સાંભળતાં હતાં. મજબૂત બાંધો ધરાવતા આ આધેડ વયના મહિલા શ્વાસ લેવા પણ અટક્યા વિના વાતો કરતાં હતાં.

"અને મારી દીકરીએ કહ્યું કેઃ `મમ્મી, તમારી અમેરિકન રીત આ દેશમાં ન ચાલે. અહીં તો બધા જન્મજાત આળસુ હોય છે. કોઈને એક પણ કામની ઉતાવળ નથી હોતી.' આમ છતાં અમારી કૉલેજ અહીં ઘણું સારું કામ કરી રહી છે. ત્યાંના શિક્ષકો બહુ સારા છે. હું તો માનું છું કે શિક્ષણ જ સમાજની પ્રગતિ માટે ઉત્તમ માર્ગ છે. આપણે આપણા અમેરિકન વિચારો અહીં યુરોપિયન લોકોને શીખવવા જેવા છે. મારી દીકરી કહેતી હતી કે..."

ત્યાં ટ્રેને એક ટનલમાં પ્રવેશ કર્યો અને આ અવાજ ટ્રેનના મોટા અવાજમાં દબાઈ ગયો.

કર્નલ આર્બથનોટ એક ટેબલ પર એકલા બેસીને મેરી ડેબેનહામને જોતાં હતાં. તે બંને એક ટેબલ પર બેસી શક્યાં હોત પણ જુદાં બેઠાં હતાં. પોઈરોને લાગ્યું કે મેરીએ કર્નલ સાથે બેસવાનું ટાળ્યું હશે. આમ પણ ગવર્નેસ તરીકે કામ કરતી યુવતીઓ સજાગ હોય છે.

ડાઇનિંગ કારની બીજી તરફ એક ચાલીસેક વર્ષના મહિલા બેઠાં હતાં જે જર્મન અથવા સ્કેન્ડીનેવીઅન હોય તેવું લાગ્યું. તેમનો ચહેરો ભાવહીન હતો. તે કદાચ કોઈ જર્મન મહિલાના મેઇડ સર્વન્ટ હોય તેમ લાગ્યું.

તેમની પાસેના ટેબલ પર એક યુગલ બેઠું હતું. ત્રીસેક વર્ષનો દેખાવડો, ભરાવદાર મૂછોવાળો યુવાન, વીસેક વર્ષની, કાળા રંગના ટાઇટ ફીટ પેન્ટ અને કોટ પહેરેલી યુવતી તરફ ઝૂકીને ઉત્સાહપૂર્વક વાતો કરતો હતો. ગોરી ચામડી, મોટી બ્રાઉન રંગની આંખો અને કાળા વાળ ધરાવતી આ યુવતી બહુ સુંદર લાગતી હતી. તેણે મોટા કદના નીલમવાળું પેન્ડન્ટ પહેરેલું. લાંબા હોલ્ડરમાંથી સિગારેટના કશ લેતી આ યુવતીના ચહેરા અને અવાજ પરથી જણાતું હતું કે તે નખરેબાજ છે.

"પેલું દેખાવડું યુગલ હસબંડ-વાઇફ હોય તેવું લાગે છે." પોઈરોએ બુકને કહ્યું.

મિસ્ટર બુકે કહ્યું: "હા, તે લોકો હંગેરીની ઍમ્બેસીમાં કામ કરે છે."

બાકીના બે મુસાફરો એક ટેબલ પર બેઠા હતા. એમનો એક હતો મેકક્વીન, જે પોઈરોના કંપાર્ટમેન્ટમાં હતો. બીજો હતો તેનો બૉસ રાટચેટ જેનો ચહેરો પોઈરો તરફ હતો. ફરી એકવાર પોઈરોને થયું કે આના દંભી અને ઉદાર લાગતા ચહેરા પાછળ ક્રૂર માણસ છુપાયેલો હતો.

મિસ્ટર બુકે પોઈરોના ચહેરા પરના હાવભાવ બદલાતા જોયા એટલે એમણે પૂછ્યું: "શું

ફરીવાર તમારી નજર પેલા 'જંગલી જાનવર'નું નિરીક્ષણ કરે છે?"

પોઈરોએ હકારમાં માથું હલાવીને સંમતિ દર્શાવી.

વેઇટર કૉફી લાવ્યો ત્યારે બુકે ઊભા થતા કહ્યું: "હું મારા કંપાર્ટમેન્ટમાં જાઉં છું. તમે ડીનર પૂરું કરીને મારા કંપાર્ટમેન્ટમાં આવશો? વાતો કરીશું."

પોઈરોએ જવાબમાં કહ્યું: "ચોક્કસ. હું આવીશ."

પોઈરોએ કૉફી પીતા પીતા જોયું કે વેઇટર દરેક ટેબલ પર જઈ, બીલ આપીને પૈસા એકઠા કરતો હતો. ત્યાં વૃદ્ધ અમેરિકન લેડી મોટા અવાજમાં બોલ્યાઃ "મારી દીકરીએ કહ્યું કે ફૂડ કુપન લઈ લેજે એટલે તકલીફ નહીં પડે. મેં ફૂડ કુપન ખરીદી પણ હવે અહીં દસ ટકા ટીપ માગે છે. વળી મિનરલ વૉટર પણ સાવ કેવું આપે છે! Evian કે Vichy જેવી સારી કંપનીનું મિનરલ વૉટર નથી આપતા એ તો વિચિત્ર કહેવાય ને?"

તેમની પાસે બેઠેલાં લેડીએ સમજાવતા કહ્યું: "કદાચ એમને આ દેશનું જ મિનરલ વૉટર આપવાની સૂચના મળી હોય."

"પણ વિચિત્ર તો લાગે જ છે." અમેરિકન લેડીનું બોલવાનું ચાલુ રહ્યું. તેમણે ટેબલ પર પડેલા પરચૂરણ તરફ ઇશારો કરીને કહ્યું: "જોયું, આ કેવા સિક્કા આપ્યા છે? દીનાર લાગે છે. મારી દીકરી કહેતી હતી..."

એમનું વાક્ય પૂરું થાય એ પહેલા મેરી ડેબેનહામ ઊભાં થયાં અને બંને લેડી તરફ સહેજ ઝૂકીને ડાઇનિંગ કારની બહાર ગયાં. ત્યારબાદ કર્નલ આર્બથનોટ ગયા. અમેરિકન લેડી ટેબલ પરનું પરચૂરણ લઈને નીકળ્યા અને તેમની સાથે બેઠેલા લેડી પણ ગયાં. હંગેરીથી આવેલું યુગલ તો થોડા વખત પહેલા જતું રહેલું. હવે ડાઇનિંગ કારમાં પોઈરો, રાટચેટ અને મેકક્વીન રહ્યા.

રાટચેટે મેકક્વીનને કાંઈક કહ્યું એટલે તે ઊઠીને બહાર ગયો. રાટચેટ ઊભા થયા પણ ડાઇનિંગ કારની બહાર જવાને બદલે પોઈરો પાસે આવીને તેની સામેની ખુરશીમાં બેઠાં.

"તમારી પાસે માચીસ છે પ્લીઝ?" રાટચેટે ધીમા અવાજમાં પૂછ્યું અને કહ્યું: "મારું નામ રાટચેટ છે."

પોઈરોએ ખીસામાંથી બાકસ કાઢીને આપ્યું પણ રાટચેટે તરત દીવાસળી ન સળગાવી અને પોઈરોને પૂછ્યું, "આપ મિસ્ટર પોઈરો છો?"

પોઈરોએ સહેજ ઝૂકીને કહ્યું: "હા, હું પોઈરો છું." તેમણે જોયું કે રાટચેટની ચબરાક નજર પોઈરોને માપી લેતી હોય તેમ તેમની પર ફરતી હતી.

રાટચેટે કહ્યું: "હું સીધી વાત કરવામાં માનું છું મિસ્ટર પોઈરો. હું ઇચ્છું છું કે તમે મારે માટે એક કામ કરો."

પોઈરોએ સહેજ ભવાં ચડાવીને કહ્યું: "સર, હું બહુ ઓછા કેસ પર કામ કરવાનું પસંદ કરું છું."

"હા, એમ હશે, પણ હું તમને કેસ લેવા માટે ઘણી મોટી રકમ આપીશ." રાટચેટે કહ્યું અને ઉમેર્યું: "ઘણી મોટી રકમ."

પોઈરોએ થોડીવાર મૌન રહીને પૂછ્યું: "મિસ્ટર રાટચેટ, તમે મારી પાસે શું કામ કરાવવા માગો છો?"

રાટચેટે કહ્યું: "મિસ્ટર પોઈરો, હું બહુ અમીર છું અને અમીર લોકોને ઘણા શત્રુઓ હોય છે. મારે પણ એક શત્રુ છે."

પોઈરોએ પૂછ્યું: "ફક્ત એક જ શત્રુ છે?"

રાટચેટે ઉત્તેજિત થઈને પૂછ્યું: "ફક્ત એક જ શત્રુ એટલે? તમે કહેવા શું માંગો છો?"

પોઈરોએ શાંતિથી કહ્યું: "હું એ કહેવા માગું છું કે જ્યારે કોઈપણ માણસ એવી સ્થિતિમાં આવે કે જ્યારે લોકો તેના દુશ્મન થાય ત્યારે સામાન્ય રીતે એકથી વધારે દુશ્મન થતા હોય છે."

રાટચેટને પોઈરોનો જવાબ યોગ્ય લાગ્યો અને એણે તરત કહ્યું: "હા, તમારી વાત સાચી છે. જો કે શત્રુ એક હોય કે એકથી વધારે તે મહત્ત્વનું નથી. મહત્ત્વની છે મારી સલામતી."

"સલામતી?" પોઈરોએ પૂછ્યું.

રાટચેટે કહ્યું: "મિસ્ટર પોઈરો, મને ધમકી મળી છે અને મારો જાન જોખમમાં છે. આમ તો હું મારી જાતે મારું રક્ષણ કરી શકું એમ છું." આમ કહી રાટચેટે કોટના ખિસ્સામાંથી નાની ઑટોમૅટિક ગન કાઢીને દેખાડી અને કહ્યું: "હું કાંઈ બેધ્યાન રહું એવો નથી. આ તો મને થયું કે થોડું વધારાનું રક્ષણ મેળવી લઉં તો સારું. મારા કામ માટે તમે એકદમ યોગ્ય છો મિસ્ટર પોઈરો. વળી હું તમને મોટી રકમ આપીશ, કોઈએ ન આપી હોય તેટલી."

પોઈરોએ થોડીવાર માટે રાટચેટના ચહેરા સામે ધ્યાનથી જોયું. તેમના ચહેરા પર કોઈપણ પ્રકારના હાવભાવ દેખાતા નહોતા. રાટચેટ અનુમાન કરી શકે તેમ નહોતા કે પોઈરોના મનમાં શું વિચારો ચાલતા હતા.

થોડીવાર પછી પોઈરોએ કહ્યું: "હું દિલગીર છું કે તમને મદદ નહીં કરી શકું."

રાટચેટે જરા લુચ્ચાઈથી પોઈરો સામે જોઈને કહ્યું: "તમે કહો એટલા પૈસા આપીશ."

પોઈરોએ માથું ધુણાવીને કહ્યું: "તમે મારી વાત નથી સમજતા મિસ્ટર રાટચેટ. હું મારી જરૂરિયાત અને મોજશોખ, બંને આરામથી પૂરા કરી શકું તેટલું કમાયો છું. હવે તો જે કેસમાં મને રસ પડે તેને જ હું હાથમાં લઉં છું."

રાટચેટે દાણો દબાવી જોયો. "હું વીસ હજાર ડૉલર આપવા તૈયાર છું. બોલો, શું કહો છો?"

પોઈરોએ જણાવ્યું: "મને રસ નથી."

રાટચેટે થોડા અકળાઈને કહ્યું: "તમને એમ થતું હોય કે હું વધારે આપીશ તો તમે ભૂલ કરો છો. મને ખબર છે કે કોઈપણ વસ્તુની કિંમત કેટલી હોય છે."

પોઈરોએ ગંભીરતાથી કહ્યું: "મને પણ વસ્તુની કિંમતની પરખ છે, મિસ્ટર રાટચેટ."

"પણ મારી વાતમાં તમને વાંધો ક્યાં છે?" રાટચેટે જરા સત્તાવાહી અવાજે પૂછ્યું.

પોઈરો પોતાની ખુશીમાંથી ઊભા થયા અને રાટચેટની સામે જોઈને બોલ્યા: "જરા અંગત વાત કરું છું તો માઠું ન લગાડશો પણ મિસ્ટર રાટચેટ, હું તમારો કેસ એટલા માટે નહીં લઉં કે મને તમારો ચહેરો પસંદ નથી."

આટલું કહી પોઈરો ડાઇનિંગ કારની બહાર નીકળી ગયા.

પ્રકરણ–૪
મધરાતની ચીસ

ઑરિએન્ટ ઍક્સપ્રેસ રાતે પોણા નવ વાગે બેલગ્રેડ પહોંચી. ટ્રેન અડધો કલાક રોકાવાની હતી એટલે પોઈરો પ્લૅટફૉર્મ પર લટાર મારવા નીચે ઊતર્યા. બહાર બહુ ઠંડી હતી અને બરફ પડતો હતો. આને કારણે પોઈરો થોડો વખત પ્લૅટફૉર્મ પર રહ્યા પછી તરત ટ્રેનમાં પાછા આવી ગયા.

કન્ડક્ટર પ્લૅટફૉર્મ પર હતો અને હાથપગ હલાવતો ઠંડી ઉડાડવા પ્રયત્ન કરતો હતો. તેણે પોઈરોને જોઈને કહ્યું: "સર, તમારો સામાન મિસ્ટર બુકના એક નંબરના કંપાર્ટમેન્ટમાં મૂકી દીધો છે."

"તો મિસ્ટર બુકનું શું?" પોઈરોએ પૂછ્યું.

કન્ડક્ટરે કહ્યું: "તેઓ એથેન્સથી આવેલા કોચમાં ગયા છે."

પોઈરોએ મિસ્ટર બુક પાસે જઈને કહ્યું: "અરે, આવું કરવાની શું જરૂર હતી?"

બુકે કહ્યું: "અરે, કાંઈ વાંધો નહીં દોસ્ત. તમે છેક ઇંગ્લૅન્ડ સુધી જાઓ છો એટલે તમે આરામથી મુસાફરી કરો. મારે અહીં કોઈ તકલીફ નથી. આખા કોચમાં મારા અને એક ગ્રીક ડૉક્ટર સિવાય બીજું કોઈ નથી." પછી વાત બદલતા બોલ્યાઃ "મિત્ર, આ ઠંડી જોઈ! મેં સાંભળ્યું કે આટલો બધો બરફ પહેલા ક્યારેય નથી પડ્યો. બસ, આશા રાખીએ કે આપણે મોડા ન પડીએ."

ટ્રેન તેના સમય પ્રમાણે બરાબર સવા નવ વાગે બેલગ્રેડથી ઊપડી. થોડીવાર પછી પોઈરોએ મિસ્ટર બુકને 'ગુડ નાઇટ' કહ્યું અને ટ્રેનની આગળના ભાગમાં ડાઇનિંગ કારની પાસે આવેલા પોતાના કંપાર્ટમેન્ટ તરફ ગયા.

મુસાફરીના બીજા દિવસે સફર કરનારા વચ્ચે ઔપચારિકતા ઓછી થઈ હતી. કર્નલ આર્બથનોટ પોતાના કંપાર્ટમેન્ટ પાસે મેકક્વીન સાથે વાતો કરતા હતા. પોઈરોને જોઈને મેકક્વીન કાંઈક કહેતા અટકી ગયા અને આશ્ચર્યથી બોલ્યાઃ "અરે! મને એમ કે તમે જતા રહ્યા. તમે કહ્યું હતું ને કે તમે બેલગ્રેડ ઊતરવાના છો."

પોઈરોએ કહ્યું: "તમને જરા સમજફેર થયો. મેં કહ્યું ત્યારે જ ટ્રેન શરૂ થયેલી એટલે તેના અવાજમાં બરાબર સંભળાયું નહીં હોય."

મેકક્વીને પૂછ્યું: "પણ તમારો સામાન? એ તો કોઈ લઈ ગયું."

"મારો સામાન બીજા કંપાર્ટમેન્ટમાં મૂક્યો છે." પોઈરોએ જણાવ્યું.

મેકક્વીને કહ્યું: "O.K." અને કર્નલ આર્બથનોટ સાથે વાત કરવા તેમની તરફ ફર્યા. કૉરિડૉરમાં આગળ ચાલી પોઈરો પોતાના કંપાર્ટમેન્ટ તરફ ગયા.

પોઈરોના કંપાર્ટમેન્ટની આગળના બીજા કંપાર્ટમેન્ટના બારણામાં ઊભા રહીને વૃદ્ધ અમેરિકન લેડી, મિસિસ હબ્બાર્ડ, પીળા વાળવાળા લેડી, જે સ્વીડનનાં હતાં, તેની સાથે વાત કરતાં હતાં. મિસિસ હબ્બાર્ડે એક મૅગેઝિન સ્વીડીશ લેડીના હાથમાં પકડાવતા કહ્યું: "તમે આ રાખો. મારી પાસે વાંચવા માટે બીજું ઘણું છે. ઓહ! કેટલી ઠંડી પડી રહી છે!" તેમણે પાસેથી પસાર થતા પોઈરો તરફ મૈત્રીપૂર્ણ દૃષ્ટિએ જોયું.

સ્વીડીશ લેડીએ કહ્યું: "આપ બહુ માયાળુ છો. આપનો આભાર."

મિસિસ હબ્બાર્ડે કહ્યું: "અરે, એમાં શું? આશા રાખું તમને સરસ ઊંઘ આવે અને તમારો માથાનો દુઃખાવો મટી જાય."

"બસ, જરા ઠંડી લાગી ગઈ છે. હું એક કપ ચા પી લઈશ એટલે સારું થઈ જશે."

મિસિસ હબ્બાર્ડ બોલ્યાંઃ "તમારી પાસે એસ્પીરીન છે? નહીં તો આપું. ચાલો, ગુડ નાઇટ."

સ્વીડીશ લેડી પોતાના કંપાર્ટમેન્ટમાં ગયાં એટલે મિસિસ હબ્બાર્ડ પોઈરો તરફ વળ્યાં અને કહ્યું: "આ સ્વીડનના છે. મને લાગે છે કે તે ખ્રિસ્તી ધર્મના મિશનરી છે અને શિક્ષક તરીકે કામ કરે છે. તેમનો સ્વભાવ સારો છે પણ તે બહુ ઇંગ્લિશ નથી બોલતા. મેં તેમને મારી દીકરી વિષે વાત કરી તો એમને બહુ રસ પડ્યો."

પોઈરોને મિસિસ હબ્બાર્ડની દીકરી વિષે બધી ખબર હતી. અરે, આખી ટ્રેનમાં જેને પણ ઇંગ્લિશ આવડતું હતું તેમને આ 'દીકરી' વિષે ખબર હતી! કઈ રીતે મિસિસ હબ્બાર્ડની દીકરી અને તેનો પતિ ટર્કીના સ્મીરના શહેરમાં આવેલી વિખ્યાત અમેરિકન કૉલેજમાં કામ કરતા હતા, કઈ રીતે મિસિસ હબ્બાર્ડની આ ઇસ્ટ યુરોપની પહેલી મુસાફરી હતી અને મિસિસ હબ્બાર્ડ ટર્કીના લોકો વિષે તથા ત્યાંના બિસ્માર રસ્તાઓ વિષે શું મત ધરાવતા હતા તેની બધાને ખબર હતી.

પોઈરો અને મિસિસ હબ્બાર્ડ ઊભાં હતાં. તેની પાસેના કંપાર્ટમેન્ટનું બારણું ખૂલ્યું અને એક પાતળો દેહ અને ફિક્કી ચામડી ધરાવતો નોકર બહાર નીકળ્યો. પોઈરોને કંપાર્ટમેન્ટમાં બેડ પર બેઠેલા રાટચેટનો ચહેરો દેખાયો. રાટચેટે પોઈરો સામે જોયું અને તેનો ચહેરો ગુસ્સાથી લાલઘૂમ થઈ ગયો. તેણે ધડાક દઈને કંપાર્ટમેન્ટનું બારણું બંધ કરી દીધું.

મિસિસ હબ્બાર્ડ પોઈરોને એક તરફ લઈ જઈ બોલ્યાં: "મને એ માણસની બહુ બીક લાગે છે. ના, પેલો નોકર નહીં હો, તેના માલિક વિષે વાત કરું છું. એનામાં કાંઈક ખરાબ હોય તેવું મને લાગે છે. મારી દીકરી તો એમ જ માને છે કે મને આવી અંતઃસ્ફુરણા થાય છે જે સાચી હોય છે. એ તો બધાને કહેતી હોય છે કે "મારી મમ્મીની શંકા હંમેશાં સાચી હોય છે." મને આ માણસ માટે એવી જ કાંઈક શંકા થાય છે. વળી એ મારી પાસેના જ કંપાર્ટમેન્ટમાં છે તે મને જરાપણ ગમતું નથી. ગઈકાલે તો મેં બે કંપાર્ટમેન્ટ વચ્ચેના બારણા પાસે મારી મોટી બૅગ મૂકી દીધેલી. મને એમ લાગ્યું કે એ બારણું ખોલવાનો પ્રયત્ન કરતો હતો. અરે, હું તો એમ કહું કે એ કદાચ ખૂની પણ હોઈ શકે! પેલા ટ્રેનમાં ચડીને મુસાફરોને લૂંટનારા શેતાનો વિષે વાંચીએ છીએ ને, એવો આ લાગે છે. હું કદાચ સાવ નાદાન જેવી વાત કરું છું પણ એ હકીકત છે કે હું એ માણસથી બહુ ડરી ગઈ છું. મારી દીકરીએ તો કહ્યું હતું કે આ મુસાફરી બહુ આરામદાયક હશે, પણ હું બહુ બેચેન છું. મને તો એ નથી સમજાતું કે પેલો સરસ, સાલસ યુવાન આ માણસના સેક્રેટરી તરીકે કઈ રીતે કામ કરી શકે છે?"

મિસિસ હબ્બાર્ડની અટક્યા વિનાની વાત ચાલતી હતી ત્યાં કર્નલ આર્બથનોટ અને મેકક્વીન સામેથી આવતા દેખાયા. મેકક્વીન કર્નલને કહેતો હતોઃ "પ્લીઝ મારા કંપાર્ટમેન્ટમાં આવોને. મારે ઇંગ્લૅન્ડની ભારત માટેની જે પૉલિસી છે તેના વિષે વધુ જાણવું છે."

બંને જણાં મેકક્વીનના કંપાર્ટમેન્ટ તરફ ગયાં.

મિસિસ હબ્બાર્ડે પોઈરોને કહ્યું: "ગુડ નાઇટ, હું થોડું વાંચીને સૂઈ જઈશ."

પોઈરો મિસિસ હબ્બાર્ડને "ગુડ નાઇટ મેડમ." કહી રાટચેટના કંપાર્ટમેન્ટની બાજુમાં આવેલા પોતાના કંપાર્ટમેન્ટમાં ગયા. તેઓએ પથારીમાં અડધા કલાક સુધી વાંચ્યું અને પછી લાઇટ બંધ કરીને સૂઈ ગયા.

થોડા કલાક પછી એ સફાળા જાગી ગયા. એમને એક ચીસ સંભળાયેલી. કોઈએ વેદનાથી મોટો ઊંહકારો કર્યો હોય તેવો એ અવાજ હતો, જે પાસેથી આવ્યો હોય તેમ લાગતું હતું. ત્યાં જ એમને બેલનો અવાજ સંભળાયો.

પોઈરોએ ઊભા થઈને લાઇટ કરીને જોયું તો ટ્રેન ઊભી હતી. કદાચ કોઈ સ્ટેશન આવેલું.

પોઈરોએ ચીસ સાંભળેલી એને કારણે તે ચોંકી ગયેલા. એમને યાદ આવ્યું કે તેમની બાજુનો

કંપાર્ટમેન્ટ રાટચેટનો હતો. એમણે પોતાના કંપાર્ટમેન્ટનું બારણું ખોલ્યું અને જોયું કે ટ્રેનના કન્ડક્ટરે ઝડપથી આવીને રાટચેટના કંપાર્ટમેન્ટ પર ટકોરા માર્યા. પોઈરોએ બારણાની તડમાંથી જોયું કે કન્ડક્ટરે ફરીવાર ટકોરા માર્યા. દૂરના એક કંપાર્ટમેન્ટમાં લાઇટ થઈ અને કન્ડક્ટરે તે તરફ નજર કરી ત્યાં રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી અવાજ સંભળાયોઃ "કાંઈ નથી થયું. હું જરા પડી ગયો."

કન્ડક્ટરે કહ્યું: "સારું સર." અને તેણે જે કંપાર્ટમેન્ટમાં લાઇટ દેખાતી હતી ત્યાં જઈને તેના બારણા પર ટકોરા કર્યા.

પોઈરોએ નિરાંતનો શ્વાસ લઈને લાઇટ બંધ કરી. એમણે ઘડિયાળમાં જોયું તો એક વાગવામાં ત્રેવીસ મિનિટ બાકી હતી.

પ્રકરણ–૫
અપરાધ

પોઈરોને તરત ઊંઘ ન આવી. એક તો ટ્રેન ચાલુ હોય ત્યારે થોડું ઝૂલવાનું થાય તે અત્યારે ટ્રેન ઊભી હતી એટલે નહોતું થતું. પોઈરોને લાગ્યું કે જો ટ્રેન સ્ટેશન પર ઊભી હોય તો સ્ટેશન પર નવાઈ લાગે તેવી નીરવ શાંતિ હતી. તેમને બાજુના કંપાર્ટમેન્ટમાં થતા અવાજ સ્પષ્ટ રીતે સંભળાતા હતા. રાટચેટે સિંક પાસે જઈને નળ ખોલ્યો એટલે પાણીના વહેવાનો અવાજ આવ્યો. ચહેરા પર પાણીની છાલકનો અવાજ આવ્યો. ત્યારબાદ નળ બંધ થવાનો અવાજ આવ્યો અને કોઈ રબરના સ્લીપર પહેરીને કૉરિડૉરમાં ચાલતું હોય તેવો અવાજ આવ્યો.

પોઈરોને ફરી વિચાર આવ્યો. “સ્ટેશન પર કોઈ અવાજ કેમ નહોતો સંભળાતો?” એમનું ગળું સુકાતું હતું. તે મિનરલ વૉટરની બૉટલ માગવાનું ભૂલી ગયા હતા. તેમણે ઘડિયાળમાં જોયું તો એક વાગીને પંદર મિનિટ થયેલી. વૉટર બૉટલ મગાવવા એમણે બેલ મારવા હાથ લંબાવ્યો ત્યાં તેમને એક બીજા બેલનો અવાજ સંભળાયો.

‘ટ્રીંગ...ટ્રીંગ...ટ્રીંગ... સતત અવાજ આવતો હતો. કોઈ અધીરાઈથી બેલ વગાડતું હતું. કન્ડક્ટર ક્યાં હતો? એટલી વારમાં પોઈરોએ તેના ઉતાવળથી આવતા પગલાનો અવાજ સાંભળ્યો અને તેમના કંપાર્ટમેન્ટથી ત્રીજા દરવાજા પર ટકોરા પડ્યા. થોડી જ વારમાં બે જણના અવાજ સંભળાયા. કન્ડક્ટર વિનયપૂર્વક, થોડી દિલગીરી સાથે વાત કરતો હતો. તેની સાથે એક લેડી મોટા અવાજમાં જોહુકમીથી બોલતાં હતાં.

પોઈરોએ આછું સ્મિત કરીને મનમાં કહ્યું: “મિસિસ હબ્બાર્ડ.”

આ બોલાચાલી થોડો વખત ચાલી. આમાં મોટાભાગનું બોલવાનું મિસિસ હબ્બાર્ડે કરેલું. કન્ડક્ટર તો ફક્ત તેમને શાંત પાડવા માટે થોડું બોલતો હતો. અંતે મામલો પત્યો અને કન્ડક્ટરે ‘ગુડ નાઇટ મેડમ’ કહી દરવાજો બંધ કર્યો તે સંભળાયું.

પોઈરોએ બેલ વગાડ્યો એટલે કન્ડક્ટર તરત આવ્યો. તેનો ચહેરા પર ચિંતા અને થાક દેખાતા હતા. પોઈરોએ તેને કહ્યું: “મિનરલ વૉટરની એક બૉટલ આપશો પ્લીઝ?”

“ચોક્કસ સર.” કન્ડક્ટરે વિનયથી કહ્યું. પોઈરોની આંખમાં સ્મિત જોઈને એ બોલ્યોઃ “આ અમેરિકન મેડમ છે ને...બસ, વાત ન પૂછો.”

“શું થયું?” પોઈરોએ પૂછ્યું.

કન્ડક્ટરે કપાળ પરથી પરસેવો લૂછતાં કહ્યું: “અરે સાહેબ, મારી તો જે દશા થઈ છે! તમને કલ્પના પણ નહીં આવે. એ મેડમ કહે છે કે એમના કંપાર્ટમેન્ટમાં કોઈ પુરુષ છે. કોઈ રીતે માનતા જ નથી! હવે તમે જ કહો સર, આટલા નાના કંપાર્ટમેન્ટમાં કોઈ પુરુષ ક્યાં છુપાઈ શકે? મેં એમને આ જ કહ્યું. મેં એ પણ પૂછ્યું કે કોઈ પુરુષ હતો તો તેણે બહાર નીકળીને કંપાર્ટમેન્ટનો દરવાજો અંદરથી કઈ રીતે બંધ કર્યો?” આટલું સમજાવ્યા પછી પણ માને એ બીજા! અત્યારે બીજા પ્રૉબ્લેમ ઓછા છે કે આ મેડમ એમાં વધારો કરે છે? આ બરફ પડે છે...”

“બરફ પડે છે?” પોઈરોએ પૂછ્યું.

કન્ડક્ટરે કહ્યું: “હા સર, તમે જોયું નહીં, ટ્રેન ઊભી રહી ગઈ છે. આપણે બરફના તોફાનમાં ફસાયા છીએ. ભગવાન જાણે કેટલો વખત અહીં પડ્યા રહીશું. એક વખત તો સાત દિવસ સુધી નીકળી નહોતા શક્યા.”

પોઈરોએ પૂછ્યું: “આપણે કઈ જગ્યાએ છીએ?”

“વિન્કોવી અને બ્રોડની વચ્ચે.”

“ઓહ નો.” પોઈરોએ થોડી ચીડ સાથે કહ્યું.

કન્ડક્ટરે મિનરલ વૉટર લાવી આપ્યું અને ‘ગુડ નાઇટ’ કહીને ગયો.

પોઈરો એક ગ્લાસ પાણી પીને પથારીમાં પડ્યા. હજુ ઊંઘ નહોતી આવી ત્યાં એક બીજા અવાજે તેમને જગાડી દીધા. આ વખતે કોઈ ભારે વસ્તુ ધબાકા સાથે નીચે પડીને દરવાજા સાથે અથડાઈ હોય તેવો અવાજ આવેલો.

પોઈરોએ ઝડપથી ઊભા થઈને બારણું ખોલ્યું પણ બહાર કોઈ દેખાયું નહીં. જમણી તરફ જોયું તો લાલ કીમોનો પહેરેલી એક સ્ત્રી કૉરિડૉરમાં જતી હતી. કૉરિડૉરના બીજા છેડે કન્ડક્ટર ખુરશીમાં બેસીને મોટા કાગળમાં આંકડા લખતો હતો. કૉરિડૉરમાં નીરવ શાંતિ હતી.

પોઈરો બબડ્યા ‘મને જ વિચિત્ર વિચારો આવે છે.’ અને ફરી સૂઈ ગયા.

સવારે નવ વાગે તેમની ઊંઘ પૂરી થઈ ત્યારે ટ્રેન હજુ ઊભી જ હતી. તેમણે બારીનો પડદો ઊંચો કરીને જોયું તો ટ્રેનની આજુબાજુ બરફના ઢગલા થયેલા.

પોતાની ટેવ મુજબ એ સુઘડ રીતે તૈયાર થઈને ડાઇનિંગ કારમાં બ્રેકફાસ્ટ માટે ગયા ત્યારે બધા મુસાફરો આવી પડેલી આફતને કોસતા હતા. તેમની વચ્ચેની ઔપચારિકતા જાણે ખતમ થઈ ગઈ હતી. આવી પડેલી મુસીબતે બધાને એક કરી દીધા હતા. મિસિસ હબ્બાર્ડ મોટા અવાજે ફરિયાદ કરતાં હતાં.

“મારી દીકરીએ તો કહેલું કે આ મુસાફરી સૌથી સરળ છે. બસ, ટ્રેનમાં બેસો એટલે સીધા પેરીસ પહોંચી જાઓ. હવે તો ખબર નહીં કેટલા દિવસો સુધી અહીં પડ્યાં રહીશું.” એમણે આક્રંદ કરતા હોય તેમ કહ્યું: “અરે, મારી બોટ પરમ દિવસે ઊપડવાની છે તેમાં હું કઈ રીતે પહોંચીશ? હું તો તાર કરીને મારી ટિકિટ કેન્સલ પણ નહીં કરી શકું. ઓહ...શું કરવું હવે?”

ઇટાલિયન બોલ્યો: “મારે પણ મિલનમાં બહુ અરજન્ટ કામ છે.”

અમેરિકન સહાનુભૂતિ બતાવતા બોલ્યો: “મૅડમ, આ બહુ ખરાબ થયું પણ આશા રાખીએ કે ટ્રેન રસ્તામાં કેચ અપ કરી લેશે.”

સ્વીડીશ લેડી ભાંગ્યાતૂટ્યા ઇંગ્લિશમાં કહેતાં હતાં: “મારી બહેન – એના છોકરાં મારી રાહ જુએ. એમને કાંઈ ખબર નથી. એ લોકોને લાગશે કે મારી સાથે કાંઈક ખરાબ થયું છે.”

મેરી ડેબેનહેમે પૂછ્યું: “આપણે અહીંયા ક્યાં સુધી રોકાવું પડશે? કોઈને આ ખબર છે?” જો કે એમના અવાજમાં એટલી ચિંતા નહોતી જેટલી એમણે ટોરસ ઍક્સપ્રેસ અટકી ત્યારે દેખાડેલી.

મિસિસ હબ્બાર્ડ ફરી બોલવા લાગ્યાં: “અરે આ ટ્રેનમાં કોઈ એવું નથી જેને કાંઈ ખબર હોય. કોઈ કાંઈ કરતું નથી. બધા સાવ નકામાં છે. આવું જો અમેરિકામાં થયું હોત તો કોઈ કાંઈક કરવાનો પ્રયત્ન જરૂર કરતું હોત.”

કર્નલ આર્બથનોટ પોઈરો તરફ ફરીને ફ્રેન્ચમાં બોલ્યા: “સર, હું માનું છું કે તમે આ ટ્રેન કંપનીના ડાયરેક્ટર છો. તો તમે અમને કહી શકો કે...”

પોઈરોએ સ્મિત આપીને તેમને જણાવ્યું: “ના, સર, હું ટ્રેન કંપનીનો ડાયરેક્ટર નથી. તમે મારા મિત્ર મિસ્ટર બુકની વાત કરો છો.”

“ઓહ, સૉરી.” કર્નલે કહ્યું.

પોઈરોએ કહ્યું: “સ્વાભાવિક છે કે તમે એમ ધારો. અત્યારે હું એ કંપાર્ટમેન્ટમાં છું જ્યાં પહેલા મિસ્ટર બુક હતા.”

પોઈરોએ જોયું તો મિસ્ટર બુક ડાઇનિંગ કારમાં નહોતા. તેમણે બધે નજર ફેરવી અને વિચાર્યું કે પ્રિન્સેસ ડ્રેગોમાઈરોફ્ફ અને હંગેરિયન યુગલ નહોતાં દેખાતાં. રાટચેટ, તેનો નોકર

અને જર્મન લેડીની મેઈડ સર્વન્ટ પણ ગેરહાજર હતા.
સ્વીડીશ લેડીએ આંખો લૂછતાં કહ્યું: "સૉરી, મારે આમ નાના બાળક માફક રડવું ન જોઈએ. જે થાય તે સારા માટે."
મેકક્વીને બળાપો કાઢતાં કહ્યું: "એ તો ઠીક પણ અહીં કેટલાય દિવસો પડ્યા રહેવાનું થશે."
મિસિસ હબ્બાર્ડે આંખો લૂછતાં પૂછ્યું: "આપણે કયા દેશમાં છીએ?"
જ્યારે કોઈએ જણાવ્યું કે ટ્રેન યુગોસ્લાવિયામાં હતી ત્યારે મિસિસ હબ્બાર્ડ બોલી ઊઠ્યાં: "ઓહ, બાલ્કન કન્ટ્રીમાં છીએ. એમાં શું આશા રાખી શકાય?"
પોઈરોએ મેરી ડેબેનહામને કહ્યું: "મેડમ, તમે ઘણા સ્વસ્થ જણાઓ છો."
મેરીએ જવાબ આપ્યો: "આમાં કોઈનો દોષ કાઢવા જેવો નથી. કોઈ શું કરી શકે?"
"તમે તો ફિલૉસૉફર જેવી વાત કરો છો." પોઈરોએ કહ્યું.
મેરીએ કહ્યું: "ફિલૉસૉફર તો અલિપ્ત હોય. હું તો સ્વાર્થી છું. હા, કોઈ વાતે નકામો બળાપો ન કરવો એટલું શીખી છું."
વાતો કરતી વખતે મેરીનું ધ્યાન પોઈરો તરફ નહીં પણ બહાર છવાયેલા બરફ પર હતું.
પોઈરોએ આદર સાથે કહ્યું: "આપણા બધામાં તમે સૌથી વધુ મજબૂત મનોબળ ધરાવો છો."
"ના, એવું નથી." મેરીએ કહ્યું. "મારાથી પણ વધુ મજબૂત મનોબળવાળા એક અહીં છે."
"કોણ છે એ વ્યક્તિ?" પોઈરોએ પૂછ્યું.
અચાનક મેરીને ખ્યાલ આવ્યો કે તે એક અજાણ્યા પરદેશી સાથે વાત કરી રહી હતી, જેની સાથે આની પહેલાં ભાગ્યે જ કાંઈ વાત થયેલી. તેણે ઔપચારિક હાસ્ય સાથે કહ્યું: "પેલાં વૃદ્ધ લેડી ખરાં ને? એ દેખાવડાં નથી પણ હેરત પમાડે એવાં છે. જોયું છે એ કેટલાં સ્ટ્રૉંગ છે? એ હુકમ કરે અને આખી ટ્રેન દોડતી થઈ જાય છે.
પોઈરોએ કહ્યું: "એમ તો મારા મિત્ર મિસ્ટર બુકનો હુકમ પણ ચાલે છે. જો કે એ તો આ ટ્રેન કંપનીના માલિક છે એટલે."
મેરી ડેબેનહેમે સ્મિત કરીને આ વાતની સંમતિ આપી.
પોઈરો અને બીજા મુસાફરો ઘણો સમય ડાઇનિંગ કારમાં જ બેઠા રહ્યા. આફતના સમયે બધાને એકબીજા સાથે બેસવાનું અને વાતો કરવાનું સારું લાગતું હતું. પોઈરોએ મિસિસ હબ્બાર્ડની દીકરી વિષે વધુ જાણ્યું. વધુમાં મિસ્ટર હબ્બાર્ડ સવારે નાસ્તો કરવા બેસે ત્યારથી રાતે મિસિસ હબ્બાર્ડે ગૂંથેલાં મોજાં પહેરીને સૂઈ જાય ત્યાં સુધી શું કરતા તેની વિસ્તૃત માહિતી પોઈરોને મળી.
પોઈરો જ્યારે સ્વીડીશ લેડીની વાત સાંભળતા હતા ત્યારે એક કન્ડક્ટર એમની પાસે આવ્યો અને બોલ્યો: "સર, મિસ્ટર બુક આપને યાદ કરે છે અને અનુકૂળ હોય તો થોડો સમય મળવા બોલાવે છે." આ કન્ડક્ટર કોઈ બીજા કંપાર્ટમેન્ટનો હતો.
પોઈરોએ સ્વીડીશ લેડીની રજા લીધી અને ડાઇનિંગ કારની બહાર નીકળી કન્ડક્ટરની પાછળ ચાલ્યા. પોતાના કોચની કૉરિડૉર વટાવી તે બીજા કોચમાં ગયા જ્યાં કન્ડક્ટરે એક કંપાર્ટમેન્ટના બારણા પર ટકોરા માર્યા અને પછી પોઈરોને અંદર જવા દેવા માટે જરા દૂર ખસી ગયો.
આ કંપાર્ટમેન્ટ મિસ્ટર બુકનો નહોતો. આ સેકન્ડ ક્લાસનો કંપાર્ટમેન્ટ હતો. મિસ્ટર બુક દરવાજા સામે બેઠા હતા. બારી પાસેના ખૂણામાં એક નાના કદનો, શ્યામ વર્ણનો એક માણસ બેઠો હતો જે બારી બહાર પથરાયેલા બરફને જોતો હતો. બારણામાં વિશાળ કદનો, ભૂરાં

યુનિફૉર્મમાં સજ્જ, ટ્રેનનો હેડ ઊભો હતો અને તેની પાસે પોઈરોના કંપાર્ટમેન્ટનો કન્ડક્ટર હતો. આટલા માણસોની હાજરીને કારણે કંપાર્ટમેન્ટમાં ભીડ લાગતી હતી.

પોઈરોને જોઈને મિસ્ટર બુક બોલ્યાઃ "આવો સર, અમારે તમારી જરૂર પડી છે."

બારી પાસેનો માણસ બુક તરફ ફર્યો. પોઈરો દરવાજા પાસે ઊભેલા બે માણસો વચ્ચેથી જગ્યા કરી મિસ્ટર બુક પાસે ગયા. તેમનો ચહેરો જોઈને જ પોઈરોને લાગ્યું કે કાંઈક ગંભીર ઘટના બની છે.

પોઈરોએ પૂછ્યું: "શું થયું?"

મિસ્ટર બુક બળાપો કરતા બોલ્યાઃ "આ બરફના તોફાનને કારણે ટ્રેન અટકી પડી તે ઓછું હતું કે હવે આ મુસીબત આવી છે?"

બુક વધુ કાંઈ બોલે તે પહેલાં કન્ડક્ટરે ધ્રાસ્કા સાથે પૂછ્યું: "શું થયું?

'હવે એક પેસેન્જરનું મૃત્યુ થયું છે. કોઈએ છરી મારીને તેમની હત્યા કરી છે." મિસ્ટર બુકે અવાજમાં ઘેરી નિરાશા વ્યક્ત કરતા કહ્યું.

કન્ડક્ટરે પૂછ્યું: "પેસેન્જરની હત્યા? કયા પેસેન્જરની?"

બુકે હાથમાંના કાગળો જોઈને કહ્યું: "એક અમેરિકનની હત્યા થઈ છે. નામ છે રાટચેટ. તેનું નામ રાટચેટ જ હતું ને?"

"હા સર." કન્ડક્ટરના ગળામાંથી મહામહેનતે શબ્દો નીકળ્યા. પોઈરોએ જોયું કે ભયથી તેનો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો હતો. એમણે ટ્રેનના હેડને કહ્યું: "આને જરા બેસવા દો. લાગે છે કે એ બેભાન થઈ જશે!" ટ્રેનના હેડ થોડું ખસ્યા એટલે કન્ડક્ટરે સીટ પર પડતું મૂક્યું અને પોતાનો ચહેરો બે હાથથી ઢાંકી દીધો.

પોઈરોએ કહ્યું: "મામલો ગંભીર છે."

મિસ્ટર બુકે કહ્યું: "ચોક્કસ આખો મામલો ગંભીર છે. એક તો ખૂન થયું છે. એ વાત જ ગંભીર છે. એટલું જ નહીં પણ આ બહુ વિચિત્ર સંજોગોમાં બન્યું છે. બરફના તોફાનને કારણે ટ્રેન અટકેલી છે. કદાચ અહીંયા કલાકો અથવા દિવસો સુધી પડ્યા રહેવાનું થશે. બીજું એ કે આપણે જે કોઈ દેશમાંથી પસાર થઈએ તે દેશની પોલીસ ટ્રેનમાં સાથે હોય છે, ફક્ત યુગોસ્લાવિયામાં આ શિરસ્તો નથી. સમજાયું?"

પોઈરોએ જવાબ આપ્યોઃ "આ સંજોગો બહુ વિકટ છે."

બુકે કહ્યું: "અરે એટલું જ નહીં, બીજી મુસીબત આવી છે. ડૉક્ટર કોન્સટનટાઇન... ઓહ, મેં તમારી ઓળખાણ નથી કરાવી. ડૉક્ટર, આ મિસ્ટર હરક્યુલ પોઈરો છે."

ડૉક્ટરે જરાક ઝૂકીને પોઈરોનું અભિવાદન કર્યું. મિસ્ટર બુકે પોઈરોને જણાવ્યું: "ડૉક્ટરનું માનવું છે કે મૃત્યુ આશરે રાતે એક વાગ્યા આસપાસ થયું છે."

ડૉક્ટરે કહ્યું: "આવી બાબતોમાં ચોક્કસ સમય નક્કી કરવો મુશ્કેલ હોય છે, પણ હું એટલું જરૂર કહી શકું કે રાતે બારથી બે વાગ્યા વચ્ચે મૃત્યુ થયું છે."

"મિસ્ટર રાટચેટ છેલ્લે ક્યારે જોવામાં આવેલા?" પોઈરોએ પૂછ્યું.

"એક વાગવામાં વીસ મિનિટ બાકી હતી ત્યારે તેમણે કન્ડક્ટર સાથે વાત કરેલી." મિસ્ટર બુકે જણાવ્યું.

પોઈરોએ સહમત થતાં કહ્યું: "એ વાત બરાબર છે. મેં પણ તેમનો અવાજ સાંભળેલો. આ છેલ્લો પ્રસંગ હતો જ્યારે તેમને જીવિત જોવામાં આવેલા?"

"હા સર," બુકે જણાવ્યું.

પોઈરોએ ડૉક્ટર સામે જોયું એટલે ડૉક્ટરે પોતાનું કહેવાનું આગળ વધાર્યું, "મિસ્ટર રાટચેટના કંપાર્ટમેન્ટની બારી સાવ ખુલ્લી હતી એટલે એમ માની શકાય કે ખૂની ત્યાંથી છટકી

ગયો હશે. જો કે હું માનું છું કે આ ખુલ્લી બારી આપણું ધ્યાન બીજે દોરવાની તરકીબ છે. જો કોઈ ત્યાંથી ગયું હોત તેના પગલાંનાં નિશાન બરફમાં પડ્યાં જ હોત પરંતુ એવાં કોઈ નિશાનો દેખાતાં નથી.”

પોઈરોએ પૂછ્યું: “હત્યા થઈ છે તેની ક્યારે ખબર પડી?”

મિસ્ટર બુકે કહ્યું: “મિશેલ”. કન્ડક્ટરે પોતાના બે હાથ ચહેરા પરથી હટાવી ઊંચું જોયું. તેના ફિક્કા ચહેરા પર હજુ ભય દેખાતો હતો.

બુકે ફરમાન કર્યું: “ જે કાંઈ બન્યું તે આ શ્રીમાનને વિગતવાર જણાવો.”

કન્ડક્ટરે ધ્રૂજતા અવાજમાં વાત કરી “મિસ્ટર રાટચેટના નોકરે સવારે આવીને કંપાર્ટમેન્ટનું બારણું અનેકવાર ખટખટાવ્યું પણ અંદરથી કોઈ જવાબ ન મળ્યો. ત્યારબાદ, અડધા કલાક પહેલાં, રેસ્ટોરાંમાંથી વેઇટર આવ્યો. તેને જાણવું હતું કે મિસ્ટર રાટચેટ લંચ લેશે કે નહીં. ત્યારે અગિયાર વાગેલા.”

“મેં મારી ચાવીથી કંપાર્ટમેન્ટનું તાળું ખોલ્યું પણ અંદરથી ચેઇન લાગેલી હતી. અંદરથી કોઈ જવાબ મળતો નહોતો. બારી ખુલ્લી હતી અને બરફ આવતો હતો એટલે આખો કંપાર્ટમેન્ટ અતિશય ઠંડો થઈ ગયેલો. મને લાગ્યું કે મિસ્ટર રાટચેટને ફીટ આવી હશે. મેં પછી ટ્રેનના મુખ્ય અધિક્ષકને બોલાવ્યા અને અમે બંનેએ ચેઇન તોડી નાખી. ડબામાં ગયા ત્યારે અમને મિસ્ટર રાટચેટનો દેહ દેખાયો. ઓહ, કેવું બિહામણું દૃશ્ય હતું!” કન્ડક્ટરે ફરી પોતાનો ચહેરો હાથથી ઢાંકી દીધો.

પોઈરોએ વિચાર કરતાં પૂછ્યું: “બારણું અંદરથી લોક હતું અને ચેઇન પણ લગાડેલી હતી. આ આપઘાતનો બનાવ તો નથી ને?”

ડૉક્ટર ઉપહાસ કરતા હોય એમ હસીને બોલ્યાઃ “જે માણસ આપઘાત કરે એ પોતાની જાત પર દસપંદર વાર છરીના ઘા કરે?”

પોઈરોએ આશ્ચર્યથી આંખ પહોળી કરતાં કહ્યું: “એ તો બહુ ક્રૂરતાથી કરેલી હત્યા કહેવાય!”

ટ્રેનના મુખ્ય અધિક્ષક પહેલીવાર બોલ્યાઃ “આ કોઈ સ્ત્રીનું કામ છે. કોઈ સ્ત્રી જ આટલી ક્રૂરતાથી છરીના ઘા કરી શકે.”

ડૉક્ટર કોન્સ્ટનટાઇને વિચાર કરતા કહ્યું: “એ સ્ત્રી બહુ તાકાતવાળી હોવી જોઈએ. હું વધુ પડતું ટૅક્નિકલ બોલીને આ વાત ગૂંચવવા નથી માગતો પણ એક-બે પ્રહાર તો એટલા જોરથી થયેલા છે કે હાડકાં અને મસલ્સના માળખાની આરપાર, ઊંડે સુધી ઘા પડેલા છે.

પોઈરોએ કહ્યું: “એ દેખાય છે કે આ કોઈ વૈજ્ઞાનિક ઢબે, ચોકસાઈથી કરેલી હત્યા નથી.”

ડૉક્ટર કોન્સ્ટનટાઇન સહમત થતા બોલ્યાઃ “જરાપણ ચોકસાઈ રાખીને કરેલી હત્યા નથી. અમુક ઘા તો સાવ અછડતા લાગ્યા છે. એવું લાગે છે કે જાણે કોઈએ આંખ બંધ કરીને ઝનૂનપૂર્વક આડેધડ ઘા ઝીંકી દીધા હોય.”

“આ કોઈ સ્ત્રીનું જ કામ છે.” ટ્રેનના મુખ્ય અધિક્ષકે ફરીવાર કહ્યું. “સ્ત્રી જ્યારે બહુ ક્રોધમાં આવી જાય ત્યારે તેનામાં ગજબની તાકાત આવી જતી હોય છે.” આ વાત એમણે એવા હાવભાવ સાથે કહી કે બધાને એમ લાગ્યું કે કદાચ તેઓએ આવું અનુભવેલું હશે.

પોઈરોએ જણાવ્યું: “મારે તમને એક માહિતી આપવાની છે. મિસ્ટર રાટચેટે ગઈકાલે મારી સાથે વાત કરેલી તે ઉપરથી હું સમજેલો કે તેમને પોતાના જાન પર જોખમ છે એમ લાગતું હતું.”

“તો તો કોઈએ એમને ‘પતાવી દીધા’ ખરું?” મિસ્ટર બુક બોલી ઊઠ્યા. “એવું હોય તો આ હત્યા કોઈ ગેંગ અથવા ભાડુતી હત્યારાએ કરી હશે, કોઈ સ્ત્રીએ નહીં.”

પોતાની વાત સ્વીકારાઈ નહીં એટલે મુખ્ય અધિક્ષક જરા ઝંખવાણા પડી ગયા.

પોઈરોએ મિસ્ટર બુકની વાતનો જવાબ આપતા કહ્યું: "એવું હોય તો કોઈ સાવ શિખાઉ વ્યક્તિએ આ હત્યા કરી લાગે છે."

બુક પોતાની વાતને સમર્થન આપતા કન્ડક્ટર તરફ જોઈને બોલ્યા: "ટ્રેનમાં પેલો કદાવર અમેરિકન છે ને, જે ભડકીલા કપડામાં મુફલીસ જેવો દેખાય છે અને આખો દિવસ ચીંગમ ચાવ્યા કરતો હોય છે! સંસ્કારી લોકો આમ ચીંગમ ન ચગળે. ખ્યાલ આવ્યો ને હું કોની વાત કરું છું?"

કન્ડક્ટરે સંમતિ આપતા માથું હલાવીને કહ્યું: "હા, સર એ બર્થ નંબર ૧૬ ઉપર છે. પરંતુ એણે આ હત્યા ન કરી હોય. મેં એને કંપાર્ટમેન્ટમાં આવતા અથવા એમાંથી નીકળતા જોયો જ હોત."

મિસ્ટર બુકે કહ્યું: "ના, કદાચ તેં એને ન જોયો હોય. જો કે એ વાત પછી કરશું." પછી પોઈરો તરફ જોઈને બોલ્યા: "સવાલ એ છે કે હવે શું કરવું જોઈએ?"

પોઈરોએ એમની સામું જોયું પણ કાંઈ બોલ્યા નહીં.

મિસ્ટર બુકે વાત આગળ ચલાવી: "મિત્ર! તમને ખબર છે કે હું શું કહેવાનો છું. તમારી શક્તિથી હું પરિચિત છું. તમે આ કેસની તપાસ કરો અને કોણે આ હત્યા કરી છે તે શોધી કાઢો."

પોઈરો કાંઈ બોલે તે પહેલાં મિસ્ટર બુકે કહ્યું: "ના, ના, તમારે ના નથી પાડવાની! અમારે માટે આ બહુ ગંભીર મામલો છે. હું રેલવે કંપની તરફથી વાત કરું છું. યુગોસ્લાવિયાના પોલીસ આવે તે પહેલાં જ જો આપણે આ રહસ્યનો ઉકેલ લાવી દઈએ અને આ હત્યા કોણે કરી છે તે તેમને જણાવી દઈએ તો કેટલું સારું! નહીં તો બધી વિધિમાં બહુ વાર થશે અને ઘણી જ અગવડ પડશે, ખાસ કરીને નિર્દોષ પેસેન્જરોને. સારું એ થાય કે તમે આ રહસ્ય ઉકેલી દો એટલે પોલીસ આવે ત્યારે કહી શકાય કે "અહીં હત્યા થઈ છે અને આ રહ્યો ગુનેગાર!"

પોઈરોએ પૂછ્યું: "ધારો કે હું એ રહસ્ય ઉકેલી ન શકું તો?"

મિસ્ટર બુક બોલી ઊઠ્યા: "અરે સર, હું તમારી ખ્યાતિ જાણું છું. હું તમારી ગુનાશોધક પદ્ધતિ વિષે પણ થોડું જાણું છું. તમારે માટે આ બહુ સારો કેસ છે. હું સમજી શકું છું કે આટલા બધા લોકોની તપાસ કરવી તે સહેલું નથી. પરંતુ તમે જ ઘણીવાર કહ્યું છે ને કે આવો કેસ ઉકેલવા માટે ખુરશીમાં બેસીને ધ્યાનપૂર્વક વિચાર કરવાની જરૂર હોય છે. તમે જે પેસેન્જરની પૂછપરછ કરવી હોય તે કરો, ડેડ બોડીને તપાસો, જ્યાં હત્યા થઈ છે ત્યાંથી કોઈ પુરાવા મળી આવે તો તે શોધો, મારે વધુ શું કહેવું? મને તમારી પ્રતિભામાં પૂરો વિશ્વાસ છે. તમે કહો છો એમ ખુરશી પર નિરાંતે બેસીને મગજના કોષનો ઉપયોગ કરો. મને ખાતરી છે તમને આ હત્યાનો ઉકેલ મળી જશે!"

આટલું કહીને બુક જરા ઝૂકીને પોઈરોની તરફ જોઈ રહ્યા.

"મારી કાબેલિયત પરની તમારી શ્રદ્ધાનું મારે મન ઘણું મહત્ત્વ છે." પોઈરોએ કહ્યું: "તમે કહો છો એમ આ કેસ એટલો અઘરો નથી. અરે ગઈકાલે રાતે જ મને થયેલું... જો કે એ વાત અત્યારે નહીં કરીએ. સાચું કહું તો આ કોયડો મને થોડો મૂંઝવી રહ્યો છે. હજુ અડધા કલાક પહેલાં જ હું વિચારતો હતો કે આપણે બધા અહીંયા ફસાયા છીએ એટલે લાંબા સમય સુધીનો કંટાળો આપણા નસીબમાં લખાયો છે અને અત્યારે એક કોયડો મારી સામે આવીને પડ્યો છે.

"તો તમે આ કેસ હાથમાં લેવાનું કબૂલ કરો છો?" મિસ્ટર બુકે ઉત્સુકતાથી પૂછ્યું.

પોઈરોએ કહ્યું: "અવશ્ય. આ કોયડો હવે મને સોંપી દો."

"બહુ સરસ ! અમે બધા તમને મદદ કરવા તત્પર છીએ." બુકે જણાવ્યું.

"પહેલું કામ એ કે મારે આ ટ્રેનના ઈસ્તંબુલ–કાલાઇસ કોચનો નકશો જોઈશે અને આ

કોચમાં જેટલા મુસાફર છે તે બધા કયા કંપાર્ટમેન્ટમાં હતા તેની વિગત જોઈશે. વધુમાં તે બધા મુસાફરોના પાસપોર્ટ અને ટિકિટ મારે જોવા છે." પોઈરોએ જણાવ્યું.

"મિશેલ, તમને આ બધું લાવી આપશે." બુકે કહ્યું અને કન્ડક્ટર કંપાર્ટમેન્ટની બહાર ગયા.

પોઈરોએ પૂછ્યું: "બીજા કયા મુસાફરો આ ટ્રેનમાં છે?"

મિસ્ટર બુકે જણાવ્યું: "આ કોચમાં ફક્ત હું અને ડૉક્ટર કોન્સ્ટનટાઇન છીએ. બુચારેસ્ટથી જે કોચ જોડાયો એમાં એક જૈફ સજ્જન છે જે એક પગે લંગડાય છે. કન્ડક્ટર એમને સારી રીતે ઓળખે છે. આ કોચ પછી જનરલ કોચ આવેલા છે જેમની સાથે આપણે નિસ્બત નથી, કારણકે ડીનર પછી તે બધા કોચને તાળા મારીને બંધ કરી દીધેલાં. આપણે જે કોચમાં છીએ તેની આગળ ફક્ત ડાઇનિંગ કાર છે."

પોઈરો ધીમેથી બોલ્યા: "ત્યારે તો એવું લાગે છે કે હત્યારો આ ઈસ્તંબુલ–કાલાઇસ કોચમાં જ હોવો જોઈએ." પછી ડૉક્ટર તરફ ફરીને કહ્યું. "તમે પણ આ જ કહેતા હતા ને?"

ડૉક્ટરે હકારમાં માથું હલાવીને સંમતિ આપી.

મિસ્ટર બુકે કહ્યું, "રાતે સાડાબાર વાગે આપણે આ બરફના તોફાનમાં ફસાયા. ત્યારબાદ કોઈ આ ટ્રેન છોડીને ગયું હોય તે શક્ય નથી."

"હત્યારો આપણી સાથે આ ટ્રેનમાં જ છે."

પ્રકરણ–૬
એક સ્ત્રી?

"સૌથી પહેલાં મારે મેકક્વીન સાથે વાત કરવી છે. તેની પાસેથી અગત્યની માહિતી મળી શકશે." પોઈરોએ જણાવ્યું.

"જરૂર" મિસ્ટર બુકે કહ્યું અને ટ્રેનના અધિક્ષક તરફ સૂચના આપી "મિસ્ટર મેકક્વીનને બોલાવી લાવો."

એટલીવારમાં કન્ડક્ટર દરેક મુસાફરોના પાસપોર્ટ અને ટિકિટ એક પૅકેટમાં લઈને આવ્યો. મિસ્ટર બુકેએ પૅકેટ લઈને કન્ડક્ટરને કહ્યું: "થૅન્ક્યુ મિશેલ. હવે તમે તમારી જગ્યાએ પાછા જાઓ. તમારું બયાન લેવા તમને પછીથી બોલાવશું."

"સારું સર." કહીને મિશેલ કંપાર્ટમેન્ટની બહાર ગયો.

પોઈરોએ કહ્યું: "મેકક્વીન સાથે વાત કરી લીધા પછી આપણે જેની હત્યા થઈ છે તે રાટચેટના કંપાર્ટમેન્ટમાં જઈ આવીએ. તમે આવશો ને ડૉક્ટર?" પોઈરોએ ડૉક્ટરને સવાલ કર્યો.

"ચોક્કસ." ડૉક્ટરે કહ્યું.

ત્યાં ટ્રેનના અધિક્ષક હેક્ટર મેકક્વીનની સાથે આવ્યાં.

મિસ્ટર બુકે ઊભા થતાં કહ્યું: "આવો, અહીં જરા સંકડાશ છે. તમે અહીં મારી જગ્યાએ બેસો. મિસ્ટર પોઈરો તમારી સામે બેસશે." તેમણે ટ્રેનના મૅનેજરને કહ્યું: "ડાઇનિંગ કાર મિસ્ટર પોઈરો માટે ખાલી કરાવી દો." અને પોઈરોને પૂછ્યું: "તમે બધાના ઇન્ટરવ્યૂ ત્યાં લેશો ને?"

પોઈરોએ જણાવ્યું: "હા, એ ઘણું અનુકૂળ રહેશે."

મેકક્વીન બારણામાં ઊભો રહીને મિસ્ટર બુક અને પોઈરો તરફ વારાફરતી જોતો હતો. તેને ફ્રેંચ ભાષા બહુ સમજાતી નહોતી. એણે પૂછ્યું, "શું થયું છે?" જવાબ દેતા પહેલા પોઈરોએ તેને ઇશારો કરીને બેસવા માટે જણાવ્યું.

મેકક્વીને બેસીને ફરીવાર પૂછ્યું: "શું વાત છે? ટ્રેનમાં કાંઈ થયું છે?"

પોઈરોએ ધીમેથી કહ્યું: "હા. એક દુર્ઘટના બની છે. તમને આઘાત લાગશે. મિસ્ટર રાટચેટનું અવસાન થયું છે."

મેકક્વીનનું મોઢું આશ્ચર્યથી સહેજ ખૂલ્યું અને ભવાં થોડાં તંગ થયાં. આ સિવાય કોઈ હાવભાવ તેના ચહેરા પર આવ્યા નહીં. તેણે કહ્યું: "આખરે એ લોકો તેમને પહોંચી ગયા."

"મિસ્ટર મેકક્વીન, તમે શું કહેવા માગો છો?" પોઈરોએ પૂછ્યું. મેકક્વીન થોડો અચકાયો એટલે પોઈરોએ કહ્યું: "તમે એમ ધારો છો કે રાટચેટની હત્યા થઈ છે?"

"એવું જ થયું છે ને?" મેકક્વીને પૂછ્યું. હવે તેના ચહેરા પર આશ્ચર્ય નહોતું. "મને લાગે છે એમ જ થયું હશે. તમે એમ કહો છો કે તેનું ઊંઘમાં જ મૃત્યુ થયું? એ તો એકદમ ખડતલ હતા..."

આટલું કહીને મેકક્વીન અટકી ગયા.

પોઈરોએ જણાવ્યું: "તમારી ધારણા સાચી છે. મિસ્ટર રાટચેટની હત્યા થઈ છે. કોઈએ છરી મારીને તેમની હત્યા કરી છે. મારે એ જાણવું છે કે તમે એવું કેમ માની લીધું કે એમનું મૃત્યુ હત્યાથી થયું હશે અને કુદરતી રીતે નહીં?"

મેકક્વીન ફરી એકવાર જવાબ આપતાં પહેલાં થોડું અચકાયા અને પછી બોલ્યાઃ "પહેલા

મને એ જણાવો કે તમે કોણ છો અને આ બાબતમાં કઈ રીતે સંકળાયેલા છો."

પોઈરોએ જણાવ્યું: "હું ડિટેક્ટિવ છું અને ટ્રેન કંપની તરફથી આ કેસની તપાસ કરું છું. મારું નામ હરક્યુલ પોઈરો."

મેકક્વીન પોઈરોના નામથી પરિચિત હોય તેવું લાગ્યું નહીં. તેમણે કહ્યું: "ઓહ, એમ છે."

પોઈરોએ પૂછ્યું: "કદાચ તમે મારું નામ સાંભળ્યું હશે."

"હા, નામ થોડું જાણીતું લાગે છે. પરંતુ મને એમ લાગ્યું કે આ કોઈ લેડીઝના ડ્રેસ ડિઝાઇનરનું નામ છે."

પોઈરોએ થોડા અણગમા સાથે મેકક્વીન સામે જોઈને કહ્યું: "એ માન્યામાં આવે એવું નથી."

"શું માન્યામાં આવે એવું નથી?" મેકક્વીને પૂછ્યું.

"જવા દો. આપણે મૂળ વાત પર આવીએ." પોઈરોએ કહ્યું. "તમે મિસ્ટર રાટચેટ વિષે જેટલું જાણો છો તે મને કહો. એ તમારા સગા હતા?"

મેકક્વીને કહ્યું: "ના, એ મારા સગા નહોતા. હું એમનો સેક્રેટરી હતો."

"કેટલા સમયથી?"

"એક વર્ષ ઉપરથી."

પોઈરોએ કહ્યું: "તમે જે કાંઈ માહિતી આપી શકો તે મને જણાવો."

મેકક્વીને વાત શરૂ કરી. "હું મિસ્ટર રાટચેટને પહેલીવાર પર્શિયામાં મળ્યો."

પોઈરોએ પૂછ્યું: "તમે ત્યાં શું કરતા હતા?"

"હું ન્યૂયૉર્કથી પર્શિયા ખનીજ તેલના ખરીદ-વેચાણના કામ અંગે આવેલો. જો કે તમને એની વિગતમાં રસ નહીં હોય. મને અને મારા મિત્રોને એમાં ઘણી ખોટ ગયેલી. મિસ્ટર રાટચેટ અને હું એક જ હોટેલમાં રહેતા હતા. તેમને તે જ સમયે તેમના સેક્રેટરી સાથે વિખવાદ થયો અને એમણે મને એ નોકરીની દરખાસ્ત આપી. હું બેકાર બેઠો હતો અને આવી સારા પગારની નોકરી સામે ચાલીને આવી એટલે મેં સ્વીકારી લીધી." મેકક્વીને જણાવ્યું.

"ત્યારથી અત્યાર સુધી શું થયું?" પોઈરોએ પૂછ્યું.

"અમે ઘણી મુસાફરી કરી. મિસ્ટર રાટચેટને જુદા જુદા દેશ જોવા હતા પણ તકલીફ એ હતી કે તેમને અંગ્રેજી સિવાય એકપણ ભાષા આવડતી નહોતી. મેં સેક્રેટરી તરીકે ઓછું કામ કર્યું અને દુભાષિયા તરીકે વધારે. જો કે મને એ કામમાં આનંદ આવતો હતો." મેકક્વીને કહ્યું.

પોઈરોએ કહ્યું: "હવે તમે મિસ્ટર રાટચેટ વિષે જેટલું જાણો છો તે કહો."

મેકક્વીનના ચહેરા પર મૂંઝવણ દેખાઈ. તેણે કહ્યું: "એ સહેલું નથી."

પોઈરોએ પૂછ્યું: "એમનું આખું નામ શું હતું?"

"સેમ્યુઅલ એડવર્ડ રાટચેટ."

"એ અમેરિકાના નાગરિક હતા?"

"હા."

"અમેરિકામાં તે ક્યાં રહેતા હતા?"

"મને ખબર નથી."

પોઈરોએ કહ્યું: "તમે મિસ્ટર રાટચેટ વિષે જે જાણતા હો તે કહો."

મેકક્વીને જવાબ આપ્યો: "સાચું કહું તો હું એમના વિષે કાંઈ નથી જાણતો. મિસ્ટર રાટચેટે ક્યારેય પોતાની વિષે અથવા તે અમેરિકામાં શું કરતા હતા તેની વિષે વાત નથી કરી."

"એવું એમણે શા માટે કર્યું હશે?"

"એ કદાચ પોતાના કુટુંબ અને બાળપણ માટે શરમ અનુભવતા હશે." મેકક્વીને જણાવ્યું.

"તમને લાગે છે કે ફક્ત આ જ કારણ હશે? પોઈરોએ પૂછ્યું.

મેકક્વીને કહ્યું: "નિખાલસતાથી કહું તો ના, ફક્ત આ જ કારણ નહીં હોય."
"એમના કોઈ સગાસંબંધી વિષે વાત થયેલી?" પોઈરોએ પ્રશ્નો ચાલુ રાખ્યા.
મેકક્વીને જણાવ્યું: "ના, તેમણે ક્યારેય તેમના સગા-સંબંધી વિષે નથી જણાવ્યું."
પોઈરોએ ભારપૂર્વક પૂછ્યું: "મિસ્ટર મેકક્વીન, તમે આ બાબતે કાંઈક તો વિચાર્યું હશે ને?"
મેકક્વીને કહ્યું: "હા, મને લાગે છે રાટચેટ તેમનું સાચું નામ નહોતું. એ કોઈ વ્યક્તિ અથવા કોઈ ઘટનાના ડરથી અમેરિકાથી ભાગી નીકળેલા અને હમણાં સુધી છુપાઈ રહેલા."
"પછી શું થયું?"
"પછી તેમના પર ધમકીભર્યા પત્રો આવવા લાગ્યા." મેકક્વીને કહ્યું.
પોઈરોએ પૂછ્યું: "તમે એ પત્રો જોયેલા?"
"હા, હું તેમને પત્રવ્યવહારમાં મદદ કરતો હતો. પહેલો પત્ર બે અઠવાડિયાં પહેલાં આવેલો."
"એ પત્રો સચવાયા છે?"
"હા, મારી પાસે બે પત્રો છે." મેકક્વીને કહ્યું. "એક પત્ર રાટચેટે ગુસ્સામાં ફાડી નાખેલો. હું એ પત્રો લઈ આવું?"
પોઈરોએ કહ્યું: "પ્લીઝ, એ પત્રો લઈ આવો."
મેકક્વીન ગયા અને થોડી મિનિટો બાદ પાછા આવી તેમણે મેલા દેખાતા બે કાગળ પોઈરોને આપ્યા.
પહેલાં પત્રમાં લખેલું હતું:
"તને એમ હતું કે તું અમને દગો આપીને ભાગી જઈશ? ક્યારેય નહીં! તું જ્યાં છુપાયો હોઈશ ત્યાંથી અમે તને પકડી પાડશું."
આ પત્રમાં કોઈની સહી નહોતી. પોઈરોએ જરા ભવાં ચડાવ્યાં પણ કાંઈ બોલ્યા નહીં. તેમણે બીજો પત્ર હાથમાં લીધો.
"રાટચેટ, અમે બધા તને મજા ચખાડવાના છીએ. થોડા જ વખતમાં તું પકડાઈ જવાનો છે. સમજ્યો?"
પત્ર નીચે મૂકીને પોઈરોએ કહ્યું: "લખવાની ઢબ એક જ પ્રકારની છે. હા, હસ્તાક્ષર થોડા જુદા પડે છે."
મેકક્વીન પોઈરોની સામે જોઈ રહ્યા.
પોઈરોએ સમજાવતા કહ્યું: "તમને કદાચ એ નહીં દેખાયું હોય. તેને માટે અનુભવની જરૂર પડે છે. મિસ્ટર મેકક્વીન, આ પત્ર એક જણાએ નથી લખ્યો. બે અથવા બેથી વધારે જણાએ આ પત્ર લખ્યો છે. દરેક જણે એક વખતે એક શબ્દ લખ્યો છે. વળી આ પત્રોમાં એક એક અક્ષર છૂટો પાડીને લખવામાં આવ્યો છે, જાણે કે છાપવામાં આવ્યો હોય. આને કારણે હસ્તાક્ષર ઓળખવામાં વધુ તકલીફ પડે."
થોડીવાર બાદ પોઈરોએ પૂછ્યું: "તમને ખબર છે કે મિસ્ટર રાટચેટે મારી મદદ માગેલી?"
"તમારી મદદ માગેલી?" મેકક્વીને જે રીતે આશ્ચર્ય સાથે પૂછ્યું તેથી પોઈરોને ખ્યાલ આવી ગયો કે તેમને આ વાતની ખબર નહોતી.
પોઈરોએ કહ્યું: "હા, તેમણે મદદ માગેલી. તે ચેતી ગયેલા. મને કહો. પહેલો પત્ર મળ્યો ત્યારે રાટચેટનો શું પ્રતિભાવ હતો?"
મેકક્વીને જરા અચકાઈને કહ્યું: "એ કહેવું જરા મુશ્કેલ છે. આમ તો એમણે આ વાત હસી નાખેલી પણ મને લાગતું હતું કે તે બહાદુરીનો ફક્ત દેખાવ કરે છે, મનમાં તો ઘણા ડરી ગયેલા."
પોઈરોએ સહમત થતા માથું હલાવ્યું અને અચાનક અણધાર્યો સવાલ કર્યો: "મિસ્ટર

મેકક્વીન, તમે મને નિખાલસતાથી જણાવશો કે તમને મિસ્ટર રાટચેટ કેવા લાગતા હતા? તમને તેઓ સાથે કામ કરવું ગમતું હતું?"

મેકક્વીને ફરીવાર અચકાઈને, થોડો વિચાર કરીને કહ્યું: "ના, મને નહોતું ગમતું."

"શા માટે?"

"ચોક્કસ કારણ આપવું મુશ્કેલ છે. આમ તો એ હંમેશાં ખુશમિજાજમાં રહેતા હતા છતાં સાચું કહું તો મને તે નહોતા ગમતા અને હું એમનો વિશ્વાસ નહોતો કરતો. મને સતત એમ લાગતું હતું કે તેઓ ક્રૂર અને ખતરનાક વ્યક્તિ છે. જો કે હું કબૂલ કરું છું કે મારી પાસે આ વાતની સાબિતી તરીકે કોઈ પુરાવો કે કોઈ કારણ નથી." મેકક્વીને જણાવ્યું.

"મિસ્ટર મેકક્વીન તમારો આભાર. વધુ એક સવાલ. તમે મિસ્ટર રાટચેટને છેલ્લે જીવંત ક્યારે જોયેલા?" પોઈરોએ પૂછ્યું.

મેકક્વીને યાદ કરીને કહ્યું: "ગઈકાલે રાતે લગભગ દસ વાગે. હું એમના કંપાર્ટમેન્ટમાં થોડી નોંધ લેવા ગયેલો."

"કયા વિષય પર?"

"એમણે પર્શિયાથી ટાઇલ્સ અને જૂના માટીનાં વાસણો ખરીદેલાં. એમણે જે ખરીદેલું તેનાથી જુદી જ વસ્તુઓ મોકલવામાં આવેલી. આને કારણે ઘણો વિખવાદ થયેલો અને લાંબા સમય સુધી પત્રવ્યવહાર ચાલેલો." મેકક્વીને જણાવ્યું.

"આ છેલ્લો સમય હતો જ્યારે તમે મિસ્ટર રાટચેટને જીવિત જોયેલા?" પોઈરોએ પૂછ્યું.

"હા." મેકક્વીને કહ્યું.

પોઈરોએ પ્રશ્ન કર્યો, "તમને ખબર છે કે મિસ્ટર રાટચેટને ધમકી આપતો છેલ્લો પત્ર ક્યારે મળેલો?"

"અમે જે દિવસે કોન્સ્ટેનટીનોપોલથી નીકળ્યા તે દિવસે સવારે."

પોઈરોએ કહ્યું: "મારે એક વાત જાણવી જરૂરી છે. તમારી અને મિસ્ટર રાટચેટ વચ્ચે સારો સંબંધ હતો?"

મેકક્વીનની આંખમાં જરા ચમક આવી અને એણે કહ્યું: "એ બાબતમાં મારી ઉપર શંકા કરવાનું કોઈ કારણ નથી. મારે મિસ્ટર રાટચેટ સાથે સારો સંબંધ હતો."

પોઈરોએ કહ્યું: "આપનું પૂરું નામ અને અમેરિકાનું ઍડ્રેસ આ કાગળ પર લખી આપશો?"

મેકક્વીને પોતાનું પૂરું નામ, હેક્ટર વિલાર્ડ મેકક્વીન અને અમેરિકાનું ઍડ્રેસ લખ્યું.

પોઈરોએ કહ્યું: "અત્યારે આટલી માહિતી પૂરતી છે. મિસ્ટર મેકક્વીન, તમે મિસ્ટર રાટચેટની હત્યા થઈ છે તે વાત હમણાં કોઈને નહીં કરતા."

"પરંતુ તેમના નોકર માસ્ટરમેનને જણાવવું પડશે."

"એને કદાચ આ વાતની ખબર હશે. જો એમ હોય તો તેને પણ કહેજો કે હમણાં આ વિષે કોઈને વાત ન કરે." પોઈરોએ કહ્યું.

મેકક્વીને કહ્યું: "એ બાબતમાં બહુ તકલીફ નહીં પડે. એ બ્રિટિશર છે અને અતડો રહે છે. એ અમેરિકનોને પોતાનાથી ઊતરતા માને છે અને બીજા બધા દેશના લોકોને તો નગણ્ય જ માને છે."

પોઈરોએ કહ્યું: "તમારો આભાર મિસ્ટર મેકક્વીન." મેકક્વીન કંપાર્ટમેન્ટમાંથી બહાર ગયા.

મિસ્ટર બુકે પોઈરોને પૂછ્યું: "આ જુવાનિયો જે કાંઈ કહે છે તેને તમે સાચું માનો છો?"

"મને એ પ્રમાણિક અને સીધોસાદો લાગ્યો. એણે નિખાલસતાથી કહ્યું કે એ મિસ્ટર રાટચેટને પસંદ નહોતો કરતો. એ જો આ હત્યામાં કોઈ રીતે સંડોવાયેલો હોત તો તેણે જુદું જ કહ્યું હોત. એ સાચું છે કે મિસ્ટર રાટચેટે તેને નથી જણાવ્યું કે તેમણે મારી મદદ માગેલી. પરંતુ

તેને કારણે મેકક્વીન પર શંકા કરવાનું કોઈ કારણ નથી. હું માનું છું કે મિસ્ટર રાટચેટ ઘણી વાત ખાનગી રાખતા હશે." પોઈરોએ પોતાનું મંતવ્ય આપ્યું.

મિસ્ટર બુકે કહ્યું: "એટલે તમે એક વ્યક્તિને આ અપરાધ માટે નિર્દોષ માનો છો?"

પોઈરોએ જરા તિરસ્કાર સાથે મિસ્ટર બુક તરફ જોઈને કહ્યું: "હું છેલ્લી મિનિટ સુધી દરેક વ્યક્તિ પર શંકા કરું છું. છતાં હું એટલું કબૂલ કરું છું કે આ સરળ સ્વભાવનો મેકક્વીન ઝનૂનમાં આવીને કોઈ વ્યક્તિ પર બાર-પંદર વાર ચાકુના પ્રહાર કરી દે તે માની શકાય એવું નથી. એ એની પ્રકૃતિમાં જ નથી."

બુકે વિચાર કરીને કહ્યું: "હું તમારી સાથે સહમત છું. આ કોઈ ઝનૂની, ઘૃણાથી પાગલ થયેલી, ગરમ લોહીવાળી વ્યક્તિનું કામ છે અથવા ટ્રેનના મૅનેજરે કહ્યું એમ કોઈ સ્ત્રીનું."

પ્રકરણ–૭
મૃતદેહ

પોઈરો બીજા કોચમાં, એ કંપાર્ટમેન્ટમાં, ગયા જ્યાં મિસ્ટર રાટચેટની હત્યા થયેલી. ડૉ. કોન્સ્ટનટાઇન એમની પાછળ ગયા. કન્ડક્ટરે પોતાની ચાવીથી તાળું ખોલી આપ્યું.

બંને જણા કંપાર્ટમેન્ટમાં આવ્યા એટલે પોઈરોએ પૂછ્યું: "અહીંથી કાંઈ ખસેડ્યું છે?"

"કોઈએ એક પણ વસ્તુને હાથ નથી લગાડ્યો. મેં પણ તપાસ કરતી વખતે મૃતદેહને ખસેડ્યો નથી." ડૉક્ટરે જવાબ આપ્યો.

પોઈરોએ બધી તરફ જોયું. સૌથી પહેલા એમનું ધ્યાન ગયું કે આખો કંપાર્ટમેન્ટ બહુ ઠંડો હતો. બારી સાવ ખુલ્લી હતી અને પડદો ઊંચે સુધી ચડાવેલો હતો.

"હમમ..." પોઈરો ગણગણ્યા. ડૉક્ટરે જણાવ્યું: "મેં એ બારી બંધ ન કરી."

પોઈરોએ બારીની ઝીણવટથી તપાસ કરતાં કહ્યું: "તમે સારું કર્યું. અહીંથી કોઈ બહાર નથી ગયું. જો કે આ બારી એટલે જ ખુલ્લી રાખવામાં આવી છે કે કોઈને થાય કે ખૂની અહીંથી ભાગી ગયો હશે. એવું હોય તો આટલો બરફ વરસ્યો તેને કારણે હત્યારાની એ ચાલ ઊંધી પડી છે."

પોઈરોએ બારીની ફ્રેમ તપાસી અને તેની પર થોડો પાવડર છાંટ્યો. પછી બોલ્યા: "કોઈની આંગળીના નિશાન અહીં નથી. એનો અર્થ એમ કે આ ફ્રેમને કોઈએ સાફ કરી દીધી છે. જો કે કોઈની આંગળીની છાપ મળી આવી હોત તો પણ એનાથી આ કેસ ઉકેલવામાં બહુ મદદ ન થાત. એ છાપ રાટચેટ, તેમના નોકર અથવા કન્ડક્ટરની હોત. હવેના ગુનેગારો આ બાબતમાં ચાલાક થઈ ગયા છે અને પોતાનાં આંગળાંની છાપ ઘટનાસ્થળ પર ન મળે તેની કાળજી રાખતા હોય છે."

આટલું જણાવી પોઈરોએ કહ્યું: "આ સ્થિતિમાં બારી બંધ કરી દેવા જેવી છે. અહીં તો જાણે કોલ્ડ સ્ટોરેજમાં આવી ગયા હોઈએ એવું લાગે છે." એમણે બારી બંધ કરીને મૃતદેહ તરફ જોયું.

રાટચેટ ચત્તા સૂતા હતા. તેમણે પહેરેલા જૅકેટ પર લોહીના ડાઘા હતા અને તેનાં બધાં બટન ખુલ્લાં હતાં. રાટચેટનો ખભા સુધીનો દેહ ઉઘાડો હતો. પોઈરો કાંઈ પૂછે તે પહેલા ડૉક્ટરે જણાવ્યું: "મારે તેમને કયા પ્રકારના જખમ થયા છે તેની તપાસ કરવી હતી."

પોઈરોએ હકારમાં માથું હલાવ્યું અને નીચા નમીને ઝીણવટથી મૃતદેહ તપાસ્યો. થોડીવાર પછી તેઓ સીધા થયા અને જરા અણગમા સાથે બોલ્યા: "આ જોવું ગમે એવું નથી! કોઈએ તેમની પાસે ઊભા રહીને વારંવાર તેમની ઉપર ઘા કર્યા છે. બધા થઈને કેટલા જખમ છે?"

ડૉક્ટરે કહ્યું: "મેં બાર જખમ જોયા. એક-બે જખમ બહુ હળવા છે, જે ઉઝરડા જેવા લાગે છે.

"તો વળી ત્રણ જખમ એટલા ઊંડા છે કે મૃત્યુનું કારણ બની શકે."

પોઈરોને ડૉક્ટરના અવાજમાં કાંઈક એવું લાગ્યું કે એમણે પૂછ્યું: "તમને કોઈ વસ્તુ વિચિત્ર લાગે છે ને? પ્લીઝ મને જણાવો, તમારા મનમાં શું છે?"

ડૉક્ટરે ધીમેથી કહ્યું: "હા, ને કાંઈક વિચિત્ર લાગે છે. આ બે ઘાવ જુઓ. આ બંને ઘાવ બહુ ઊંડા છે જેને કારણે ઘણીબધી નસો કપાઈ ગઈ હશે. છતાં એમાંથી જે લોહી વહેવું જોઈએ તે નથી વહ્યું. પ્રમાણમાં ઘણું ઓછું લોહી વહ્યું છે."

પોઈરોએ પૂછ્યું: "એનો અર્થ શું થાય?"

ડૉક્ટરે કહ્યું: "એક શક્યતા એવી છે કે આ ઘાવ કરવામાં આવ્યા ત્યારે મિસ્ટર રાટચેટ જીવિત નહોતા. તેમનું મૃત્યુ થઈ ચૂકેલું. જો કે આ વાત પણ એવી જ વિચિત્ર છે!"

પોઈરોએ કહ્યું: "એમ માની શકાય કે હત્યારાને શંકા થઈ હશે કે એણે એનું કામ બરાબર કર્યું છે કે નહીં. આને માટે એ કદાચ ખાતરી કરવા આવેલો હોય કે રાટચેટ મૃત્યુ પામ્યા કે નહીં. જો કે આ વાત પણ એટલી જ વિચિત્ર કહેવાય. ડૉક્ટર, તમે બીજું કાંઈ જણાવવા માગો છો?"

ડૉક્ટરે કહ્યું: "મારે એક વાત પર તમારું ધ્યાન દોરવું છે."

"કઈ વાત પર?"

ડૉક્ટરે જખમ દેખાડતાં કહ્યું: "આ જુઓ, જમણા ખભા અને બાવડા પરનો જખમ. હવે તમે આ પેન્સિલ હાથમાં લઈને તે જખમ પર પ્રહાર કરો." પોઈરોએ જમણા હાથમાં પેન્સિલ લીધી અને બોલી ઊઠ્યા: "તમારી વાત સમજાય છે. આ પ્રકારનો ઘાવ કરવામાં કોઈ જમણેરી વ્યક્તિને ઘણી મુશ્કેલી પડે પરંતુ આ કામ કોઈ ડાબેરી વ્યક્તિ આસાનીથી કરી શકે."

ડૉક્ટરે કહ્યું: "હું એ જ કહું છું. એ વાત નક્કી છે કે આ ઘાવ કોઈ ડાબેડી વ્યક્તિએ કરેલ છે."

"એનો અર્થ એમ કે હત્યારો ડાબેરી છે? એવું તારણ તો ન કાઢી શકાય ને?" પોઈરોએ પૂછ્યું.

ડૉક્ટરે કહ્યું: "વળી અમુક જખમ એવા છે જાણે કોઈ જમણેરી વ્યક્તિએ પ્રહાર કર્યા હોય."

પોઈરો ધીમેથી બોલ્યા: "મને લાગે છે આમાં બે વ્યક્તિ સંડોવાયેલા છે. ફરીવાર આપણે એ જ મુદ્દા પર પહોંચ્યા." પછી અચાનક પોઈરોએ પૂછ્યું: "રાટચેટના કંપાર્ટમેન્ટમાં લાઇટ ચાલુ હતી?"

ડૉક્ટરે જણાવ્યું: "એ કહેવું મુશ્કેલ છે. કન્ડક્ટર રોજ સવારે દસ વાગે બધી લાઇટ બંધ કરી દે છે."

પોઈરોએ કહ્યું: "ફિકર નથી. આપણે સ્વીચ તપાસીએ તો ખબર પડી જશે." તેમણે ઉપરની લાઇટની તથા બર્થ પરની નાની લાઇટની સ્વીચો તપાસી. બને સ્વીચો બંધ હતી.

પોઈરોએ વિચાર કરતાં કહ્યું: "એવું બન્યું હશે કે પહેલાં હત્યારાએ આવીને છરીના ઘા કરી હત્યા કરી હશે. ત્યારબાદ એ લાઇટ બંધ કરીને બહાર નીકળી ગયો હશે. બીજા હત્યારાએ લાઇટ ચાલુ જ નહીં કરી હોય અને અંધારામાં જ બે વાર છરીના ઘા કર્યા હશે એટલે એને ખ્યાલ નહીં આવ્યો હોય કે રાટચેટની હત્યા થઈ ચૂકી છે. તમે શું માનો છો?"

ડૉક્ટરે ઉત્સાહપૂર્વક કહ્યું: "બરાબર વાત છે. તમારો તર્ક એકદમ સચોટ છે."

પોઈરોએ આછું હસીને કહ્યું: "તમને એમ લાગે છે? તો સારું. થોડો વખત તો મને મારો તર્ક વાહિયાત લાગતો હતો."

"બીજો શું ખુલાસો હોઈ શકે?" ડૉક્ટરે પૂછ્યું.

"હું પણ મારી જાતને એ જ સવાલ કરું છું. આ ફક્ત જોગાનુજોગ થયું હશે? બીજા કોઈ એવા મુદ્દા છે જેને કારણે એમ કહી શકાય કે આ હત્યા બે જણાએ કરી છે?" પોઈરોએ કહ્યું.

ડૉક્ટરે જણાવ્યું: "હા, એમ કહી શકાય. અમુક ઘાવ સાવ ઉપરછલ્લા છે. ઉઝરડા જેવા, પરંતુ આ બે ઘાવ જુઓ. બહુ તાકાતથી વાર કરવામાં આવ્યા છે એટલે મસલ્સ પણ કપાઈ ગયા છે."

"તમારા મત મુજબ આ ઊંડા ઘાવ કોઈ પુરુષે કર્યા હશે?" પોઈરોએ સવાલ કર્યો.

"ચોક્કસ."

"શું કોઈ સ્ત્રી આવા ઘાવ ન કરી શકે?"

"કોઈ યુવાન, તાકાતવર યુવતીએ ઝનૂનમાં આવીને આવા ઘાવ કર્યા હોય તે શક્ય છે પણ મારા મત પ્રમાણે એ શક્યતા બહુ ઓછી છે." ડૉક્ટરે જણાવ્યું.

પોઈરો થોડીવાર શાંત રહ્યા. ડૉક્ટરે પૂછ્યું: "તમને મારી વાત ગળે ઊતરી?"

પોઈરોએ મજાકના સ્વરમાં કહ્યું: "હા, મને તો આ કોયડાનો ઉકેલ આવતો હોય તેમ લાગે છે! હત્યારો બહુ તાકાતવર પુરુષ હતો, ના, ના એ સ્ત્રી હતી, એ જમણેરી હતો, ના એ ડાબેરી હતો." અચાનક પોઈરો ગુસ્સાભર્યા અવાજે બોલ્યાઃ "અને જેની હત્યા થઈ છે એણે આ સમયે શું કર્યું? એણે મદદ માટે બૂમ પાડેલી? એણે પોતાનો બચાવ કરેલો? આમાંથી કાંઈ ખબર છે આપણને?"

આટલું કહી પોઈરોએ ઓશીકા નીચેથી ઑટોમૅટિક પિસ્તોલ કાઢી જે આગલે દિવસે મિસ્ટર રાટચેટે પોઈરોને બતાવી હતી. ડૉક્ટરને પિસ્તોલ બતાવી પોઈરોએ કહ્યું: "પૂરી ભરેલી છે."

તેમણે આજુબાજુ જોયું. રાટચેટે દિવસ દરમ્યાન પહેરેલાં કપડાં દીવાલ પર હુકમાં ટીંગાતાં હતાં. વૉશબેસીન પર એક ગ્લાસમાં દાંતનું ચોકઠું, એક ખાલી ગ્લાસ, પાણીની બૉટલ અને થરમોસ હતાં. એશટ્રેમાં સિગારનું એક ઠૂંઠું અને બળી ગયેલા કાગળનો ટુકડો હતો. અને બળેલી બે દીવાસળી હતી.

ડૉક્ટરે ગ્લાસ સૂંઘીને કહ્યું: "હવે સમજાય છે કે મરનારે હુમલાખોરનો સામનો કેમ ન કર્યો."

પોઈરોએ પૂછ્યું: "તેમને ઘેનની દવા આપેલી?"

ડૉક્ટરે માથું હલાવી હા પાડી.

પોઈરોએ બંને દીવાસળી હાથમાં લઈને ઝીણવટથી તપાસી.

ડૉક્ટરે આતુરતાથી પૂછ્યું: "તમને કાંઈ નિશાની મળી કે કોણે હત્યા કરી છે?"

પોઈરોએ કહ્યું: "આ બંને દીવાસળી જુદી છે. તમે જુઓ છો કે એક જરા સપાટ છે અને બીજી ગોળાકાર છે."

"આવી દીવાસળી ટ્રેનમાં મળતી હોય છે, પેપર કવરમાં." ડૉક્ટરે જણાવ્યું.

પોઈરોએ રાટચેટના ખિસ્સામાંથી દીવાસળીનું બૉક્સ કાઢ્યું અને તેમાંથી એક દીવાસળી લઈને તેને મળેલી દીવાસળી સાથે સરખાવીને કહ્યું: "રાટચેટે ગોળાકાર દીવાસળી સળગાવેલી. જોઈએ એમની પાસે સપાટ ટાઇપની છે કે નહીં." તપાસ કરતા જણાયું કે રાટચેટ પાસે બીજું કોઈ દીવાસળીનું બૉક્સ નહોતું.

પોઈરોની તેજ નજર આખા કંપાર્ટમેન્ટમાં ફરતી હતી. એમ લાગતું હતું કે એમની તપાસમાંથી એકપણ વસ્તુ છટકે તેમ નહોતું. અચાનક એ `ઓહો!' કહીને નીચા વળ્યા અને ફ્લૉર પરથી કાંઈક હાથમાં લીધું.

એ એક સુંદર ઝીણું કપડું હતું જેને જોઈને પોઈરો બોલ્યાઃ "ટ્રેનના મૅનેજરની વાત બરાબર હતી. આમાં કોઈ સ્ત્રીએ ભાગ ભજવ્યો છે."

પોઈરોએ વાત ચાલુ રાખતા કહ્યું: "જોવાની વાત એ છે કે તે સ્ત્રી હાથરૂમાલ ભૂલી જાય છે. જેવું વાર્તામાં અને ફિલ્મોમાં બનતું હોય છે. વળી રૂમાલ પર નામનો પહેલો અક્ષર ગૂંથેલો છે."

"વાહ, આપણું સારું નસીબ કહેવાય!" ડૉક્ટરે કહ્યું.

"તમને એમ લાગે છે?" પોઈરોએ પૂછ્યું.

એમના અવાજમાં કાંઈક એવું હતું કે ડૉક્ટરને થોડી નવાઈ લાગી. જો કે એ કાંઈ પૂછે એ પહેલાં પોઈરોએ ફરીવાર ફર્શ પરથી એક વસ્તુ હાથમાં લીધી. એ પાઇપ(હોકલી)ને સાફ કરવા માટેનું ક્લીનર હતું.

"આ કદાચ મિસ્ટર રાટચેટનું હશે." ડૉક્ટરે સૂચવ્યું.

"તેમની પાસેથી કોઈ પાઇપ અથવા તમાકુ મળ્યાં નથી." પોઈરોએ જણાવ્યું.

"આ એક બીજી નિશાની મળી."

પોઈરોએ કહ્યું: "એ પણ શોધનારને આસાનીથી મળી જાય એ રીતે 'ભુલાઈ' ગઈ છે! વળી આ કોઈ પુરુષને લગતી નિશાની છે. હા, તમે જેના વડે હત્યા થઈ તે હથિયારનું શું કર્યું છે?"

ડૉક્ટરે જણાવ્યું: "અહીંથી કોઈ હથિયાર નહોતું મળ્યું. હત્યારો એની સાથે લઈ ગયો હશે."

"એણે એવું શું કામ કર્યું હશે?" પોઈરો ગણગણ્યા.

ડૉક્ટર રાટચેટના પાયજામાના ખિસ્સાં તપાસતા હતા તે અચાનક બોલ્યા: "ઓહ, આ મારા ધ્યાન બહાર ગયેલું. મેં ફક્ત બટન ખોલીને જૅકેટ હટાવેલું." તેમના હાથમાં રાટચેટની કાંડાઘડિયાળ હતી. સોનાની ઘડિયાળના કેસ પર ગોબા પડી ગયેલા અને બંધ પડી ગયેલી ઘડિયાળ એક વાગીને પંદર મિનિટનો સમય બતાવતી હતી.

ડૉક્ટર ઉત્સાહથી બોલી ઊઠ્યા, "જોયું? આ ઘડિયાળ હત્યા ક્યારે થઈ તે સમય બતાવે છે. મેં કહેલું કે હત્યા રાતના બારથી બે વાગ્યા વચ્ચે થયેલી છે. આ ઘડિયાળ મારી ધારણા સાચી હતી એમ દર્શાવે છે. રાતના એક વાગીને પંદર મિનિટે હત્યા થઈ છે."

"એ શક્ય છે. જરૂર શક્ય છે." પોઈરો બેધ્યાન હોય એ રીતે બોલ્યા.

ડૉક્ટરે આશ્ચર્યથી એમની સામે જોઈને કહ્યું: "માફ કરજો મિસ્ટર પોઈરો, પણ હું તમને સમજી શકતો નથી."

પોઈરોએ કહ્યું: "હું પોતે મારી જાતને સમજી શકતો નથી. મને કાંઈ સમજાતું નથી અને તમે જોઈ શકો છો કે એ વાતની મને ચિંતા છે."

પોઈરોએ આછો નિસાસો નાખીને બળેલા કાગળના કટકાનું નિરીક્ષણ કર્યું પછી ધીમે અવાજે ગણગણ્યા: "મારે અત્યારે કોઈ મહિલાના જૂની ફૅશનના હેટબૉક્સની જરૂર છે."

ડૉક્ટર કોન્સ્ટનટાઇનને સમજાયું નહીં કે પોઈરોને આવી જરૂરિયાત કેમ હતી. એ કાંઈ પૂછે એ પહેલાં જ પોઈરોએ કંપાર્ટમેન્ટનું બારણું ખોલી કન્ડક્ટરને બોલાવ્યો.

કન્ડક્ટર તરત આવ્યો એટલે પોઈરોએ તેને પૂછ્યું: "આપણા કોચમાં કેટલી મહિલાઓ છે?"

કન્ડક્ટરે આંગળીના વેઢા પર ગણતરી કરીને કહ્યું: "છ મહિલાઓ છે સર. અમેરિકન લેડી, સ્વીશ લેડી, ઇંગ્લિશ લેડી, કાઉન્ટેસ એન્ડ્રીનાયી, પ્રિન્સેસ ડ્રેગોમાઈરોફ અને તેમની નોકરાણી."

પોઈરોએ થોડીવાર વિચાર કરીને પૂછ્યું: "દરેક પાસે હેટબૉક્સ છે ને?"

"જી સર, દરેક પાસે હેટબૉક્સ છે."

"એક કામ કરો. તમે સ્વીડીશ મહિલા અને પેલી નોકરાણીના હેટબૉક્સ મને લાવી આપો. એમ કહેજો કે ચેકિંગ કરવાનું છે. અથવા બીજું કાંઈ પણ કારણ આપજો." પોઈરોએ કહ્યું.

કન્ડક્ટરે જણાવ્યું: "કાંઈ તકલીફ નહીં પડે સર, અત્યારે બંને મહિલા તેમના કંપાર્ટમેન્ટની બહાર છે."

"તો જલદીથી જાઓ અને લઈ આવો."

કન્ડક્ટર જઈને બંને બૉક્સ લઈ આવ્યો. પોઈરોએ નોકરાણીનું હેટબૉક્સ ખોલ્યું અને તરત એકબાજુ મૂકી દીધું. પછી તેમણે સ્વીડીશ લેડીનું હેટબૉક્સ ખોલ્યું અને તરત બોલ્યા: "હમમમ... આ જ જોઈતું હતું." હેટ હટાવીને તેમણે વાયરના ગોળ ગૂંચળા દેખાડ્યાં.

"પંદર વર્ષ પહેલાં આ પ્રકારના હેટબૉક્સ બનતા હતા જેમાં વાયર પર હેટ રાખી હોય અને તેને પીનથી ઊંચકીને બહાર કાઢવાની હોય." પોઈરોએ આ વાત કરતા હેટબૉક્સમાંથી બે ગૂંચળાં લીધાં અને બહાર કાઢેલી હેટ ફરી બૉક્સમાં ગોઠવીને કન્ડક્ટરને બૉક્સ પાછા મૂકી

આવવા કહ્યું.

કન્ડક્ટરે બારણું બંધ કર્યું એટલે પોઈરોએ ડૉક્ટરને કહ્યું: “સર, હું નિષ્ણાતોએ સ્થાપેલી ‘પ્રક્રિયા’ પર આધાર નથી રાખતો. માટે હું આંગળાની છાપ અથવા સિગરેટની રાખની તપાસ કરવાને બદલે માણસના મનની તપાસ કરું છું. પરંતુ આ કેસમાં મારે થોડી વૈજ્ઞાનિક મદદની જરૂર છે. આ કંપાર્ટમેન્ટમાં અનેક નિશાનીઓ છે, પરંતુ મને એ ખાતરી કઈ રીતે થાય કે એ નિશાનીઓ સાચી છે?

“તમે જે કહો છો એ મને બરાબર સમજાતું નથી, મિસ્ટર પોઈરો.” ડૉક્ટરે જણાવ્યું.

પોઈરોએ કહ્યું: “દાખલા તરીકે આપણને એક મહિલાનો રૂમાલ મળે છે. શું એ રૂમાલ તે મહિલાના હાથમાંથી પડી ગયો હશે? કે કોઈ પુરુષે એમ વિચાર્યું હશે કે ‘આ હત્યા કોઈ મહિલાએ કરી છે તેવો આભાસ હું ઊભો કરીશ. હું શત્રુ પર બિનજરૂરી, વધારે પડતા જખમ કરીશ. એમાં થોડા જખમ હળવેથી, અછડતા વાગે એવી રીતે કરીશ. પછી મહિલાનો હાથરૂમાલ હું ફર્શ પર એવી રીતે મૂકીશ જ્યાંથી દેખાયા વિના રહે નહીં.’

“બીજી શક્યતા એ છે કે કોઈ મહિલાએ પણ આ હત્યા કરી હોય અને પછી જાણી જોઈને પાઇપ ક્લીનર અહીંયા મૂક્યું હોય જેથી એવું લાગે કે આ હત્યા કોઈ પુરુષે કરી છે! વળી ત્રીજી શક્યતા એ પણ છે કે એક મહિલા અને એક પુરુષે, વ્યક્તિગત રીતે, એકમેકથી અજાણ રીતે, આ હત્યા કરી છે અને બંને જણા ગફલતથી પોતાની નિશાનીઓ ઘટનાસ્થળ પર ભૂલી ગયા છે. આ બધો વધારે પડતો જોગાનુજોગ નથી લાગતો?” પોઈરોએ વિગતવાર ચોખવટ કરતા કહ્યું.

“પણ આમાં હેટબૉક્સની વાત ક્યાં આવી?” ડૉક્ટરે પૂછ્યું.

“હું એ વાત પછી જણાવું છું. પરંતુ આ બધી નિશાનીઓ, ઘડિયાળનું સવા વાગે બંધ પડવું, લેડીઝ રૂમાલ, પાઇપ ક્લીનર, આ બધી સાચી હોઈ શકે અથવા ખોટી. પરંતુ એક નિશાની એવી છે જે મારા મતે સાચી છે. જો કે હું ખોટો હોઈ શકું. ડૉક્ટર સાહેબ, જે સપાટ દીવાસળી હતીને, હું માનું છું કે એ દીવાસળીનો ઉપયોગ હત્યારાએ કરેલો, મિસ્ટર રાટચેટે નહીં. એ દીવાસળી કોઈ કાગળ સળગાવવા માટે વપરાઈ હતી. શક્ય છે કે એ કાગળમાં કાંઈક એવું હતું જેને કારણે હત્યારાની નિશાની મળી જાય. એ કાગળમાં શું હતું તે જાણવા માટે હું પ્રયત્ન કરવાનો છું.” પોઈરોએ કહ્યું. આટલું કહી પોઈરો કંપાર્ટમેન્ટની બહાર ગયા અને થોડીવારે એક નાનો સ્પીરીટનો સ્ટવ અને ચીપિયો લઈને આવ્યા. સ્ટવ સળગાવીને તેમણે હેટબૉક્સમાંથી લીધેલા વાયરને સીધા કરીને એક વાયર પર એશટ્રેમાંથી મળેલો બળેલા કાગળનો કટકો જાળવીને મૂક્યો. એની ઉપર બીજો વાયર મૂકીને બંને વાયરને ચીપિયાથી પકડ્યા અને કાગળને સ્ટવની જ્યોત પર પકડી રાખ્યો.

“આ બધું કામચલાઉ રીતે કરેલું છે. જોઈએ સફળતા મળે છે કે નહીં.” પોઈરોએ જણાવ્યું.

ડૉક્ટર રસપૂર્વક આ આખી પ્રક્રિયા જોતાં હતા. થોડી વારે બંને વાયર લાલ થયા. એના થોડા વખત બાદ કાગળ પર અક્ષરો ઊપસ્યા. કાગળનો ટુકડો નાનો હતો એટલે ત્રણ શબ્દો સ્પષ્ટ દેખાયા અને ચોથા શબ્દનો થોડો ભાગ દેખાયો.

“નાની ડેઈસી આર્મસ્ટ્રોંગ યા...”

“ઓહો!” પોઈરો બોલી ઊઠ્યા.

‘આનાથી કાંઈ ખ્યાલ આવે છે?” ડૉક્ટરે પૂછ્યું.

પોઈરોની આંખમાં ચમક હતી. તેમણે ચીપિયો જાળવીને નીચે મૂક્યો અને કહ્યું, “હા, ખ્યાલ આવે છે. જેની હત્યા થઈ છે તેનું સાચું નામ હું જાણું છું. મને ખબર છે કે એણે અમેરિકા છોડીને કેમ ભાગી જવું પડેલું.”

"તેનું સાચું નામ શું હતું?"

"કાસેટી."

"કાસેટી?" ડૉક્ટરે ભવાં ખેંચીને કહ્યું: "કાંઈક યાદ આવે છે. થોડાં વર્ષ પહેલાં... જો કે બરાબર યાદ નથી. અમેરિકામાં કોઈ કેસ બનેલો ને?"

"હા, અમેરિકામાં કેસ બનેલો." પોઈરોએ આ વિષે વધારે વાત ન કરી. એમણે બધે જોઈને કહ્યું: "એ બધી વાત પછી કરીશું. અત્યારે ખાતરી કરી લઈએ કે આપણે બધું બરાબર જોઈ લીધું છે."

તેમણે ફરી એકવાર ઝડપથી રાટચેટના ખિસ્સાની તપાસ કરી પણ તેમાંથી કાંઈ અગત્યનું મળ્યું નહીં. એમણે બાજુના કંપાર્ટમેન્ટમાં ખૂલતું બારણું તપાસ્યું પણ તે બીજી બાજુથી બંધ હતું.

ડૉક્ટર બોલ્યા: "મને એક વાત નથી સમજાતી. જો હત્યારો બારીમાંથી બહાર નથી ગયો, જો બે કંપાર્ટમેન્ટ વચ્ચેનું બારણું બીજી તરફથી બંધ હતું અને કંપાર્ટમેન્ટનું બારણું અંદરથી બંધ હતું અને તેને ચેઇન લગાડેલી હતી. તો હત્યારો કંપાર્ટમેન્ટમાંથી બહાર ગયો કઈ રીતે?"

પોઈરોએ કહ્યું: "આવું જ જાદુના ખેલ જોતા પ્રેક્ષકો કહે છે જ્યારે કોઈ માણસને હાથે પગે સાંકળ બાંધીને એક કૅબિનમાં પૂરી દેવામાં આવે છે અને તે ત્યાંથી છટકી જાય છે."

"તમારો મતલબ..."

પોઈરોએ એમની વાત કાપતા કહ્યું: "મારો મતલબ એ છે કે જો હત્યારો આપણા મનમાં એ વાત બેસાડવા માગતો હોય કે તે બારીમાંથી ભાગી ગયો છે તો એ સ્વાભાવિક રીતે છટકવાના બીજા બંને રસ્તા એવા કરી દે કે ત્યાંથી નીકળવું શક્ય જ નથી એમ જોનારને લાગે. આ એની એક ટ્રીક છે. આપણે એ શોધી કાઢવાનું છે કે એ કઈ રીતે અહીંથી બહાર નીકળી શક્યો."

પોઈરોએ બાજુના કંપાર્ટમેન્ટને જોડતું બારણું પોતાની તરફથી બંધ કર્યું.

"આ એટલા માટે બંધ કરું છું કે મિસિસ હબ્બાર્ડને મન થઈ આવે કે આ હત્યાનો વિગતવાર અહેવાલ એની દીકરીને લખે તો એ એવું ન કરી શકે." પોઈરોએ ચોખવટ કરતાં જણાવ્યું.

છેલ્લીવાર તેમણે કંપાર્ટમેન્ટમાં બધે નજર નાખી અને કહ્યું: "ચાલો, અહીં હવે વધુ કાંઈ કરવાનું રહેતું નથી. આપણે મિસ્ટર બુક પાસે જઈએ."

પ્રકરણ–૮
આર્મસ્ટ્રોંગ અપહરણ કેસ

તેઓ પાછા આવ્યા ત્યારે મિસ્ટર બુક આમ્લેટનો નાસ્તો પૂરો કરતા હતા. પોઈરોને જોઈને એમણે વાત કરી.

"મેં વિચાર્યું કે ડાઇનિંગ કારમાં લંચ વહેલો શરૂ કરાવી દઉં અને મેં સૂચના આપી છે કે લંચ પછી ડાઇનિંગ કાર ખાલી કરવામાં આવશે, જેથી મિસ્ટર પોઈરો કોઈ જાતની ખલેલ વિના ત્યાં પેસેન્જરોની પૂછપરછ કરી શકે. ત્યાં સુધીમાં આપણા ત્રણ માટે મેં અહીં લંચ મગાવ્યું છે."

"ઉમદા વિચાર છે." પોઈરોએ કહ્યું.

પોઈરો અને ડૉક્ટરને બહુ ભૂખ નહોતી એટલે જમવાનું જલદી પૂરું થયું. બધા જ્યારે કૉફી પીતા હતા ત્યારે મિસ્ટર બુકે બધાના મનમાં હતી તે વાત કરી.

"કાંઈ નવું જાણવા મળ્યું?"

પોઈરોએ કહ્યું: "હા, રાટચેટ વિષે સાચી માહિતી હવે મળી. એ પણ ખબર પડી કે એણે અમેરિકાથી શા માટે ભાગી જવું પડ્યું."

"એ કોણ હતો?" મિસ્ટર બુકે પૂછ્યું.

"તમને આર્મસ્ટ્રોંગ કેસ વિષે માહિતી છે? આ રાટચેટે નાની બાલિકા ડેઇસી આર્મસ્ટ્રોંગની હત્યા કરેલી. રાટચેટનું સાચું નામ છે કાસેટી." પોઈરોએ જણાવ્યું.

"હા, હવે યાદ આવ્યું. એ બહુ આઘાતજનક ઘટના હતી. જો કે મને પૂરી માહિતી નથી."

પોઈરોએ કહ્યું: "કર્નલ આર્મસ્ટ્રોંગ ઇંગ્લિશ હતા અને બહાદુરી માટે તેમને વિક્ટોરિયા ક્રૉસ એનાયત થયેલો. તેમનાં મા અમેરિકન હતાં. કર્નલ આર્મસ્ટ્રોંગના લગ્ન જાણીતી અમેરિકન એક્ટ્રેસ લીન્ડા આર્ડનની દીકરી સાથે થયેલા. તેમને સંતાનમાં એક પુત્રી હતી. એ ત્રણ વર્ષની હતી ત્યારે એનું અપહરણ થયેલું અને તેની મુક્તિ માટે બહુ મોટી રકમ માગવામાં આવેલી. પછીની વાત ટૂંકમાં કહું તો અપહરણકારોને બે લાખ ડૉલર ચૂકવ્યા બાદ ડેઇસીનો મૃતદેહ મળેલો અને એ જાણવા મળેલું કે એનું મૃત્યુ તો પંદર દિવસ પહેલા થઈ ચૂકેલું. લોકોમાં ગુસ્સાનો જુવાળ ફરી વળેલો. આર્મસ્ટ્રોંગ કુટુંબ પર વધુ આફત આવવાની હતી. મિસિસ આર્મસ્ટ્રોંગને બીજું બાળક આવવાનું હતું. ડેઇસીના અપમૃત્યુના સમાચાર મળ્યા બાદ એમણે અધૂરે સમયે મૃત બાળકને જન્મ દીધો અને પોતે પણ મૃત્યુ પામ્યા. આ બધા આઘાતથી કર્નલ આર્મસ્ટ્રોંગનું દિલ તૂટી ગયું અને એમણે આત્મહત્યા કરી લીધી.

મિસ્ટર બુક બોલ્યા: "કેવી કરુણ ઘટના! હવે મને યાદ આવ્યું. આના પછી પણ કોઈનું મૃત્યુ થયેલું ને?"

પોઈરોએ જણાવ્યું: "હા, આર્મસ્ટ્રોંગ કુટુંબમાં ફ્રેંચ અથવા સ્વીડીશ આયા કામ કરતી હતી. પોલીસને તેની ઉપર શક હતો. તેની સઘન પૂછપરછ વખતે તે રડી-કકળીને પોતે નિર્દોષ છે એમ કહેતી રહી પણ પોલીસે એની વાત ન માની. અંતે ઘોર નિરાશાના આવેશમાં એણે બારીમાંથી કૂદીને આત્મહત્યા કરી લીધી. થોડા વખત બાદ એ સાબિત થયેલું કે તે સાવ નિર્દોષ હતી."

"આ તો વિચાર કરતા પણ કંપી જવાય એવી દુર્ઘટના છે." મિસ્ટર બુકે કહ્યું.

"છ મહિના પછી આ અપહરણ કરનાર ગેંગના વડા તરીકે કેસેટીની ધરપકડ કરવામાં આવેલી. આ ગેંગે પહેલાં પણ આવું કરેલું. કોઈનું અપહરણ કર્યા બાદ જો એમને ખ્યાલ આવતો કે પોલીસ તેમની તપાસ કરી રહી છે તો તે લોકો અપહરણ કરેલ વ્યક્તિને મારી

નાખતા અને મૃતદેહને સંતાડી દઈ, ખંડણી માંગવાનું ચાલુ રાખતા.” પોઈરોએ કહ્યું.

“હું એ પણ જણાવી દઉં કે કેસેટી ગુનેગાર હતો, પરંતુ એના મબલખ પૈસા અને અમુક લોકોની સાથેની તેની ‘મૈત્રી’ને કારણે તે કોઈ ટૅક્નિકલ મુદ્દા પર નિર્દોષ જાહેર થયેલો. એ ચાલાક હતો એટલે અમેરિકાથી દૂર ભાગી ગયો નહીં તો લોકો તેની હત્યા કરી નાખત. તેણે તેનું નામ બદલી નાખ્યું અને હવે ‘સજ્જન’ વ્યક્તિ તરીકે બધે ફરે છે.”

“કેવો હિંસક પશુ જેવો નરાધમ! ભલે મરી ગયો! મને ટકાભાર ખેદ નથી. એક શેતાન ઓછો.” મિસ્ટર બુકના અવાજમાં ભારોભાર ઘૃણા હતી.

“હું તમારી સાથે સંપૂર્ણ સહમત છું.” પોઈરોએ કહ્યું.

“પણ મારી ટ્રેનમાં જ એની હત્યા થાય એ જરૂરી હતું? એના જેવાને મરવા માટે બીજી હજાર જગ્યા છે.” મિસ્ટર બુકે ચીડ સાથે કહ્યું.

પોઈરોએ કહ્યું: “આપણે હવે એ તપાસ કરવાની છે કે આ હત્યા કેસેટીના દુશ્મનોએ કરી છે જેમને કેસેટીએ દગો દીધો હોય કે પછી કોઈએ અંગત વેર લીધું છે.” ત્યારબાદ એમણે બળી ગયેલા કાગળ પર જે શબ્દો લખેલા તેને વિષે વાત કરી.

પોઈરોએ જણાવ્યું: “હું માનું છું કે હત્યારાએ એ કાગળ એટલા માટે સળગાવી દીધો કે એમાં ‘આર્મસ્ટ્રોંગ’ શબ્દનો ઉલ્લેખ હતો. હત્યાનો ભેદ ઉકેલવા માટે આ અગત્યની નિશાની બની શકે.”

મિસ્ટર બુકે પૂછ્યું: “અત્યારે આર્મસ્ટ્રોંગ કુટુંબના કોઈ સભ્ય હયાત છે?”

“કમભાગ્યે મને ખબર નથી. મેં ક્યાંક વાંચેલું કે મિસિસ આર્મસ્ટ્રોંગની બહેન હયાત છે.” પોઈરોએ કહ્યું અને પછી રાટચેટના કંપાર્ટમેન્ટમાં જે વસ્તુઓ મળેલી એના વિષે અને પોતે તથા ડૉક્ટરે શું તારણ કાઢેલા એના વિષે મિસ્ટર બુકને વાત કરી.

મિસ્ટર બુક ઘડિયાળની વાત જાણીને ઉત્તેજિત થઈને બોલ્યા: “ઓહો! એનો અર્થ એમ કે હત્યા કેટલા વાગે થઈ હતી તે આપણે હવે જાણીએ છીએ.”

“હા.” પોઈરોએ કહ્યું, “એ બહુ અનુકૂળ કહેવાય ને?”

એમના અવાજમાં કાંઈક એવો ભાવ હતો કે મિસ્ટર બુક અને ડૉક્ટર એમને જરા કુતૂહલથી જોઈ રહ્યા. પછી બુક બોલ્યા: “તમે કહો છો કે તમે પોતે રાટચેટને રાતે એક વાગવામાં વીસ મિનિટ બાકી હતી ત્યારે કન્ડક્ટર સાથે વાત કરતા જોયા હતા.”

પોઈરોએ જે થયું હતું તેનું વર્ણન કર્યું અને જણાવ્યું: “ચોક્કસ સમય ગણવો હોય તો એક વાગવામાં ત્રેવીસ મિનિટ બાકી હતી ત્યારે મેં રાટચેટને કન્ડક્ટર સાથે વાત કરતા જોયા હતા.”

મિસ્ટર બુકે કહ્યું: “આના ઉપરથી એટલું તો સાબિત થાય છે કેસેટી, અથવા રાટચેટ, એક વાગવામાં ત્રેવીસ મિનિટ બાકી હતી ત્યારે જીવિત હતા.”

પોઈરો કાંઈ બોલ્યા નહીં. એ વિચારમાં મગ્ન થઈ સામે જોતા હતા.

કંપાર્ટમેન્ટના દરવાજા પર ટકોરા પડ્યા અને વેઇટરે આવીને કહ્યું: “સર, ડાઇનિંગ કાર હવે ખાલી છે.”

મિસ્ટર બુક ઊભા થતાં બોલ્યા: “ચાલો, આપણે બધા ત્યાં જઈએ.”

ડૉક્ટર કોન્સ્ટનટાઇને પૂછ્યું: “હું પણ સાથે આવું?”

મિસ્ટર બુકે કહ્યું: “જરૂર, જો મિસ્ટર પોઈરોને વાંધો ન હોય તો.”

પોઈરોએ કહ્યું: “જરૂર આવો!”

ત્રણેય જણા કંપાર્ટમેન્ટમાંથી બહાર નીકળી ડાઇનિંગ કાર તરફ ગયા.

ભાગ–૨: પુરાવો

પ્રકરણ–૧
કન્ડક્ટરનું બયાન

ડાઇનિંગ કારમાં કોઈ નહોતું. પોઈરો અને મિસ્ટર બુક ટેબલની એક તરફ બેઠા. ડૉક્ટરે બીજી તરફ જગ્યા લીધી.

પોઈરોની સામે ટેબલ ઉપર કાલાઈસ–ઈસ્તંબુલ કોચનો નકશો હતો જેમાં દરેક મુસાફરના નામ લાલ શાહીમાં લખેલાં હતાં. દરેકના પાસપોર્ટ અને ટિકિટ બાજુમાં હતાં. આ સાથે જ કાગળ, પેન, પેન્સિલ અને શાહીનો ખડિયો મૂકેલાં હતાં.

"બહુ સરસ!" પોઈરોએ સંતોષ દેખાડતાં કહ્યું. "હવે જલદીથી આપણે બધાની પૂછપરછ કરવાનું શરૂ કરી દઈએ. હું માનું છું કે સૌથી પહેલા આપણે કન્ડક્ટરનું બયાન લેવું જોઈએ." પછી તેમણે મિસ્ટર બુકને પૂછ્યું: "તમને કદાચ તેની વિષે વધુ માહિતી હશે. એ સ્વભાવનો કેવો છે? તે વિશ્વાસપાત્ર ખરો?"

'જરૂર એ વિશ્વાસપાત્ર છે." મિસ્ટર બુકે જણાવ્યું: "એ અમારી કંપનીમાં છેલ્લાં પંદર વર્ષથી કામ કરે છે. એ ફ્રેંચ છે, કાલાઈસ પાસે રહે છે. બહુ પ્રમાણિક છે. હા, એટલો તેજ નથી."

"સારું. એની સાથે વાત કરીએ." પોઈરોએ કહ્યું.


પેરે મિશેલ હજુ ઘણો ગભરાયેલો હતો અને આવીને તરત બોલ્યો: "સર, તમે એવું નથી માનતા ને કે મારી ગફલતને કારણે આ થયું?" એણે પોઈરો અને બુક તરફ નજર ફેરવીને કહ્યું: "બહુ ખરાબ ઘટના બની ગઈ. તમને મારી પર તો શંકા નથી ને?"

પોઈરોએ મિશેલને ધીરજ આપી અને ધીમે અવાજે પ્રશ્નો પૂછીને તેની પાસેથી તેનું નામ, સરનામું, કેટલાં વરસની નોકરી થઈ છે તે અને આ રૂટ પર કેટલા વખતથી કામ કરે છે તે વિષે માહિતી પ્રાપ્ત કરી. પોઈરો આ બધું જાણતા હતા છતાં એમણે આ પ્રશ્ન પૂછ્યા જેને કારણે માઇકલે વાતચીત કરીને થોડો સ્વસ્થ થયો.

"હવે ગઈકાલે શું થયું તેની વાત કરીએ." પોઈરોએ કહ્યું: "મિસ્ટર રાટચેટ કેટલા વાગે સૂવા માટે ગયા?"

મિશેલે કહ્યું: "ડીનર પછી તરત. ટ્રેન બેલગ્રેડથી નીકળી તે પહેલા જ. એમણે મને કહેલું કે એ ડીનર લેતા હોય ત્યારે જ મારે તેમની પથારી તૈયાર કરી દેવી. મેં એ પ્રમાણે કરેલું."

"ત્યારબાદ કોઈ એમના કંપાર્ટમેન્ટમાં ગયેલું?"



Plan of the Calais Coach

"હા, તેમનો નોકર અને તેમના પેલા અમેરિકન સેક્રેટરી છે તે ગયેલા." મિશેલે જણાવ્યું.

પોઈરોએ પૂછ્યું: "બીજું કોઈ?"

મિશેલે કહ્યું: "ના સર, બીજું કોઈ નહીં"

"સારું. આ એ સમય હતો જ્યારે તમે રાટચેટને છેલ્લીવાર જીવિત જોયા?"

"ના, સર. તમને યાદ હોય તો તેમણે લગભગ એક વાગવામાં વીસ મિનિટ બાકી હતી ત્યારે બેલ વગાડેલો. ટ્રેન રોકાણી ત્યારબાદ તરત." મિશેલે યાદ કરાવ્યું.

"ત્યાર પછી શું થયું?" પોઈરોએ પૂછ્યું.

"મેં તેમને પૂછ્યું કે શું કામ છે પણ એમણે જવાબ દીધો કે એમણે ભૂલથી બેલ મારેલો."

"આ એમણે ઇંગ્લિશમાં કહેલું કે ફ્રેંચમાં?"

"ફ્રેંચમાં."

"એ શું બોલેલા?" પોઈરોએ પૂછ્યું.

"કાંઈ કામ નથી. મારી ભૂલ થઈ ગઈ." મિશેલે જણાવ્યું.

પોઈરોએ કહ્યું: "બરાબર, મેં પણ એ જ સાંભળેલું. પછી તમે તમારી સીટ પર ગયા?"

"ના સર, બીજા કંપાર્ટમેન્ટમાંથી બેલ વાગેલો એટલે હું ત્યાં ગયેલો."

પોઈરોએ કહ્યું: "મિશેલ, હવે અગત્યનો સવાલ. તમે એક વાગીને પંદર મિનિટે ક્યાં હતા?"

મિશેલે જવાબ આપ્યો: "હું? હું તો મારી સીટ પર હતો. કૉરિડૉરના છેડે."

"બધો વખત તમે ત્યાં જ હતા?"

"હા, પણ હું બાજુના, એથેન્સથી આવેલા કોચમાં ગયેલો. મેં અને મારા સાથીદારે બરફના તોફાન વિષે વાતો કરી. આ વખતે રાતના એક પછી થોડો સમય થયેલો. ચોક્કસ યાદ નથી.

પોઈરોએ પૂછ્યું: "તમે આ કોચમાં પાછા ક્યારે આવ્યા?"

"કોઈએ બેલ વગાડેલો. મેં તમને વાત કરેલી. પેલા અમેરિકન લેડીએ વારંવાર બેલ વગાડીને મને બોલાવેલો." મિશેલે જણાવ્યું.

"મને યાદ છે." પોઈરોએ કહ્યું: "પછી શું થયું?"

"ત્યાર પછી હું તમારા કંપાર્ટમેન્ટમાં આવેલો અને તમને પાણી લાવી આપેલું. ત્યારબાદ અડધા કલાક પછી મિસ્ટર રાટચેટના સેક્રેટરીની પથારી તૈયાર કરી આપેલી." મિશેલે કહ્યું.

"જ્યારે તમે પથારી તૈયાર કરી ત્યારે મિસ્ટર મેકક્વીન તેમના કંપાર્ટમેન્ટમાં એકલા હતા?"

"પેલા ઇંગ્લિશ કર્નલ તેમની સાથે હતા. બંને જણા બેસીને વાતો કરતા હતા."

"જ્યારે કર્નલ મેકક્વીન પાસેથી ગયા ત્યારે તેમણે શું કર્યું?" પોઈરોએ પૂછ્યું.

મિશેલે કહ્યું: "એ પોતાના કંપાર્ટમેન્ટમાં ગયા."

"એટલે નંબર ૧૫માં. બરાબર? એ તમારી સીટની પાસે છે ને?"

"હા સર. એ કૉરિડૉરના છેડાથી બીજો કંપાર્ટમેન્ટ છે." મિશેલે જણાવ્યું.

"એમની પથારી તૈયાર હતી?"

"હા સર, તેઓ ડીનર લેતા હતા ત્યારે જ મેં તેમની પથારી તૈયાર કરી દીધેલી."

"આ બધું કેટલા વાગે થયું?" પોઈરોએ પૂછ્યું.

મિશેલે કહ્યું: "રાતના બે વાગ્યાની આસપાસ."

"પછી શું થયું?"

"પછી હું મારી સીટમાં જ બેઠો હતો. સવાર સુધી." મિશેલે જણાવ્યું.

"તમે એથેન્સથી આવેલા કોચમાં નહોતા ગયા?" પોઈરોએ પૂછ્યું.

"ના સર."

"તો કદાચ સૂઈ ગયા હશો?"

"ના સર. ટ્રેન ઊભી રહી ગયેલી એટલે હું સૂઈ નહોતો શક્યો." મિશેલે જણાવ્યું.

"તમે કોઈ મુસાફરોને કૉરિડૉરમાં આવતા-જતા જોયેલા?" પોઈરોએ કહ્યું.

મિશેલે થોડું વિચારીને કહ્યું: "હું માનું છું કે એક લેડી સામે છેડે આવેલા બાથરૂમમાં ગયેલાં."

"કયાં લેડી?"

મિશેલે કહ્યું: "એ ખ્યાલ નથી સર. તે સામેના બાથરૂમમાં ગયાં હતાં અને તેમની પીઠ મારી તરફ હતી. તેમણે ઘેરા લાલ રંગનો કીમોનો જેમાં ડ્રેગન છાપેલા હોય એ પહેરેલો."

પોઈરોએ સંમતિ આપતા હોય તેમ માથું હલાવ્યું અને પૂછ્યું: "પછી શું થયું?"

"કાંઈ નહીં સર. સવાર સુધી કાંઈ નહોતું થયું."

"સાવ પાકું?"

"અરે સર, હું તો ભૂલી જ ગયો. તમે પોતે તો બારણું ખોલીને બહાર જોયેલું!" મિશેલે કહ્યું.

"હમમમ." પોઈરોએ કહ્યું: "હું વિચારતો હતો કે તમને આ યાદ છે કે નહીં. હું એટલે જાગી ગયેલો કે મને કોઈ મોટી વસ્તુ પડીને મારા બારણા સાથે અથડાઈ હોય તેવો અવાજ આવેલો. તમને કાંઈ ખ્યાલ છે કે એ શું હશે?"

મિશેલ પોઈરોની સામે જોઈ રહ્યા અને થોડીવારે બોલ્યા: "સર, ત્યાં કાંઈ નહોતું. સાચે જ

ત્યાં કાંઈ નહોતું. મને ખાતરી છે.”
“ઓહ, તો મને ખરાબ સપનું આવ્યું હશે.” પોઈરોએ કહ્યું.
મિસ્ટર બુકે કહ્યું: “કદાચ તમારી બાજુના કંપાર્ટમેન્ટમાંથી આ અવાજ આવ્યો હોય.”
પોઈરોએ આ વાતનો કાંઈ જવાબ ન આપ્યો. કદાચ તે કન્ડક્ટરની હાજરીમાં આ બાબતે વધુ વાત કરવા નહોતા માંગતા. એમણે કહ્યું: “આપણે જરા જુદી રીતે વિચારીએ. એમ ધારીએ કે હત્યારો ગઈકાલે ટ્રેનમાં આવ્યો હોય તો હત્યા કરીને તે બહાર નહીં જઈ શક્યો હોય તે વાત ચોક્કસ?”
મિશેલે માથું હલાવીને આ શક્યતાની ના પાડી.
“અને આ ટ્રેનમાં પણ એ કોઈ જગ્યાએ છુપાઈ ન શકે, બરાબર?” પોઈરોએ પૂછ્યું.
મિસ્ટર બુકે કહ્યું: “મિત્ર, ડબાની સઘન તપાસ કરી લીધી છે. કોઈ ક્યાંય છુપાયું નથી.”
‘બીજું એ કે આ સ્લીપિંગ કારમાં મને ન દેખાય તે રીતે કોઈ આવી શકે નહીં.” મિશેલે કહ્યું.
“આપણું છેલ્લું સ્ટોપ કયું હતું?”
“વિન્કોવસી”
આપણે ત્યાંથી કેટલા વાગે નીકળ્યા.?” પોઈરોએ પૂછ્યું.
“નીકળવાનો સમય અગિયાર વાગીને અઠ્ઠાવન મિનિટનો હતો. આવા હવામાનને કારણે ટ્રેનને ઊપડવામાં વીસ મિનિટનું મોડું થયેલું.”
પોઈરોએ પૂછ્યું: “કોઈ ટ્રેનના સેકન્ડ ક્લાસમાંથી આવી ગયું હોય તેમ બને?”
મિશેલે કહ્યું: “ના સર, ડીનર પૂરું થાય એટલે સેકન્ડ ક્લાસ અને આ કોચ વચ્ચેનું બારણું બંધ કરી દેવામાં આવે છે.”
“તમે વિન્કોવીસી સ્ટેશન પર ટ્રેનમાંથી નીકળી પ્લૅટફૉર્મ પર ઊતરેલા?”
“હા, હું ટ્રેનમાંથી નીકળી પ્લૅટફૉર્મ પર ઊભો રહેલો. બીજો કન્ડક્ટર પણ ઊતરેલો.”
“કોચની આગળ, ડાઇનિંગ કાર પાસે જે દરવાજો છે તેનું શું?” પોઈરોએ સવાલ કર્યો.
“સર, તે દરવાજો હંમેશાં અંદરથી બંધ હોય છે.” મિશેલે જણાવ્યું.
“પણ અત્યારે તો એ દરવાજો ખુલ્લો છે!” પોઈરોએ જણાવ્યું.
કન્ડક્ટરના ચહેરા પર આશ્ચર્ય દેખાયું પછી તેણે ખુલાસો કરતા કહ્યું: “સર, ચોક્કસ એ બારણું કોચના કોઈ મુસાફરે ખોલ્યું હશે, બહાર પડેલો બરફ જોવા માટે.”
“હા, એ શક્ય છે.” પોઈરોએ કહ્યું અને થોડો વખત ટેબલ પર આંગળીઓથી ટકોરા માર્યા.
“સર, તમને મારો વાંક નથી લાગતો ને?” મિશેલે ભયભીત અવાજમાં પૂછ્યું.
પોઈરોએ સ્મિત સાથે કહ્યું: “હું સમજુ છું કે કમનસીબે તમારી સાથે આવું બન્યું. અરે હા! હું પૂછવાનું ભૂલી ગયો. તમે કહ્યું કે તમે રાટચેટના દરવાજે ટકોરા મારતા હતા ત્યારે એક બીજો બેલ સંભળાયેલો. મેં પણ એ સાંભળેલો. એ બેલ કોણે મારેલો?”
મિશેલે જણાવ્યું: “પ્રિન્સેસ ડ્રેગોમીરોફે બેલ વગાડેલો. એમણે મને એમની નોકરાણીને બોલાવી લાવવા કહેલું.”
“અને તમે તેને બોલાવી લાવ્યા?”
“હા સર.”
પોઈરો થોડીવાર ટેબલ પર પડેલા કોચના નકશાને વિચારપૂર્વક જોઈ રહ્યા. પછી તેમણે મિશેલને કહ્યું: “ઠીક છે. અત્યારે આટલું પૂરતું છે.”
મિશેલ “થૅન્ક્યુ સર” કહીને ઊભા થયા અને મિસ્ટર બુક સામે જોયું.
મિસ્ટર બુકે સરળતાથી કહ્યું: “ફિકર ન કરો. તમે બેદરકાર નથી રહ્યા.”
મિશેલ નિરાંતનો શ્વાસ લઈને કંપાર્ટમેન્ટમાંથી બહાર નીકળ્યા.

પ્રકરણ–૨
સેક્રેટરીનું બયાન

પોઈરો એક-બે મિનિટ માટે વિચારોમાં ખોવાયેલા રહ્યા. પછી તેમણે કહ્યું: "હું માનું છું કે આપણે જે જાણીએ છીએ એના સંદર્ભમાં ફરી એકવાર મિસ્ટર મેકક્વીનની સાથે વાત કરીએ."

મિસ્ટર મેકક્વીને આવીને પૂછ્યું: "શું ખબર? તપાસ કેવીક ચાલે છે?"

પોઈરોએ જવાબ આપતા કહ્યું: "ઠીકઠાક ચાલે છે. આપણે છેલ્લીવાર મળ્યા પછી મને મિસ્ટર રાટચેટ અસલમાં કોણ હતા તે માહિતી મળી છે."

મેકક્વીને ઉત્સુકતાથી સહેજ આગળ ઝૂકીને કહ્યું: "એમ?"

"તમારી શંકા સાચી હતી. રાટચેટ અસલ નામ નહોતું. તેનું નામ હતું કાસેટી. એ જ કાસેટી જે અનેક અપહરણના કેસમાં સંડોવાયેલો હતો. તેમાં સૌથી જાણીતો કેસ ડેઈસી આર્મસ્ટ્રોંગનો હતો."

મેકક્વીનની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. બીજી જ પળે તે ક્રોધથી લાલ થયેલા ચહેરે બોલી ઊઠ્યાઃ "હલકટ, હરામી નરાધમ!"

"તમને આ વિષે ખબર નહોતી ને, મિસ્ટર મેકક્વીન?" પોઈરોએ પૂછ્યું.

મેકક્વીને આક્રોશ સાથે જણાવ્યું: "જરાપણ નહીં સર! મને આવી ખબર હોત તો હું મરી જવાનો હોત તો પણ આવા હરામી માણસના સેક્રેટરી તરીકે ક્યારેય કામ ન કરત."

પોઈરોએ કહ્યું: "મિસ્ટર મેકક્વીન, કે આ બાબતમાં તમે બહુ કડક વલણ ધરાવો છો?"

"એનું કારણ છે." મિસ્ટર મેકક્વીન બોલી ઊઠ્યાઃ "આ કેસમાં મારા પિતા સરકારી વકીલ હતા."

મેં મિસિસ આર્મસ્ટ્રોંગને એકબે વખત જોયેલાં. કેટલાં માયાળુ અને સ્નેહાળ દેખાતાં હતાં. ઓહ, તેમના ચહેરા પર કેટલી વેદના હતી!" ફરીવાર મેકક્વીનનો ચહેરો ક્રોધથી રાતો થયો અને એમણે કહ્યું: "એ હરામી કૂતરાને મોતે મરવાને જ લાયક હતો. હું બહુ રાજી છું કે તેની હત્યા થઈ ગઈ."

પોઈરોએ કહ્યું: "એવું લાગે છે કે તક મળત તો તમે જ કેસેટીને પતાવી દેત. ખરું?"

"અવશ્ય! મારા..." મેકક્વીને અટકીને કહ્યું: "ઓહ, આવું બોલીને હું પોતે જ, તમને મારી પર શંકા પડે તેવું કરી રહ્યો છું."

પોઈરોએ કહ્યું: "મને તમારી પર શંકા તો પડત જો તમે આ સમાચાર સાંભળીને શાંત બેસી રહ્યા હોત, અથવા તમે રાટચેટના મૃત્યુ પર શોક દેખાડ્યો હોત."

મેકક્વીને ગંભીરતાથી કહ્યું: "અરે મારે ફાંસી પર ચડવું પડે તો પણ હું એવું ક્યારેય ન કરું." થોડીવાર પછી તેમણે પૂછ્યું, "તમને વાંધો ન હોય તો જણાવશો કે તમને કઈ રીતે ખબર પડી કે રાટચેટનું અસલી નામ કાસેટી છે?"

"એમના કંપાર્ટમેન્ટમાંથી મળેલા કાગળના એક નાના ટુકડાને આધારે." પોઈરોએ કહ્યું.

મેકક્વીને પૂછ્યું: "કાગળનો ટુકડો? એ તો રાટચેટની બેદરકારી ગણાય ને?"

પોઈરોએ ઠંડા અવાજે જવાબ આપ્યોઃ "એ તો વિચારનારના દૃષ્ટિબિંદુ પર આધાર રાખે છે."

મેકક્વીને કાંઈ સમજાયું ન હોય તેમ એ પોઈરો સામે જોઈ રહ્યો.

પોઈરોએ કહ્યું: "મારું કામ આ કોચની દરેક વ્યક્તિ ક્યાં હતી અને શું કરતી હતી તે જાણવાનું છે. તો માઠું નહીં લગાડતા. આ ફક્ત એક રાબેતા મુજબની તપાસ છે."

"ચોક્કસ. તમારે જે પૂછવું હોય તે પૂછો. હું આમાં સંડોવાયેલો નથી તે સાબિત કરીશ."

પોઈરોએ વાત શરૂ કરી. "મારે તમારો કંપાર્ટમેન્ટ નંબર જાણવાની જરૂર નથી. આપણે એક રાત તેમાં સાથે હતા. એ ૬ અને ૭ નંબરની બર્થવાળો કંપાર્ટમેન્ટ છે. બરાબર? મારા ગયા પછી તમે તેમાં એકલા હતા."

મેકક્વીને કહ્યું: "બરાબર."

"મિસ્ટર મેકક્વીન, હવે મને જણાવો કે ગઈકાલે રાતે ડીનર લીધા પછી તમે શું કર્યું?"

"ડીનર લીધા પછી હું મારા કંપાર્ટમેન્ટમાં ગયો. થોડીવાર વાંચ્યું. બેલગ્રેડ આવ્યું ત્યારે પ્લૅટફૉર્મ પર ઊતર્યો પણ બહુ ઠંડી લાગતી હતી એટલે ટ્રેનમાં પાછો ચાલ્યો ગયો. ત્યારબાદ મારી બાજુના કંપાર્ટમેન્ટમાં જે ઇંગ્લિશ લેડી છે તેમની સાથે થોડીવાર વાતો કરી. ત્યાં કર્નલ આર્બથનોટ આવ્યા એટલે એમની સાથે વાતો કરવા લાગ્યો. મને લાગે છે કે ત્યારે તમે અમારી પાસેથી પસાર થયેલા. ત્યારપછી હું મિસ્ટર રાટચેટ પાસે ગયો અને એમને જે પત્રો લખાવવા હતા તેમની નોંધ લીધી. તેમને ગુડનાઇટ કહીને નીકળ્યો તો જોયું કે કર્નલ આર્બથનોટ હજુ કૉરિડૉરમાં ઊભા હતા. મેં તેમને મારા કંપાર્ટમેન્ટમાં આવવાનું કહ્યું. મેં ડ્રિંક્સ મંગાવ્યા અને અમે જગતના રાજકારણ, ભારતમાંની બ્રિટિશ સરકાર અને અમેરિકામાં ચાલતી નાણાકીય તંગી વિષે વાતો કરી.મને સામાન્ય રીતે બ્રિટિશ લોકો પસંદ નથી કારણકે તેઓ બહુ અકડું હોય છે પણ આ સારા હતા."

મેકક્વીને વિગતવાર જવાબ આપ્યો.

પોઈરોએ પૂછ્યું: "કર્નલ, તમારી પાસેથી ગયા ત્યારે કેટલા વાગ્યા હશે તે યાદ છે?"

"ઘણું મોડું થઈ ગયેલું. રાતના લગભગ બે વાગેલા." મેકક્વીને જણાવ્યું.

"તમને ખ્યાલ આવેલો કે ટ્રેન રોકાઈ ગઈ છે?"

"હા, અમારું ધ્યાન ગયેલું. અમે બહાર જોયું તો બધે બરફના થર દેખાતા હતા. પરંતુ એ વખતે એ આટલું ગંભીર હશે એમ અમને નહોતું લાગ્યું." મેકક્વીને કહ્યું.

"કર્નલ આર્બથનોટ પોતાના કંપાર્ટમેન્ટમાં ગયા પછી શું થયું?"

મેકક્વીને જવાબ આપતા કહ્યું: "મેં કન્ડક્ટરને બોલાવી મારી પથારી તૈયાર કરવા કહ્યું."

પોઈરોએ પૂછ્યું: "એ પથારી તૈયાર કરતો હતો ત્યારે તમે ક્યાં હતા?"

"હું મારા કંપાર્ટમેન્ટનાં બારણા બહાર ઊભો ઊભો સિગરેટ પીતો હતો."

"પછી?"

"પછી હું સૂઈ ગયો તે છેક સવારે જાગ્યો." મેકક્વીને જણાવ્યું.

"સાંજના સમયે તમે ટ્રેનની બહાર ગયેલા?"

"આર્બથનોટ અને હું પેલું કયું સ્ટેશન આવેલું, વિન્કોવસી, ત્યારે પગ છૂટો કરવા પ્લૅટફૉર્મ પર ઊતરેલા. પણ એટલી બધી ઠંડી હતી કે તરત ટ્રેનમાં પાછા આવી ગયા." મેકક્વીને કહ્યું.

"તમે કયાં દરવાજેથી ટ્રેનની બહાર ગયેલા?"

"અમારા કંપાર્ટમેન્ટની નજીક હતો તેમાંથી."

"એટલે ડાઇનિંગ કાર પાસેના દરવાજાથી." પોઈરોએ કહ્યું.

"હા."

પોઈરોએ પૂછ્યું: "તમને યાદ છે કે એ બંધ હતો કે ખુલ્લો?"

મેકક્વીને યાદ કરીને કહ્યું: "હા, હવે યાદ આવ્યું. દરવાજો બંધ હતો. તાળું નહોતું પણ આગળિયો મારેલો. તમે એ જ જાણવા માગો છો ને?"

પોઈરોએ કહ્યું: "હા. તમે પાછા આવ્યા ત્યારે એ આગળિયો ફરી મારી દીધેલો?"

"કદાચ નહીં. હું છેલ્લો આવેલો અને મેં એ આગળિયો બંધ નહોતો કર્યો." મેકક્વીને કહ્યું

અને પૂછ્યું: "એ મહત્ત્વનો પોઇંટ છે?"
"કદાચ હોઈ શકે. મિસ્ટર મેકક્વીન, હું માનું છું કે તમે અને કર્નલ વાતો કરતા હતા ત્યારે તમારા કંપાર્ટમેન્ટનું બારણું ખુલ્લું હતું?" પોઈરોએ પૂછ્યું. મેકક્વીને હકારમાં માથું હલાવ્યું.
પોઈરોએ કહ્યું: "મને જણાવો કે ટ્રેન વિન્કોવસીથી નીકળી ત્યાર પછી અને તમે બંને છૂટા પડ્યા ત્યાં સુધીમાં, કોઈ કૉરિડૉરમાંથી પસાર થયેલું?"
મેકક્વીને યાદ કરીને કહ્યું: "મને લાગે છે કે કન્ડક્ટર એકવાર પસાર થયેલા. એ ડાઇનિંગ કાર તરફથી આવેલા અને એક લેડી પસાર થયેલાં. તે ડાઇનિંગ કાર તરફ જતાં હતાં."
"કયા લેડી?"
મેકક્વીને કહ્યું: "એ ખ્યાલ નથી. મારું ધ્યાન નહોતું. હું કર્નલ સાથે વાતોમાં મશગૂલ હતો. મને એવું જણાયું કે કોઈ લાલ રંગનો રેશમી ગાઉન પહેરીને જઈ રહ્યું છે. મેં જોયું નહોતું. આમ પણ મને તેમનો ચહેરો ન દેખાત. મારો કંપાર્ટમેન્ટ ડાઇનિંગ કાર તરફ છે એટલે તે તરફ જનારની પીઠ મારી તરફ હોય. મને તેનો ચહેરો ન દેખાય."
"હું માનું છું એ ટૉઇલેટ તરફ જતા હશે." પોઈરોએ કહ્યું.
મેકક્વીને કહ્યું: "હા, મારું પણ એ જ અનુમાન છે."
"તમે એમને પાછાં આવતાં જોયાં?"
"તમે પૂછો છો એટલે ખ્યાલ આવે છે કે મેં તેમને પાછાં આવતાં નહોતાં જોયાં. જો કે હું માનું છું કે તે પાછાં જરૂર આવ્યાં હશે." મેકક્વીને જણાવ્યું.
"એક વધુ સવાલ મિસ્ટર મેકક્વીન, તમે પાઇપ પીઓ છો?" પોઈરોએ પૂછ્યું.
"ના સર, હું નથી પીતો."
પોઈરોએ થોડું વિચારીને કહ્યું: "બસ, અત્યારે આટલી વાતચીત પૂરતી છે. હવે હું મિસ્ટર રાટચેટના નોકર સાથે વાત કરવા માગું છું. હા, મારે જાણવું હતું કે તમે અને રાટચેટનો નોકર હંમેશાં સેકન્ડ ક્લાસમાં મુસાફરી કરો છો?"
"એ હંમેશાં સેકન્ડ ક્લાસમાં મુસાફરી કરે છે. હું હંમેશાં ફર્સ્ટ ક્લાસમાં અને તે પણ રાટચેટ જે કંપાર્ટમેન્ટમાં હોય તેની બાજુમાં. તે પોતાનો મોટા ભાગનો સામાન મારા કંપાર્ટમેન્ટમાં મૂકતા જેથી તેમને સામાનમાંથી કોઈ વસ્તુની અથવા મારી જરૂર પડે તો તરત મેળવી શકે. જો કે આ વખતે ફર્સ્ટ ક્લાસની બધી બર્થ રીઝર્વ થઇ ગયેલી, સિવાય કે એમની." મેકક્વીને કહ્યું.
"હમમ. મને સમજાયું. થૅન્ક્યુ મિસ્ટર મેકક્વીન." પોઈરોએ કહ્યું.

પ્રકરણ–૩
નોકરનું બયાન

અમેરિકન મેકક્વીન ગયા અને તેની જગ્યાએ રાટચેટનો ઇંગ્લિશ નોકર આવ્યો, જેના ફિક્કા ચહેરા પર કોઈ જાતના હાવભાવ દેખાતા નહોતા. એ અદબથી ઊભો રહ્યો. પોઈરોએ તેને બેસવા માટે કહ્યું અને વાત શરૂ કરીઃ "હું માનું છું તમે મિસ્ટર રાટચેટના નોકર છો?"

આવનારે કહ્યુંઃ "જી સર."

"તમારું પૂરું નામ શું?"

"એડવર્ડ હેન્રી માસ્ટરમેન." જવાબ આવ્યો.

"તમારી ઉંમર કેટલી છે?"

"ઓગણચાલીસ વર્ષ."

"તમારું સરનામું?"

"૨૧, ફ્રાયર સ્ટ્રીટ, કલેરકેનવેલ."

પોઈરોએ કહ્યુંઃ "તમને ખબર હશે કે તમારા માલિકની હત્યા થઈ છે."

માસ્ટરમેને કહ્યુંઃ "જી, સર. બહુ આઘાત થાય તેવું થયું."

"તમે જણાવશો કે રાટચેટને તમે છેલ્લીવાર કેટલા વાગે જોયેલા?"

માસ્ટરમેને વિચારીને કહ્યુંઃ "ગઈકાલે રાતે લગભગ નવ વાગ્યાની આસપાસ."

"મને જણાવો કે ગઈકાલે શું થયું હતું?" પોઈરોએ પૂછ્યું.

માસ્ટરમેને કહ્યુંઃ "રોજની જેમ હું મિસ્ટર રાટચેટ પાસે કામ અંગે ગયેલો."

"તમે કયા પ્રકારનું કામ કરતા હતા?" પોઈરોએ સવાલ કર્યો.

"તેમનાં કપડાંની ગડી કરવી, તેમનું ચોકઠું પાણીમાં મૂકવું, રાતે એમને જે વસ્તુની જરૂર પડે તે તેમની પથારી પાસે મૂકવી, બીજું એ જે ચીંધે તે."

"ગઈકાલે તે એમના રોજના નોર્મલ મૂડમાં હતા?"

માસ્ટરમેને થોડું વિચારીને કહ્યુંઃ "મને એમ લાગ્યું કે એ થોડા ફિકરમાં હતા."

"કઈ બાબતની ચિંતામાં?"

"મને લાગે છે કે એ એક કાગળ વાંચતા હતા જેને કારણે ફિકરમાં લાગ્યા. તેમણે મને પૂછેલું કે મેં એ કાગળ તેમના ટેબલ પર મૂકેલો કે બીજા કોઈએ. મેં ત્યારે જ તેમને જણાવી દીધેલું કે મેં એ કાગળ નહોતો મૂક્યો, પરંતુ એ તો ગુસ્સે થઈ ગયા અને જેમ ફાવે એમ બોલ્યા. બધી બાબતમાં મારો જ વાંક કાઢ્યો." માસ્ટરમેને કહ્યું.

પોઈરોએ પૂછ્યુંઃ "એમનું આવું વર્તન નવાઈ લાગે એવું હતું?"

માસ્ટરમેન બોલી ઊઠ્યાઃ "ના સર, એમનો ગુસ્સો તો નાક પર રહેતો! કોઈપણ બાબતમાં એમનું ધાર્યું ન થાય તો મિજાજ ગુમાવી બેસતા."

"તમારા માલિક ક્યારેય ઊંઘની દવા લેતા હતા?"

ડૉક્ટર કોન્સ્ટનટાઇન આ પ્રશ્નનો જવાબ સાંભળવા જરા આગળ ઝૂક્યા.

"એ જ્યારે ટ્રેનમાં મુસાફરી કરતા ત્યારે ઊંઘની દવા લેતા. એ વિના સૂઈ ન શકતા."

પોઈરોએ પૂછ્યુંઃ "એમને કઈ દવા લેવાની ટેવ હતી?"

"દવાની બૉટલ પર કોઈ નામ નહોતું. તેના પર ફક્ત એટલું લખેલું કે `રાતે સૂતી વખતે લેવાની દવા." માસ્ટરમેને જણાવ્યું.'

"એમણે એ દવા ગઈકાલે લીધેલી?"

"હા, સર. મેં જ એ દવાને ગ્લાસમાં કાઢીને તેમના ટેબલ પર મૂકેલી."

"તમે તેમને એ દવા લેતા જોયેલા?" પોઈરોએ સવાલ કર્યો.

"ના, સર." જવાબ મળ્યો.

"પછી શું થયું?"

"મેં તેમને બીજું કાંઈ કામ હોય તો જણાવવા કહ્યું, અને એ પૂછ્યું કે એમને બીજે દિવસે સવારે કેટલા વાગે ઉઠાડું. તેમણે જણાવ્યું કે એ પોતે જ બેલ મારીને મને બોલાવશે અને મારે તેમને ડીસ્ટર્બ ન કરવા." માસ્ટરમેને કહ્યું.

"એ ઘણી વાર આવું કરતા?" પોઈરોએ પૂછ્યું.

"હા સર, ઘણી વાર આવું કરતા. એ કન્ડક્ટરને બેલ મારીને બોલાવતા અને એને મને બોલાવી લાવવા માટે કહેતા." માસ્ટરમેને જણાવ્યું.

"સામાન્ય રીતે એ વહેલા ઊઠતા કે મોડા?"

"સર, એ એમના મૂડ પર આધાર રાખતું. અમુક વખતે એ બ્રેકફાસ્ટના સમયે ઊઠી જતા તો અમુક વખતે લંચ સુધી સૂઈ રહેતા."

પોઈરોએ કહ્યું: "એટલે સવારમાં ઘણો સમય પસાર થઈ ગયો, છતાં મિસ્ટર રાટચેટે તમને બોલાવ્યા નહીં એ વાતની તમને ફિકર નહોતી થયેલી."

"ના સર."

"તમે જાણતા હતા કે તમારા માલિકના ઘણા શત્રુઓ છે?"

ચહેરા પર કોઈપણ જાતના ભાવ દેખાડ્યા વિના માસ્ટરમેને કહ્યું: "હા, હું જાણતો હતો."

"તમને કઈ રીતે ખબર પડી?" પોઈરોએ પૂછ્યું.

"સર, મેં તેમને મિસ્ટર મેકક્વીન સાથે અમુક પત્ર વિષે વાત કરતા સાંભળેલા."

"તમને તમારા માલિક પ્રત્યે મૈત્રીભાવ હતો, મિસ્ટર માસ્ટરમેન?"

માસ્ટરમેનનો ચહેરો સાવ ભાવહીન બની ગયો. એમણે કહ્યું: "હું એવું ન કહું. હા એટલું જરૂર કે તેઓ ઉદાર હતા."

"પરંતુ તમે તેમને પસંદ નહોતા કરતા?" પોઈરોએ સીધો સવાલ કર્યો.

માસ્ટરમેને ગોળ ગોળ જવાબ આપ્યો: "મને અમેરિકન લોકો બહુ પસંદ નથી."

"તમે ક્યારેય અમેરિકા ગયા છો?"

"ના સર. હું નથી ગયો."

"તમે છાપામાં આર્મસ્ટ્રોંગ અપહરણ કેસ વિષે કાંઈ વાંચેલું છે?" પોઈરોએ પૂછ્યું.

માસ્ટરમેનના ચહેરા પર સહેજ રતાશ આવી અને તેણે કહ્યું: "હા, સર વાંચ્યું છે. નાની બાળકીનો કેસ હતો ને? એ બહુ ખરાબ દુર્ઘટના હતી."

પોઈરોએ કહ્યું: "તમને એ ખબર છે કે તમારા માલિક એ ગુનામાં મુખ્ય આરોપી હતા?"

"ના સર, મને ખબર નથી. માન્યામાં ન આવે એવી વાત છે, સર." પહેલીવાર માસ્ટરમેનના અવાજમાં કાંઈક ભાવ વ્યક્ત થતો હતો.

"તમે માનો કે ન માનો પરંતુ આ જ સત્ય છે. હું ગઈકાલે રાતે દરેક મુસાફરની શું હિલચાલ હતી તે માહિતી મેળવી રહ્યો છું એટલે થોડા પ્રશ્નો કરું છું. તમે મને જણાવો કે તમે મિસ્ટર રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી નીકળીને ક્યાં ગયા હતા? પોઈરોએ ચોખવટ કરીને પ્રશ્ન પૂછ્યો.

માસ્ટરમેને કહ્યું: "મેં મિસ્ટર મેકક્વીનને જણાવ્યું કે મિસ્ટર રાટચેટ એમને બોલાવતા હતા. પછી હું મારા કંપાર્ટમેન્ટમાં ગયો અને થોડું વાંચ્યું.

"તમારો કંપાર્ટમેન્ટ ક્યાં છે?"

"સેકન્ડ ક્લાસમાં સર. ડાઇનિંગ કારની પાસે."

પોઈરોએ કોચના નકશા પર નજર કરીને પૂછ્યું: “તમારી બર્થ કઈ હતી?”
“નીચેની બર્થ.”
“એટલે નંબર ચાર?”
“હા, સર.”
પોઈરોએ પૂછ્યું: “તમારી સાથે કોઈ છે?”
માસ્ટરમેને જવાબ આપ્યો: “હા, સર. પેલો હટ્ટોકટ્ટો ઈટાલિયન મારી સાથે છે.”
“એ ઇંગ્લિશ બોલે છે?”
“હા, થોડુંઘણું બોલી શકે છે.” માસ્ટરમેને થોડી તોછડાઈથી કહ્યું અને ઉમેર્યું: “એ અમેરિકા જઈ આવ્યો છે. હું માનું છું ત્યાં સુધી શિકાગોમાં.”
“તમે બંને જણા એકબીજા સાથે વાતો કરો છો?” પોઈરોએ પૂછ્યું.
“ના સર. મને વાંચવું વધારે પસંદ છે.”
પોઈરોએ આછું સ્મિત કર્યું. એમણે એ દૃશ્યની કલ્પના કરી જેમાં કંપાર્ટમેન્ટમાં એક તરફ વાતોડિયો, રંગીલો ઈટાલિયન હોય અને બીજી તરફ ઇંગ્લિશમેન મોઢું ચડાવીને બેઠો હોય.
પોઈરોએ કહ્યું: “મને જણાવશો તમે અત્યારે શું વાંચી રહ્યા છો?”
માસ્ટરમેને જણાવ્યું: “અત્યારે હું પ્રેમનો કેદી પુસ્તક વાંચી રહ્યો છું. મિસિસ અરાબેલા રીચાર્ડસને લખેલું છે.”
“સરસ સ્ટોરી છે?”
“મને એ વાંચવામાં બહુ મજા પડે છે, સર.”
“ઓ.કે. આપણી વાત ચાલુ રાખીએ. તો તમે તમારા કંપાર્ટમેન્ટમાં આવીને પ્રેમનો કેદી પુસ્તક વાંચતા હતા…કેટલા વાગ્યા સુધી?”
“સાડા દસ વાગ્યા સુધી. ઈટાલિયનને સૂઈ જવું હતું એટલે કન્ડક્ટરે પથારી પાથરી દીધી.”
“પછી તમે પથારીમાં જઈને સૂઈ ગયા?” પોઈરોએ સવાલ કર્યો.
“સર, પથારીમાં સૂતો ખરો પણ ઊંઘ ન આવી.”
“કેમ? શું થયેલું?”
“મારો દાંત દુઃખતો હતો, સર.”
પોઈરોએ કહ્યું: “અરે! એ તો બહુ દર્દ કરે.”
“હા સર, બહુ દર્દ થતું હતું.” માસ્ટરમેને સહમતી બતાવી.
“તમે એની કાંઈ દવા કરી કે નહીં?”
“લવિંગનું તેલ લગાડ્યું તેનાથી દુખાવો થોડો ઓછો થયો પણ ઊંઘ ન આવી. પછી મેં બર્થ ઉપરની લાઇટ ઓન કરીને વાંચવા માંડ્યું જેથી ધ્યાન બીજે જાય.”
પોઈરોએ પૂછ્યું: “તમે આખી રાત જાગતા હતા?”
“ના સર, હું સવારે ચાર વાગે સૂઈ ગયેલો.” માસ્ટરમેને જણાવ્યું.
“અને તમારો જોડીદાર?”
“પેલો ઈટાલિયન? એ તો ઘસઘસાટ ઊંઘી ગયેલો અને નસકોરા બોલાવતો હતો.”
પોઈરોએ પૂછ્યું: “એ રાત દરમ્યાન કંપાર્ટમેન્ટની બહાર ગયો જ નહીં?”
“ના સર.” માસ્ટરમેને કહ્યું.
“તમે બહાર ગયેલા?”
“ના સર.”
પોઈરોએ સવાલ કર્યો: “તમે રાતે કોઈ અવાજ સાંભળેલો?”
“ના, મને નથી લાગતું મેં કાંઈ સાંભળ્યું હોય. ટ્રેન ચાલતી નહોતી એટલે બધે એકદમ શાંતિ

હતી. કોઈ અવાજ થયો હોત તો મેં સાંભળ્યો હોત.” માસ્ટરમેને જણાવ્યું.

પોઈરો એક-બે પળ શાંત રહીને બોલ્યાઃ “વધુ કાંઈ પૂછવાનું રહેતું નથી. તમે આ દુર્ઘટના વિષે વધુ કાંઈ કહી શકો?”

માસ્ટરમેને કહ્યું: “ના સર. સૉરી પણ હું કાંઈ નહીં કહી શકું.”

પોઈરોએ સવાલ કર્યોઃ “તમારી જાણમાં મિસ્ટર રાટચેટ અને મિસ્ટર મેકક્વીન વચ્ચે કોઈ ઝઘડો અથવા અણબનાવ થયેલો?”

માસ્ટરમેને તરત કહ્યું: “ના રે સર, મિસ્ટર મેકક્વીનનો સ્વભાવ તો બહુ સારો છે.”

“તમે રાટચેટની નોકરી શરૂ કરી તે પહેલા ક્યાં હતા?”

“હું સર હેન્રી ટોમલીન્સન સાથે હતો, ગ્રોસવેનોર સ્ક્વેરમાં.”

“તમે એ નોકરી કેમ છોડી દીધી?”

“તેઓ પૂર્વ આફ્રિકા ગયા અને ત્યાં તેમને મારી જરૂર નહોતી, પરંતુ તેમને પૂછશો તો તેઓ મારી વિષે જરૂર સારો અભિપ્રાય આપશે.” માસ્ટરમેને જણાવ્યું.

“તમે રાટચેટ સાથે કેટલા વખતથી છો?” પોઈરોએ પૂછ્યું.

“છેલ્લા નવ મહિનાથી, સર.”

“થૅન્ક્યુ મિસ્ટર માસ્ટરમેન. અરે હા, તમે પાઇપ પીવો છો?” પોઈરોએ છેલ્લો સવાલ કર્યો.

માસ્ટરમેને જવાબ દીધોઃ “ના સર. હું સિગરેટ પીવું છું. ગાસ્પર્સ બ્રાન્ડ.”

“થૅન્ક્યુ. બસ, આટલું પૂરતું છે.”

માસ્ટરમેન થોડું ખચકાઈને બોલ્યોઃ “સર, પેલા અમેરિકન લેડી છે તે બહુ ઉત્તેજિત થઈ ગયાં છે. ક્યારના કહે છે કે એમને ખબર છે હત્યા કોણે કરી છે અને તે કોઈ અધિકારીને મળવા માગે છે. કન્ડક્ટર એમને શાંત પાડવા મથી રહ્યા છે.”

પોઈરોએ કહ્યું: “સારું. તેમને મોકલો. હવે એમની વાત સાંભળીએ.”

પ્રકરણ–૪
અમેરિકન લેડીનું બયાન

મિસિસ હબ્બાર્ડ ડાઇનિંગ કારમાં આવ્યાં ત્યારે ઉત્તેજનાથી તેમનો શ્વાસ ભરાઈ આવેલો. એમ લાગતું હતું કે તેમને જે કહેવું હતું તેના માટે તેમને તરત શબ્દો નહોતા મળતા.

તે ફાટેલા સાદે બોલ્યાંઃ "મને જણાવો...મને જણાવો કે અહીં ઉપરી અધિકારી કોણ છે? મારી પાસે બહુ જ... બહુ જ અગત્યની માહિતી છે અને મારે એ વાત ફક્ત એને જ કરવી છે જેની પાસે સત્તા હોય. તો તમારામાંથી..." એમની ચકળવકળ થતી નજર વારાફરતી ત્રણેય જણા પર ફરતી હતી.

પોઈરોએ આગળ ઝૂકીને કહ્યું: "મેડમ, જે કહેવું હોય તે મને કહો પણ પહેલાં બેસી જાઓ."

મિસિસ હબ્બાર્ડ ધબ દઈને પોઈરોની સામેની સીટ પર બેઠાં અને તરત બોલવા લાગ્યાંઃ "મારે તમને એ કહેવાનું છે કે ગઈકાલે ટ્રેનમાં હત્યા થઈ છે અને હત્યારો મારા કંપાર્ટમેન્ટમાં જ હતો!" આટલું કહીને એ મૌન થઈ ગયા, જાણે પોતાના આ કથનને નાટકીય રંગ આપતા હોય!

પોઈરોએ શાંતિથી પૂછ્યું: "તમને આ બાબતની ચોક્કસ ખાતરી છે, મેડમ?"

"શું વાત કરો છો? અલબત્ત મને ખાતરી છે! હું જાણું છું કે હું શું બોલું છું. હું તમને માંડીને વાત કરું. હું સૂઈ ગઈ'તી ત્યાં અચાનક જાગી ગઈ. બધે અંધારું હતું. મને ખબર પડી ગયેલી કે મારા કંપાર્ટમેન્ટમાં કોઈ માણસ હતો. અરે હું તો એટલી બધી ડરી ગઈ હતી કે ચીસ પણ ન પાડી શકી. તમને સમજણ પડી ને? બસ, હું પથારીમાં પડી રહી અને એમ વિચારતી રહી કે 'આજે હું નક્કી મરી જવાની છું.' મને તે વખતે કેવું થતું હતું એ હું વર્ણવી નથી શકતી. મેં ટ્રેનની મુસાફરીમાં જે હત્યા અને લૂંટફાટ થવાની વાતો સાંભળી હતી તે બધી મને યાદ આવી. મેં એમ વિચાર્યું કે 'ગમે તે થાય, તે મારાં ઘરેણાં નહીં લઈ શકે. મેં તેને મારા સ્ટોકિંગમાં મૂકીને મારા ઓશીકા નીચે રાખી દીધા હતા. જો કે તેને કારણે સૂવામાં તકલીફ પડતી હતી. માથું સીધું નહોતું રહેતું. તમને સમજણ પડી ને? જો કે એનો બહુ વાંધો નહોતો. હું શું કહેતી હતી?"

મિસિસ હબ્બાર્ડ શ્વાસ લેવા અટક્યાં.

"તમને લાગ્યું કે તમારા કંપાર્ટમેન્ટમાં કોઈ માણસ આવ્યો." પોઈરોએ યાદ અપાવ્યું.

"હા, હું બસ આંખો મીચીને મારી પથારીમાં પડી રહી. વિચારતી રહી કે હું શું કરું. પછી મને વિચાર આવ્યો કે 'ભગવાનની દયા છે કે મારી દીકરીને ખબર નથી હું કેટલી મુશ્કેલીમાં છું.' થોડીવાર પછી મારામાં હિંમત આવી અને મેં અંધારામાં જ હાથ લંબાવી, ફંફોસીને બેલ શોધ્યો અને કન્ડક્ટરને બોલાવવા બેલ વગાડ્યો. મેં વારંવાર બેલ વગાડ્યો છતાં કોઈ આવ્યું નહીં એટલે મને લાગ્યું કે મારું હૃદય બંધ પડી જવાનું છે. મેં મારી જાતને કહ્યું: 'કદાચ હત્યારાઓએ ટ્રેનમાં બધાને મારી નાખ્યા છે.' ટ્રેન ઊભેલી હતી અને બધે ડરામણી શાંતિ હતી. મેં તો બસ, બેલ વગાડ્યા કર્યો અને અંતે મેં કૉરિડૉરમાં કોઈનાં પગલાંનો અવાજ સાંભળ્યો અને કોઈએ બારણા પર ટકોરા માર્યા!

મેં તો બૂમ પાડીને કહ્યું: "અંદર આવો! અને સાથે જ મેં લાઇટ ચાલુ કરી. પરંતુ તમે માનશો? મારા કંપાર્ટમેન્ટમાં કોઈ નહોતું!"

મિસિસ હબ્બાર્ડ લાંબીલચક વાત કહીને થોડું અટક્યાં. એમના હાવભાવ ઉપરથી એમ લાગતું હતું કે તેમના કંપાર્ટમેન્ટમાં કોઈ નહોતું એ વાતને તે બહુ રોમાંચક માનતાં હતાં.!

"મેડમ, પછી શું થયું?"

"પછી તો મેં કન્ડક્ટરને બધી વાત કરી. તેને મારી વાત પર વિશ્વાસ નહોતો બેસતો. તે એમ

માનતો હતો કે મને કોઈ સપનું આવ્યું હશે. મેં તો તેને બર્થની નીચે પણ જોઈ લેવા કહ્યું. એણે મને સમજાવ્યું કે બર્થ નીચે માણસ છુપાઈ શકે એટલી જગ્યા જ નથી. દેખીતું હતું કે એ માણસ ભાગી ગયેલો પરંતુ મારા કંપાર્ટમેન્ટમાં કોઈ માણસ હતો જ! મને વધુ ગુસ્સો એટલે આવ્યો કે કન્ડક્ટર મને 'શાંત પાડવા અને સમજાવવા' બેઠો કે કાંઈ નહોતું થયું. મિસ્ટર... હું કાંઈ સપના નહોતી જોતી. મિસ્ટર... તમારું નામ શું?" છેલ્લું વાક્ય પોઈરોને સંબોધીને બોલવામાં આવેલું.

"મારું નામ પોઈરો છે. આ મિસ્ટર બુક છે જે આ રેલવે કંપનીના માલિક છે. આ છે ડૉક્ટર કોન્સ્ટનટાઇન." પોઈરોએ દરેકની ઓળખાણ આપતા કહ્યું.

મિસિસ હબ્બાર્ડે બધાને બેધ્યાનપણે 'હેલ્લો, તમને મળીને આનંદ થયો' કહ્યું અને ફરી પોતાની કથા શરૂ કરી.

"હું માનું છું કે મેં બહુ અક્કલથી કામ ન લીધું. મેં તો એમ જ ધારી લીધું કે મારી બાજુના કંપાર્ટમેન્ટવાળો માણસ, જેની બચારાની હત્યા થઈ, તે જ મારા કંપાર્ટમેન્ટમાં ઘૂસેલો." મેં કન્ડક્ટરને બે કંપાર્ટમેન્ટની વચ્ચેના દરવાજાની તપાસ કરવા કહ્યું. મેં ધારેલું હતું તે મુજબ એના પર તાળું નહોતું મારેલું. મેં તો કન્ડક્ટરને તરત કહ્યું કે તે દરવાજો બંધ કરી દે. એણે આગળિયો બંધ કર્યો પછી મેં સલામતી માટે દરવાજા પાસે મોટી સૂટકેસ મૂકી દીધી."

"આ લગભગ કેટલા વાગે બન્યું મિસિસ હબ્બાર્ડ?" પોઈરોએ પ્રશ્ન કર્યો.

"અરે, મને ટાઇમ ક્યાંથી યાદ હોય? ઘડિયાળમાં જોવા જેટલી હિંમત જ ક્યાં હતી?"

"હવે તમે આ હત્યા વિષે શું વિચારો છો?" પોઈરોએ મૈત્રીભર્યા અવાજે પૂછ્યું.

મિસિસ હબ્બાર્ડ બોલ્યાંઃ "સાવ સીધી વાત છે ને? મારા કંપાર્ટમેન્ટમાં જે હતો તે જ તો હત્યારો છે. આમાં વધુ વિચારવા જેવું શું છે?"

"તમને લાગે છે કે તમારા કંપાર્ટમેન્ટમાંથી એ માણસ બાજુના કંપાર્ટમેન્ટમાં ગયો?"

"મને કેમ ખબર પડે એ ક્યાં ગયો? હું તો આંખો ટાઇટ બંધ કરીને સૂઈ રહી હતી."

પોઈરોએ બીજો તર્ક આપતાં કહ્યુંઃ "કદાચ એ બારણામાંથી કૉરિડૉરમાં આવી ગયો હશે."

"ખબર નથી. હું તો આંખો ટાઇટ બંધ કરીને સૂઈ રહી હતી."

મિસિસ હબ્બાર્ડ જરા ધ્રૂજીને બોલી ઊઠ્યાંઃ "હું તો એવી ડરી ગઈ હતી ને! મારી દીકરીને જો આ ખબર પડે..."

"તમને એવું તો નથી લાગતું ને કે તમે જે અવાજ સાંભળ્યા તે તમારી બાજુના કંપાર્ટમેન્ટમાંથી આવ્યા હોય, જેમાં ગઈકાલે હત્યા થઈ હતી?" પોઈરોએ પૂછ્યું.

"ના, ના. મિસ્ટર પોઈરો. એ માણસ મારી સાથે, મારા કંપાર્ટમેન્ટમાં જ હતો. મારી પાસે એ વાતની સાબિતી છે."

આમ કહીને એમણે પોતાની મોટી હૅન્ડબૅગ ખોલી અને તેમાંથી બે હાથરૂમાલ, ચશ્માં, એસ્પીરીનની બૉટલ, પીપરમીંટની ટ્યૂબ, ચાવીનો ઝૂમખો, કાતર, ચૅકબુક, એક બાળકનો ફોટો, થોડા પત્રો અને એક માળા કાઢીને ટેબલ પર મૂક્યાં. છેલ્લે એમણે એક નાનું મેટાલિક બટન કાઢ્યું અને ટેબલ પર મૂકતાં કહ્યુંઃ "જોયું? આ બટન જોયું? એ મારું નથી. હું સવારે ઊઠી ત્યારે મને આ મળ્યું."

મિસ્ટર બુકે તે બટન જોયું અને આશ્ચર્યથી બોલી ઊઠ્યાઃ "અરે! આ બટન તો ટ્રેનના કન્ડક્ટર જે જૅકેટ પહેરે છે તેનું છે!"

"સમજી શકાય એવું છે." પોઈરો બોલ્યા. પછી તેમણે મિસિસ હબ્બાર્ડ તરફ ફરીને કહ્યુંઃ "મેડમ, શક્ય છે કે કન્ડક્ટર ગઈકાલે રાતે તમારા કંપાર્ટમેન્ટમાં પથારી તૈયાર કરવા આવ્યો ત્યારે અથવા તો છુપાયેલા માણસની તપાસ કરતો હતો ત્યારે આ બટન તેના જૅકેટમાંથી પડી

ગયું હશે.”
મિસિસ હબ્બાર્ડ ગુસ્સે થઈને બોલ્યાં: “મને સમજાતું નથી કે તમને બધાને થાય છે શું? બસ, મારી બધી વાતમાં વાંધા-વચકા કાઢો છો. સાંભળો. રાતે સૂતાં પહેલાં હું મૅગેઝિન વાંચતી હતી. સૂતાં પહેલાં એ મૅગેઝિન મેં બારી પાસે નાનું ટેબલ છે તેના પર મૂકેલું. સમજણ પડી ને?”
ત્રણેય જણાએ ડોકું હલાવીને હા પાડી.
મિસિસ હબ્બાર્ડે વાત ચાલુ રાખી: “તો ઠીક. કન્ડક્ટર આવ્યો ત્યારે તેણે બારણા પાસેની સીટ નીચે જોયું. પછી તેણે બાજુના કંપાર્ટમેન્ટ સાથે જોડાતું બારણું બંધ કર્યું. એ બારી પાસે નહોતો ગયો. સવારે હું ઊઠી ત્યારે એ બટન મેં મૅગેઝિન ઉપર જોયું. હવે મને જણાવો તમે શું સમજ્યા?”
પોઈરોએ કહ્યું: “મેડમ, એ બટન મહત્ત્વનો પુરાવો છે.”
આ જવાબથી મિસિસ હબ્બાર્ડ થોડાં શાંત પડ્યાં અને એમણે કહ્યું: “મારી વાત કોઈ માને નહીં, સમજે નહીં ત્યારે મને બહુ ગુસ્સો આવે, હો!”
પોઈરોએ શાંત અવાજમાં કહ્યું: “તમે બહુ અગત્યનો પુરાવો આપ્યો. હવે હું થોડા પ્રશ્નો પૂછું?”
“જરૂર પૂછો ને!”
“તમે જણાવ્યું કે તમને રાટચેટથી ડર લાગતો હતો. તો પછી તમે તમારા અને એના કંપાર્ટમેન્ટ વચ્ચેનું બારણું બંધ કેમ નહોતું કરી દીધું?”
મિસિસ હબ્બાર્ડે તરત જણાવ્યું: “મેં બંધ કરી દીધેલું.”
“અચ્છા? તમે બંધ કરેલું?” પોઈરોએ પૂછ્યું.
“અરે મેં પેલી સ્વીડીશ છોકરીને પૂછેલું કે બારણું બંધ છે કે નહીં. તેણે જણાવેલું કે બંધ છે.”
“તમે પોતે નહોતાં જોઈ શકતાં કે બારણું બંધ છે કે નહીં?”
“એમાં એવું હતું કે હું પથારીમાં સૂતી હતી અને મારી સ્પોંજ બૅગ બારણાના હેન્ડલમાં લટકતી હતી. એટલે ખબર ન પડે કે બારણું બંધ હતું કે નહીં.” મિસિસ હબ્બાર્ડે જણાવ્યું.
“તમે તેને બારણું ચેક કરવા કહ્યું ત્યારે કેટલા વાગેલા?” પોઈરોએ પૂછ્યું.
મિસિસ હબ્બાર્ડે જવાબ આપતાં કહ્યું: “હમમ... મને યાદ કરવા દો. લગભગ સાડા દસ અથવા પોણા અગિયાર થયા હશે. સ્વીડીશ છોકરી એ જાણવા આવી હતી કે મારી પાસે એસ્પીરીન છે કે નહીં. મેં એને મારી નાની બૅગમાંથી લઈ લેવાનું કહેલું.”
“ત્યારે તમે સૂતાં હતાં?”
“હા.” અચાનક મિસિસ હબ્બાર્ડ હસી પડ્યાં અને બોલ્યાં: “બિચારી! એ બહુ છોભીલી પડી ગયેલી. એણે ભૂલમાં મારી બાજુના કંપાર્ટમેન્ટનું બારણું ખોલી નાખેલું!”
“મિસ્ટર રાટચેટના કંપાર્ટમેન્ટનું?” પોઈરોએ પૂછ્યું.
“હા. તમને તો ખબર છે ને કે ટ્રેનમાં બધા કંપાર્ટમેન્ટના બારણાં સરખા હોય છે. તેણે ભૂલથી મિસ્ટર રાટચેટનું બારણું ખોલી નાખેલું અને તેને કારણે તે બહુ ટૅન્શનમાં હતી. મિસ્ટર રાટચેટ એને જોઈને હસી પડેલા. કદાચ કાંઈક એલફેલ બોલ્યા પણ હશે. બિચારી વારંવાર બોલતી હતી કે `મારી ભૂલ થઈ, મને બહુ શરમ આવે. એ સારો માણસ નથી.' મને કહે, કે `તું તો બૂઢ્ઢી છે.'
ડૉક્ટર કોન્સ્ટનટાઇન ધીમેથી હસ્યા. મિસિસ હબ્બાર્ડે કરડાકીથી એમની સામે જોઈને કહ્યું: “એ સારો માણસ નહોતો. કોઈ લેડીને આવું ન કહેવાય. તમે પાછા હસો છો? બહુ ખરાબ!”
ડૉક્ટર કોન્સ્ટનટાઇને તરત દિલગીરી વ્યક્ત કરીને માફી માગી.

"આની પછી મિસ્ટર રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી તમને કોઈ અવાજ સંભળાયેલો?" પોઈરોએ પૂછ્યું.

"હમમ... હું ખાતરીથી ન કહી શકું."

"એટલે તમે શું કહેવા માગો છો મેડમ?" પોઈરોએ સવાલ કર્યો.

થોડું અટકીને મિસિસ હબ્બાર્ડ બોલ્યાં, "એના નસકોરાનો અવાજ આવતો હતો."

"અચ્છા? એ નસકોરા બોલાવતા હતા?"

"અરે બહુ મોટે મોટેથી. પહેલી રાતે તો મને ઊંઘ જ નહોતી આવી."

"તમને ખબર પડી કે તમારા કંપાર્ટમેન્ટમાં કોઈ માણસ છે ત્યાર પછી તેમના નસકોરા નહોતા સંભળાતા?" પોઈરોએ પૂછ્યું.

મિસિસ હબ્બાર્ડે કહ્યું: "કેવી રીતે સંભળાય? ત્યારે તો એમની હત્યા થઈ ગયેલી."

"અરે હા, એ સાચું!" પોઈરોએ કહ્યું પણ તેમના ચહેરા પર થોડી મૂંઝવણ હતી.

"મેડમ, તમને આર્મસ્ટ્રોંગ અપહરણ કેસ વિષે ખબર છે?" પોઈરોએ પૂછ્યું.

"હા, ખબર છે." મિસિસ હબ્બાર્ડે કહ્યું અને ઉમેર્યું: "મને એ પણ ખબર છે કે એ નરાધમ કઈ રીતે નિર્દોષ છૂટી ગયો. મારા હાથમાં આવ્યો હોત તો હું તેનું ગળું દબાવી દેત."

"એ છૂટી નથી ગયો. એ મૃત્યુ પામ્યો છે. ગઈકાલે..." પોઈરોએ જણાવ્યું.

મિસિસ હબ્બાર્ડ ઉત્તેજિત થઈને ખુરશીમાંથી અડધા ઊભાં થઈ ગયાં. "તમે એમ કહો છો...."

"હા, હું એ જ કહું છું. રાટચેટ જ કાસેટી હતો જેને એ અપરાધ કરેલો."

મિસિસ હબ્બાર્ડ બોલી ઊઠ્યાં: "ઓહો! આ વાત તો મારે મારી દીકરીને લખી જણાવવી પડશે. હું તમને નહોતી કહેતી? એ માણસ સારો નહોતો દેખાતો. એનો ચહેરો જ શેતાનનો હોય તેવો હતો. હું સાચી નીકળીને? મારી દીકરી મને હંમેશાં કહેતી હોય છે કે 'મમ્મી, તને જે અંદાજ આવે છે તે હંમેશાં સાચો પડે છે."

પોઈરોએ પૂછ્યું: "તમે આર્મસ્ટ્રોંગ કુટુંબમાંથી કોઈને ઓળખતા હતા?"

"ના, હું કોઈને નહોતી ઓળખતી. તે બધા બહુ હાઈ ક્લાસના લોકો છે. જો કે મેં સાંભળેલું કે મિસિસ આર્મસ્ટ્રોંગ બહુ સારી સ્ત્રી હતી અને તેનો વર તેને બહુ પ્રેમ કરતો હતો."

પોઈરોએ કહ્યું: "મિસિસ હબ્બાર્ડ, તમે અમને ખૂબ મદદ કરી છે. તમે જરા તમારું પૂરું નામ જણાવશો?"

"જરૂર, કેમ નહીં. કેરોલીન માર્થા હબ્બાર્ડ." મિસિસ હબ્બાર્ડે જણાવ્યું.

"તમે તમારું ઍડ્રેસ અહીં લખી આપશો પ્લીઝ?" પોઈરોએ વિનંતિ કરી.

મિસિસ હબ્બાર્ડે ઍડ્રેસ લખતાં લખતાં બોલવાનું ચાલુ રાખ્યું. "એ હરામી કાસેટી આ ટ્રેનમાં હતો? મિસ્ટર પોઈરો, તમે માનશોને કે મને તેની ઉપર પહેલેથી શક હતો?"

"હા મેડમ, તમને તો પહેલેથી વહેમ હતો. હા, મારે જાણવું હતું કે તમારી પાસે લાલ રંગનો સિલ્કનો ગાઉન છે?"

મિસિસ હબ્બાર્ડે કહ્યું: "આ જરા વિચિત્ર સવાલ છે. જવાબ છે ના. મારી પાસે બે ડ્રેસિંગ ગાઉન છે. એક ગુલાબી કલરનો છે જે શીપની મુસાફરીમાં પહેરવા જેવો છે. બીજો જાંબુડી રંગનો છે જે મારી દીકરીએ મને ભેટ તરીકે આપેલો. પણ તમારે મારી પાસે કેવા પ્રકારના ગાઉન છે તે જાણવાની શું જરૂર પડી?"

પોઈરોએ જવાબ આપતાં કહ્યું: "એમાં એવું છે મેડમ કે ગઈકાલે કોઈ લાલ રંગનો ગાઉન પહેરેલી વ્યક્તિએ તમારા અને મિસ્ટર રાટચેટના કંપાર્ટમેન્ટમાં પ્રવેશ કરેલો. તમે જેમ જણાવ્યું એમ ટ્રેનમાં દરેક કંપાર્ટમેન્ટનાં બારણાં સરખાં હોય એટલે કોઈ એક ચોક્કસ કંપાર્ટમેન્ટ

શોધવામાં તકલીફ પડે.”

“મારા કંપાર્ટમેન્ટમાં લાલ રંગનો ગાઉન પહેરેલી કોઈ વ્યક્તિ આવી નહોતી.”

“તો પછી એ મિસ્ટર રાટચેટના કંપાર્ટમેન્ટમાં ગઈ હશે.”

મિસિસ હબ્બાર્ડે હોઠ બીડ્યાં અને ગંભીર થઈને કહ્યું: “એ નવાઈ લાગે એવી વાત નથી.”

પોઈરોએ તરત પૂછ્યું: “એનો અર્થ એમ કે રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી તમે કોઈ સ્ત્રીનો અવાજ સાંભળેલો?

“તમને ક્યાંથી ખબર પડી?” મિસિસ હબ્બાર્ડ થોડા આશ્ચર્ય સાથે બોલ્યાં અને કહ્યું: “સાચું કહું તો મેં એક સ્ત્રીનો અવાજ સાંભળેલો.”

“મેં હમણાં પૂછ્યું ત્યારે તો તમે એમ જણાવ્યું કે તમને ફક્ત રાટચેટના નસકોરાનો અવાજ સંભળાતો હતો.” પોઈરોએ સવાલ કર્યો.

“એ પણ સાચું છે. એના નસકોરાનો અવાજ આવતો હતો. આ બીજો અવાજ આવ્યો એ...” મિસિસ હબ્બાર્ડ જરા શરમાયાં. “એ જાહેરમાં કહેવા જેવી, બહુ સારી વાત નથી.”

“તમને જ્યારે કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો ત્યારે કેટલા વાગ્યા હતા?”

“એ તો મને ખબર નથી. હું સહેજવાર જાગી અને મેં કોઈ સ્ત્રીનો અવાજ સાંભળ્યો. એ ક્યાંથી આવતો હતો એ પણ ખબર પડી. પછી મને થયું ‘જવા દે ને! આ તો હલકટ માણસ છે. એની સાથે સ્ત્રી હોય એમાં શું નવાઈ?’ હું તો પાછી સૂઈ ગઈ. આવી વાત હું કોઈને ન કરું પણ તમારી સાથે આટલી વાતો કરી એટલે આ પણ વાત થઈ ગઈ.” મિસિસ હબ્બાર્ડે લાંબો જવાબ આપ્યો.

“આ સ્ત્રીનો અવાજ તમને લાગ્યું કે તમારા કંપાર્ટમેન્ટમાં કોઈ માણસ આવ્યો છે તેની પહેલાં સાંભળેલો કે પછી સાંભળેલો?” પોઈરોએ પૂછ્યું.

“લે! મેં હમણાં ન સમજાવ્યું? એ જો મૃત્યુ પામ્યા હોય તો કોઈ લેડી એમની સાથે કઈ રીતે વાત કરતી હોય?” મિસિસ હબ્બાર્ડ થોડી ચીડ સાથે બોલ્યાં.

પોઈરોએ કહ્યું: “ઓહ, માફ કરજો. તમને લાગતું હશે કે હું તો સાવ મૂરખ છું, ખરું?”

“હું માનું છું કે ક્યારેક ક્યારેક બધાને આવું થઈ જાય. પરંતુ મારા મનમાંથી એ વાત નીકળતી નથી કે એ હરામી, નરાધમ કેસેટી ટ્રેનમાં હતો. મારી દીકરી શું કહેશે...”

પોઈરોએ મિસિસ હબ્બાર્ડને તેમની બધી વસ્તુઓ હૅન્ડબૅગમાં મૂકવામાં મદદ કરી અને તેમને દરવાજા સુધી લઈ ગયા.

દરવાજે પહોંચ્યા ત્યારે પોઈરોએ કહ્યું: “મેડમ, તમારો રૂમાલ પડી ગયો.”

મિસિસ હબ્બાર્ડે પોઈરોના હાથમાં રહેલા ભરત ભરેલા કાપડના ટુકડાને જોયો અને કહ્યું: “એ મારો રૂમાલ નથી, સર. મારો મારી પાસે છે.”

પોઈરોએ કહ્યું: “માફ કરજો. આ તો આ રૂમાલ પર ‘H’ અક્ષર ભરેલો છે એટલે...”

“હા, એ થોડું નવાઈ લાગે તેવું છે પણ આ રૂમાલ મારો નથી. મારા રૂમાલ પર હંમેશા ‘C.M.H.’ અક્ષરો ભરેલા હોય છે. વળી હું પેરીસમાં બનેલા આવા મોંઘાદાટ રૂમાલ નથી વાપરતી. આવા મોંઘા રૂમાલને નાકે અડાડતા કોઈનો જીવ ચાલે?” આટલું કહી મિસિસ હબ્બાર્ડ વિજયી અદાથી કંપાર્ટમેન્ટની બહાર ગયાં.

મિસિસ હબ્બાર્ડના સવાલનો ત્રણમાંથી કોઈ પાસે જવાબ ન હતો.

પ્રકરણ–૫
સ્વીડીશ લેડીનું બયાન

મિસ્ટર બુક મિસિસ હબ્બાર્ડે આપેલું બટન હાથમાં ફેરવીને જોતાં હતા. થોડી વાર પછી એમણે સવાલ કર્યો, "આ બટનનું રહસ્ય હું સમજતો નથી. શું એમ સમજવું કે પીરે મિશેલ આમાં કોઈ રીતે સંડોવાયેલો હશે?" પોઈરોએ કાંઈ જવાબ ન આપ્યો એટલે મિસ્ટર બુકે પૂછ્યું: "તમે આ બાબતમાં શું માનો છો મિત્ર?"

"એ બટન અમુક શક્યતા દર્શાવે છે." પોઈરોએ કહ્યું. "આપણે સ્વીડીશ લેડીની વાત સાંભળી લઈએ પછી બટન વિષે વાત કરીએ." એમણે પાસપોર્ટની થપ્પીમાંથી એક પાસપોર્ટ લઈને કહ્યું: "ગ્રેટા ઓલ્સન નામ છે. ઉંમર છે ઓગણપચાસ વર્ષ." મિસ્ટર બુકે રેસ્ટોરન્ટના વેઇટરને સૂચના આપી અને થોડીવાર પછી પીળાશ પડતા રંગના વાળ અને સરળ ચહેરાવાળા લેડી કંપાર્ટમેન્ટમાં આવ્યાં. તેમણે ચશ્માંમાંથી ઝીણી આંખે, શાંત નજરે પોઈરો સામે જોયું.

એમને ફ્રેંચ ભાષા આવડતી હતી એટલે બધી વાતચીત ફ્રેન્ચમાં થઈ. પોઈરોએ પહેલાં રાબેતા મુજબના પ્રશ્નો પૂછીને તેમનું નામ, ઉંમર અને ઍડ્રેસ પૂછ્યા. ત્યારબાદ પોઈરોએ એમના કામ અંગે પૂછ્યું.

તેમણે જણાવ્યું કે તે નર્સ હતાં અને મિશનરી સ્કૂલમાં મેટ્રન તરીકે કામ કરતાં હતાં.

પોઈરોએ પૂછ્યું: "મેડમ, ગઈકાલ રાતે શું બન્યું તેની તમને ખબર છે ને?"

"હા સર. મને ખબર છે. બહુ ભયાનક ઘટના બની ગઈ. અમેરિકન લેડીએ તો મને એમ કહ્યું કે હત્યારો એમના કંપાર્ટમેન્ટમાં હતો."

"મેં એમ સાંભળ્યું કે તમે મૃત્યુ પામેલા માણસને છેલ્લીવાર જીવિત જોયેલો."

ગ્રેટાએ કહ્યું: "એ તો મને ખબર નથી. હા, મારાથી એમના કંપાર્ટમેન્ટનું બારણું ભૂલથી ખૂલી ગયેલું. હું બહુ છોભીલી પડી ગયેલી. મારી મોટી ભૂલ થઈ ગઈ."

"તે વખતે તમે રાટચેટને જોયેલા?" પોઈરોએ પૂછ્યું.

"હા, તેઓ ચોપડી વાંચતા હતા. મેં તરત માફી માગીને બારણું બંધ કરી દીધેલું."

"એમણે તમને કાંઈ કહેલું?"

ગ્રેટા ઓલ્સન જરા શરમાયાં અને બોલ્યાં: "એ હસ્યા અને થોડા શબ્દો બોલ્યા. મને તે શબ્દો બરાબર સમજાયા નહોતા."

પોઈરોએ આ બાબતમાં વધુ ન પૂછતાં બીજી બાબતે સવાલ કર્યો: "ત્યારબાદ તમે શું કર્યું?"

"ત્યારબાદ હું અમેરિકન લેડી મિસિસ હબ્બાર્ડ પાસે એસ્પીરીન હોય તો લેવા ગઈ જે એમણે મને આપી."

"તેમણે તમને એમના અને મિસ્ટર રાટચેટના કંપાર્ટમેન્ટ વચ્ચેનું બારણું બંધ છે કે નહીં તે તપાસવા કહેલું?"

"હા."

"એ બંધ હતું?"

"હા."

"ત્યાર પછી શું થયું?"

"પછી હું મારા કંપાર્ટમેન્ટમાં આવી, એસ્પીરીન લઈને સૂઈ ગઈ." ગ્રેટાએ કહ્યું.

"આ બધું કેટલા વાગે બન્યું?" પોઈરોએ પૂછ્યું.

"હું જ્યારે પથારીમાં પડી ત્યારે અગિયાર વાગવામાં પાંચ મિનિટ બાકી હતી. મને યાદ છે

કારણકે સૂતા પહેલાં હું હંમેશાં મારી ઘડિયાળને ચાવી આપું છું."

"તમે તરત સૂઈ ગયેલાં?"

"ના, મારા માથાનો દુખાવો ઓછો થયેલો પણ મને તરત ઊંઘ નહોતી આવી."

"તમને ઊંઘ આવી તે પહેલાં ટ્રેન અટકી ગયેલી?" પોઈરોએ પૂછ્યું.

"ના, ટ્રેન અટકી નહોતી. મને ઊંઘ આવવા લાગેલી ત્યારે કોઈ સ્ટેશન આવેલું." ગ્રેટાએ કહ્યું.

"હા, એ વિન્કોવસી સ્ટેશન હતું. મેડમ, તમારો કંપાર્ટમેન્ટ આ છે?" પોઈરોએ કોચના નકશા પર આંગળી મૂકીને પૂછ્યું.

"હા, એ મારો કંપાર્ટમેન્ટ છે." ગ્રેટાએ કહ્યું.

"તમે ઉપરની બર્થમાં છો કે નીચેની?"

"નીચેની બર્થ પર. બર્થ નંબર ૧૦."

"તમારી સાથે કોઈ છે?"

ગ્રેટાએ જણાવ્યું: "હા, મારી સાથે એક ઇંગ્લિશ લેડી છે. બહુ સારાં, માયાળુ સ્વભાવનાં છે. તેઓ બગદાદથી આવે છે."

"ટ્રેન વિન્કોવસી સ્ટેશનથી નીકળી ત્યાર પછી તે બહાર ગયેલાં?" પોઈરોએ પૂછ્યું.

"ના, મને ખાતરી છે કે તે બહાર નહોતા ગયેલાં."

પોઈરોએ કહ્યું: "તમે તો સૂઈ ગયેલાં, પછી તમે ખાતરીપૂર્વક કઈ રીતે કહી શકો?"

"મારી ઊંઘ બહુ કાચી હોય છે. જરાક અવાજ થાય ત્યાં જાગી જાઉં એવી. એ જો ઉપરની બર્થથી નીચે ઊતર્યાં હોત તો મને જરૂર ખબર પડી જાત." ગ્રેટાએ જણાવ્યું.

"તમે પોતે કંપાર્ટમેન્ટની બહાર ગયેલાં?"

"આજ સવાર સુધી નહીં."

"મેડમ, તમારી પાસે લાલ રંગનો રેશમી કીમોનો છે?" પોઈરોએ સવાલ કર્યો.

ગ્રેટા ઓલ્સને જણાવ્યું: "ના. મારી પાસે ફીકા જાંબુડિયા રંગનો, જાઈગર મટિરિયલનો ડ્રેસિંગ ગાઉન છે."

પોઈરોએ મૈત્રીભર્યા અવાજમાં પૂછ્યું: "તમે આ મુસાફરી શેને માટે કરી રહ્યા છો? રજાઓ માણવા?"

"હા, હું રજાઓમાં ઘરે જઈ રહી છું. પહેલાં લૌસેન શહેરમાં મારી બહેન સાથે અઠવાડિયું-દસ દિવસ રહીશ. ત્યારબાદ ઘરે જઈશ." ગ્રેટાએ કહ્યું.

"તમે તમારી બહેનનું નામ અને સરનામું આ કાગળ પર લખી આપશો પ્લીઝ?"

"જરૂર લખી આપીશ."

પોઈરોએ એમને પેન્સિલ અને કાગળ આપ્યાં જેના પર ગ્રેટાએ જરૂરી વિગત લખી આપી.

"મેડમ, તમે ક્યારેય અમેરિકા ગયાં છો?" પોઈરોએ પૂછ્યું.

ગ્રેટાએ કહ્યું: "ના, હું નથી ગઈ. એક વખત મારે એક વૃદ્ધ લેડી સાથે જવાનું હતું પણ તે છેલ્લી ઘડીએ કેન્સલ થયું. અમેરિકન લોકો બહુ સારા હોય છે. હૉસ્પિટલ અને સ્કૂલ માટે ઘણા પૈસા આપે છે. તેઓ બહુ પ્રૅક્ટિકલ હોય છે."

"તમને આર્મસ્ટ્રોંગ અપહરણ કેસ વિષે જાણકારી છે?"

"ના, એ કયો કેસ?"

પોઈરોએ ગ્રેટા ઓલ્સનને આર્મસ્ટ્રોંગ કેસ વિષે જણાવ્યું.

ગ્રેટા ઓલ્સનનો પુણ્યપ્રકોપ એમના ચહેરા પર દેખાયો. તેમણે ધ્રૂજતા હોઠે કહ્યું: "જગતમાં આવા શેતાનો પણ વસે છે? ભગવાન પરથી વિશ્વાસ ઊઠી જાય તેવું થાય છે. ઓહ, એ

માતાનું શું થયું હશે? મારું હૃદય બહુ ચચરે છે.”

આટલું કહીને સ્વીડીશ લેડી કંપાર્ટમેન્ટમાંથી બહાર ગયાં. તેમની આંખો ભીની હતી.

પોઈરો કાગળ પર લખતા હતા. મિસ્ટર બુકે પૂછ્યું: “મિત્ર, શું લખવા મંડ્યા?”

“મિત્ર, મારી ટેવ છે કે બધું ઝીણવટથી, ચીવટપૂર્વક નોંધી લેવું. મેં અહીંયા જે ઘટનાઓ બની તેની સમય પ્રમાણે યાદી બનાવી છે.” પોઈરોએ મિસ્ટર બુકને કાગળ આપ્યો.

મિસ્ટર બુકે સુઘડ અક્ષરોમાં લખાયેલ ઘટનાક્રમ વાંચ્યો.

[illegible] ટ્રેન બેલગ્રેડથી નીકળી.

[illegible] રાટચેટનો નોકર ઊંઘની દવા ટેબલ પર મૂકી તેમના કંપાર્ટમેન્ટમાંથી નીકળ્યો.

[illegible] મિસ્ટર મેકક્વીન રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી બહાર નીકળ્યા.

[illegible] ઓલ્સને રાટચેટને ચોપડી વાંચતા જોયા. *(જીવતા હતા ત્યારે છેલ્લી વાર)*

[illegible] ટ્રેન વિન્કોવસી સ્ટેશનથી નીકળી.

[illegible] ટ્રેન બરફના તોફાનમાં ફસાઈ.

[illegible] રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી બેલ વાગ્યો. કન્ડક્ટર ગયો તો રાટચેટે કહ્યું: ‘કાંઈ નથી. મારી ભૂલ થઈ ગઈ.’

[illegible] મિસિસ હબ્બાર્ડને એવું લાગ્યું કે કોઈ માણસ એમના કંપાર્ટમેન્ટમાં છે. એમણે બેલ મારીને કન્ડક્ટરને બોલાવ્યો.

મિસ્ટર બુકે કહ્યું: “બધું એકદમ મિનિટે મિનિટની વિગત સાથે લખ્યું છે!”

“તમને આમાં કાંઈ વિચિત્ર હોય તેવું નથી લાગતું?” પોઈરોએ પૂછ્યું.

“ના, મને તો બધું સ્પષ્ટ લાગે છે. એ દેખીતું છે કે હત્યા એક વાગીને સત્તર મિનિટે થયેલી. બંધ પડેલી ઘડિયાળ એની સાબિતી છે. મિસિસ હબ્બાર્ડની વાત પણ બંધબેસતી થાય છે. હું જો અનુમાન લગાવું તો પેલો હટ્ટોકટ્ટો ઇટાલિયન હત્યારો હોઈ શકે. એ શિકાગો, અમેરિકાથી આવે છે. ઇટાલિયન હથિયાર તરીકે છરાનો ઉપયોગ કરે છે. તે ઝનૂનથી અનેકવાર ઘા કરતા હોય છે.”

“એ વાત સાચી છે.” પોઈરોએ કહ્યું.

“મને તો લાગે છે કે આખા કોયડાનો ઉકેલ આ છે. એમાં શંકાને સ્થાન નથી કે રાટચેટ અને આ ઇટાલિયન અપહરણનો ધંધો સાથે કરતા હશે. કાસેટી ઇટાલિયન નામ છે. રાટચેટે આ ઇટાલિયનને દગો દીધો હશે એટલે ઇટાલિયને બદલો લીધો. પહેલા ધમકીના પત્રો લખ્યા અને પછી તક મળી એટલે રાટચેટનું કાસળ કાઢી નાખ્યું.” મિસ્ટર બુકે પોતાનો તર્ક સમજાવ્યો.

પોઈરોએ ના પાડતાં માથું હલાવ્યું અને કહ્યું: “એ તમે કહો છો એટલું સરળ નથી.”

“મને તો આ જ સત્ય લાગે છે.” બુક પોતાના અભિપ્રાય માટે અક્કડ થતા હતા.

“પરંતુ રાટચેટના નોકરે, જેને દાંતનું દર્દ હતું, તો એમ કહ્યું કે ઇટાલિયન કંપાર્ટમેન્ટમાંથી બહાર જ નહોતો ગયો.” પોઈરોએ જણાવ્યું.

“હા, એ વાત સાચી હો.” બુકે કબૂલ કર્યું.

પોઈરોએ કહ્યું: “તમારો તર્ક અહીં ખોટો ઠરે છે. ઇટાલિયનનું સારું નસીબ છે કે રાટચેટના નોકરને દાંતનો દુખાવો થયો.”

મિસ્ટર બુકે કહ્યું: “આમ છતાં અંતે મારી વાત સાચી ઠરશે.”

પોઈરોએ ફરીવાર માથું હલાવી ના પડતા કહ્યું: “તમે કહો છો એટલું સરળ નથી.”

પ્રકરણ–૬
રશિયન પ્રિન્સેસની જુબાની

પોઈરોએ કહ્યું: "આપણે પિયરે મિશેલને પૂછીએ કે તે આ બટન વિષે શું કહેવા માગે છે."

મિશેલ આવ્યો એટલે મિસ્ટર બુકે એને બટન દેખાડીને પૂછ્યું: "મિશેલ, આ તારા જૅકેટનું બટન છે. એ મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાંથી મળ્યું છે. તારે એ બાબતમાં શું કહેવાનું છે?"

કન્ડક્ટરનો હાથ તેના જૅકેટ પર ગયો અને તેણે કહ્યું: "સર, મારા જૅકેટનું એક પણ બટન ગુમ નથી થયું. કાંઈક ભૂલ થતી લાગે છે."

"આ તો બહુ વિચિત્ર કહેવાય." બુકે જણાવ્યું.

"મને ખબર નથી કે એ બટન ત્યાં કઈ રીતે પહોંચ્યું." મિશેલે કહ્યું. તેના ચહેરા પર આશ્ચર્ય હતું પણ કોઈ જાતનો ભય કે મૂંઝવણ નહોતાં.

બુકે પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું: "સંજોગોને જોઈને એમ ચોક્કસ લાગે છે કે આ બટન એ માણસથી પડી ગયું છે, જે મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાં ગઈકાલે એમણે બેલ માર્યો ત્યારે ગયો હતો."

"પણ સર, ત્યાં કોઈ માણસ ગયો જ નહોતો. એમને એવો આભાસ થયો હશે."

"મિશેલ, એમને એવો આભાસ નહોતો થયો. મિસ્ટર રાટચેટનો હત્યારો ત્યાંથી પસાર થયેલો અને તેનાથી આ બટન ત્યાં પડી ગયું." મિસ્ટર બુકે જણાવ્યું.

આ વાક્યનો પૂરો અર્થ સમજાયો એટલે મિશેલ બહુ ઉત્તેજિત થઈ ગયો અને કરગરીને મોટે અવાજે કહેવા લાગ્યો: "સર, એ સાચું નથી. સાચું નથી. તમે મને અપરાધી ગણો છો. મને? હું તદ્દન નિર્દોષ છું. હું શું કામ એવા માણસની હત્યા કરું જેને હું પહેલાં ક્યારેય મળ્યો નથી."

"મિસિસ હબ્બાર્ડે જ્યારે બેલ માર્યો ત્યારે તમે ક્યાં હતા?"

"મેં જણાવ્યું એમ હું બીજા કોચમાં હતો. સાથીદારો સાથે વાતો કરતો હતો."

"અમે એની સાથે વાત કરીશું."

"જરૂર સર, એની સાથે વાત કરો, પ્લીઝ." મિશેલે કહ્યું.

બીજા કોચના કન્ડક્ટરને બોલાવવામાં આવ્યો. એણે તરત કહ્યું કે મિશેલ સાચું બોલતો હતો. એણે જણાવ્યું કે બુચારેસ્ટથી જોડાયેલા કોચનો કન્ડક્ટર પણ એમની સાથે હતો. એ ત્રણેય જણા બરફના તોફાનને કારણે આવેલી પરિસ્થિતિની વાતો કરતા હતા. એ લોકોએ લગભગ દસ મિનિટ સુધી વાતો કરી પછી મિશેલને લાગ્યું કે કોઈ બેલ વગાડે છે. એણે બે કોચ વચ્ચેનું બારણું ખોલ્યું કે તરત બધાને બેલ સંભળાયો. કોઈ સતત બેલ વગાડતું હતું. મિશેલ દોડીને ગયેલો.

"એટલે સર હું નિર્દોષ છું." મિશેલે કહ્યું.

"તો આ કન્ડક્ટરના યુનિફૉર્મના જૅકેટનું બટન અહીં ક્યાંથી આવ્યું? કાંઈ કહી શકો?"

"ના સર, મારે માટે પણ એ રહસ્ય છે. મારાં બધાં બટન સલામત છે."

બીજા બંને કન્ડક્ટરે કહ્યું કે તેમના જૅકેટના કોઈ બટન ગુમ નહોતાં થયાં. એ પણ જણાવ્યું કે તે બેમાંથી કોઈ મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાં ક્યારેય ગયા નહોતા.

"મિશેલ, જરા શાંત થા." મિસ્ટર બુકે કહ્યું: "હવે બરાબર યાદ કરીને કહે. તું જ્યારે મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટ તરફ ગયો ત્યારે તેં કૉરિડૉરમાં કોઈને જોયેલા?"

"ના સર."

“કોઈ કૉરિડૉરમાં તારાથી વિરુદ્ધ દિશામાં દૂર જતું હોય તેવું દેખાયેલું?”

“ના સર, એવું કોઈ નહોતું દેખાયું.” બુક બોલ્યાઃ “આ જરા વિચિત્ર કહેવાય.”

“એ બહુ વિચિત્ર નથી.” પોઈરોએ કહ્યું: “આખો પ્રશ્ન સમયનો છે. મિસિસ હબ્બાર્ડને વહેમ પડ્યો કે કોઈ તેમના કંપાર્ટમેન્ટમાં છે. તે એક-બે મિનિટ દૂરથી કાંઈ કર્યા વિના સૂઈ રહે છે. આ સમયમાં પેલો માણસ એમના કંપાર્ટમેન્ટમાંથી બહાર નીકળી જાય છે. મિસિસ હબ્બાર્ડ બેલ વગાડે છે પણ કન્ડક્ટરને આવતાં વાર થાય છે. એ ત્રીજી કે ચોથી વાર બેલ વાગે છે ત્યારે સાંભળે છે. હું એમ માનું કે આ પૂરતો સમય છે...”

મિસ્ટર બુક વાત કાપતાં બોલી ઊઠ્યાઃ “શેને માટે સર, શેને માટે? બહાર તો બરફનું તોફાન ચાલે છે. આખી ટ્રેનની આસપાસ બરફ છવાયેલો છે.”

“આ ભેદી હત્યારા પાસે બે રસ્તા છે.” પોઈરોએ કહ્યું: “એક, તે કોઈ ટૉઇલેટમાં જઈને છુપાઈ શકે. બીજો, તે કોઈ કંપાર્ટમેન્ટમાં છુપાઈ શકે.”

“અરે પણ બધા કંપાર્ટમેન્ટ તો ભરેલા છે.” બુકે કહ્યું.

“હા” પોઈરોએ એક જ અક્ષરમાં જવાબ આપ્યો.

બુકે પૂછ્યું: “તમે એમ કહો છો કે હત્યારો પોતાના કંપાર્ટમેન્ટમાં ગયો હશે?”

પોઈરોએ હકારમાં માથું હલાવ્યું.

“એ પણ બન્યું હોય.” મિસ્ટર બુક ધીમે અવાજે બોલ્યા. “એ દસ મિનિટ દરમ્યાન હત્યારો પોતાના કંપાર્ટમેન્ટમાંથી નીકળી રાટચેટ પાસે જાય છે, તેની હત્યા કરીને બારણું અંદરથી બંધ કરે છે, ચેઇન લગાવે છે, ત્યાંથી બહાર નીકળી મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાં જાય છે અને પછી કન્ડક્ટર આવે છે તે પહેલાં પોતાની જગ્યાએ પાછો આવે છે. આવું બની શકે.”

પોઈરોએ કહ્યું: “આ બધું એટલું સરળ નથી. આપણા મિત્ર ડૉક્ટર આમાં વધુ કહી શકે.”

મિસ્ટર બુકે ઇશારો કરીને ત્રણેય કન્ડક્ટરને બહાર જવાનું કહ્યું.

“આપણે હજુ આઠ મુસાફરો સાથે વાત કરવાની બાકી છે. આમાંના પાંચ ફર્સ્ટ ક્લાસમાં છે. પ્રિન્સેસ ડ્રેગોમીરોફ, કાઉન્ટ અને કાઉન્ટેસ એન્ડ્રીન્ચી, કર્નલ આર્બથનોટ અને મિસ્ટર હાર્ડમેન. ત્રણ સેકન્ડ ક્લાસના છે મિસ ડેબેનહેમ, એન્ટોનીઓ ફોસ્કારેલી અને લેડીની નોકરાણી ફ્રોઉલીન સ્મીટ.” પોઈરોએ જણાવ્યું.

“તમે સૌથી પહેલાં કોની સાથે વાત કરશો? ઇટાલિયન સાથે?” મિસ્ટર બુકે પૂછ્યું.

“અરે, તમે તો એ ઇટાલિયનની પાછળ પડી ગયા છો! ના, આપણે લિસ્ટમાં ઉપરથી શરૂઆત કરીશું. મિશેલ, મેડમ પ્રિન્સેસને પૂછો કે એ થોડો સમય આપી શકશે?”

“જી સર.” કહીને મિશેલ કંપાર્ટમેન્ટની બહાર જતા હતા ત્યારે મિસ્ટર બુકે કહ્યું: “કહેજે કે એમને અહીં આવવાનું અનુકૂળ ન હોય તો અમે એમના કંપાર્ટમેન્ટમાં જઈશું.”

પરંતુ પ્રિન્સેસ ડ્રેગોમીરોફ પોતે ડાઇનિંગ કારમાં આવ્યા અને પોઈરોની સામે બેઠાં.

તેમનો નાનો ચહેરો આગલા દિવસ કરતાં વધુ પીળો દેખાતો હતો. તે દેખાવડાં નહોતાં પરંતુ તેમની કાળી, સત્તાવાહી આંખોમાં તેમનામાં છુપાયેલાં શક્તિ અને બુદ્ધિ વ્યકત થતાં હતાં.

એમનો અવાજ બહુ સ્પષ્ટ અને બુલંદ હતો.

મિસ્ટર બુકે માફી માગવાનું શરૂ કર્યું પરંતુ પ્રિન્સેસે હાથના ઇશારાથી એમને અટકાવીને કહ્યું: “તમારે કોઈ માફી માગવાની જરૂર નથી. હું સમજુ છું કે ટ્રેનમાં હત્યા થઈ છે અને દરેક પેસેન્જરની જુબાની લેવી જરૂરી છે. તમે બેધડક થઈને મને પ્રશ્ન પૂછો. હું મારાથી બની શકશે એટલી મદદ કરીશ.”

પોઈરોએ આભારવશ થઈને કહ્યું: “આપ ઘણા સારા છો મેડમ.”

“અરે, આ તો મારી ફરજ છે. બોલો, તમારે શું જાણવું છે?”

"આપણું પૂરું નામ અને ઍડ્રેસ જણાવશો મેડમ? તમારે લખીને દેવું હોય તો..." કહીને પોઈરોએ કાગળ અને પેન્સિલ ધર્યા.

પ્રિન્સેસે કાગળ-પેનને હાથથી દૂર કરીને કહ્યું: "તમે પોતે લખી લો. જરાપણ અઘરું નથી.

નાટાલિયા ડ્રેગોમીરોફ્ફ, ૧૭, ક્લેબર એવેન્યુ, પેરીસ."

"આપ કોન્સ્ટેનટીનોપોલથી પાછાં તમારે ઘરે જઈ રહ્યા છો મેડમ?" પોઈરોએ પૂછ્યું.

"હા, હું ઓસ્ટ્રિયાની ઍમ્બેસીમાં રહેતી હતી. મારી નોકરાણી મારી સાથે છે."

"આપ જણાવશો કે ગઈકાલે ડીનર લીધા પછી આપે શું કર્યું?"

"જરૂર. હું ડાઇનિંગ કારમાં હતી ત્યારે મેં કન્ડક્ટરને મારી પથારી તૈયાર કરી રાખવાનું કહ્યું. જમ્યા પછી હું તરત પથારીમાં પડી અને અગિયાર વાગ્યા સુધી વાંચતી હતી. ત્યાર પછી મેં લાઇટ બંધ કરી દીધી છતાં મને ઊંઘ ન આવી કારણકે મને સાંધાનો દુખાવો છે. આશરે પોણા એક વાગે મેં મારી નોકરાણીને બોલાવી. એણે મને મસાજ કરી આપ્યો અને જ્યાં સુધી મને ઊંઘ ન આવી ત્યાં સુધી એણે પુસ્તકમાંથી વાંચી સંભળાવ્યું. મને યાદ નથી કે એ મારી પાસેથી પોતાની બર્થ પર ક્યારે ગઈ. કદાચ અડધા કલાક પછી, કદાચ મોડી." પ્રિન્સેસે વિગતવાર જવાબ આપ્યો.

"ત્યારે ટ્રેન રોકાઈ ગઈ હતી?"

"હા, ત્યારે ટ્રેન રોકાઈ ગઈ હતી."

"તમે આ સમય દરમ્યાન કોઈ વિચિત્ર અવાજ સાંભળેલો?" પોઈરોએ પૂછ્યું.

"ના, મેં કોઈ વિચિત્ર અવાજ નહોતો સાંભળ્યો." પ્રિન્સેસે જણાવ્યું.

"તમારી મેઇડનું નામ શું છે?"

"હિલ્ડેગાર્ડ સ્મીટ."

"તે તમારી સાથે લાંબા સમયથી છે?

"પંદર વર્ષથી."

પોઈરોએ પૂછ્યું: "તે વિશ્વાસપાત્ર છે?"

"સંપૂર્ણ રીતે." પ્રિન્સેસે કહ્યું: "તેનું કુટુંબ મારા સ્વર્ગસ્થ પતિના જર્મન ઍસ્ટેટમાંથી આવ્યું છે."

"હું માનું છું કે આપ અમેરિકા જઈ આવ્યા છો." પોઈરોએ કહ્યું.

અચાનક વિષય બદલાયો એટલે પ્રિન્સેસે ભવાં ચડાવ્યાં અને કહ્યું: "ઘણી વખત."

"તમે આર્મસ્ટ્રોંગ કુટુંબને ઓળખો? એ કુટુંબ જેમના પર બહુ ખરાબ દુર્ઘટના થયેલી?"

"એ મારા સારા મિત્રો હતા, સર." પ્રિન્સેસે કહ્યું.

"આપ કર્નલ આર્મસ્ટ્રોંગને સારી રીતે ઓળખતાં હતાં?" પોઈરોએ સવાલ કર્યો.

"હું કર્નલને બહુ સારી રીતે નહોતી ઓળખતી પરંતુ તેની પત્ની, સારાહ આર્મસ્ટ્રોંગ મારી દીકરી જેવી હતી. તેની માતા લીન્ડા આર્ડન મારી સખી હતી. લીન્ડા બહુ સારી ઍક્ટ્રેસ હતી. સમગ્ર વિશ્વમાં કરુણ ઍક્ટ્રેસ તરીકે એ બેજોડ હતી. લેડી મેકબેથનો રોલ હોય કે માગદાનો, એની બરોબરી કરી શકે એવું કોઈ નહોતું. હું ફક્ત તેની અદાકારીની પ્રશંસક જ નહોતી. હું એની અંગત સખી પણ હતી."

"એ અવસાન પામ્યાં છે?" પોઈરોએ પૂછ્યું.

"ના, એ હજુ જીવિત છે પણ તદ્દન નિવૃત્ત જીવન ગાળે છે. એમની તબિયત બહુ નાજુક છે અને મોટાભાગે સૂઈ રહે છે." પ્રિન્સેસે કહ્યું.

"મારા ખ્યાલ પ્રમાણે એમને બીજી એક દીકરી હતી."

"હા, એ મિસિસ આર્મસ્ટ્રોંગ કરતાં ઘણી નાની છે."

"તે હયાત છે?"
"અલબત્ત એ હયાત છે." પ્રિન્સેસ કહ્યું.
પોઈરોએ પૂછ્યું: "એ ક્યાં છે?"
પ્રિન્સેસે પોઈરો સામે જરા કરડી નજરે જોઈને પૂછ્યું: "પહેલાં મને એ જણાવો કે આ બધું તમે શા માટે પૂછો છો? આ ટ્રેનમાં હત્યા થઈ છે એને અને તમારા પ્રશ્નોને શું સંબંધ છે?"
"મેડમ, એનો સંબંધ એ છે કે જેની હત્યા થઈ છે એ માણસ મિસિસ આર્મસ્ટ્રોંગની દીકરીના અપહરણ અને હત્યા માટે જવાબદાર હતો." પોઈરોએ ચોખવટ કરતાં કહ્યું.
"આહ...!" પ્રિન્સેસનાં ભવાં તંગ થયાં અને એ થોડા ટટ્ટાર થઈને બોલ્યાં: "તો તો મારા મતે આ હત્યા બહુ સારી ઘટના ગણાય! મારા આવા વલણ માટે મને માફ કરજો."
"તમારો આક્રોશ સમજી શકું છું, મેડમ. તમારો ગુસ્સો સ્વાભાવિક છે. હવે ફરી એ પ્રશ્ન પૂછું જેનો જવાબ તમે નથી આપ્યો. લીન્ડા આર્ડનની નાની દીકરી, મિસિસ આર્મસ્ટ્રોંગની બહેન ક્યાં છે?"
પ્રિન્સેસે જણાવ્યું: "હું એ કહેવા અસમર્થ છું, સર. નવી પેઢી સાથે મારો સંપર્ક તૂટી ગયો છે.
મને યાદ છે ત્યાં સુધી એણે કોઈ ઇંગ્લિશમેન સાથે લગ્ન કરેલાં અને ઇંગ્લૅન્ડ ગયેલી. અત્યારે મને નામ યાદ નથી આવતું."
થોડીવાર રોકાઈને પ્રિન્સેસ બોલ્યાં: "તમારે વધુ કાંઈ પૂછવાનું છે?"
પોઈરોએ કહ્યું: "એક અંગત સવાલ પૂછી શકું? તમારા ડ્રેસિંગ ગાઉનનો રંગ કયો છે?"
પ્રિન્સેસે ફરીવાર સહેજ આંખો ઊંચી કરીને કહ્યું: "હું માનું છું કે આવો સવાલ પૂછવા માટે તમારી પાસે કોઈ કારણ હશે. મારો ડ્રેસિંગ ગાઉન ભૂરાં કલરના સાટીનનો છે."
"બસ, હવે કાંઈ પૂછવાનું બાકી નથી રહેતું. આપે અહીં આવીને આપનો કિંમતી સમય આપ્યો એ માટે હું આભારી છું." પોઈરોએ કહ્યું.
પ્રિન્સેસ ઊભા થઈને બહાર જવા તૈયાર થયાં. તેમની સાથે બીજા ઊભા થયા. અચાનક પ્રિન્સેસે અટકીને પોઈરોને પૂછ્યું: "સર, તમારું નામ શું છે? તમારો ચહેરો જાણીતો લાગે છે."
"મેડમ, મારું નામ હરક્યુલ પોઈરો છે. આપની સેવામાં હાજર." પોઈરોએ કહ્યું.
પ્રિન્સેસ થોડીવાર શાંત રહ્યાં અને પછી બોલ્યાં, "હરક્યુલ પોઈરો...હમમમ હવે યાદ આવ્યું. આ તો તકદીરનો ખેલ કહેવાય!"
પ્રિન્સેસ ટટ્ટાર થઈને કડક ચાલે કંપાર્ટમેન્ટની બહાર ગયાં.
"જાજરમાન લેડી છે ને?" મિસ્ટર બુકે કહ્યું. "મિત્ર, તમે એમના વિષે શું વિચારો છો?"
પોઈરોએ માથું ધુણાવતાં કહ્યું: "હું વિચારું છું કે એ 'નિયતિ' દ્વારા શું કહેતા હતા?"

પ્રકરણ–૭
કાઉન્ટ અને કાઉન્ટેસ એન્ડ્રેનીની જુબાની

કાઉન્ટ અને કાઉન્ટેસ એન્ડ્રેનીને બોલાવવમાં આવ્યા પરંતુ એકલા કાઉન્ટ આવ્યા.

છ ફૂટ ઊંચાઈ અને પહોળા ખભા ધરાવનાર કાઉન્ટ હેન્ડસમ હતા. તેઓ ઇંગ્લિશ ડ્રેસમાં સજ્જ હતા અને એમને જો લાંબી મૂછ ન હોત તો તે ઇંગ્લિશમેન જ લાગત.

"ફરમાવો સર, હું તમારે માટે શું કરી શકું?" કાઉન્ટ બોલ્યા.

પોઈરોએ કહ્યું: "સર, આપ સમજી શકશો કે જે ઘટના બની છે એને કારણે મારે દરેક મુસાફરને અમુક પ્રશ્નો પૂછવા જરૂરી બન્યા છે."

કાઉન્ટે આ વાત સરળતાથી સ્વીકારતા કહ્યું: "હા, હું તમારી સ્થિતિ સમજી શકું છું. જો કે હું અથવા કાઉન્ટેસ આ બાબતમાં બહુ મદદ નહીં કરી શકીએ. અમે બંને તો સૂતા હતા અને અમે કાંઈ સાંભળ્યું કે જોયું નથી."

"તમે જેની હત્યા થઈ તેને ઓળખો છો?"

"પેલો અમેરિકન ને? એનો ચહેરો દીઠો ગમે એવો નહોતો. એને આ ટેબલ પર જ જોયેલો."

કાઉન્ટે ઇશારાથી પોઈરો અને મિસ્ટર બુક જે ટેબલ પર બેઠા હતા તે દર્શાવ્યું. પોઈરોએ કહ્યું: "સર, તમારી વાત સાચી છે. હું એમ પૂછું છું કે તમને જેની હત્યા થઈ તેનું નામ ખબર છે?"

"ના." કાઉન્ટને આ પ્રશ્ન વિચિત્ર લાગ્યો હોય એવા ભાવ એમના ચહેરા પર આવ્યા. "તમારે એનું નામ જાણવું હોય તો એના પાસપોર્ટ ઉપર લખ્યું જ હશે."

પોઈરોએ જણાવ્યું: "પાસપોર્ટ પર એનું નામ રાટચેટ છે. પરંતુ સર, એ એનું સાચું નામ નથી. એનું સાચું નામ કાસેટી છે. એ અમેરિકાના નામચીન અપહરણ કેસનો મુખ્ય આરોપી હતો."

પોઈરો આ કહેતી વખતે કાઉન્ટના ચહેરાના હાવભાવ ધ્યાનથી જોતાં હતા પણ આ સમાચારની કાઉન્ટ પર કાંઈ અસર ન થઈ. ફક્ત એમની આંખો જરા વધારે ચમકી.

"ઓહ!" કાઉન્ટ બોલ્યા. "એ બાબત આ હત્યાના મામલા પર કાંઈક પ્રકાશ ફેંકી શકે. અમેરિકા તો અદ્ભુત દેશ છે."

"સર, તમે ત્યાં જઈ આવ્યા છો?" પોઈરોએ પૂછ્યું.

"હા, હું વૉશિંગ્ટનમાં એક વર્ષ રહેલો." કાઉન્ટે જણાવ્યું.

"તમે કદાચ આર્મસ્ટ્રોંગ ફૅમિલીને ઓળખતા હશો?"

"આર્મસ્ટ્રોંગ...આર્મસ્ટ્રોંગ... યાદ નથી આવતું. ઘણા લોકોને મળવાનું બન્યું છે." કાઉન્ટ આછું હસીને બોલ્યા અને કહ્યું: "મૂળ વાત પર પાછા આવીએ. હું તમને મદદ કરવા વધુ શું કરી શકું?"

"તમે સૂવા માટે ક્યારે ગયેલા?" પોઈરોએ પૂછ્યું. તેમણે કોચના નકશામાં જોયું કે કાઉન્ટ અને કાઉન્ટેસ કંપાર્ટમેન્ટ નંબર ૧૨ અને ૧૩માં હતા.

"અમે ડીનર લેતા હતા ત્યારે કન્ડક્ટરને એક કંપાર્ટમેન્ટમાં પથારી તૈયાર કરવાનું કહેલું. ડીનર પછી અમે થોડો વખત બીજા કંપાર્ટમેન્ટમાં બેઠા હતા."

"કયા નંબરના કંપાર્ટમેન્ટમાં?"

"તેર નંબરના. અમે થોડો વખત પત્તા રમ્યા. પછી અગિયાર વાગે મારી પત્ની સૂઈ ગઈ. કન્ડક્ટરે મારી પથારી કરી આપી એટલે હું પણ સૂઈ ગયો તે છેક સવારે ઊઠ્યો." કાઉન્ટે કહ્યું.

"ટ્રેન રોકાઈ ગયેલી તેની તમને ખબર પડેલી?" પોઈરોએ પૂછ્યું.

કાઉન્ટે કહ્યું: "ના, મને તેની સવારે જ ખબર પડી."

"તમારા પત્નીને પણ..." પોઈરોનો પ્રશ્ન પૂરો થાય તે પહેલાં કાઉન્ટ હસીને બોલ્યાઃ "તે જ્યારે ટ્રેનની મુસાફરી કરે છે ત્યારે ઊંઘની દવા લઈ લે છે. ગઈકાલે પણ એણે લીધેલી."

થોડું રોકાઈને કાઉન્ટ બોલ્યાઃ "સૉરી, પણ હું તમને વધારે મદદ કરી શકું એમ નથી."

પોઈરોએ કહ્યું: "થૅન્ક્યુ કાઉન્ટ. હવે એક ઔપચારિકતા પૂરી કરવાની છે. આપનું નામ અને ઍડ્રેસ આ કાગળ પર લખી આપશો, પ્લીઝ?"

કાઉન્ટે ચીવટપૂર્વક પોતાનું નામ અને ઍડ્રેસ લખી આપતાં કહ્યું: "આ હું લખું છું એ જ ઠીક છે. મારી ભાષા ન જાણતા હોય તેને માટે મારા ઍસ્ટેટનો સ્પેલિંગ લખવો અઘરો છે."

એમણે પોઈરોને કાગળ પાછો આપતાં ઉમેર્યું: "મને નથી લાગતું કે મારી વાઇફને અહીં આવવાની જરૂર છે. તે તમને વધારાનું કાંઈ નહીં કહી શકે."

પોઈરોની આંખમાં ચમક દેખાઈ અને એમણે કહ્યું: "હું પણ એમ માનું છું પરંતુ મારે મેડમ સાથે થોડી વાત કરવી છે."

"હું તમને ખાતરીથી કહું છું કે એની જરૂર નથી." કાઉન્ટના અવાજમાં સત્તાનો ભાવ ભળેલો.

પોઈરોએ એમની સામે શાંત નજરે જોઈને કહ્યું: "આમાં જરાપણ સમય નહીં લાગે. આપ સમજી શકશો કે મારે જે રિપોર્ટ આપવાનો છે એના માટે આ જરૂરી છે."

"ઠીક છે, તમારી મરજી." બોલીને કાઉન્ટ અક્કડ ચાલે કંપાર્ટમેન્ટની બહાર ગયા.

પોઈરોએ એમનો પાસપોર્ટ હાથમાં લઈને જોયો. એમાં કાઉન્ટનું નામ અને તેમના હોદ્દા લખેલા. વધુ માહિતીમાં લખેલું પત્ની સાથે છે. પત્નીનું ક્રિશ્ચિયન નામ એલીના મારિયા. લગ્ન પહેલાંનું નામ ગોલ્ડબર્ગ. ઉંમર વીસ વર્ષ. આ પાના પર ગ્રીસનું એક ટપકું પડેલું.

મિસ્ટર બુકે કહ્યું: "આ ડિપ્લોમેટીક પાસપોર્ટ છે. આપણે ધ્યાન રાખવું પડશે કે એમની સાથે કાંઈ અજુગતું વર્તન ન થઈ જાય. આ લોકો કોઈ રીતે હત્યા સાથે સંડોવાયેલા ન હોય."

"ફિકર નહીં કરો મિત્ર. હું બહુ સાચવીને વાત કરીશ." પોઈરોએ કહ્યું.

કાઉન્ટેસ એન્ડ્રીનયી ડાઇનિંગ કારમાં આવ્યાં. એ સરળ અને ખુશમિજાજ દેખાતાં હતાં.

"સર, આપે મારી સાથે વાત કરવી હતી?" કાઉન્ટેસે પૂછ્યું.

પોઈરોએ ઊભા થઈને એમને સામેની ખુરશીમાં બેસવા ઈશારો કર્યો અને કહ્યું: "એક નાની ઔપચારિકતા છે મેડમ. મારે ફક્ત એટલું જ જાણવું છે કે ગઈકાલે રાતે તમે કાંઈ એવું જોયેલું કે સાંભળેલું, જે આ ઘટના પર પ્રકાશ પાડી શકે?"

"નહિ સર. મેં કાંઈ જોયું કે સાંભળ્યું નથી. હું તો સૂઈ ગઈ હતી."

"તમને તમારી બાજુના કંપાર્ટમેન્ટમાંથી અવાજ નહોતો આવેલો? ત્યાં જે લેડી છે એમણે તો બેલ વગાડીને કન્ડક્ટરને બોલાવેલો અને બહુ ઉત્પાત કરેલો." પોઈરોએ જણાવ્યું.

"નહીં સર, મેં કાંઈ નહોતું સાંભળેલું. હું ઘેનની દવા લઈને સૂઈ ગયેલી." કાઉન્ટેસે જણાવ્યું.

"અચ્છા, સમજ્યો. તમારે વધારે રોકવાની જરૂર નથી." પોઈરોએ કહ્યું. જેવા કાઉન્ટેસ ઊભા થયા કે પોઈરોએ પૂછ્યું: "એક મિનિટ, આ તમારું નામ, ઉંમર અને બીજી વિગતો બરાબર છે ને?"

કાઉન્ટેસે કહ્યું: "હા, બરાબર છે."

પોઈરોએ કાગળ પર આંગળી મૂકીને કહ્યું: "તો જરા અહીં સહી કરી આપશો?"

કાઉન્ટેસે ઝડપથી, સારા અક્ષરોમાં એલીના એન્ડ્રીનયી લખી આપ્યું.

"તમે તમારા પતિ સાથે અમેરિકા ગયેલા?" પોઈરોએ પૂછ્યું.

"ના સર. ત્યારે અમારાં લગ્ન નહોતાં થયાં. અમારાં લગ્ન હજુ એક વર્ષ પહેલાં જ થયાં."

"ઓ.કે. સારું. તમારા પતિ પાઇપ પીવે છે?" પોઈરોએ સવાલ કર્યો.

કાઉન્ટેસે જણાવ્યું: "ના, તેઓ સિગરેટ અને સિગાર પીએ છે."

"થૅન્ક્યુ મેડમ."

કાઉન્ટેસ જતાં જતાં પોઈરો સામે જોઈ રહ્યાં. તેમની સુંદર બદામી આંખો પર મોટી પાંપણ ઝૂલતી હતી. એમના લાલચટ્ટક હોઠ તેમના સૌંદર્યને ઓપ આપતા હતા. તેમણે પૂછ્યું: "તમે મને આવો સવાલ કેમ કર્યો?"

"અરે મેડમ. ડિટેક્ટિવને તો તરેહ તરેહના સવાલ પૂછવા પડે. દાખલા તરીકે મને કહેશો કે તમે કયા રંગનો ગાઉન પહેરો છો?" પોઈરોએ કહ્યું.

કાઉન્ટેસ પોઈરો સામે થોડી વાર જોઈ રહ્યાં અને પછી હસીને બોલ્યાં: "કોર્ન રંગનો શીફોનનો ગાઉન. આ બહુ મહત્ત્વનું છે?"

"ઘણું જ મહત્ત્વનું છે, મેડમ." પોઈરોએ જણાવ્યું.

"તમે સાચે જ ડિટેક્ટિવ છો?" કાઉન્ટેસે આતુરતાથી પૂછ્યું. "જી મેડમ. હું ડિટેક્ટિવ છું."

"જ્યારે આપણે યુગોસ્લાવિયામાંથી પસાર થયા ત્યારે મને થયું કે આ ટ્રેનમાં કોઈ ડિટેક્ટિવ નથી. ઇટાલી સુધી નહીં." કાઉન્ટેસ બોલ્યાં.

"હું યુગોસ્લાવિયાનો ડિટેક્ટિવ નથી. હું તો આંતરરાષ્ટ્રીય ડિટેક્ટિવ છું." પોઈરોએ કહ્યું.

"તમે રાષ્ટ્રસંઘના ડિટેક્ટિવ છો?"

"મેડમ, હું તો આખા જગતનો ડિટેક્ટિવ છું." પોઈરોએ જરા નાટકીય અંદાજમાં કહ્યું. "હું લંડનમાં રહું છું. તમે અંગ્રેજી બોલો છો?"

"હા, થોડું ઘણું બોલું છું." કાઉન્ટેસે કહ્યું.

પોઈરોએ ઝૂકીને કહ્યું: "બસ, તમને વધુ વખત નહીં રોકીએ. જોયું? આપણી વાતચીતમાં બહુ વાર ન લાગી ને?"

કાઉન્ટેસ સહેજ હસીને બહાર ગયાં.

"બહુ સુંદર લેડી છે." મિસ્ટર બુક બોલ્યા. "પણ આપણને કાંઈ મહત્ત્વની માહિતી ન મળી."

"સાચું. આ બે જણાં એવાં હતાં જેમણે કાંઈ જોયું કે સાંભળ્યું નહીં." પોઈરોએ કહ્યું.

"હવે પેલા ઇટાલિયનને બોલાવીએ?" મિસ્ટર બુકે પૂછ્યું.

પોઈરોએ તરત જવાબ ન આપ્યો. એ કાઉન્ટના પાસપોર્ટ પર પડેલા ગ્રીસના ડાઘાનું ઝીણવટથી નિરીક્ષણ કરતા હતા.

પ્રકરણ–૮
કર્નલ આર્બથનોટનું બયાન

પોઈરો બટન જોતાં જોતાં અચાનક ઊભા થઈ ગયા. એમની આંખો ચમકતી હતી. એમણે મિસ્ટર બુકની સામે જોઈને કહ્યું: “મારા મિત્ર, લોકો કહે છે કે હું હમણાં હમણાં ‘સ્નોબ’ થઈ ગયો છું. ધનિકોને વધુ મહત્ત્વ આપું છું. એટલે આપણે પહેલાં ફર્સ્ટ ક્લાસના મુસાફરો સાથે વાત કરીશું અને પછી સેકન્ડ ક્લાસના મુસાફરો સાથે. હવે આપણે કર્નલ આર્બથનોટ સાથે વાત કરીશું.”

કર્નલને ફ્રેંચ ભાષા નહોતી આવડતી એટલે પોઈરોએ એમની સાથે ઇંગ્લિશમાં વાતો કરી.

તેમનું નામ, ઉંમર, ઍડ્રેસ અને મિલિટરીમાં એમની શું રેન્ક હતી તે જાણ્યા પછી પોઈરોએ પ્રશ્નો પૂછવાના શરૂ કર્યા.

“આપ ભારતથી તમારા ઘરે રજા પર જઈ રહ્યા છો?”

કર્નલ આર્બથનોટે ઇંગ્લિશ લોકોની ટેવ પ્રમાણે ટૂંકો જવાબ આપ્યો: “હા.”

પોઈરોએ પૂછ્યું: “તમે સ્ટીમરમાં જવાનું પસંદ ન કર્યું?”

ફરી ટૂંકો જવાબ આવ્યો “ના.”

પોઈરોએ પૂછ્યું: “શા માટે નહીં?”

કર્નલે કહ્યું: “હું ટ્રેનમાં મારા અંગત કારણોને લીધે આવ્યો.” એમના અવાજમાં એવો ભાવ હતો કે જાણે ‘મારી વાતમાં બહુ દખલ નહીં કરવાની’ એમ કહેતા હોય!

“તમે ભારતથી સીધા આવ્યા?”

કર્નલે શુષ્ક અવાજમાં જવાબ આપ્યો: “હું એક દિવસ Chaldees અને ત્રણ દિવસ બગદાદમાં રોકાયો હતો. ત્યાંનો ઑફિસર મારો જૂનો મિત્ર છે.”

“તમે ત્રણ દિવસ બગદાદમાં રોકાયા?” પોઈરોએ કહ્યું: “હું માનું છું કે પેલી ઇંગ્લિશ યુવતી, મિસ ડેબેનહેમ પણ બગદાદથી આવ્યાં છે. તમે કદાચ તેમને બગદાદમાં મળેલા?”

“ના, હું નહોતો મળ્યો. હું મિસ ડેબેનહેમને પહેલીવાર ત્યારે મળ્યો જ્યારે અમે ટ્રેનમાં કિરકુકથી નીસીબીન આવ્યાં.” કર્નલે જણાવ્યું.

પોઈરોએ કર્નલ તરફ જરા ઝૂકીને કહ્યું: “સર, હું તમને એક વિનંતી કરું છું. આ ટ્રેનમાં ફક્ત તમે અને મિસ ડેબેનહેમ ઇંગ્લિશ છો. મારે માટે એ જાણવું જરૂરી બને છે કે તમે બંને એકબીજા માટે શું અભિપ્રાય ધરાવો છો?”

કર્નલ આર્બથનોટે ઠંડા અવાજે કહ્યું: “આ બહુ વિચિત્ર સવાલ છે.”

પોઈરોએ કહ્યું: “ના સર. શક્ય છે કે આ હત્યા કોઈ સ્ત્રીએ કરેલી છે. મરનાર પર બાર વખત છરાના ઘા થયેલા છે. ટ્રેનના મૅનેજરનું પણ માનવું છે કે આ હત્યા કોઈ સ્ત્રીએ કરેલી છે. આ સંજોગોમાં મારી ફરજ છે કે ઈસ્તંબુલ–કાલાઈસ કોચમાં જેટલી સ્ત્રીઓ હોય તેમની તપાસ કરવી. ઇંગ્લિશ સ્ત્રીઓ બહુ ઓછાબોલી હોય છે એટલે એમની પાસેથી માહિતી મેળવવાનું કામ કપરું હોય છે. હું યોગ્ય ન્યાય થાય તેને માટે આપને વિનંતિ કરું છું કે આપ જણાવો કે મિસ ડેબેનહામ કેવા પ્રકારની વ્યક્તિ છે? તમારો એના માટે શું અભિપ્રાય છે?”

“મિસ ડેબેનહામ એક સન્નારી છે.” કર્નલે જણાવ્યું.

પોઈરો આ વાતથી પ્રસન્ન થયા હોય એમ બોલ્યા: “ઓહ, તો તમે માનો છો કે તેઓ આ અપરાધમાં કોઈ રીતે સંડોવાયેલાં નથી.”

કર્નલ આર્બથનોટે કહ્યું: “આ વિચાર જ સાવ વાહિયાત છે. એ માણસને તો મિસ ડેબેનહામે

ક્યારેય જોયો પણ નહોતો."

"એમણે તમને આ વાત કરેલી?"

"હા, કરેલી. એને જોઈને જ મિસ ડેબેનહામે તેના બિહામણા દેખાવ વિષે કૉમેન્ટ કરેલી. તમારી માન્યતા મુજબ આ હત્યામાં જો કોઈ સ્ત્રીનો હાથ હોય તો હું તમને ખાતરીપૂર્વક કહી શકું કે એ મિસ ડેબેનહામ ન હોઈ શકે."

"તમે આ બાબતમાં બહુ દૃઢ અભિપ્રાય ધરાવો છો, ખરું?" પોઈરોએ પૂછ્યું.

કર્નલે ઠંડી, કરડાકીભરી નજરે પોઈરોને જોઈને કહ્યું: "તમે કહેવા શું માગો છો?"

પોઈરો જરા ઝંખવાણા પડી ગયા હોય એમ એમની સામે પડેલા કાગળો તપાસવા લાગ્યા.

થોડીવાર પછી એમણે કહ્યું: "હવે મૂળ મુદ્દા પર આવીએ. અમારું માનવું છે કે અપરાધ ગઈકાલે રાતે એક વાગીને પંદર મિનિટે થયો. એટલે દરેક મુસાફર પાસેથી એ જાણવું જરૂરી બને છે કે તે એ સમયે શું કરતા હતા."

કર્નલે જવાબ આપતાં કહ્યું: "હું તમારી વાત સમજી શકું છું. મને યાદ છે ત્યાં સુધી એક વાગીને પંદર મિનિટે હું પેલા અમેરિકન સાથે વાત કરતો હતો. જે મૃતકનો સેક્રેટરી હતો."

"મિસ્ટર મેકક્વીન સાથે?"

"હા."

"તમે એના કંપાર્ટમેન્ટમાં હતા કે તમારા?" પોઈરોએ પૂછ્યું.

"હું એના કંપાર્ટમેન્ટમાં હતો." કર્નલે જણાવ્યું.

"એ તમારા મિત્ર અથવા ઓળખીતા થાય?"

કર્નલે કહ્યું: "ના, હું એને પહેલાં ક્યારેય નથી મળ્યો. ગઈકાલે વાતો કરવા લાગ્યા અને એકબીજાની વાતમાં અમને રસ પડ્યો. આમ તો મને અમેરિકન ગમતા નથી..."

પોઈરોના ચહેરા પર આછું સ્મિત આવ્યું. મેકક્વીને પણ બ્રિટિશરો માટે કાંઈક આવું જ કહેલું.

"પરંતુ મને આની સાથે મજા પડી." કર્નલે વાત ચાલુ રાખતા કહ્યું. "એને ભારતમાં શું ચાલી રહ્યું છે એની વિષે ખોટા ખ્યાલ છે. અમેરિકનોની આ જ તકલીફ છે. તે લોકો વધુ પડતા લાગણીશીલ અને સિદ્ધાંતવાદી હોય છે. મેં ભારતમાં ત્રીસ વર્ષ ગાળ્યાં છે એટલે એને મારી વાતમાં રસ પડ્યો. પછી એણે અમેરિકાની હાલની નાણાકીય સ્થિતિ વિશે વાતો કરી. ત્યારબાદ અમે વિશ્વમાં ચાલતા રાજકારણની વાતો કરી. મેં ઘડિયાળમાં જોયું તો વાતોમાં પોણા બે વાગી ગયેલા!"

"આ સમયે તમે લોકો છૂટા પડ્યા?" પોઈરોએ પૂછ્યું.

"હા."

"પછી તમે શું કર્યું?"

"મારા કંપાર્ટમેન્ટમાં જઈને સૂઈ ગયો."

પોઈરોએ પૂછ્યું: "તમારી પથારી તૈયાર હતી?"

"હા."

"તમે ૧૫ નંબરના કંપાર્ટમેન્ટમાં છો, ખરું? ડાઇનિંગ કારના સામા છેડે."

કર્નલે ટૂંકા જવાબ આપવાનું ચાલુ રાખ્યું: "હા."

"તમે જ્યારે કંપાર્ટમેન્ટમાં ગયા ત્યારે કન્ડક્ટર ક્યાં હતો?" પોઈરોએ સવાલ કર્યો.

"એ કોચના છેડે પોતાના ટેબલ પર બેઠો હતો. હું કંપાર્ટમેન્ટમાં ગયો ત્યારે મેકક્વીને કન્ડક્ટરને બોલાવેલો." કર્નલે જણાવ્યું.

"શા માટે બોલાવેલો?"

"હું માનું છું કે મેકક્વીને પોતાની પથારી તૈયાર કરવા માટે કન્ડક્ટરને બોલાવેલો."

પોઈરોએ કહ્યું: "કર્નલ, હવે જે પૂછું છું તેનો બરાબર યાદ કરીને જવાબ દેજો. તમે અને મેકક્વીન વાતો કરતા હતા ત્યારે તમારા કંપાર્ટમેન્ટની બહારથી કોઈ પસાર થયેલું?"

કર્નલે કહ્યું: "ઘણા લોકો પસાર થયેલા. મારું એ તરફ ધ્યાન નહોતું."

"ઓ.કે. પરંતુ હું છેલ્લા દોઢ કલાકની વાત કરું છું. તમે વિન્કોવસી સ્ટેશને ઊતરેલા ને?"

"હા, અમે ઊતરેલા પણ બીજી મિનિટે ટ્રેનમાં પાછા આવી ગયેલા. શું ઠંડો પવન ફૂંકાતો હતો! કેવી ડરામણી ઠંડી હતી ! ટ્રેનમાં પાછા આવીને હાશકારો થયેલો. જો કે આ ટ્રેનમાં જે હીટર લગાડ્યા છે એને કારણે ગરમી પણ બહુ થાય છે." કર્નલે કહ્યું.

મિસ્ટર બુક બોલ્યાઃ "બધા મુસાફરોને રાજી રાખવાનું બહુ અઘરું છે. ઇંગ્લિશ લોકો આવીને બધું ખોલી નાખે છે. બીજા લોકો બધું બંધ કરી દે છે. બધાને કઈ રીતે રાજી રાખવા?"

પોઈરોએ અને કર્નલે આ વાત પર ધ્યાન ન આપ્યું.

"સર, બરાબર યાદ કરીને કહેજો... તમે કડકડતી ઠંડીમાંથી પાછા આવ્યા. પછી કદાચ તમે સિગરેટ અથવા પાઇપ પીધાં હશે..." પોઈરોએ કહ્યું.

"હું પાઇપ પીવું છું. મેકક્વીન સિગારેટ પીવે છે." કર્નલે જણાવ્યું.

"ટ્રેન શરૂ થઈ ગઈ છે. તમે પાઇપ પીતા પીતા ભારત, અમેરિકા અને વિશ્વની વાતો કરો છો. રાત ઘણી વીતી ગઈ છે. મોટાભાગના મુસાફરો સૂઈ ગયા છે. હવે યાદ કરીને કહો. કોઈ દરવાજા પાસેથી પસાર થયેલું?" પોઈરોએ સવાલ કર્યો.

આર્બથનોટના કપાળ પર કરચલી પડી. તેમણે કહ્યું: "એ કહેવું અઘરું છે. મારું ધ્યાન નહોતું."

"અરે સાહેબ, તમે તો કર્નલ છો. તમને તો જોયા વિના પણ ઘણી ખબર પડે. યાદ કરો."

કર્નલે ફરી યાદ કરવા પ્રયત્ન કર્યો પણ માથું ધુણાવીને કહ્યું: "હું ન કહી શકું. કન્ડક્ટર સિવાય મેં બીજા કોઈને પસાર થતા જોયા નહોતા. અરે એક મિનિટ, મેં એક લેડીને જોયેલી!"

પોઈરોએ પૂછ્યું: "અચ્છા એ વૃદ્ધ હતાં કે જુવાન?

કર્નલે ફરી કહ્યું: "એ ખ્યાલ નથી. મારું એ તરફ ધ્યાન નહોતું. મેં ફક્ત કપડાંનો આછો અવાજ સાંભળ્યો અને સેંટની સુગંધ અનુભવી."

"સેંટની સુગંધ? એ ઉચ્ચ પ્રકારનું સેંટ હતું?"

"એ અત્તરની સુગંધ તો સો ફૂટ દૂર પહોંચતી હશે! પણ એક વાત કહી દઉં હો." કર્નલે ઉતાવળે ચોખવટ કરતાં કહ્યું: "આ કદાચ સાંજે પણ બન્યું હોય. તમે કહ્યું એમ આ વાત અનાયાસે જ મારા ધ્યાનમાં આવી હતી. એ સાંજે મને વિચાર આવેલો. 'કોઈક લેડીએ બહુ મહેકતું અત્તર લગાડ્યું છે.' પરંતુ હું કહી ન શકું કે આવો વિચાર મને ક્યારે આવ્યો... અરે હા...યાદ આવ્યું. આ વિન્કોવસી સ્ટેશન ગયા પછી બન્યું હશે."

"તમને એવું શા માટે લાગે છે?" પોઈરોએ પૂછ્યું.

"કારણકે હું રશિયામાં સ્તાલિનની પંચવર્ષીય યોજના કેવી સરિયામ નિષ્ફળ ગઈ છે તેની વાત કરતો હતો. કોઈ સ્ત્રી પસાર થઈ એમ આભાસ થયો એટલે રશિયામાં સ્ત્રીઓની કેવી હાલત હશે તેનો વિચાર આવ્યો અને મને યાદ છે કે અમે રશિયાની વાતો છેક છેલ્લે કરેલી."

કર્નલે કહ્યું: "આનાથી વધુ ચોક્કસ રીતે તેનો સમય નક્કી થઈ શકે?" પોઈરોએ પૂછ્યું.

"ના. આનાથી વધુ નહીં. એમ માની શકાય કે બધું છેલ્લા અડધા કલાકમાં બન્યું હશે."

"ટ્રેન ત્યારે ઊભી રહી ગયેલી?"

"હા, એટલું ચોક્કસ છે." કર્નલે જણાવ્યું.

"ઠીક છે, કર્નલ સાહેબ, તમે ક્યારેય અમેરિકા ગયા છો?" પોઈરોએ પૂછ્યું.

"ના. હું ગયો નથી અને મારે જવું પણ નથી." કર્નલે જરા કરડાકીથી કહ્યું.

"આપ કર્નલ આર્મસ્ટ્રોંગને જાણતા હતા?"

"આર્મસ્ટ્રોંગ...આર્મસ્ટ્રોંગ. હું બે-ત્રણ આર્મસ્ટ્રોંગને ઓળખું છું. ટોમી આર્મસ્ટ્રોંગ... સેલ્બી આર્મસ્ટ્રોંગ. જો કે સેલ્બીનું તો અવસાન થયું છે." કર્નલે જવાબ આપ્યો.

પોઈરોએ જણાવ્યું: "હું એ કર્નલ આર્મસ્ટ્રોંગની વાત કરું છું જેમના લગ્ન અમેરિકન લેડી સાથે થયેલા અને જેમના એકમાત્ર સંતાનનું અપહરણ અને હત્યા થયેલી."

કર્નલે જણાવ્યું: "હા, એ વિષે હું જાણું છું. બહુ આઘાતજનક ઘટના. હું જો કે ક્યારેય ટોબી આર્મસ્ટ્રોંગને મળ્યો નહોતો પણ મેં એના વિષે સાંભળેલું. બધા એના વખાણ કરતાં હતાં. એની કારકિર્દી પણ બહુ સારી હતી. તેને વિક્ટોરિયા ક્રૉસ એનાયત થયેલો."

"ગઈકાલે જે માણસની હત્યા થઈ તે આર્મસ્ટ્રોંગના સંતાનના અપહરણ અને હત્યા માટે જવાબદાર હતો." પોઈરોએ કહ્યું.

કર્નલે ગંભીર ચહેરે કહ્યું: "તો તો એ નરાધમને યોગ્ય સજા મળી! જો કે મારા મતે તેને કાયદાકીય રીતે ફાંસી અથવા ઇલેક્ટ્રિક ચેરથી મૃત્યુ મળ્યું હોત તો વધારે સારું કહેવાત."

"કર્નલ, તમે અંગત રીતે વેરની વસૂલાત થાય તેના બદલે કાયદાકીય રીતે ગુનેગારને સજા થાય તે વધુ સારું એમ માનો છો?" પોઈરોએ પૂછ્યું.

કર્નલે જવાબ આપતાં કહ્યું: "બધા જો વેરઝેરને કારણે માફિયાની જેમ હત્યા કરવા લાગે તો કેટલી અરાજકતા ફેલાઈ જાય? હું તો માનું છું કે જ્યુરી દ્વારા કેસ ચાલે અને સજા થાય તે શ્રેષ્ઠ છે."

પોઈરોએ થોડો વખત કર્નલ સામે જોઈને કહ્યું: "હું માનું છું કે તમે આમ જ વિચારો. કર્નલ, મારે હવે વધારે કાંઇ પૂછવાનું રહેતું નથી. તમને પોતાને ગઈકાલે રાતે એવું કાંઈ દેખાયેલું જેને રહસ્યમય ગણી શકાય?"

કર્નલે થોડો વિચાર કરીને કહ્યું: "ના, મને એવું કાંઈ દેખાયું નહોતું... સિવાય કે..."

પોઈરોએ કહ્યું: "પ્લીઝ જણાવો."

"એને કાંઈ ન ગણાય પણ તમે 'કાંઈ પણ' હોય તે કહેવા જણાવ્યું એટલે મને યાદ આવ્યું."

"હા, બોલો."

કર્નલે કહ્યું: "હું મારા કંપાર્ટમેન્ટમાં જતો હતો ત્યારે મારા પછીના કંપાર્ટમેન્ટનું બારણું... એટલે કે ૧૬ નંબરનું બારણું સહેજ ખૂલેલું હતું. એમાંથી એક જણે ચોરીછૂપીથી બહાર જોયું અને તરત બારણું બંધ કરી દીધું. અલબત્ત એનું કાંઈ મહત્ત્વ નથી પણ મને આ જરા વિચિત્ર લાગ્યું. કોઇ બારણું ખોલીને બહાર જુએ એમાં કાંઇ ખોટું નથી, પણ એણે જે રીતે ઝડપથી બારણું બંધ કરી દીધું એને કારણે મને એ યાદ રહી ગયું."

"હમમમ.." પોઈરોએ કહ્યું.

"હું તો માનું છું કે આ વાતમાં કાંઈ નથી, પરંતુ મોડી રાતે બધું સૂમસામ હતું એમાં આ વાત કોઈ ડિટેક્ટિવ સ્ટોરીમાં બનતી હોય એવી લાગી. કદાચ મારા મનનો વહેમ છે." કર્નલે કહ્યું અને ઊભા થતાં બોલ્યાઃ "મારું કાંઈ કામ ન હોય તો..."

પોઈરોએ કહ્યું: "થૅન્ક્યુ, કર્નલ. વધુ કાંઈ કામ નથી."

કર્નલે થોડું અચકાતાં કહ્યું: "મિસ ડેબેનહામ માટે જણાવું કે તે નિર્દોષ છે. સારા ઘરની છે."

કર્નલ બહાર ગયા એટલે ડૉક્ટર કોન્સ્ટનટાઇને પૂછ્યું: "આ 'સારા ઘરની'નો અર્થ શું?"

"એનો અર્થ એમ કે મિસ ડેબેનહામના પિતા અને ભાઈઓ પણ કર્નલની જેમ ખાનદાની છે."

"આહ, એ વાતને અને આ અપરાધને તો કાંઈ લાગતું વળગતું નથી." ડૉક્ટર બોલ્યા.

પોઈરો જાણે દિવસે સપનું જોતાં હોય તેમ ખોવાયેલા હતા. તેમની આંગળીઓ ટેબલ પર ધીમે ધીમે ડ્રમ વગાડતી હોય તેમ ફરતી હતી. થોડીવારે તેમણે કહ્યું: "કર્નલ આર્બથનોટ પાઇપ પીવે છે. મેં રાટચેટના કંપાર્ટમેન્ટમાં પાઇપ ક્લીનર જોયેલું. મિસ્ટર રાટચેટ તો સિગાર પીતા હતા."

"તમે એમ વિચારો છો...."

પોઈરોએ ડૉક્ટરની વાત વચ્ચેથી કાપતાં કહ્યું: "અત્યાર સુધીમાં ફક્ત એ જ એવા છે જે પાઇપ પીવે છે. તે આર્મસ્ટ્રોંગને નામથી જાણતા હતા એમ કહે છે. કદાચ ઓળખતા હશે તો પણ નહીં કહેતા હોય."

"તમને લાગે છે કે એ શક્ય છે?"

પોઈરોએ મક્કમ રીતે માથું ધુણાવતા કહ્યું: "ના! મને એ શક્ય નથી જ લાગતું કે આવા માનનીય ઇંગ્લિશમેન પોતાના શત્રુની દસવાર છરીના ઘા કરીને હત્યા કરે. તમને નથી લાગતું કે આ કેટલું અશક્ય છે?"

મિસ્ટર બુક બોલ્યાઃ "આ તો સાઇકૉલૉજીની વાત થઈ."

પોઈરોએ કહ્યું: "એ સાઇકૉલૉજીનું ધ્યાન રાખવા જેવું ખરું જ. આ અપરાધ કોઈ ચોક્કસ સ્ટાઇલથી કરવામાં આવ્યો છે પરંતુ તે સ્ટાઇલ કર્નલ આર્બથનોટની નથી જ. ચાલો, આપણે હવે પછીના મુસાફર સાથે વાત કરીએ."

આ વખતે બુકે ઇટાલિયન વિષે ન પૂછ્યું, જો કે તે વાત એમના મનમાં આવેલી."

પ્રકરણ–૯
મિસ્ટર હાર્ડમેનની જુબાની

ફર્સ્ટ ક્લાસના મુસાફરોમાં જેમનો ઇન્ટરવ્યૂ છેલ્લો હતો તે હતા મિસ્ટર હાર્ડમેન, ભભકાદાર અમેરિકન, જે ઇટાલિયન સાથે જમવાના ટેબલ પર હતા. એમણે ચેક્સવાળો સૂટ અને ગુલાબી શર્ટ પહેરેલાં. તેમની ચમકદાર ટાઇપીન ધ્યાન ખેંચે એવી હતી.

એ મોંમાં કાંઈક ચગળતા ચગળતા આવ્યા. એમનો ચહેરો ભરાવદાર હતો અને તેના પર સરળ સ્મિત હતું. કંપાર્ટમેન્ટમાં દાખલ થઈને તે બોલ્યાઃ "ગુડ મોર્નિંગ. હું તમારા માટે શું કરી શકું?"

"ટ્રેનમાં જે હત્યા થઈ તેના વિષે તમે કંઈ સાંભળ્યું છે?" પોઈરોએ પૂછ્યું.

મોઢામાંની ચીંગમ બીજી તરફ લઈ જતા હાર્ડમેન બોલ્યાઃ "હા, મેં સાંભળ્યું છે."

"એને કારણે અમે ટ્રેનના દરેક મુસાફરોનો ઇન્ટરવ્યૂ લઈ રહ્યા છીએ." પોઈરોએ કહ્યું.

"સમજી શકાય એવી વાત છે." હાર્ડમેન તરત બોલ્યા. "આ એક જ ઉપાય છે આ રહસ્યને પામવાનો."

પોઈરોએ સામે પડેલા પાસપોર્ટ તરફ જોયું અને પૂછ્યું: "તમારું પૂરું નામ સાયરસ બર્થમેન હાર્ડવેર છે. તમે અમેરિકાના છો, તમારી ઉંમર એકતાલીસ વર્ષની છે અને તમે ટાઇપરાઇટરની રિબનના વેચાણનું કામ કરો છો, ખરું?"

"હા, આ વિગત સાચી છે."

"તમે ઈસ્તંબુલથી પેરીસ જઈ રહ્યા છો?"

"હા"

"શેને માટે?"

"બિઝનેસ માટે."

"મિસ્ટર હાર્ડમેન, તમે હંમેશાં ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરો છો?" પોઈરોએ પૂછ્યું.

"હા, કંપની ખર્ચ કરે છે." હાર્ડમેને આછા સ્મિત સાથે જણાવ્યું.

"મિસ્ટર હાર્ડમેન, આપણે ગઈકાલે જે બન્યું એની વાત કરીએ." પોઈરોએ કહ્યું અને પૂછ્યું: "તમે આ બાબતમાં શું કહી શકો?"

હાર્ડમેને કહ્યું: "કાંઈપણ નહીં."

પોઈરોએ કહ્યું: "ઓહ. ઓ.કે. તમે એ જણાવશો કે ગઈકાલે તમે ડીનર લીધા પછી શું કર્યું?"

હાર્ડમેને પહેલીવાર તરત જવાબ ન આપ્યો. થોડીવાર પછી પૂછ્યું: "મને જણાવશો કે તમે કોણ છો?"

પોઈરોએ કહ્યું: "આ મિસ્ટર બુક છે. આ રેલવે કંપનીના ડાયરેક્ટર. આ ડૉક્ટર કોન્સ્ટનટાઇન છે જેમણે મૃતદેહની તપાસ કરેલી."

"અને આપ?" હાર્ડમેને પૂછ્યું.

"મારું નામ હરક્યુલ પોઈરો છે. મને આ અપરાધની તપાસ કરવાનું કામ સોપાયું છે."

"ઓહ, મેં તમારું નામ સાંભળ્યું છે." હાર્ડમેને કહ્યું: અને થોડીવાર વિચાર કરીને બોલ્યાઃ "મને લાગે છે મારે સાચું જણાવી દેવું જોઈએ."

પોઈરોએ ઠંડા અવાજમાં કહ્યું: "એ તમારે માટે સારું રહેશે."

"હું કાંઈક જાણતો હોત તો અત્યાર સુધીમાં મેં બધું કહી દીધું હોત. તકલીફ એ છે કે મને

કાંઈ ખબર નથી, પરંતુ મારે જાણવું જરૂરી હતું. મને મારી જાત પર ગુસ્સો એટલે આવે છે કે મને આ વિષે કાંઈ ખબર નથી." હાર્ડમેને ખેદ સાથે જવાબ આપ્યો.

"મને સમજાયું નહીં. જરા વિગતવાર કહો." પોઈરોએ કહ્યું.

હાર્ડમેનના વર્તનમાં અચાનક ફેરફાર થઈ ગયો. એ ભભકાદાર દેખાતા હતા તેને બદલે સાધારણ દેખાવા લાગ્યા. તેમણે પોતાના કોટના ખિસ્સામાંથી કાર્ડ કાઢીને પોઈરોને આપ્યું અને કહ્યું, "આ પાસપોર્ટ સાચો નથી. મારી સાચી ઓળખાણ આ છે."

પોઈરોએ અને મિસ્ટર બુકે કાર્ડ વાંચ્યું.

મિ. સાયરસ બી. હાર્ડમેન
મેકનીલ ડિટેક્ટિવ એજન્સી.
ન્યૂયૉર્ક.

પોઈરો આ ડિટેક્ટિવ એજન્સી વિષે જાણતા હતા. તે ઘણી જાણીતી અને નામાંકિત હતી.

"મિસ્ટર હાર્ડમેન, હવે જણાવો તમારે શું કહેવાનું છે?" પોઈરોએ પૂછ્યું.

"જરૂર. હું યુરોપમાં બે ગુનેગારોનો પીછો કરતો આવેલો જેનો આ ઘટના સાથે કોઈ સંબંધ નથી. તેમને મેં ઈસ્તંબુલમાં પકડી પાડ્યા. મારા બૉસને મેં જણાવ્યું તો એમણે મને ન્યૂયૉર્ક પાછા આવી જવા કહ્યું. હું ન્યૂયૉર્ક જવાની તૈયારી કરતો હતો ત્યાં મને આ પત્ર મળ્યો." હાર્ડમેને એક પત્ર પોઈરોને આપ્યો.

ટોકાટલિયન હોટલના કાગળ પર નીચે મુજબ લખાણ હતું.

સર, મને જણાવવામાં આવ્યું છે કે તમે મેકનીલ ડિટેક્ટિવ એજન્સી માટે કામ કરો છો. આપ મારા રૂમમાં સાંજે ચાર વાગે આવીને મને મળો.

નીચે સહી હતી 'એસ. ઈ. રાટચેટ."

"પછી શું થયું?" પોઈરોએ પૂછ્યું.

"હું મિસ્ટર રાટચેટ પાસે ગયો અને એમણે મને બધી વાત જણાવી. એમણે મને બે પત્રો બતાવ્યા જેમાં એમને ધમકી મળેલી."

"એ સચેત થઈ ગયા હોય એવું લાગતું હતું?"

હાર્ડમેને કહ્યું: "એ દેખાવ એવો કરતા હતા કે કાંઈ નથી થયું, પણ અંદરથી હલબલી ગયેલા. એમણે મને કહ્યું કે મારે એમની સાથે ટ્રેનમાં પેરીસ સુધી મુસાફરી કરવી અને એમનું ધ્યાન રાખવું. મેં એ જ ટ્રેનમાં મુસાફરી કરી છતાં કોઈએ તેમની હત્યા કરી દીધી. હું તો બસ હાથ ઘસતો રહી ગયો."

"એમણે જણાવેલું કે તમારે શું કરવાનું છે?" પોઈરોએ પૂછ્યું.

"હા, એમણે તો બધું વિગતવાર વિચારી રાખેલું. એમણે કહેલું કે મારે એમના કંપાર્ટમેન્ટની બાજુના કંપાર્ટમેન્ટમાં મુસાફરી કરવી. એ તો શક્ય ન બન્યું. આખો કોચ ભરેલો હતો અને મને મહામહેનતે બર્થ નંબર ૧૬ મળી. મેં જોયું કે આ બર્થ પણ કાંઈ ખોટી નહોતી. કોચની આગળના ભાગમાં ડાઇનિંગ કાર હતી. પ્લૅટફૉર્મ તરફ ખૂલતું આગળનું બારણું રાતે બંધ રહેતું. હત્યારો જો પાછળના દરવાજાથી આવે તો તેણે મારા કંપાર્ટમેન્ટ પાસેથી પસાર થવું જ પડે." હાર્ડમેને કહ્યું.

"તમને કોઈ અંદાજ છે કે હત્યારો કોણ હોઈ શકે?"

હાર્ડમેને કહ્યું: "મને ખબર છે એ કેવો દેખાય છે. રાટચેટે વર્ણન કરેલું."

"અચ્છા?" ત્રણેય જણા આતુરતાથી હાર્ડમેન તરફ જોઈ રહ્યા.

"રાટચેટે કહેલું કે હત્યારો એક નાના કદનો, સ્ત્રી જેવા અવાજમાં બોલતો પુરુષ છે. એણે એમ પણ કહેલું કે એ પહેલી રાતે નહીં પણ બીજી કે ત્રીજી રાતે હુમલો કરશે."

મિસ્ટર બુકે કહ્યું: “એ અગાઉથી કશું જાણતા હતા.”

પોઈરોએ વિચાર કરતાં કહ્યું: “એમણે એમના સેક્રેટરીને જણાવ્યું તેનાથી તો એ ઘણું વધારે જાણતા હતા.” પછી હાર્ડમેનને પૂછ્યું: “એમણે એમના આ શત્રુ વિષે કાંઈ વધુ વાત કરેલી? જેમ કે એમણે એ જણાવેલું કે એમની જિંદગી શા માટે ખતરામાં છે?”

“ના. એ બાબતમાં એમણે કાંઈ નહોતું જણાવ્યું. ફક્ત એટલું કહેલું કે એ એમનું ખૂન કરવા તરસ્યો છે અને એ કરીને રહેશે.” હાર્ડમેને કહ્યું.

“નાના કદનો માણસ...સ્ત્રી જેવા અવાજ વાળો.” પોઈરોએ વિચાર કરતાં કહ્યું.

અચાનક પોઈરોએ હાર્ડમેન તરફ ધારદાર નજર કરીને પૂછ્યું: “તમને ખબર હતી ને કે આ રાટચેટ કોણ છે?”

“રાટચેટ કોણ છે એટલે? મને સમજાયું નહીં.”

“રાટચેટનું અસલી નામ કાસેટી હતું જેણે આર્મસ્ટ્રોંગની દીકરીની હત્યા કરેલી.”

હાર્ડમેને લાંબી સીટી બજાવીને આશ્ચર્ય વ્યક્ત કર્યું: “એમ? ના સર, મેં એને ઓળખ્યો જ નહીં! એ દુર્ઘટના થઈ ત્યારે હું દૂરના શહેરમાં હતો. હા, મેં છાપામાં કાસેટીના ફોટા જોયેલા પણ સર તમને તો ખબર છે કે છાપાવાળા કેવા ફોટા છાપે છે. આપણો ફોટો આપણને જ ન ઓળખાય! મને કોઈ શંકા નથી કે અમુક લોકો કાસેટીનું કાસળ કાઢવા તત્પર હતા.”

“તમે એવી કોઈ વ્યક્તિને ઓળખો છો જે આર્મસ્ટ્રોંગના કેસ સાથે સંકળાયેલી હોય અને જે નાના કદની, સ્ત્રી જેવો અવાજ ધરાવતી હોય?” પોઈરોએ પૂછ્યું.

હાર્ડમેને થોડું વિચારીને કહ્યું: “આ કહેવું જરા અઘરું છે. એ કેસ સાથે જે કોઈ સંકળાયેલા હતા તેમના મોટા ભાગના મૃત્યુ પામ્યા છે.”

“એક યુવતીએ બારીમાંથી કૂદીને આત્મહત્યા કરેલી એ યાદ છે?”

“હા, હું એ વિષે જાણું છું. એ પરદેશી યુવતી હતી. શક્ય છે આવું પગલું ભરવા માટે એને પોતાનાં અંગત કારણો હોય. એ પણ યાદ રાખવા જેવું છે કે કાસેટી ફક્ત આર્મસ્ટ્રોંગ અપહરણ કેસમાં જ સંડોવાયેલો નહોતો. એ અપહરણનો અને ખંડણી ઉઘરાવવાનો ધંધો કરતો હતો. એટલે આ અપમૃત્યુને એની સાથે ન સાંકળી શકાય.” હાર્ડમેને કહ્યું.

પોઈરોએ જણાવ્યું: “પરંતુ આ કેસ આર્મસ્ટ્રોંગના કેસ સાથે સંબંધ ધરાવે છે એવો અમારી પાસે સબળ પુરાવો છે.”

“એમ કે?” કહીને હાર્ડમેન પોઈરો સામે જોઈ રહ્યા પણ પોઈરો વધુ કાંઈ બોલ્યા નહીં એટલે હાર્ડમેને કહ્યું: “મને આવી કોઈ વ્યક્તિ યાદ નથી આવતી જે આર્મસ્ટ્રોંગ કેસ સાથે સંકળાયેલી હોય. અલબત્ત મને એ કેસ વિષે બહુ માહિતી પણ નથી.”

“ઓ.કે. મિસ્ટર હાર્ડમેન, તમારી વાત જણાવો.”

“વધુ કાંઈ કહેવાનું નથી. હું દિવસ દરમ્યાન સૂઈ જતો અને આખી રાત જાગીને નજર રાખતો હતો. પહેલે દિવસે તો કાંઈ શંકા કરવા જેવું ન થયું. ગઈકાલે પણ એમ જ હતું. હું મારા કંપાર્ટમેન્ટનું બારણું થોડું ખુલ્લું રાખીને બેઠો હતો. કોઈ અજાણી વ્યક્તિ પસાર નહોતી થયેલી.”

“તમને એ વાતની ખાતરી છે?” પોઈરોએ પૂછ્યું.

“સો ટકા. હું સોગંદ ખાઈને કહી શકું કે બહારથી અથવા પાછળના કોચમાંથી કોઈ આ કોચમાં નહોતું આવ્યું.” હાર્ડમેને જણાવ્યું.

“તમે બેઠા હતા ત્યાંથી કન્ડક્ટરને જોઈ શકતા હતા?” પોઈરોએ પૂછ્યું.

“હા, એની સીટ મારા કંપાર્ટમેન્ટને અડીને છે.”

પોઈરોએ સવાલ કર્યો: “ટ્રેન વિન્કોવસીથી નીકળી પછી એ પોતાની સીટ છોડીને ગયેલા?”

હાર્ડમેને જવાબ દેતાં જણાવ્યું: "પેલું છેલ્લું સ્ટેશનને? હા. ત્યારબાદ એક-બે વાર બેલ વાગ્યો એનો જવાબ દેવા એ ગયેલા. એ ટ્રેન રોકાઈ ગઈ પછી તરત થયેલું. ત્યારબાદ એ મારા કંપાર્ટમેન્ટ પાસેથી પસાર થઈને પાછળના કોચમાં દસ-પંદર મિનિટ માટે ગયેલા. ત્યાં કોઈ પાગલની જેમ બેલ મારવા લાગ્યું એટલે એ દોડીને પાછા આવ્યા. હું પણ મામલો શું છે તે જાણવા કૉરિડૉરમાં આવેલો. પછી ખબર પડી કે પેલી અમેરિકન લેડીએ બૂમરાણ મચાવેલી. પછી કન્ડક્ટર બીજા કંપાર્ટમેન્ટ પાસે ગયા અને ત્યાં કોઈએ મિનરલ વૉટરની બૉટલ માગેલી તે લેવા પાછા આવ્યા અને એને આપી આવ્યા. ત્યારબાદ એ પોતાની સીટ પર હતા. પછી કોચના બીજા છેડે એ કોઈની પથારી તૈયાર કરવા ગયા. હું માનું છું કે ત્યાંથી પાછા આવ્યા પછી તે પોતાની સીટ પરથી સવારના પાંચ વાગ્યા સુધી હલ્યા નહોતા."

"એ થોડો વખત સૂઈ ગયેલા?" પોઈરોએ પૂછ્યું.

"એ હું ન કહી શકું. કદાચ સૂઈ ગયા હશે."

પોઈરોએ હાર્ડમેનનું કાર્ડ હાથમાં લીધું અને કહ્યું: "આમાં તમારી સહી કરી આપો ને."

હાર્ડમેને પોતાની સહી કરી આપી.

પોઈરોએ કહ્યું: "હું માનું છું કે અત્યારે એવું કોઈ નથી જે તમને ડિટેક્ટિવ તરીકે ઓળખે છે?"

"આ ટ્રેનમાં?" હાર્ડમેને કહ્યું: "ના. કદાચ મેકક્વીન મને ઓળખતા હોય. મેં તેને તેના પિતાની ઑફિસમાં જોયેલા. પરંતુ એને કદાચ હું યાદ ન હોઉં. અમે ઘણા ડિટેક્ટિવ એમની ઑફિસમાં જતા. ના મિસ્ટર પોઈરો. આ બરફના તોફાનમાંથી આપણે બહાર નીકળીએ ત્યારે તમારે ન્યૂયૉર્ક તાર કરીને પૂછવું પડશે. હું એટલું કહીશ કે હું ગપ્પા નથી મારતો. ઓ.કે. જેન્ટલમેન, હું જાઉં છું. તમને મળીને આનંદ થયો, મિસ્ટર પોઈરો."

પોઈરોએ સિગરેટનું કેસ હાર્ડમેનને ધર્યું અને કહ્યું: "સિગરેટ લો, કે તમને પાઇપ ફાવે છે?"

"ના, હું પાઇપ નથી પીતો." કહીને હાર્ડમેને સિગરેટ લીધી અને ઝડપથી ચાલતા બહાર ગયા.

ત્રણેય જણાએ એકબીજા સામે જોયું. ડૉક્ટર કોન્સ્ટનટાઇન બોલ્યા: "આ માણસ તમને સાચો હોય એવું લાગે છે?"

"હા, હું આ પ્રકારના માણસોને ઓળખું છું. બીજું એ કે એણે જે કાંઈ કહ્યું: એ સહેલાઈથી ખોટું સાબિત થઈ શકે એવું છે." પોઈરોએ કહ્યું.

મિસ્ટર બુકે કહ્યું: "એણે આપણને બહુ મહત્ત્વનો પુરાવો આપ્યો છે."

"હા, એ વાત બરાબર."

"ડાર્ક સ્કીન અને તીણા અવાજ વાળો નાના કદનો માણસ." મિસ્ટર બુકે યાદ કર્યું.

પોઈરોએ ઠંડા અવાજે કહ્યું: "આ પ્રકારની કોઈ વ્યક્તિ આ ટ્રેનમાં નથી."

પ્રકરણ–૧૦
ઈટાલિયનનું બયાન

"ચાલો, હવે મિસ્ટર બુકની ઇચ્છા પૂરી કરીએ" પોઈરોએ આછા સ્મિત સાથે કહ્યું, "પેલા ઇટાલિયન સાથે વાત કરીએ."

એન્ટોનીઓ ફોસ્કારેલી ઝડપી ચાલે ડાઇનિંગ કારમાં આવ્યો. એનો તામ્રવર્ણો ઇટાલિયન ચહેરો ચમકતો હતો. એ ફ્રેંચ ભાષા જાણતો હતો એટલે પોઈરોએ ફ્રેન્ચમાં વાતો કરી.

"તમારું નામ એન્ટોનીઓ ફોસ્કારેલી છે?" પોઈરોએ પૂછ્યું.

"હા, સર." જવાબ આવ્યો.

"હું માનું છું કે તમે અમેરિકાના સિટીઝન છો."

ઈટાલિયને સ્મિત આપીને કહ્યું: "હા, સર. એ મારા બિઝનેસ માટે સારું છે."

"તમે ફોર્ડ મોટરના એજન્ટ છો?" પોઈરોએ પૂછ્યું.

"એમાં એવું છે ને સાહેબ..." ઇટાલિયને બોલવાનું શરૂ કર્યું અને દસ મિનિટના એના ભાષણ પછી પોઈરો, મિસ્ટર બુક અને ડૉક્ટર કોન્સ્ટનટાઇન એના બિઝનેસ, એની મુસાફરીઓ, એની આવક, એના અમેરિકા અને બીજા યુરોપિયન દેશ માટેના વિચારો વિષે વિસ્તૃત માહિતી ધરાવતા થઈ ગયા. આ વ્યક્તિ વિષે માહિતી મેળવવા કાંઈ પૂછવાની જરૂર નહોતી. કાંઈ પ્રયત્ન વિના એ પોતે જ માહિતીનો ધોધ વહાવી દેતો હતો.

એણે વાત પૂરી કરી ત્યારે બાળક જેવો તેનો ચહેરો ચમકતો હતો. તેણે કપાળ પરનો પરસેવો લૂછતાં કહ્યું: "સમજ્યા ને? હું ઘણો મોટો કારોબાર કરું છું અને સેલ્સમૅનશીપ શું છે એ સમજુ છું!"

પોઈરોએ પૂછ્યું: "તમે છેલ્લાં દસ વર્ષથી અમેરિકા રહો છો ખરું?"

"અરે, મને એ દિવસ બરાબર યાદ છે જ્યારે હું પહેલીવાર અમેરિકા જવા માટે બોટમાં બેઠો હતો. મારાં મધર, નાની સિસ્ટર..." ઇટાલિયને વાત શરૂ કરી.

પોઈરોએ એમની વાત વચ્ચેથી કાપતાં પૂછ્યું: "અમેરિકાના વસવાટ દરમ્યાન તમે ક્યારેય ગઈકાલે જેમની હત્યા થઈ છે તેને મળેલા?"

"ક્યારેય નહીં, પણ હું એવાને ઓળખું હો!" એન્ટોનીઓએ ચપટી વગાડતાં કહ્યું: "ઉપરથી બહુ સારા લાગે, ભપકાદાર કપડાં, બહુ બધો રોફ. પણ અંદરથી બધું પોલંપોલ. કોઈ માને ન માને પણ મારા અનુભવથી કહું તો એ બહુ પહોંચેલો બદમાશ હતો."

"તમારી વાત સાચી છે." પોઈરોએ જણાવ્યું: "રાટચેટનું અસલી નામ કાસેટી હતું જે અપહરણ કરવાવાળો અને હત્યારો હતો."

"જોયું! હું સાચો ઠર્યો ને? હું તો મોઢા પરથી માણસ ઓળખી જાઉં. એ જરૂરી હોય છે. અમેરિકામાં રહીએ એટલે આ બધું આવડી જાય." એન્ટોનીઓ ગર્વથી બોલ્યો.

"તમને આર્મસ્ટ્રોંગ અપહરણ કેસ યાદ છે?"

"બહુ યાદ નથી. નામ જાણીતું છે. કોઈ નાની છોકરીનો કેસ હતો ને?"

"હા, બહુ કરુણ બનાવ હતો." પોઈરોએ કહ્યું.

હાર્ડમેન પહેલાં એવા મુસાફર નીકળ્યા જે આ બાબત સાથે તદ્દન સહમત નહોતા. એમણે કહ્યું: "આવા બનાવો બનતા રહે છે. એમાં પણ અમેરિકા જેવો વિશાળ દેશ..."

પોઈરોએ એમની વાત કાપીને પૂછ્યું: "તમે આર્મસ્ટ્રોંગ કુટુંબમાંથી કોને ઓળખતા હતા?"

"ના, મને નથી યાદ કે એ કુટુંબમાંથી હું કોઈને મળ્યો હોઉં. હું તમને થોડા આંકડા જણાવું.

ગયે વર્ષે જ મેં જે વેચાણ કર્યું…"

"પ્લીઝ સર, તમને જે પૂછ્યું એનો જવાબ આપો." પોઈરોએ થોડા અકળાઈને કહ્યું.

હાર્ડમેને પોતાના હાથ આગળ કરીને કહ્યું: "ઓહ, સર. માફ કરજો."

"ગઈકાલે રાતે જમ્યા બાદ તમે શું કરેલું?"

હાર્ડમેન બોલ્યા: "જરૂર જણાવું સર. ડીનર પછી હું અહીં ડાઇનિંગ કારમાં લાંબા સમય સુધી બેઠો હતો. પેલો અમેરિકન જે ટાઇપરાઇટરની રિબન વેચે છે તેની સાથે વાતો કરતો હતો. પછી હું મારા કંપાર્ટમેન્ટમાં ગયો. પેલો ઇંગ્લિશમેન જે મારી સાથે કંપાર્ટમેન્ટમાં છે તે તેના માલિક પાસે ગયેલો. ઘણા સમય પછી એ પાછો આવ્યો પણ સોગિયો એવો છે કે કાંઈ બોલ્યો નહીં. બસ, હા કે નામાં જવાબ આપે. આ ઇંગ્લિશ લોકો હંમેશાં દુ:ખી લાગે અને કોઈ સાથે વાતો ન કરે. કોઈની પ્રત્યે એમને સહાનુભૂતિ ન હોય. એ તો અક્કડ થઈને ખૂણામાં બેસી ચોપડી વાંચવા લાગ્યો. ત્યારબાદ કન્ડક્ટરે આવીને અમારી પથારીઓ તૈયાર કરી."

"આ બર્થ નંબર ૪ અને ૫." પોઈરોએ ધીમેથી કહ્યું.

"બરાબર. અમારો કંપાર્ટમેન્ટ છેડે આવેલો છે. હું ઉપરની બર્થમાં હતો. મેં ત્યાં જઇને સિગરેટ પીતાં પીતાં પુસ્તક વાંચવાનું શરૂ કર્યું. ઇંગ્લિશમેનનો દાંત દુ:ખતો હતો એટલે એણે દવા લગાડી.

દર્દથી એ કણસતો હતો. પછી હું સૂઈ ગયો. વચ્ચે જ્યારે જાગું ત્યારે કણસવાનો અવાજ સંભળાય.

"તમને ખબર છે કે રાત દરમ્યાન એ કંપાર્ટમેન્ટમાંથી બહાર ગયેલો કે નહીં?"

"ના સર. મને નથી લાગતું કે એ બહાર ગયો હોય. નહીંતર મને ચોક્કસ ખબર પડે. બારણું ખૂલે અને લાઇટ થાય કે હું તરત જાગી જાઉં હો!" હાર્ડમેને જણાવ્યું.

પોઈરોએ પૂછ્યું: "એમણે ક્યારેય એમના માલિક વિષે વાત કરેલી? ક્યારેય એ બંને વચ્ચે અંટસ હતો તેમ જણાવેલું?"

"અરે, મેં તમને કહ્યું ને કે એ વાત જ નહોતો કરતો." હાર્ડમેને ઉત્તેજિત થઈને જણાવ્યું. જવા દો ને. એનામાં જરાપણ મૈત્રીભાવ નહોતો."

"તમે સ્મોકિંગ કરો છો? સિગરેટ, સિગાર કે પાઇપ?"

"ફક્ત સિગરેટ."

પોઈરોએ એમને સિગરેટનું પૅકેટ ધર્યું જેમાંથી હાર્ડમેને એક સિગરેટ લીધી.

"તમે ક્યારેય શિકાગો ગયા છો?" પોઈરોએ પૂછ્યું.

"હા, હું શિકાગો જઈ આવ્યો છું. પરંતુ સારા શહેરો એટલે ન્યૂયૉર્ક, વૉશિંગ્ટન અને ડેટ્રોઇટ.

"સર, તમે અમેરિકા ગયા છો?"

"નહીં? તમારે ત્યાં જવું જોઈએ…" હાર્ડમેનની વાત અધૂરી રહી.

પોઈરોએ એમના તરફ એક કાગળ સરકાવીને કહ્યું: "આના ઉપર તમારું નામ અને સરનામું લખી આપશો પ્લીઝ?"

ઇટાલિયને મરોડવાળા અક્ષરમાં વિગત લખી આપી અને હસીને ઊભા થયા.

"બસ ને? મારું વધારે કામ નથી ને? મને થાય છે કે આ બરફમાંથી જલદી નીકળાય તો સારું. મારે મિલન શહેરમાં એક અગત્યની મિટિંગ છે. લાગે છે બિઝનેસ હાથમાંથી જશે." હાર્ડમેને ખેદથી માથું ધુણાવતા કહ્યું.

તે ગયા પછી પોઈરોએ બીજા બે જણા સામે જોયું. મિસ્ટર બુક બોલ્યા: "એ ઘણા સમયથી અમેરિકા રહે છે. વળી એ ઇટાલિયન છે. એ લોકો છરી ચલાવવામાં માહેર હોય છે અને બહુ જુઠ્ઠાબોલા પણ હોય છે. મને ઇટાલિયન લોકો પસંદ નથી."

"તમે કદાચ સાચા હશો મિત્ર, પણ હું તમને કહું કે આ માણસ સામે આપણી પાસે કોઈ પુરાવો નથી." પોઈરોએ જણાવ્યું.

"તમે સાઇકૉલૉજીની વાત કરતા હતા ને? ઇટાલિયનો છરી મારીને જ હત્યા નથી કરતા?"

પોઈરોએ કહ્યું: "હા, ઉગ્ર ઝઘડો થાય ત્યારે એ લોકો છરીના વાર કરે છે પણ આ હત્યા જરા જુદી રીતે થઈ છે. મને એવું લાગે છે કે આ હત્યા બહુ આયોજનપૂર્વક કરવામાં આવી છે. કોઈએ બહુ દૂરનું વિચારીને, ઘણી વિગતોનું ધ્યાન રાખીને આ હત્યા કરેલ છે. કોઈએ આવેશમાં આવીને કરેલું આ કામ નથી. આ અપરાધ ઠંડા દિમાગે વિચારીને, ઘણા બધા તાણાવાણા ભેગા કરીને કરવામાં આવેલ છે.

એમણે છેલ્લા બે પાસપોર્ટ હાથમાં લઈને કહ્યું: "હવે મેરી ડેબેનહામ સાથે વાત કરીએ."

પ્રકરણ–૧૧
મિસ ડેબેનહામનું કથન

કાળા રંગના સૂટ અને ગ્રે રંગના શર્ટમાં સુઘડ રીતે સજ્જ મેરી ડેબેનહામ જ્યારે ડાઇનિંગ કારમાં આવ્યાં ત્યારે તે તદ્દન શાંત અને સ્વસ્થ હતાં. પોઈરોને લાગ્યું કે એમણે મિસ મેરી વિષે જે ધારણા બાંધેલી તે સાચી હતી.

તે પોઈરો અને મિસ્ટર બુક સામે બેઠાં એટલે પોઈરોએ પ્રશ્નો શરૂ કર્યા.

"આપનું નામ મેરી હરમીઓન ડેબેનહામ છે અને આપની ઉંમર છવ્વીસ વર્ષની છે. બરાબર?"

"હા."

"આપ ઇંગ્લિશ છો?"

"હા."

"આપ આપનું નામ અને સરનામું આ કાગળ પર લખી આપશો પ્લીઝ?"

મેરીએ સુવાચ્ય અક્ષરોમાં પોતાનું નામ અને સરનામું લખ્યું.

"મેડમ, ગઈકાલે રાતે જે બન્યું એ બાબતમાં આપે શું કહેવાનું છે?" પોઈરોએ પૂછ્યું.

મેરીએ જવાબ આપ્યો: "માફ કરજો, મારે કાંઈ કહેવાનું નથી. હું તો સૂઈ ગયેલી."

"મેડમ, ટ્રેનમાં આવો અપરાધ થયો તેને કારણે તમે ઘણા અપસેટ થયા છો?"

"એટલે? હું તમારો પ્રશ્ન ન સમજી." મેરીએ જણાવ્યું.

પોઈરોએ કહ્યું: "મેં બહુ સરળ પ્રશ્ન પૂછ્યો છે. ફરી પૂછું. ટ્રેનમાં આવો અપરાધ થયો તેને કારણે તમે બહુ અપસેટ છો?"

"એ બાબતમાં મેં આ રીતે વિચાર્યું નથી, છતાં કહી શકું કે હું અપસેટ નથી થઈ."

"કોઈ અપરાધ થાય તેની તમને નવાઈ નથી? તમારે માટે એ રૂટીન છે?"

મેરીએ શાંતિથી કહ્યું: "આ બહુ અણગમતી ઘટના છે."

"તમે પાકા બ્રિટિશર છો ખરું? પોતાની લાગણીઓ દર્શાવતા નથી." પોઈરોએ કહ્યું.

મેરીએ આછું હસીને કહ્યું: "હું ચીસો પાડીને, રડીને મારું દુ:ખ વ્યક્ત કરું તો જ હું લાગણીશીલ ગણાઉં એ વાત ખોટી છે. આમ પણ લોકો તો રોજ મરતા હોય છે."

પોઈરોએ કહ્યું: "એ વાત સાચી પરંતુ હત્યા રોજ રોજ નથી થતી."

"એ વાત સાચી." મેરીએ કહ્યું.

"જેની હત્યા થઈ છે તેને તમે જાણતા હતા?" પોઈરોએ સવાલ કર્યો.

"મેં તો તેને પહેલી વાર ગઈકાલે લંચ વખતે જોયો."

"તમને એ કેવો લાગેલો?"

"મેં એની તરફ ધ્યાન નહોતું દીધું."

"તમને એમ નહોતું લાગ્યું કે એ શેતાની મગજ ધરાવનાર બદમાશ હતો?" પોઈરોએ પૂછ્યું.

મેરીએ ખભા ઉલાળીને કહ્યું: "મેં એ વિષે વિચારેલું નહોતું."

પોઈરોએ એમની સામે જોઈને કહ્યું: "મેડમ, હું જોઈ શકું છું કે હું જે રીતે પ્રશ્નો પૂછી રહ્યો છું એ તમને અયોગ્ય લાગે છે. ઇંગ્લૅન્ડમાં જે રીતે આવી તપાસ થાય, તો મુદ્દાસર સવાલ પુછાય અને એના સીધાસટ જવાબ મળે. પરંતુ મેડમ, મારી પદ્ધતિ જરા જુદી છે. હું ચહેરા પરથી કોઈપણ વ્યક્તિનો સ્વભાવ જાણી શકું છું અને મારા પ્રશ્નો એ રીતે પૂછું છું. હમણાં જ એક સજ્જન સાથે વાતો થતી હતી ત્યારે એ પોતાની સિદ્ધિઓ ગણાવવામાં બહુ રસ લેતા હતા.

એવાની સાથે સાવ જુદી રીતે વર્તીને હું એમને ઓછું બોલવાનું કહું છું."
"મેં તમને જોયા ત્યારથી થયું કે આમની સાથે વ્યવસ્થિત રીતે, સારી પદ્ધતિથી વાતચીત થઈ શકશે. હું તમને જુદા સવાલો પૂછીશ જેનો તમે મને તરત જવાબ આપી શકો. હું તમે શું ધારો છો અને વિચારો છો તે વિષે પૂછીશ."
"માફ કરજો સર પરંતુ મને લાગે છે કે મને મિસ્ટર રાટચેટનો ચહેરો ગમતો હતો કે નહીં એ બાબત આ હત્યાનો ઉકેલ લાવવામાં મદદરૂપ નહીં થઈ શકે." મિસ મેરીએ કહ્યું.
"મેડમ, તમને ખબર છે આ રાટચેટ વાસ્તવમાં કોણ હતો?" પોઈરોએ પૂછ્યું.
મિસ મેરીએ કહ્યું: "હા, મિસિસ હબ્બાર્ડ આ વાત બધે કહેતાં ફરે છે."
"તમે આર્મસ્ટ્રોંગ અપહરણ અને હત્યાની દુર્ઘટના વિષે શું માનો છો?"
"એ બહુ ઘૃણાસ્પદ ઘટના હતી."
પોઈરોએ તેમની સામે જોઈને પૂછ્યું. "મિસ ડેબેનહમ, તમે બગદાદથી આવો છો ને?"
"હા."
"લંડન જઈ રહ્યા છો?"
"હા."
"તમે બગદાદમાં શું પ્રવૃત્તિ કરતા હતા?" પોઈરોએ પૂછ્યું.
"હું ત્યાં બે બાળકોની ગવર્નેસ તરીકે કામ કરતી હતી." મેરીએ જણાવ્યું.
"રજાઓ બાદ પાછા આ જ કામ માટે બગદાદ જશો?"
"ચોક્કસ નથી."
"શા માટે?"
મેરીએ કહ્યું: "મને બગદાદમાં બહુ ગમતું નથી. લંડનમાં કોઈ સારું કામ મળે તો એ કરીશ."
પોઈરોએ કહ્યું: 'ઓ.કે. મને એમ કે કદાચ તમે લગ્ન કરવાના હો."
મિસ મેરીએ કાંઈ બોલ્યા વિના પોઈરો સામે એવી રીતે જોયું જાણે કહેતા હોય: "એ મારો અંગત મામલો છે. તમારે એમાં શું?"
"તમારા કંપાર્ટમેન્ટમાં તમારી સાથે છે તે મિસ ઓલ્સન વિષે તમારો શું અભિપ્રાય છે?"
"એ સરળ અને પ્રસન્ન ચિત્તવાળાં દેખાય છે." મેરીએ જણાવ્યું.
પોઈરોએ પૂછ્યું: "એ કયા રંગનો ગાઉન પહેરે છે?"
મિસ મેરીએ પોઇરોની સામે જરા નવાઈથી જોઈને કહ્યું: "કથ્થાઈ રંગનો."
"તમે ફિક્કા જાંબુડિયા રંગનો ગાઉન પહેરો છો ને? આપણે એલેપ્પોથી ઈસ્તંબુલ આવતા હતા ત્યારે મેં તમને એ ગાઉનમાં જોયેલા."
"હા, તમારી વાત બરાબર છે."
"તમારી પાસે કોઈ બીજો ગાઉન છે? જેમ કે લાલ રંગનો ડ્રેસિંગ ગાઉન?" પોઈરોએ પૂછ્યું.
"ના. એ લાલ રંગનો ડ્રેસિંગ ગાઉન મારો નથી." મેરીએ જણાવ્યું.
પોઈરોએ કોઈ શિકાર હાથમાં આવી ગયો હોય એમ આગળ ઝૂકીને પૂછ્યું: "તો કોનો છે?"
મેરીએ જરા ચોંકીને પૂછ્યું: "મને ખબર નથી. તમે શું કહેવા માગો છો?"
"તમે એમ ન બોલ્યાં કે 'ના મારી પાસે એવો ગાઉન નથી.' તમે એમ કહ્યું: 'ના એ મારો ગાઉન નથી.' એનો અર્થ એમ કે એ રંગનો ગાઉન બીજા કોઈનો છે." પોઈરોએ ચોખવટ કરી.
મેરીએ માથું હલાવીને હા પાડી.
પોઈરોએ પૂછ્યું: "આ ટ્રેનના મુસાફરોમાંથી કોઈનો છે?"
"હા."
"કોનો છે?"

મેરીએ કહ્યું: "મેં તમને કહ્યું: એની મને ખબર નથી. હું આજે સવારે પાંચ વાગે ઊઠી તો ટ્રેન ઊભેલી હતી. મને એમ કે કોઈ સ્ટેશન આવ્યું છે. મેં કંપાર્ટમેન્ટનું બારણું ખોલીને જોયું તો લાલ રંગનો કીમોનો પહેરીને કોઈ કૉરિડૉરમાંથી પસાર થતું હતું."

"તમને ખબર નથી કે એ કોણ હતું? એ ગોરા હતા કે શ્યામ વર્ણના? તેમના વાળ ગ્રે હતા?"

"મને ખબર નથી. એમણે ટોપી પહેરેલી અને મેં તેમના માથાનો પાછલો ભાગ જ જોયો."

"એમનું કદ કયા પ્રકારનું હતું?" પોઈરોએ સવાલ કર્યો.

"કહેવું અઘરું છે પણ મને લાગ્યું કે એ ઊંચા અને પાતળા હતા. એમના કીમોનો પર ડ્રેગનની ડિઝાઇન હતી." મેરીએ જણાવ્યું.

"હા, એ બરાબર. કીમોનો પર ડ્રેગનની ડિઝાઇન હતી." પોઈરોએ કહ્યું. થોડીવાર શાંત રહીને તે ગણગણ્યા. "મને કાંઈ સમજાતું નથી. કાંઈ ગતાગમ પડતી નથી." પછી મેરીને સંબોધીને એમણે કહ્યું: "બસ, મેડમ. મારે વધુ કાંઈ પૂછવાનું નથી."

મેરી ઊભાં થઈને બારણા તરફ ગયાં. થોડું અટકીને પાછાં આવ્યાં અને બોલ્યાં: "મારી સાથે જે સ્વીડીશ લેડી છે, મિસ ઓલ્સન, એ કાંઈક ચિંતામાં લાગે છે. એમણે જણાવ્યું કે તમે એને એમ કહ્યું કે એમણે મિસ્ટર રાટચેટને છેલ્લીવાર જીવંત જોયેલા. આને લીધે એ એમ માને છે કે તમે એની પર શંકા કરો છો. હું એને જણાવું કે એણે ચિંતા કરવાની જરૂર નથી? એ એટલી ગરીબડી છે કે મરતાને મર ન કહે."

પોઈરોએ પૂછ્યું: "એ કેટલા વાગે મિસિસ હબ્બાર્ડ પાસે એસ્પીરીન લેવા ગયેલાં?"

"સાડા દસ વાગ્યા પછી તરત."

"અને પાછાં ક્યારે આવેલાં?" પોઈરોએ પૂછ્યું.

"પાંચ મિનિટમાં."

"પછી તે કંપાર્ટમેન્ટમાંથી બહાર ગયેલાં?"

"ના."

પોઈરોએ ડૉક્ટર કોન્સ્ટનટાઇનને પૂછ્યું: "રાટચેટનું મૃત્યુ આ સમયે થયું હોય તે શક્ય છે?"

ડૉક્ટરે માથું ધુણાવીને ના પાડી એટલે પોઈરોએ મિસ મેરીને કહ્યું: "તમે તમારા સખીને કહો કે તેમણે ચિંતા કરવા જેવું કાંઈ નથી."

મેરીએ સ્મિત કરતાં કહ્યું: "થૅન્ક્યુ સર. એ બહુ સીધીસાદી છે અને ટૅન્શનમાં આવી ગઈ છે."

પ્રકરણ–૧૨
જર્મન લેડીની નોકરાણીનું બયાન

મિસ્ટર બુકે પોઈરો સામે થોડા આશ્ચર્ય સાથે જોઈને પૂછ્યું: "તમે શું કરવા માંગતા હતા? મને ન સમજાયું."

"હું એક નબળાઈ શોધવા પ્રયત્ન કરતો હતો." પોઈરોએ જણાવ્યું.

"નબળાઈ? કોની? કઈ બાબતમાં?"

"મિસ મેરી એમ માને છે કે તે બધી રીતે સાચાં છે. મારે એ માન્યતા તોડવી હતી. ખબર નથી કે હું સફળ થયો કે નહીં. હા, એટલું જાણું છું કે એમણે એવું ધાર્યું નહોતું કે હું આમ વર્તીશ."

મિસ્ટર બુકે ધીમે અવાજે પૂછ્યું: "તમે એની પર શંકા કરો છો? શા માટે? એ તો સાવ નિર્દોષ દેખાય છે. એ ક્યારેય આવા અપરાધ સાથે જોડાયેલાં ન હોય."

ડૉક્ટર કોન્સ્ટનટાઇને મિસ્ટર બુક સાથે સહમત થતાં કહ્યું: "હું પણ માનું છું કે એ શાંત છે. એમ કહી શકાય કે લાગણીશૂન્ય છે. આવા લોકો હત્યા ન કરે. તે કોર્ટમાં કેસ કરે."

પોઈરોએ આછો નિસાસો નાખતાં કહ્યું: "તમે બંને જણા માનતાં હો કે આ અપરાધ કોઈએ આવેશમાં આવીને, કોઈ જાતના આયોજન વિના કર્યો છે તો એ માન્યતા ભૂલ ભરેલી છે. મિસ મેરી ઉપર શંકા કરવા માટે મારી પાસે બે કારણ છે. એક કારણ એ કે મેં એમને એક વાત કહેતા સાંભળેલા, જે વિષે તમને ખબર નથી." ત્યારબાદ એમણે મિસ મેરી અને કર્નલ આર્બથનોટ વચ્ચે થતી વાતમાંથી શું સાંભળેલું તે જણાવ્યું.

પોઈરોની વાત સાંભળીને મિસ્ટર બુક બોલ્યાઃ "આ જરા વિચિત્ર તો છે જ. જો તમારી ધારણા સાચી હોય તો મિસ મેરી અને કર્નલ બંને ગુનેગાર ગણાય."

પોઈરોએ કહ્યું: "હા, પરંતુ એ વાત જ સાબિત નથી થતી. જો એ બંને સંડોવાયેલા હોય તો તેઓ એકબીજાનો બચાવ કરે. પરંતુ એવું નથી થયું. મિસ મેરી માટે સ્વીડીશ લેડીએ કહ્યું, જેને એ પહેલાં ક્યારેય મળ્યા નથી. જ્યારે કર્નલ માટે મેકક્વીને. આમ એ બંને ગુનેગાર નથી લાગતા."

મિસ્ટર બુકે પૂછ્યું: "અને બીજું શું કારણ છે જેને કારણે તમને મેરી પર શંકા થઈ?"

પોઈરોએ કહ્યું: "ઓહ, એ તો ફક્ત સાઇકૉલૉજિકલ કારણ છે. હું માનું છું કે આ અપરાધ કોઈ શાંત મગજવાળી, બુદ્ધિશાળી વ્યક્તિએ કરેલો છે. મિસ ડેબેનહામ એવાં શાંત અને બુદ્ધિશાળી છે.

મિસ્ટર બુકે માથું ધુણાવતા કહ્યું: "આ બાબતમાં તમે ખોટા છો મિત્ર. હું નથી માનતો કે આ ઇંગ્લિશ યુવતી કોઈ હત્યામાં સંડોવાયેલી હોઈ શકે."

પોઈરોએ છેલ્લો પાસપોર્ટ ઉપાડીને કહ્યું: "આપણા લીસ્ટમાં છેલ્લું નામ હિલ્ડગાર્ડે સ્મીટનું છે. એમને બોલાવીએ."

વેઇટર હિલ્ડગાર્ડે સ્મીટને બોલાવી લાવ્યો. ડાઇનિંગ કારમાં આવીને તે અદબથી ઊભા રહ્યા.

પોઈરોએ તેમને બેસવા જણાવ્યું પછી તે અદબ વાળીને ખુરશી પર બેઠા. એમનો દેખાવ તદ્દન સાધારણ હતો. એ સન્માન આપવા યોગ્ય હતા પરંતુ કદાચ બહુ બુદ્ધિમાન નહોતા.

પોઈરોએ મિસ ડેબેનહામને જે રીતે પ્રશ્નો પૂછેલા તેનાથી તદ્દન જુદી રીતે એમણે મેડમ સ્મીટ સાથે વાતો કરી. પોઈરોએ સરળ શબ્દોમાં શરૂઆત કરી અને મેડમ સ્મીટનું નામ તથા સરનામું લખાવી લીધા. ત્યારબાદ પહેલો પ્રશ્ન પૂછ્યોઃ "અમે ગઈકાલે રાતે ટ્રેનમાં શું બન્યું તેની વધુમાં

વધુ માહિતી મેળવી રહ્યા છીએ. અમે જાણીએ છીએ કે તમે અપરાધ વિષે વધારે કાંઈ ન કહી શકો, પરંતુ તમે કદાચ કાંઈક એવું સાંભળ્યું હોય અથવા જોયું હોય તો જણાવો. તમે કદાચ એ બાબતને મહત્ત્વ ન આપતા હો પરંતુ અમારે માટે એ બહુ મહત્ત્વની બની શકે."

મેડમ સ્મીટને બહુ સમજાયું હોય એમ ન લાગ્યું. એમનો શાંત ચહેરા પર કોઈ ભાવ બદલાયા નહીં. એમણે કહ્યું: "મને કાંઈ ખબર નથી, સર."

"દાખલા તરીકે, તમને ખબર છે કે પ્રિન્સેસે તમને કેટલા વાગે બોલાવેલા?"

"ના, એ ખબર નથી. વેઇટર મને કહેવા આવ્યો ત્યારે હું સૂતી હતી."

"ઓ.કે. તમને પ્રિન્સેસ આ રીતે મોડી રાતે ઘણીવાર બોલાવતાં હતાં?" પોઈરોએ પૂછ્યું.

મેડમ સ્મીટે કહ્યું: "હા સર. એમને ઘણીવાર ઊંઘ ન આવતી ત્યારે મને બોલાવતા."

પોઈરોએ પૂછ્યું: "અચ્છા. પછી તમે ડ્રેસિંગ ગાઉન પહેરીને પ્રિન્સેસ પાસે ગયાં?

"ના સર. હું તૈયાર થઈને ગઈ. પ્રિન્સેસ પાસે હું ડ્રેસિંગ ગાઉનમાં ન જાઉ." મિસ સ્મીટે કહ્યું.

"તમારો ડ્રેસિંગ ગાઉન પણ સરસ જ છે. લાલ રંગનો છે ને?"

મિસ સ્મીટે પોઈરો સામે આશ્ચર્યથી જોઈને કહ્યું: "ના સર. ઘેરા ભૂરા રંગનો છે."

પોઈરોએ કહ્યું: "ઓહો! મારી ભૂલ થઈ. તો જણાવો કે તમે પ્રિન્સેસ પાસે જઈને શું કર્યું?"

"મેં તેમને મસાજ કર્યો, સર. પછી થોડું વાંચી સંભળાવ્યું. મને સારી રીતે વાંચતા નથી આવડતું પણ પ્રિન્સેસને હું વાંચું તે ગમે છે. તેમને ઊંઘ આવવા લાગી એટલે તેમણે મને જવાનું કહ્યું. ત્યારપછી હું ચોપડી બંધ કરીને મારા કંપાર્ટમેન્ટમાં પાછી આવી." મેડમ સ્મીટે જણાવ્યું.

"તમને યાદ છે એ વખતે કેટલા વાગેલા?"

"ના."

"તમે કેટલો સમય પ્રિન્સેસ પાસે હતા?" પોઈરોએ પૂછ્યું.

"લગભગ અડધો કલાક." મિસ સ્મીટે કહ્યું.

"સારું. પછી શું થયું?"

"પ્રિન્સેસને ઠંડી લાગતી હતી એટલે મેં એક ધાબળો મારા કંપાર્ટમેન્ટમાંથી લાવીને એમને ઓઢાડ્યો. પછી મેં એમને થોડું પાણી આપ્યું. એમણે મને ગુડનાઇટ કહ્યું અને હું લાઇટ બંધ કરીને પાછી આવી."

"પછી?"

"પછી કાંઈ નહીં સર. હું મારી બર્થ પર આવીને સૂઈ ગઈ." મિસ સ્મીટે જણાવ્યું.

પોઈરોએ પૂછ્યું: "તમને કૉરિડૉરમાં કોઈ મળ્યું નહીં?"

"ના સર."

"તમે લાલ રંગનો, ડ્રેગનની છાપવાળો કીમોનો પહેરેલા કોઈ લેડીને ન જોયા?"

મિસ સ્મીટની આંખો જરા પહોળી થઈ. "ના સર, કન્ડક્ટર સિવાય કોઈ દેખાયું નહીં. બધા સૂઈ ગયા હતા."

"તમે કન્ડક્ટરને જોયો, ખરું?"

પોઈરોએ સવાલ કર્યો.

"હા સર."

"એ શું કરતો હતો?

"એ એક કંપાર્ટમેન્ટમાંથી બહાર આવતો હતો." મિસ સ્મીટે જણાવ્યું.

મિસ્ટર બુક સહેજ આગળ આવીને બોલ્યા: "શું? કયા કંપાર્ટમેન્ટમાંથી આવતો હતો?"

મિસ સ્મીટ થોડા ગભરાઈ ગયાં. પોઈરોએ જરા ગુસ્સા સાથે મિસ્ટર બુક સામે જોયું અને બોલ્યાઃ "કન્ડક્ટરે ઘણીવાર રાતે બેલ વાગે તો જવું પડતું હોય છે. તમને યાદ છે એ કયા

કંપાર્ટમેન્ટમાંથી બહાર આવતો હતો?"

"એ લગભગ કોચની વચ્ચે હતો. મેડમ પ્રિન્સેસના કંપાર્ટમેન્ટથી બે-ત્રણ બારણાં દૂર."

પોઈરોએ ધીમે અવાજે પૂછ્યું: "આ ક્યારે બન્યું?"

"હું જ્યારે પ્રિન્સેસને ધાબળો આપવા જતી હતી ત્યારે તે બહાર નીકળ્યો. અમે જરાકમાં અથડાતાં રહી ગયાં." મિસ સ્મીટે કહ્યું.

"અચ્છા. એ કઈ તરફ જતો હતો?"

"એ મારી તરફ આવતો હતો, સર." એણે સૉરી કહ્યું અને ડાઇનિંગ કાર તરફ ગયો. ત્યારે જ કોઈએ બેલ માર્યો. "પરંતુ મને લાગે છે કે કન્ડક્ટર તે તરફ ગયો નહીં." આટલું કહી મિસ સ્મીટ થોડું અટક્યાં અને પછી બોલ્યાં, "મને સમજાતું નથી... આ બધું..."

પોઈરોએ એમને અટકાવીને સહાનુભૂતિથી કહ્યું: "આ બધું ઘણીવાર બનતું હોય છે. ગઈકાલે કન્ડક્ટરને ઘણું કામ પહોંચ્યું. પહેલાં તમને ઉઠાડ્યા પછી બધા બેલ વાગ્યા એટલે દોડાદોડી થઈ."

"પરંતુ મને જે ઉઠાડવા આવેલો એ કન્ડક્ટર બીજો હતો, સર."

"ઓહો! કોઈ બીજો હતો? તમે તેને પહેલાં જોયેલો?" પોઈરોએ પૂછ્યું.

"ના સર." મિસ સ્મીટે જણાવ્યું.

"તમે તેને ફરીવાર જુઓ તો ઓળખી જાઓ?" પોઈરોએ પૂછ્યું.

"હા, હું એને ઓળખી શકું."

પોઈરોએ મિસ્ટર બુકના કાનમાં કાંઈક કહ્યું એટલે તે બારણાં પાસે ઑર્ડર દેવા ગયા.

પોઈરોએ મૈત્રીભર્યા અવાજે પોતાની પૂછપરછ ચાલુ રાખી: "તમે અમેરિકા ગયાં છો?"

"ના સર. હું ક્યારેય નથી ગઈ. બહુ સારો દેશ છે ને?" મિસ સ્મીટે કહ્યું.

"તમને ખબર હશે કે જેની હત્યા થઈ તે અસલમાં એક અપરાધી હતો અને એક નાની બાળકીના અપહરણ અને મૃત્યુ માટે જવાબદાર હતો?"

"હા સર. મને ખબર પડી. બહુ ખરાબ, ઘૃણા થાય એવો બનાવ કહેવાય. ભગવાને આવો અત્યાચાર ન થવા દેવો જોઈએ. જર્મનીમાં આવા ઘાતકી લોકો નથી રહેતાં." આટલું કહેતાં મિસ સ્મીટની આંખો ભરાઈ આવી.

"સાચું. બહુ ઘૃણાસ્પદ બનાવ હતો." પોઈરોએ ગંભીર થઈને કહ્યું. પછી તેમણે પોતાના ખીસામાંથી એક રૂમાલ કાઢીને મિસ સ્મીટના હાથમાં આપતાં પૂછ્યું: "આ તમારો રૂમાલ છે?"

મિસ સ્મીટે ધ્યાનથી રૂમાલ જોયો. તેમના ગાલમાં થોડી લાલી આવી હતી. થોડીવાર પછી પોઈરો સામે જોઈને તે બોલ્યાં: "ના સર. આ મારો રૂમાલ નથી."

પોઈરોએ કહ્યું: "એના પર *H* ગૂંથેલો છે એટલે મને એમ કે એ તમારો હશે."

"સર, આ તો કોઈ અમીર લેડીનો રૂમાલ છે. બહુ મોંઘો છે જેમાં હાથભરતનું કામ છે. મારા ખ્યાલથી આ પેરીસમાં બનેલો છે." મિસ સ્મીટે જણાવ્યું.

"તો આ રૂમાલ તમારો નથી. તમને ખબર છે કે એ કોનો છે?" પોઈરોએ પૂછ્યું.

"મને? ના સર. મને ખબર નથી."

ફક્ત પોઈરોને ખ્યાલ આવ્યો કે મિસ સ્મીટ આ વાક્ય થોડું અચકાઈને બોલેલાં.

મિસ્ટર બુકે પોઈરોના કાનમાં કાંઈક કહ્યું. પોઈરોએ હકારમાં માથું હલાવ્યું અને મિસ સ્મીટને કહ્યું: "સ્લીપિંગ કારના ત્રણેય કન્ડક્ટર આવી રહ્યા છે. તમે ગઈકાલે પ્રિન્સેસને ધાબળો આપવા જતા હતા ત્યારે એ ત્રણમાંથી કોને જોયેલો તે જણાવશો પ્લીઝ?"

ત્રણેય કન્ડક્ટર ડાઇનિંગ કારમાં દાખલ થયા. પીરે મિશેલ, એથેન્સ-પેરીસ કોચનો સોનેરી વાળવાળો; કદાવર બાંધાનો કન્ડક્ટર અને બુચારેસ્ટ કોચનો ખડતલ શરીર વાળો કન્ડક્ટર.

હિલ્ડેગાર્ડે સ્મીટે ત્રણેય તરફ જોયું અને તરત માથું ધુણાવીને કહ્યું: “ના સર. આ ત્રણમાંથી કોઈને મેં ગઈકાલે રાતે નહોતો જોયો.”

“પરંતુ ટ્રેનમાં આ ત્રણ કન્ડક્ટર જ છે. તમારી કાંઈ ભૂલ થતી હશે.” પોઈરોએ કહ્યું.

“ના સર. આ ત્રણેય તો ઊંચા અને હટ્ટાકટ્ટા છે. મેં જેને જોયો એ તો નાના કદનો, શ્યામ વર્ણનો હતો. તેને આછી મૂછ હતી. એણે ‘સૉરી’ કહ્યું ત્યારે એનો અવાજ કોઈ સ્ત્રીના અવાજ જેવો તીણો હતો. મને એ બરાબર યાદ છે સર.”

પ્રકરણ–૧૩
મુસાફરોની જુબાનીનો સંક્ષેપ

"નાના કદનો, શ્યામ વર્ણનો, સ્ત્રી જેવા તીણા અવાજવાળો માણસ." મિસ્ટર બુક બોલ્યા.

ત્રણેય કન્ડક્ટર અને હિલ્ડેગાર્ડે સ્મીટને બહાર મોકલી દેવાયાં હતાં.

"મને તો કાંઈ સમજાતું નથી." મિસ્ટર બુકે બળાપો કાઢતાં કહ્યું: "રાટચેટે જે દુશ્મનની વાત કરેલી તે ટ્રેન પર હતો ખરો? જો હતો તો અત્યારે ક્યાં છે? સાવ હવામાં તો ન ઓગળી જાય ને? મારું તો માથું ચકરાવા લે છે. મિત્ર પોઈરો, તમે જ કાંઈક સમજાવો, આ અશક્ય વાત શક્ય કઈ રીતે બની?"

"તમે બરાબર કહ્યું. "અશક્ય હોય તે ન બન્યું હોય. તે માટે અશક્ય લાગે છે તે શક્ય બન્યું હશે. ભલે પછી એનો દેખાવ ગમે તેવો લાગે." પોઈરોએ જવાબ દેતા કહ્યું.

"તો મને જલદી જણાવોને કે ગઈકાલે રાતે ટ્રેનમાં શું થયું?" મિસ્ટર બુકની ધીરજ ખૂટતી જતી હતી.

"મારા મિત્ર, હું જાદુગર નથી. હું પણ તમારી જેમ જ આ ઘટનાથી મૂંઝાયેલો છું. આ આખી વાત બહુ વિચિત્ર રીતે આગળ વધી રહી છે." પોઈરોએ જણાવ્યું.

મિસ્ટર બુક જરા ગુસ્સે થઈને બોલ્યા: "અરે આગળ ક્યાં વધે છે? હતા ત્યાંના ત્યાં છીએ."

પોઈરોએ માથું ધુણાવીને ના પાડતા કહ્યું: "એવું નથી. વાત આગળ વધી છે. આપણને અમુક વસ્તુઓની ખબર પડી છે. આપણે મુસાફરોની જુબાની સાંભળી છે."

"પણ એમાંથી આપણને મળ્યું શું? કાંઈ નહીં ને?"

"હું એવું નથી માનતો મિત્ર." પોઈરોએ કહ્યું.

મિસ્ટર બુકે કહ્યું: "હું કદાચ અતિશયોક્તિ કરું છું. હા, મેકક્વીન, હાર્ડમેન અને જર્મન મેઈડે થોડી માહિતી આપી છે. પરંતુ એને કારણે તો મામલો વધુ ગૂંચવાતો લાગે છે!"

'ના, ના, એવું નથી." પોઈરોએ જણાવ્યું.

મિસ્ટર બુકે તેમની તરફ ફરીને કહ્યું: "તો કેવું છે? જરા સમજાવો ને!"

પોઈરોએ કહ્યું: "મેં તમને જણાવ્યું એમ હું પોતે મૂંઝાયેલો છું, છતાં આપણે આ કોયડાનો ઉકેલ લાવી શકીશું. આપણી પાસે હકીકત છે તેને વ્યવસ્થિત ક્રમમાં ગોઠવીને વિચારવાની જરૂર છે.

"મિસ્ટર પોઈરો, પ્લીઝ જણાવો કે હવે આગળ શું કરવું જોઈએ?" ડૉક્ટરે કહ્યું.

પોઈરોએ બ્લોટિંગ પેપર સરખો કર્યો અને ગળું સાફ કરતાં બોલ્યા: "અત્યારે આપણી પાસે જે હકીકત છે તેને તપાસીએ. અમુક બાબતોમાં કોઈ શંકા નથી. જેમ કે રાટચેટ અથવા કાસેટીની બાર વખત છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી અને તે ગઈકાલે અવસાન પામ્યો. આ એક નક્કર હકીકત છે."

મિસ્ટર બુકે મશ્કરી કરતા હોય તેમ કહ્યું: "હા, એ વાત કબૂલ છે હો, એ વાત કબૂલ!"

હરક્યુલ પોઈરોને આની કાંઈ અસર જ ન થઈ હોય તેમ એમણે બોલવાનું ચાલુ રાખ્યું: "થોડા વખત માટે મને અને ડૉક્ટરને જે નિશાનીઓ દેખાઈ તેની વાત હું નહીં કરું. બીજી જે મહત્ત્વની વાત છે એ હત્યાના સમયની."

બુકે કહ્યું: "હા, આપણને જે થોડીઘણી બાબતોની માહિતી છે એમાં આ બાબત છે. આ હત્યા આજે સવારે એક વાગીને પંદર મિનિટે થયેલી. બધા પુરાવા આ વાત સાચી ઠરાવે છે."

"બધા પુરાવા નહીં. તમે જરા અતિશયોક્તિ કરો છો. હા, એવી ઘણી બાબતો છે જે આ

વાતને સાચી ઠરાવે છે.” પોઈરોએ કહ્યું.

બુકે કટાક્ષમાં કહ્યું: “ચાલો, તમે એકાદી વાત તો માની.”

પોઈરોએ પોતાની વાત આગળ વધારી: “અત્યારે આપની સામે ત્રણ શક્યતા છે. પહેલી એ કે તમે કહો છો એમ આ હત્યા એક વાગીને પંદર મિનિટે થયેલી. જર્મન લેડી હેલ્ડીગાર્ડે સ્મીટ અને ડૉક્ટર કોન્સ્ટનટાઇને આપેલા પુરાવા આ વાતનું સમર્થન કરે છે.’

“બીજી શક્યતા એ છે કે હત્યા આ સમય પછી થયેલી હોય અને ઘડિયાળના કાંટા ખોટે માર્ગે દોરવા માટે સેટ કરેલા હોય.”

“ત્રીજી શક્યતા એ છે કે હત્યા આ સમય પહેલા થયેલી હોય અને ઘડિયાળના કાંટા ગોઠવી દેવામાં આવ્યા હોય.”

હવે જો આપણે એમ માનીએ કે પહેલી શક્યતા પ્રમાણે હત્યા થઈ હોય, જે વાતના સૌથી વધુ પુરાવા છે, તો અમુક હકીકતો આપણે સ્વીકારવી પડે. પહેલું એ કે જો હત્યા એક વાગીને પંદર મિનિટે થઈ હોય તો હત્યારો ટ્રેનની બહાર ન ગયો હોય. તો પ્રશ્ન એ થાય કે એ ગયો ક્યાં? એ કોણ છે?

આપણે બધા પુરાવા ઝીણવટથી તપાસીએ. કોઈ નાના કદનો, તીણા અવાજવાળો માણસ ટ્રેનના કોચમાં છે એ વાત આપણને ક્યાંથી મળી? મિસ્ટર હાર્ડમેન પાસેથી. એ કહે છે કે રાટચેટે એમને વાત કરેલી કે આવો કોઈ માણસ એમની હત્યા કરશે. જો કે આ બાબતનો કોઈ પુરાવો નથી. ફક્ત હાર્ડમેને કહ્યું છે એ જ છે. બીજો પ્રશ્ન એ થાય કે હાર્ડમેન સાચે જ ન્યૂયૉર્કની ડિટેક્ટિવ ઑફિસમાં કરે છે કે એવો ઢોંગ કરે છે?”

મારા માટે આ કેસની સૌથી વધુ રસપ્રદ વાત એ છે કે આપણી પાસે પોલીસ જેટલી સત્તા નથી. આપણે આમાંથી કોઈના દસ્તાવેજ જોઈ ન શકીએ. આ આખો કોયડાનો ઉકેલ આપણી બુદ્ધિ અને તર્કથી યોગ્ય તારણ કાઢીને લાવવો જોઈએ. આને કારણે આખો કોયડો બહુ રસપ્રદ બની ગયો છે. આ કોઈ સાદું-સીધું કામ નથી. આ બુદ્ધિનું કામ છે. હું મારી જાતને પૂછું છું “આપણે હાર્ડમેનની વાત સાચી માની શકીએ?” પછી હું જ નિર્ણય લઉં અને કહું: “હા. હું માનું છું કે હાર્ડમેનની વાત સાચી છે અને સ્વીકારવા જેવી છે.”

“તમે અંત:સ્ફુરણા પર વિશ્વાસ રાખો છો?” ડૉક્ટર કોન્સ્ટનટાઇને પૂછ્યું.

પોઈરોએ જવાબ આપ્યો: “જરાપણ નહીં. હું શક્યતાઓ વિચારું છું. હાર્ડમેન ખોટા પાસપોર્ટ પર મુસાફરી કરી રહ્યો છે. આ કારણે તેના ઉપર શંકા પડે તે દેખીતું છે. પોલીસ આવશે તો સૌથી પહેલાં એ જાણવા તાર મોકલશે કે હાર્ડમેન કહે છે તે સાચું છે કે નહીં. બીજા ઘણા મુસાફરો પોતાની સાચી ઓળખાણ નહીં આપી શકે. જો કે એમને એની જરૂર પણ નહીં પડે કારણકે એમના પર શંકા નથી. હાર્ડમેન સાચું બોલે છે કે નહીં તેની તરત ખબર પડી જશે.”

“તમે એમ માનો છો કે એ નિર્દોષ છે?” ડૉક્ટરે પૂછ્યું.

“ના. તમે મેં કહ્યું એ સમજ્યા નહીં. કોઈપણ અમેરિકન ડિટેક્ટિવ પાસે રાટચેટની હત્યા કરવાનું અંગત કારણ હોઈ શકે. હું એટલું જ કહું છું કે હાર્ડમેન જો સાચે જ ડિટેક્ટિવ હોય તો રાટચેટે તેને પોતાના રક્ષણ માટે રાખ્યો હોય તે સાચું હોઈ શકે. જો આ વાત સાચી હોય તો એની સાબિતી ક્યાં મળે? તો એ સાબિતી હિલ્ડેગાર્ડે સ્મીટે જે કહ્યું એમાં છે. એમણે કન્ડક્ટરના યુનિફૉર્મમાં જે નાના કદના, તીણા અવાજવાળા માણસને જોયેલો. હાર્ડમેને જણાવેલું કે રાટચેટ એમ માનતા હતા કે એમનો હત્યારો નાના કદનો અને તીણા અવાજવાળો હશે. બીજી સાબિતી છે મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાંથી મળેલું બટન. એક ત્રીજી વાત છે જે હાર્ડમેનને સાચો ઠરાવે છે, જે વાત કદાચ તમારા ધ્યાનમાં નથી આવી.” પોઈરોએ કહ્યું.

“એ કઈ વાત છે?”

“તમને યાદ હશે કે કર્નલ આર્બથનોટ અને મેકક્વીન, બંનેએ કહેલું કે કન્ડક્ટર તેમના કંપાર્ટમેન્ટ પાસેથી પસાર થયેલો. એમને આ વાતનું મહત્ત્વ નહોતું લાગેલું. પરંતુ ‘મિશેલે જણાવેલું કે અમુક વખત સિવાય એ પોતાની જગ્યા છોડીને ક્યાંય નહોતા ગયા.' આ એકપણ વખત એવો નહોતો જ્યારે એમને કોચના છેડે, કર્નલ અને મેકક્વીન બેઠાં હતાં તે કંપાર્ટમેન્ટ પાસેથી જવું પડે.”

“આમ આ નાના કદના, તીણા અવાજવાળા માણસની વાત સાચી છે કે ખોટી એનો આધાર ચાર સાક્ષીઓની જુબાની ઉપર છે.”

ડૉક્ટર કોન્સ્ટનટાઇને પૂછ્યું: “એક પોઇંટ. જો હિલ્ડેગાર્ડે સ્મીટ સાચું કહેતા હોય તો કન્ડક્ટરે કેમ ન જણાવ્યું કે એ જ્યારે મિસિસ હબ્બાર્ડ પાસે ગયો ત્યારે એણે સ્મીટને જોયેલા?”

પોઈરોએ કહ્યું: “એવું બન્યું હોય કે કન્ડક્ટર જ્યારે મિસિસ હબ્બાર્ડ પાસે ગયો ત્યારે મિસ સ્મીટ પ્રિન્સેસ પાસે હોય. મિસ સ્મીટ જ્યારે પોતાની બર્થ પર પાછાં આવ્યાં હોય ત્યારે કન્ડક્ટર મિસિસ હબ્બાર્ડ પાસે હોય.”

મિસ્ટર બુક કાંઈક કહેવા માટે ઉતાવળા થતા હતા. વાત પૂરી થઈ એટલે તરત બોલ્યાઃ “આ બધું તો ઠીક છે. તમે જે રીતે ધ્યાનપૂર્વક, સ્ટેપ બાય સ્ટેપ આગળ વધો છો તે સારું છે. આપણે બધા સહમત છીએ કે આવો માણસ છે. મારો પ્રશ્ન એ છે એ ગયો ક્યાં?

પોઈરોએ માથું ધુણાવતાં કહ્યું: “મિત્ર, તમે ભૂલ કરો છો. ઘોડાની પહેલાં ગાડી મૂકો છો. “આ માણસ ગયો ક્યાં? એ પ્રશ્નની પહેલાં “આવો માણસ સાચે જ હતો ખરો?” એ પ્રશ્ન થવો જોઈએ. આ માણસ જો કલ્પનાથી બનાવવામાં આવ્યો હોય તો તેણે ગુમ કરવો બહુ સહેલું છે. હું તો પહેલા એ સાબિત કરવા માગું છું કે આવો માણસ હતો કે નહીં.”

મિસ્ટર બુકે પૂછ્યું: “માની લો કે એ હતો, તો અત્યારે ગયો ક્યાં?”

પોઈરોએ જવાબમાં કહ્યું: “એ પ્રશ્નના ફક્ત બે જવાબ છે. એક તો એ ટ્રેનમાં એવી જગ્યાએ સંતાયો છે જે કોઈને ખબર નથી. અથવા તો એ એક નહીં પણ બે વ્યક્તિનો રોલ કરે છે. એક એનો જેનાથી રાટચેટને ભય હતો અને બીજો વેશપલટો કરીને આ ટ્રેનના કોઈ મુસાફરનો જેને રાટચેટ ઓળખી ન શક્યા.”

મિસ્ટર બુક બોલ્યાઃ “અરે! આ તો બરાબર છે.” પછી શંકાથી બોલ્યાઃ ‘પણ તેમાં એક...”

એમનું વાક્ય પૂરું થાય તે પહેલાં પોઈરોએ વાત ઉપાડી લીધીઃ “એ માણસની ઊંચાઈ, ખરું?

મિસ્ટર રાટચેટના નોકર સિવાયના બધા મુસાફરો ઊંચા છે. ઇટાલિયન, કર્નલ, મેકક્વીન, કાઉન્ટ બધા.

આમ નોકર જ બાકી રહ્યો, જેની શક્યતા ઓછી લાગે છે. પરંતુ જ્યારે “તીણો અવાજ” યાદ કરીએ ત્યારે વિકલ્પો વધી જાય છે. શક્ય છે કે કોઈ પુરુષ સ્ત્રીના વેશમાં હોય અથવા તો એ સ્ત્રી જ હોય.”

કોઈ ઊંચી સ્ત્રી પુરુષના કપડામાં નીચા કદની જ લાગે.”

“પરંતુ રાટચેટને આ વાતની ખબર હોય ને?” મિસ્ટર બુકે પૂછ્યું.

“હા, એને ખબર હશે. શક્ય છે કે કોઈ સ્ત્રીએ પુરુષના વેશમાં એના પર હુમલો કર્યો હોય. રાટચેટને અંદેશો આવ્યો હશે કે એ ફરીવાર આવી રીતે જ હુમલો કરશે. માટે જ એણે હાર્ડમેનને કોઈ પુરુષ પર નજર રાખવા કહ્યું, પણ સાથે જ ‘તીણા અવાજ”ની વાત કરી.”

બુકે કહ્યું: “હા, આવું બન્યું હોય તે શક્ય છે. પણ...”

"મિત્ર, હવે હું તમને ડૉક્ટર કોન્સ્ટનટાઇને શું જણાવ્યું છે તે કહું." પોઈરોએ આમ કહીને ડૉક્ટરે અને તેમણે પોતે મૃતદેહ પર દેખાતા ઘાવને જોઈને જે તારણ કાઢેલા તેની વિગતવાર વાત કરી. મિસ્ટર બુકે આ સાંભળીને પોતાનું માથું પકડીને કહ્યું: "ઓહ, માથું ભમી જાય એવી વાત છે."

પોઈરોએ સહાનુભૂતિ દેખાડતાં કહ્યું: "હું સમજી શકું છું કે તમને કેવા વિચાર આવે છે."

બુક બોલ્યાઃ "અરે આખી વાત કોઈ ઢંગધડા વિનાની, સાવ કલ્પના હોય એવી લાગે છે."

"હું એ જ કહું છું." પોઈરોએ કહ્યું. "આખી વાત વિચિત્ર છે. હું પોતે પણ માનું છું કે આ ન માની શકાય એવું છે. છતાં હકીકત એ છે મિત્ર, કે આ ઘટના બની છે. એ સત્યને નકારી ન શકાય."

"અરે પણ આ તો નર્યું પાગલપણું કહેવાય!" મિસ્ટર બુક ઉદ્વેગથી બોલ્યા.

"પાગલપણું જ કહેવાય ને? ક્યારેક તો મને એવો વિચાર આવે છે કે આ એટલું બધું વિચિત્ર છે કે એ સાવ સરળ હશે!" પોઈરોએ જણાવ્યું અને ઉમેર્યું: "જો કે આ મારો વિચાર છે."

"બે હત્યારાઓ અને એ પણ ઑરિએન્ટ ઍક્સપ્રેસ પર!" મિસ્ટર બુક રડમસ થઈ ગયેલા.

પોઈરોએ પ્રસન્નતાથી કહ્યું: "ચાલો, આ કાલ્પનિક કથામાં થોડાક વધુ રંગ પૂરીએ. ગઈકાલે ટ્રેનમાં બે જણાની રહસ્યમય હાજરી હતી. એક એ કન્ડક્ટર કે જેનું વર્ણન મિસ્ટર હાર્ડમેને કરેલું અને જેને હિલ્ડગાર્ડે સ્મીટ, કર્નલ આર્બથનોટ અને મેકક્વીને જોયેલો. બીજા પેલા ડ્રેગન છાપેલો રેડ કીમોનો પહેરીને ફરતાં દેખાયેલાં તે ઊંચાં અને પાતળાં લેડી, જેમને પિયરે મિશેલ, મિસ ડેબેનહામ, મિસ્ટર મેકક્વીન અને મેં જોયેલા અને જેમના અત્તરની ખૂશ્બુ કર્નલ આર્બથનોટે અનુભવેલી. આ લેડી કોણ હતાં? ટ્રેનમાં કોઈ કબૂલ નથી કરતું કે તેની પાસે રેડ કીમોનો છે. આ લેડી પણ જાણે હવામાં ઓગળી ગયાં છે. એ અને પેલો કન્ડક્ટર, એ એક જ વ્યક્તિ છે કે અલગ અલગ? એ બંને અત્યારે ક્યાં છે? અને હા, એ કન્ડક્ટરનો યુનિફૉર્મ તથા લાલ રંગનો કીમોનો ક્યાં છે?"

"અરે હા. આ કાંઈક નક્કર વાત થઈ." મિસ્ટર બુક ઊભા થઈને ઉત્સુકતા સાથે બોલ્યા અને કહ્યું: "આપણે બધાના સામાનની તલાશી લેવી જોઈએ."

પોઈરો પણ ઊભા થયા અને બોલ્યાઃ "એક ભવિષ્યવાણી કરું છું."

"તમને ખબર છે આ બંને વસ્તુ ક્યાં છે?" મિસ્ટર બુકે પૂછ્યું.

"મારા ખ્યાલ પ્રમાણે લાલ રંગનો કીમોનો કોઈ પુરુષના સામાનમાંથી મળશે અને કન્ડક્ટરનો યુનિફૉર્મ હિલ્ડેગાર્ડે સ્મીટના સામાનમાંથી મળશે." પોઈરોએ કહ્યું.

"હિલ્ડેગાર્ડે સ્મીટના સામાનમાંથી? તમને લાગે છે કે એ..."

મિસ્ટર બુકનો સવાલ પૂરો થાય તે પહેલાં પોઈરોએ કહ્યું: "ના તમે વિચારો છો એવું નથી. એટલું કહું કે જો હિલ્ડેગાર્ડે સ્મીટ ગુનેગાર હશે તો યુનિફૉર્મ એમના સામાનમાંથી કદાચ મળશે. પરંતુ જો તે નિર્દોષ હશે તો આ યુનિફૉર્મ એમના સામાનમાંથી ચોક્કસ મળશે."

"પરંતુ તમે આ કેવી રીતે..." બુકે પ્રશ્ન પૂછતા અટકી ગયા અને બોલ્યાઃ "આ અવાજ શેનો આવે છે? આ તો જાણે કે કોઈ મોટું વાહન આવતું હોય એવું લાગે છે!"

અવાજ નજીકમાં જ સંભળાયો ત્યારે કોઈ તીવ્ર અવાજે, ઘાંટા પાડીને વિરોધ કરતું હોય તેવું લાગ્યું.

ડાઇનિંગ કારનું બારણું ધડાકા સાથે ખૂલ્યું અને મિસિસ હબ્બાર્ડ અંદર ધસી આવ્યાં.

"બહુ ભયંકર, બહુ ત્રાસદાયક." મિસિસ હબ્બાર્ડ ચીસો પાડીને કહેતાં હતાં. "મારી સ્પોંજ બૅગમાં એક મોટી જબરી છરી છે. લોહીના ડાઘાવાળી છરી!"

આટલું કહીને તે બેભાન થઈને મિસ્ટર બુકના ખભા પર ઢળી પડ્યા.

પ્રકરણ–૧૪
હથિયારનો પુરાવો

મિસ્ટર બુકે મિસિસ હબ્બાર્ડને અધવચ્ચે ઝીલી લીધા અને એમનું માથું ટેબલ પર મૂકીને સુવડાવ્યા. ડૉક્ટર કોન્સ્ટનટાઇને વેઇટરને બૂમ પાડીને બોલાવ્યો જે દોડીને આવ્યો.

"આમનું માથું આમ જ રહે તેમ જોજે અને એ જો ભાનમાં આવે તો થોડો કોગ્નેક આપજે. સમજ્યો?" વેઇટરને આટલું કહીને ડૉક્ટર પોઈરો અને મિસ્ટર બુકની પાછળ ગયા. તેમને કોઈ વૃદ્ધ લેડીની સારવાર કરતા આ અપરાધમાં વધુ રસ હતો.

મિસિસ હબ્બાર્ડ આ પદ્ધતિથી ઝડપથી ભાનમાં આવી ગયાં એવું લાગ્યું. થોડા સમય પછી એ કોગ્નેકની ચૂસકી લેતાં લેતાં વાતો કરતાં હતાં. "અરે હું જણાવી નથી શકતી કે એ કેટલું ભયંકર હતું. આખી ટ્રેનમાં મારી દશા કોઈ નહીં સમજી શકે. હું નાની હતી ત્યારથી અત્યંત લાગણીશીલ છું. મને તો જરાક લોહી દેખાય ત્યાં તો હું સાવ ઢીલી થઈ જાઉં. અરે યાદ કરું ત્યાં કંપારી આવી જાય!"

વેઇટરે એમને ફરીવાર કોગ્નેકનો ગ્લાસ ધર્યો અને કહ્યું: "થોડું વધારે લો મેડમ."

"તને લાગે છે કે મારે વધુ લેવું જોઈએ? મેં આખી જિંદગી શરાબને હાથ નથી લગાડ્યો હોં! મારા કુટુંબમાં કોઈ શરાબ નથી પીતું. છતાં જો આ દવા તરીકે લેવાનું હોય તો..." આટલું કહી એમણે એક ઘૂંટડો ભર્યો.

આટલીવારમાં પોઈરો, મિસ્ટર બુક અને એમના પછી ડૉક્ટર કોન્સ્ટનટાઇન ડાઇનિંગ કારમાંથી નીકળીને મિસિસ હબ્બાર્ડના કોચ તરફ ઝડપથી ગયા.ત્યાં પહોંચ્યા તો જોયું કે લગભગ બધા મુસાફરો કંપાર્ટમેન્ટની બહાર ટોળે વળીને ઊભા હતા. કન્ડક્ટર બધાને બહાર રાખવા મથતો હતો અને જુદી જુદી ભાષામાં વારંવાર કહેતો હતોઃ "પ્લીઝ કોઈ અંદર ન આવો'

મિસ્ટર બુકે જરા મોટે અવાજે કહ્યું: "મને જવા દો પ્લીઝ." અને મુસાફરો વચ્ચેથી તે માર્ગ કરીને કંપાર્ટમેન્ટમાં ગયા. પોઈરો એમની પછી ગયા. મિસ્ટર બુકને જોઈને કન્ડક્ટરે નિરાંતનો શ્વાસ લીધો અને કહ્યું: "સારું થયું તમે આવી ગયા સર! બધા અંદર આવવા માગે છે. પેલા અમેરિકન લેડીએ એવી તો ચીસાચીસ કરી મૂકી કે મને લાગ્યું એમની હત્યા થઈ છે! હું દોડીને આવ્યો. તે બૂમો પાડતા તમારી પાસે આવ્યા અને રસ્તામાં બધાને શું બન્યું છે તે કહેતા ગયા."

કન્ડક્ટરે હાથના ઇશારાથી બતાવીને કહ્યું: "એ ત્યાં છે સર. હું એને અડ્યો નથી."

બાજુના કંપાર્ટમેન્ટને જોડતા દરવાજા પર એક મોટા કદની, રબરની સ્પોંજ બૅગ લટકતી હતી. એની બરાબર નીચે ફર્શ પર એક મોટું ખંજર હતું જે મિસિસ હબ્બાર્ડના હાથમાંથી પડી ગયેલું.

એની બ્લેડ લાંબી અને ધારદાર હતી, જેની ઉપર કાટ ચડ્યો હોય તેવા ડાઘા હતા.

પોઈરોએ એને જાળવીને હાથમાં લીધું અને નિરીક્ષણ કરીને બોલ્યાઃ "હમમ... આ જ હથિયાર છે જેનાથી હત્યા થઈ છે. શું કહો છો ડૉક્ટર?"

ડૉક્ટરે ખંજરને હાથમાં લીધા વિના ધ્યાનથી જોયું. પોઈરોએ કહ્યું: "આટલી કાળજી રાખવાની જરૂર નથી. આમ પણ આની ઉપર મિસિસ હબ્બાર્ડ સિવાય કોઈના આંગળાનાં નિશાન મળવાનાં નથી."

ડૉક્ટરે થોડીવારમાં તપાસ પૂરી કરીને કહ્યું: "આ જ કાતિલ હથિયાર છે. આનાથી જ દરેક ઘાવ થયો છે."

પોઈરોએ કહ્યું: "હું તમને વિનંતિ કરું કે આવું તારણ ન કાઢશો."

ડૉક્ટરે આશ્ચર્યથી પોઈરો સામે જોયું. પોઈરોએ કહ્યું: "બહુ જોગાનુજોગ ઘટનાઓ બની ગઈ છે. ગઈકાલે બે જણા રાટચેટની છરી મારીને હત્યા કરવાનું નક્કી કરે છે. એ તો બહુ વિચિત્ર જોગાનુજોગ ગણાય કે એ બંને જણા એક જ હથિયાર વાપરવાનું પસંદ કરે છે."

ડૉક્ટરે અભિપ્રાય આપતા કહ્યું: "બહુ વિચિત્ર સંજોગ ન ગણી શકાય. આવા ખંજર હજારોની સંખ્યામાં ઈસ્તંબુલની બજારમાં વેચાય છે."

"તમારી વાત થોડા અંશે સાચી છે, પરંતુ થોડા અંશે જ." પોઈરોએ કહ્યું અને પછી તે બે કંપાર્ટમેન્ટ વચ્ચેના બારણાને જોઈ રહ્યા. થોડી વાર પછી એમણે સ્પોંજ બૅગ હટાવીને બારણાનું હેન્ડલ ઘુમાવ્યું પણ બારણું બંધ હતું. હેન્ડલની એક ફૂટ ઉપર આગળિયો હતો. પોઈરોએ તેને ખોલીને બારણાને ઉઘાડવા પ્રયત્ન કર્યો પણ બારણું ઊઘડ્યું નહીં."

"આપણે આ બારણાને બીજી સાઇડથી લોક કર્યું છે એ તમને યાદ હશે." ડૉક્ટરે કહ્યું.

"હા. સાચું." પોઈરોએ બેધ્યાન રીતે કહ્યું. એમની ભમ્મરો એ ઊંડા વિચારમાં હોય એમ ખેંચાયેલી હતી."

મિસ્ટર બુકે કહ્યું: "આ આખી વાત બંધબેસતી છે ને? હત્યારો આ કંપાર્ટમેન્ટમાંથી પસાર થાય છે. એ જ્યારે આ દરવાજામાંથી આવે છે ત્યારે તેની નજર આ સ્પોંજ બૅગ પર જાય છે. એ જલદીથી લોહિયાળ ખંજર બૅગમાં સરકાવી દે છે. ત્યાં એને ખ્યાલ આવે છે કે મિસિસ હબ્બાર્ડ જાગી ગયાં છે એટલે એ આગળના બારણામાંથી કૉરિડૉરમાં આવી જાય છે."

"તમે કહો છો એમ જ કદાચ થયું હશે." પોઈરોએ ધીમેથી કહ્યું પરંતુ તે હજુ દ્વિધામાં હતા.

"તમે શું વિચારો છો?" મિસ્ટર બુકે પૂછ્યું: "તમને હજુ કાંઈક બરાબર નથી લાગતું ને?"

"તમને એ નથી દેખાતું? જો કે કદાચ ખ્યાલ ન આવે. બહુ નાની વાત છે." પોઈરોએ કહ્યું.

કન્ડક્ટરે જણાવ્યું: "અમેરિકન લેડી પાછાં આવી રહ્યાં છે."

ડૉક્ટર કોન્સ્ટનટાઇનના ચહેરા પર ખેદ દેખાયો. એમને લાગ્યું કે એમણે અમેરિકન લેડીને યોગ્ય ટ્રીટમૅન્ટ નહોતી આપી. પરંતુ મિસિસ હબ્બાર્ડને ડૉક્ટર માટે કોઈ ફરિયાદ નહોતી. એમનું સંપૂર્ણ ધ્યાન તો બીજી જ વાતમાં હતું.

એમણે કંપાર્ટમેન્ટના દરવાજામાં આવીને કહ્યું: "હું એક વાત ચોખ્ખેચોખ્ખી કહી દઉં. હું હવે આ કંપાર્ટમેન્ટમાં એક મિનિટ પણ નથી રહેવાની. અરે તમે મને લાખ રૂપિયા આપો તો પણ હું આજે રાતે અહીં નથી સૂવાની."

"પરંતુ મેડમ..." મિસ્ટર બુકે કહ્યું.

"મને ખબર છે તમે શું કહેવાના છો પણ હું ચોક્ખું કહી દઉં છું કે હું એ વાત નહીં માનું."

"અરે હું કૉરિડૉરમાં આખી રાત બેસી રહીશ પણ કંપાર્ટમેન્ટમાં નહીં જ જાઉં." મિસિસ હબ્બાર્ડ આટલું કહીને રડવા લાગ્યાં અને બોલ્યાં: "અરે રે, મારી દીકરી મને આ દશામાં જુએ તો કેવી દુઃખી થાય!"

પોઈરોએ કહ્યું: "તમારી માગણી વાજબી છે, મેડમ. તમારો સામાન તરત બીજા કંપાર્ટમેન્ટમાં ફેરવી દઈશું."

મિસિસ હબ્બાર્ડે ચહેરા પરથી રૂમાલ ખસેડીને કહ્યું: "સાચે જ? તો તો બહુ સારું. પરંતુ આખી ટ્રેન ભરેલી છે. સિવાય કે કોઈ પોતાનો કંપાર્ટમેન્ટ..."

મિસ્ટર બુકે જણાવ્યું: "મેડમ, બેલગ્રેડથી જે કોચ જોડાયો છે તેનો એક કંપાર્ટમેન્ટ તમને આપીશું. તમારો બધો સામાન ત્યાં ફેરવી દઈશું."

"એ તો બહુ જ સરસ. આમ તો હું કાંઈ નર્વસ નથી હોં! પણ કોઈ મૃત વ્યક્તિની પાસેના કંપાર્ટમેન્ટમાં રહેવાનું... હું તો પાગલ જ થઈ જાઉં!" મિસિસ હબ્બાર્ડ બોલ્યાં.

"મિશેલ." મિસ્ટર બુકે કન્ડક્ટરને બોલાવીને સૂચના આપી. "મેડમનો સામાન એથેન્સ-

પેરીસ કોચના ખાલી કંપાર્ટમેન્ટમાં ફેરવી દો"

"ઓ.કે. સર. કયા કંપાર્ટમેન્ટમાં ફેરવું? આ છે એ પ્રમાણે ત્રણ નંબરમાં જ?"

"ના" મિસ્ટર બુક કાંઈ કહે એ પહેલાં પોઈરો બોલ્યાઃ "મેડમને બીજા કોઈ નંબરનો કંપાર્ટમેન્ટ આપીએ એ સારું થશે. એમ કરો, બાર નંબરનો કંપાર્ટમેન્ટ આપો."

"સારું સર." મિશેલે કહ્યું અને તે સામાન લઈને બહાર ગયો. મિસિસ હબ્બાર્ડ પોઈરો તરફ ફરીને બોલ્યાં, "સર, આપ બહુ ભલા છો. મને આ યાદ રહેશે."

પોઈરોએ કહ્યું: "મેડમ, આ તો અમારી ફરજ છે. ચાલો, અમે તમને તમારા નવા કંપાર્ટમેન્ટ સુધી મૂકી જઈએ." આટલું કહી પોઈરો, મિસ્ટર બુક અને ડૉક્ટર મિસિસ હબ્બાર્ડ સાથે તેમના નવા કંપાર્ટમેન્ટ સુધી ગયાં.

મિસિસ હબ્બાર્ડે કંપાર્ટમેન્ટમાં બધે નજર ફેરવીને કહ્યું: "વાહ! આ બહુ સરસ છે."

"તમને ગમ્યો ને? પહેલાનો કંપાર્ટમેન્ટ હતો એવો જ છે." મિસ્ટર બુકે કહ્યું.

"હા, પણ પેલો કંપાર્ટમેન્ટ બીજી તરફ હતો. જો કે એનો વાંધો નથી કારણકે ટ્રેન તો પહેલાં એક દિશામાં જાય અને પછી પાછી બીજી દિશામાં. મેં મારી દીકરીને કહ્યું કે મારે એવી બર્થ જોઈએ જે એન્જિન તરફ હોય ત્યારે એણે કહ્યું: "શું કામ મમ્મી? તું એક તરફ સૂઈ જઈશ પણ ઊઠીશ ત્યારે ટ્રેન બીજી તરફ દોડતી હશે." એની વાત સાવ સાચી હતી. હું બેલગ્રેડ ગઈ ત્યારે એમ જ થયું."

મિસિસ હબ્બાર્ડે રાબેતા મુજબ લંબાણથી વાત કરી.

મિસ્ટર બુકે પૂછ્યું: "મેડમ, હવે તમે ખુશ છો ને?"

મિસિસ હબ્બાર્ડ બોલ્યાં: "ના હોં. એવું નથી. અહીં આપણે બધા બરફના તોફાનમાં ફસાયાં છીએ અને એ બાબતમાં કોઈ કાંઈ કરતું નથી. મારી બોટ પરમ દિવસે ઊપડે છે."

મિસ્ટર બુક બોલ્યાઃ "મેડમ, આપણે બધા એ જ પરિસ્થિતિમાં છીએ ને?"

"એ વાત સાચી પણ બીજા કોઈના કંપાર્ટમેન્ટમાંથી અડધી રાતે હત્યારો પસાર નથી થયો!"

પોઈરોએ કહ્યું: "એક વાત મને નથી સમજાતી મેડમ, તમે કહો છો કે બાજુના કંપાર્ટમેન્ટમાં ખૂલતું બારણું બંધ હતું. તો પછી હત્યારો તમારા કંપાર્ટમેન્ટમાં આવ્યો કઈ રીતે? શું બારણું સાચે જ બંધ હતું?"

"હા, હા. પેલી સ્વીડીશ લેડીએ મારી સામે જ એને બંધ કરેલું." મિસિસ હબ્બાર્ડે કહ્યું.

"થોડું યાદ કરીને કહો. તમે સૂતા હતા એટલે તમને બારણું દેખાતું નહીં હોય, બરાબર?"

"ના. મારી સ્પોંજ બૅગ આડી આવતી હતી. અરે હા! મારે તો નવી સ્પોંજ બૅગ લેવી પડશે. મને તો આ બૅગને જોતાં જ ચીતરી ચડે છે!"

પોઈરોએ સ્પોંજ બૅગને બારણા પર લટકાડીને કહ્યું: "હમમ... આને કારણે બૉલ્ટ ઢંકાઈ જાય છે. એટલે તમને દેખાયું નહીં હોય કે દરવાજો બંધ છે કે ખુલ્લો."

"હું પણ ક્યારની એ જ કહું છું ને!" મિસિસ હબ્બાર્ડે કહ્યું.

"સ્વીડીશ લેડી તમારી અને બારણાની વચ્ચે ઊભાં હતાં ને? એમણે બારણું ચેક કરીને તમને કહ્યું કે એ બંધ છે, ખરું?" પોઈરોએ પૂછ્યું.

"હા, એમ જ બનેલું."

"શક્ય છે કે એમની ભૂલ થઈ હોય." પોઈરોએ સમજાવતાં કહ્યું: "આ બોલ્ટ છે એ જમણી તરફ હોય ત્યારે બારણું બંધ થાય. સીધો હોય ત્યારે બારણું ખુલ્લું હોય. સ્વીડીશ લેડીએ બારણાને ધક્કો મારીને જોયું હશે અને એ બીજી તરફથી બંધ હોવાથી ન ખૂલ્યું, માટે એમ માની લીધું હશે કે બારણું બંધ છે.

મિસિસ હબ્બાર્ડે કહ્યું: "એવું થયું હોય તો એ એની મૂર્ખાઈ કહેવાય."

"મેડમ, બધામાં સરખી બુદ્ધિ નથી હોતી ને?" પોઈરોએ કહ્યું.

"એ વાત બરાબર."

"મેડમ, તમે આ તરફ સ્માયરના શહેર થઈને ગયેલાં?"

"ના રે. હું તો સીધી ઈસ્તંબુલ પહોંચી ગયેલી. મારી દીકરીના મિત્ર, મિસ્ટર જ્હોનસન, મને ત્યાં મળેલા (બહુ સારા માણસ છે હો! મળવા જેવા.) અને એમણે મને આખું ઈસ્તંબુલ દેખાડ્યું. મને તો ઈસ્તંબુલ જરાય ન ગમ્યું હોં! બધે ખંડેરો જ દેખાતાં હતાં. વળી ઓલી મોટી મસ્જિદોમાં જવા માટે બૂટ પર કપડાનાં મોજાં ચડાવવા પડે.. અરે હા, હું શું કહેતી હતી?" મિસિસ હબ્બાર્ડે પૂછ્યું.

"તમે કહ્યું કે મિસ્ટર જ્હોનસન તમને ઈસ્તંબુલમાં મળ્યા."

"હા, એમણે મને એક ફ્રેંચ બોટ જે સ્માયરના જતી હતી, તેમાં બેસાડી દીધી. મારી દીકરીના વર મને ત્યાં લેવા આવેલા. અરેરે, એ જ્યારે આ સાંભળશે ત્યારે એને કેટલું દુ:ખ થશે! મારી દીકરીએ તો મને કહેલું `મમ્મી, તું જરાપણ ફિકર ન કર. એકવાર ટ્રેનમાં બેસીશ એટલે આરામથી તું પેરીસ પહોંચી જઈશ અને ત્યાં અમેરિકન એક્સપ્રેસ સ્ટીમર ઊભી જ હશે.' અરે, મારે એ સ્ટીમરની ટિકિટ કેન્સલ કરાવવાની છે. હવે હું ત્યાં નહીં પહોંચી શકું. આ આવી મુસીબત આવી ગઈ છે..." મિસિસ હબ્બાર્ડ ફરીવાર રડમસ થઈ ગયાં.

પોઈરોએ ધીરજ બંધાવતા કહ્યું: "મેડમ, તમને શોક લાગ્યો છે. હું ડાઇનિંગ કારના વેઇટરને કહું છું કે તમારા માટે ચા અને બિસ્કિટ લઈ આવે."

મિસિસ હબ્બાર્ડ આંસુ ખાળતાં બોલ્યાં: "મને ચા બહુ નથી ફાવતી."

"તો કૉફી મગાવી દઉં. તમારે કાંઈક પીવાની જરૂર છે."

"કોગ્નેકના બે પેગ પીધા એટલે મારું માથું જરા ભમે છે. કૉફી સારી રહેશે."

"ચોક્કસ. તમારામાં ફરી સ્ફૂર્તિ આવી જશે. પરંતુ થોડી કામની વાત. તમે મને તમારા સામાનની તપાસ કરવા દેશો?" પોઈરોએ પૂછ્યું.

મિસિસ હબ્બાર્ડે પૂછ્યું: "એની શું જરૂર છે?"

"અમે બધા મુસાફરોનો સામાન તપાસવાના છીએ. તમને સ્પોંજ બૅગનો કેવો ખરાબ અનુભવ થયો! એવો બીજાને ન થાય માટે."

મિસિસ હબ્બાર્ડ બોલી ઊઠ્યાં: "અરે હા હો, બરાબર! તમે જલદીથી મારો સામાન તપાસો પ્લીઝ. મારે ફરીવાર એવો અનુભવ ક્યારેય નથી કરવો!"

સામાનની તપાસ જલદી પૂરી થઈ ગઈ. મિસિસ હબ્બાર્ડ પાસે સામાનમાં ફક્ત એક હેટબૉક્સ, એક સૂટકેસ અને ટ્રાવેલિંગ બૅગ હતાં. એ બધામાં જે વસ્તુઓ હતી તેની તપાસ કરતા તો બે જ મિનિટ લાગી. થોડી વધુ વાર એટલે થઈ કે મિસિસ હબ્બાર્ડે પોતાની દીકરી અને તેના બે સંતાનોના ફોટોગ્રાફ જોવા માટે પોઈરોને મજબૂર કર્યા.

પ્રકરણ–૧૫
મુસાફરોના સામાનની તપાસ

“તમારા માટે કૉફી મોકલવાની વ્યવસ્થા કરું છું.” એમ મિસિસ હબ્બાર્ડને કહીને પોઈરો અને એમના બે સાથીદાર તેના કંપાર્ટમેન્ટમાંથી નીકળ્યા.

મિસ્ટર બુકે પૂછ્યું: “તો? પહેલી તપાસમાં તો કાંઈ મળ્યું નહીં. હવે ક્યાં જઈએ?

“આપણે અહીંથી શરૂ કરીને દરેક કંપાર્ટમેન્ટ જોતાં જઈએ એ સહેલું પડશે, નહીં?” પોઈરોએ કહ્યું અને જણાવ્યું: “એટલે સૌથી પહેલાં સોળ નંબરની તપાસ કરીશું. ત્યાં મિસ્ટર હાર્ડમેન છે.”

હાર્ડમેન સિગાર પીતા હતા. તેમણે આવકાર આપતા કહ્યું: “આવો આવો. જો કે અહીં થોડી સંકડાશ પડશે.”

મિસ્ટર બુકે તેમના આવવાનો હેતુ જણાવ્યો ત્યારે હાર્ડમેન તરત બોલ્યા: “જરૂર મારો સામાન તપાસો. હું વિચારતો હતો કે તમે અત્યાર સુધી આ કર્યું કેમ નથી. આ મારી ચાવીઓ. મારી બૅગ ઉપરથી ઉતારી આપું?”

મિસ્ટર બુકે કહ્યું: “ના, કન્ડક્ટર ઉતારી દેશે.” કહીને એમણે મિશેલને ઇશારો કરી બૅગ નીચે ઉતારવા કહ્યું. બંને બૅગની તપાસ થોડીવારમાં થઈ ગઈ. એમાં કશું વાંધાજનક હતું નહીં. હા, બૅગમાં ઘણી બધી શરાબની બૉટલો હતી. કોઈ કાંઈ પૂછે એ પહેલા હાર્ડમેને આંખ મિચકારીને જણાવ્યું: “અરે આ બધી સરહદ પર ચૅકિંગ તો લોલમલોલ હોય છે. મેં નોટોની થોકડી પકડાવી દીધી એટલે અત્યાર સુધી વાંધો નથી આવ્યો.”

મિસ્ટર બુકે પૂછ્યું: “પરંતુ પેરિસમાં શું થશે?”

ફરી એકવાર હાર્ડમેને આંખ મીચકારીને કહ્યું: “અરે સાહેબ, પેરીસ પહોંચતા સુધીમાં તો આ બધું એક નાની શેમ્પુની બૉટલમાં સમાઈ જાય એટલું જ વધ્યું હશે!”

“લાગે છે કે તમે દારૂબંધીમાં નથી માનતા.” બુકે કહ્યું.

હાર્ડમેને કહ્યું: “હું તો કહું દારૂબંધી માટે મેં ક્યારેય ફિકર નથી કરી.”

“તમારી અમેરિકનોની ભાષા રહસ્યમય હોય છે હોં!” બુકે કહ્યું.

પોઈરોએ કહ્યું: “મને તો અમેરિકા જવાની ખાસ ઇચ્છા છે.”

“ત્યાં તમને ઝડપથી કામ કઈ રીતે થાય તે શીખવા મળે. યુરોપ તો અડધું ઊંઘમાં હોય એવા હાલ છે. એણે જાગૃત થવાની જરૂર છે.” હાર્ડમેને અભિપ્રાય આપ્યો.

“અમેરિકા પ્રગતિશીલ દેશ છે એમાં બે મત નથી.” પોઈરોએ કહ્યું. “અમેરિકાના લોકોની ઘણી બાબતને હું આદર આપું છું. એક જ છે. હું કદાચ જુનવાણી વિચારનો છું પણ હું માનું છું કે અમેરિકન યુવતીઓ થોડી ઓછી આકર્ષક હોય છે. મારા મતે ફ્રેંચ અથવા બેલ્જિયન યુવતી વધુ નખરાળી, વધુ મોહક હોય છે.”

હાર્ડમેને બારી બહાર બરફના ઢગલા તરફ નજર નાખતાં કહ્યું: “મિસ્ટર પોઈરો, તમે કદાચ સાચા હશો પણ દરેકને પોતાના દેશની યુવતીઓ આકર્ષક લાગતી હોય છે.” એમણે આંખો પટપટાવીને કહ્યું: “આ તો અંજાઈ જઈએ એવું છે ને? મને હવે અકળામણ થવા લાગી છે. આ હત્યા, બરફનું તોફાન... અને કાંઈ જ કર્યા વિના બેસી રહેવાનું. બસ, સમય પસાર કરવાનો. માણસને કાંઈક પ્રવૃત્તિ તો જોઈએ ને?”

“આ પશ્ચિમના લોકોની ખાસિયત છે. ધાંધલ કર્યા વિના ચેન ન પડે.” પોઈરોએ કહ્યું.

તે લોકો બીજા કંપાર્ટમેન્ટમાં આવ્યા જ્યાં કર્નલ આર્બથનોટ ખૂણામાં બેસીને પાઇપ પીતાં

પીતાં વાંચતા હતા. પોઈરોએ એમને આગમનનો હેતુ જણાવ્યો ત્યારે કર્નલે કોઈ વિરોધ ન કર્યો. એમની બે વજનદાર સૂટકેસ એમણે બતાવી અને કહ્યું: "મારો બીજો સામાન સ્ટીમરમાં ગયો છે."

બધા મિલિટરીમેનની જેમ કર્નલ પણ વ્યવસ્થિત પૅકિંગ કરવાવાળા હતા. તેમના સામાનની તપાસ પણ થોડી જ વારમાં પૂરી થઈ ગઈ. પોઈરોનું ધ્યાન પાઇપ ક્લીનરના પૅકેટ પર પડ્યું એટલે એમણે પૂછ્યું: "તમે હંમેશાં આવા પાઇપ ક્લીનરનો જ ઉપયોગ કરો છો?"

"હા, જો એવા પાઇપ ક્લીનર મળી શકે તો." કર્નલે જવાબ આપ્યો.

"ઓહો, ઓ.કે." પોઈરોએ કહ્યું.

કંપાર્ટમેન્ટમાંથી બહાર નીકળ્યા એટલે ડૉક્ટર કોન્સ્ટનટાઇને પૂછ્યું: "એમની પાસેના પાઇપ ક્લીનર એવા જ હતાં ને જેવું રાટચેટ પાસેથી મળેલું?"

"એ ખરું પણ આ વાત એમના સ્વભાવ સાથે મેચ નથી થતી." પોઈરોએ કહ્યું. પછીના કંપાર્ટમેન્ટનું બારણું બંધ હતું. ટકોરા માર્યા તો અંદરથી પ્રિન્સેસ ડ્રેગોમીરોફનો અવાજ આવ્યો: "અંદર આવો."

મિસ્ટર બુકે બહુ વિનયપૂર્વક ત્રણેયના આવવાનો હેતુ જણાવ્યો. પ્રિન્સેસે ધ્યાનપૂર્વક વાત સાંભળી અને જણાવ્યું: "જો સામાનની તપાસ જરૂરી હોય તો બાકી કાંઈ કહેવાનું રહેતું નથી. મારી મેઇડ પાસે બધી ચાવીઓ છે. તમે તપાસ કરી લો."

પોઈરોએ પૂછ્યું: "મેડમ, ચાવીઓ હંમેશાં મેઈડ પાસે હોય છે?"

પ્રિન્સેસે જણાવ્યું: "હા."

"કોઈ સરહદ પર સામાનની તપાસ કરવાની થાય તો શું?" પોઈરોએ પૂછ્યું.

પ્રિન્સેસે જવાબમાં કહ્યું: "સામાન્ય રીતે એવું બનતું નથી પણ એવું થાય તો કન્ડક્ટર મારી મેઈડને બોલાવી લાવે છે."

"તમને તમારી મેઈડ પર પૂરો વિશ્વાસ છે ને?"

"મેં તમને પહેલાં પણ જણાવ્યું છે કે મને જેની પર વિશ્વાસ ન હોય તેવા લોકોને હું નોકરી પર નથી રાખતી." પ્રિન્સેસ શાંત અવાજમાં બોલ્યાં.

"સાચી વાત." પોઈરોએ સહમત થતાં કહ્યું: "આ જમાનામાં વિશ્વાસ બહુ મહત્ત્વનો છે. કોઈ ફૅશનેબલ, પેરીસની મેઈડને રાખવા કરતાં સાદીસીધી, વિશ્વાસપાત્ર મેઈડને રાખવી ઘણું સારું છે."

પ્રિન્સેસે પોઈરોની સામે જોઈને પ્રશ્ન કર્યો: "મિસ્ટર પોઈરો, તમે કહેવા શું માંગો છો?"

"કાંઈ નહીં મેડમ, કાંઈ નહીં."

"મને લાગે છે કે તમે એમ કહો છો કે મારે કોઈ ફૅશનેબલ, પેરીસની મેઈડ રાખવી જોઈએ."

પોઈરોએ કહ્યું: "કદાચ એ વધુ નૉર્મલ ગણાય ને?"

પ્રિન્સેસે માથું હલાવીને કહ્યું: "સ્મીટ મને સંપૂર્ણ રીતે વફાદાર છે. વફાદારી અમૂલ્ય હોય છે."

જર્મન મેઈડ ચાવી સાથે આવી ગયેલા. પ્રિન્સેસે તેમને બૅગ ખોલવા માટે જરૂરી સૂચના આપી અને પોતે કંપાર્ટમેન્ટની બહાર કૉરિડૉરમાં ઊભાં રહીને બારીમાંથી બરફ જોવા લાગ્યાં. સામાનની તપાસનું કામ મિસ્ટર બુક પર છોડીને પોઈરો પણ પ્રિન્સેસ પાસે ઊભા રહ્યા.

પ્રિન્સેસે શુષ્ક સ્મિત કરીને પોઈરોને પૂછ્યું: "કેમ, તમારે સામાનની તપાસ નથી કરવી?"

પોઈરોએ જણાવ્યું: "આ તો બસ એક ઔપચારિકતા છે, મેડમ."

"તમને સંપૂર્ણ ખાતરી છે?"

"હા મેડમ."

"તમે જાણો છો કે સોનિયા આર્મસ્ટ્રોંગ મારી ખાસ સખી હતી, છતાં તમે એમ માનો છો કે

હું રાટચેટ જેવા હલકટને મારી ન નાખું? જો એમ હોય તો તમે સાચા છો.”

થોડીવાર શાંત રહીને તે બોલ્યાંઃ “આવા નરાધમને હું શું કરું ખબર છે? હું મારા નોકરોને કહું ‘આને ત્યાં સુધી ચાબખા મારો જ્યાં સુધી એ મરી ન જાય.’ પછી એની લાશને કચરામાં ફેંકાવી દઉં. હું નાની હતી ત્યારે આવા પાપીને આવી જ સજા મળતી.”

પોઈરો કાંઈ બોલ્યા વિના સાંભળતા હતા. પ્રિન્સેસે તેમની સામે વ્યગ્રતાથી જોઈને પૂછ્યું: “તમે કેમ કાંઈ બોલતા નથી? શું વિચાર કરો છો?”

પોઈરોએ પ્રિન્સેસ સામે જોઈને કહ્યું: “હું માનું છું કે તમારી બધી તાકાત તમારી ઇચ્છામાં છે, તમારા બાવડામાં નહીં.”

પ્રિન્સેસે પોતાના હાથ તરફ જોઈને કહ્યું: “સાચી વાત છે. હવે આમાં જરાપણ શક્તિ નથી રહી. ખબર નથી કે એ વાતે હું ખુશ છું કે નહીં.”

આટલું કહીને તે ઝડપથી પોતાના કંપાર્ટમેન્ટ તરફ ગયાં. મિસ્ટર બુકે ક્ષમાયાચના કરી પણ પ્રિન્સેસે કહ્યું: “એમાં માફી માગવાની કોઈ જરૂર નથી. એક હત્યા થઈ છે અને આ પ્રકારની તપાસ જરૂરી હોય છે. બસ, વાત પૂરી.”

“આપે બહુ સારો સહકાર આપ્યો, મેડમ.” મિસ્ટર બુકે કહ્યું.

પછીના બંને કંપાર્ટમેન્ટના દરવાજા બંધ હતા. મિસ્ટર બુક માથું ખંજવાળતા બોલ્યાઃ “આ જરા અઘરું કામ છે. એ બંને પાસે ડિપ્લોમેટિક પાસપોર્ટ છે એટલે એમનો સામાન ચેક ન થઈ શકે.”

પોઈરોએ કહ્યું: “એ તો કસ્ટમનું ચેકિંગ હોય ત્યારે. આ તો હત્યાનો મામલો છે.”

મિસ્ટર બુકે કહ્યું: “મારે કોઈ તકલીફ ઊભી નથી કરવી...”

“બહુ ફિકર ન કરો મિત્ર. કાઉન્ટ અને કાઉન્ટેસ સહકાર આપશે. જોયું, પ્રિન્સેસ ડ્રેગોનમીરોફે કેવો સરસ સહકાર આપ્યો?” પોઈરોએ કહ્યું.

“પ્રિન્સેસ તો બહુ સરળ સ્વભાવના છે. આ બંને પણ એવા જ છે પરંતુ મને કાઉન્ટ થોડા આક્રમક સ્વભાવના લાગ્યા. તમે કાઉન્ટેસ સાથે વાત કરવાનો આગ્રહ રાખ્યો એ એમને નહોતું ગમ્યું. સામાનની તપાસની વાતથી એમને વધુ ગુસ્સો આવશે. એમનો સામાન ન તપાસીએ તો? આમ પણ એમને આ હત્યા સાથે કાંઈ લેવાદેવા નથી. મારે અમસ્તી મુશ્કેલી ઊભી નથી કરવી.” મિસ્ટર બુકે જણાવ્યું.

“હું તમારી સાથે સહમત નથી. કાઉન્ટ વાંધો નહીં લે. પ્રયત્ન કરવામાં શું જાય છે?” પોઈરોએ કહ્યું અને મિસ્ટર બુક કાંઈ બોલે એ પહેલાં તેમણે તેર નંબરના કંપાર્ટમેન્ટનું બારણું ખટખટાવ્યું.

અંદરથી અવાજ આવ્યો “આવો.” કાઉન્ટ દરવાજા પાસે બેસીને છાપું વાંચતા હતા. કાઉન્ટેસ સામેના ખૂણે બારી પાસે ઓશીકા પર માથું રાખીને સૂતાં હતાં.

પોઈરોએ કહ્યું: “સર, આપને ખલેલ પહોંચી તે બદલ માફ કરજો. અમે દરેક મુસાફરનો સામાન તપાસીએ છીએ. આ એક ઔપચારિકતા જ છે પણ પૂરી કરવી રહી. મિસ્ટર બુકે મને જણાવ્યું કે તમારી પાસે ડિપ્લોમેટિક પાસપોર્ટ છે એટલે તમે કદાચ આવી તપાસ માટે ના પાડો.”

કાઉન્ટે થોડો વિચાર કરીને કહ્યું: “તમારો આભાર, પણ મારા માટે અપવાદ કરવાની જરૂર નથી. હું ઇચ્છું કે બીજા મુસાફરોના સામાનની જેમ જ મારા સામાનની પણ તપાસ થાય.” પછી તેમણે તેમની પત્ની તરફ ફરીને પૂછ્યું: “તારે કાંઈ વાંધો છે, એલીના?”

“જરાપણ નહીં.” કાઉન્ટેસે અચકાયા વિના જવાબ આપ્યો.

સામાનની તપાસ ઝડપથી અને થોડી ઉપરછલ્લી રીતે થઈ. પોઈરો વચ્ચે વચ્ચે એવી રીતે

બોલતા હતા જાણે આ તપાસને કારણે પોતાને થયેલો ક્ષોભ છુપાવતા હોય. "આ સૂટકેસ પરનું લેબલ તો ભીનું થઈ ગયું છે, મેડમ."

કાઉન્ટેસે પોઈરોની આ વાતનો કાંઈ જવાબ ન આપ્યો. એવું લાગતું હતું કે તેમને આ આખી પ્રક્રિયાથી કંટાળો આવતો હતો. એ તો બસ ખૂણામાં આડા પડીને બારી બહારનાં દૃશ્યો જોતાં હતાં.

પોઈરોએ વૉશબેસીનની ઉપરનું નાનું કબાટ ખોલીને જોયું તો સ્પોંજ, ફેસક્રીમ, પાવડર અને ટ્રાઇનોલની બૉટલ સિવાય કાંઈ નહોતું. તપાસ પૂરી થઈ એટલે ત્રણેય જણા કાઉન્ટનો આભાર માનીને બહાર આવ્યા.

આ પછી મિસિસ હબ્બાર્ડનો, રાટચેટનો અને પોઈરોનો પોતાનો કંપાર્ટમેન્ટ આવ્યા. આમાં રહેલા સામાનની તપાસ થઈ ચૂકેલી.

હવે તેઓ સેકન્ડ ક્લાસમાં આવ્યા. પહેલા કંપાર્ટમેન્ટમાં દસમી અને અગિયારમી બર્થ પર મિસ ડેબેનહામ અને ગ્રેટા ઓલ્સન હતા. ડેબેનહામ પુસ્તક વાંચતા હતા. ગ્રેટા ઓલ્સન ભર ઊંઘમાં હતાં પણ આ ત્રણ જણા આવ્યા એટલે સફાળા જાગી ગયાં.

પોઈરોએ એમના આવવાનો હેતુ જણાવ્યો. સ્વીડીશ લેડી ઉત્તેજિત થઈ ગયાં પણ મિસ ડેબેનહામ શાંત રહ્યાં.

પોઈરોએ સ્વીડીશ લેડીને કહ્યું: "તમે રજા આપો તો અમે તમારા સામાનની તપાસ પહેલાં કરીશું. પછી તમે પેલા અમેરિકન લેડી, મિસિસ હબ્બાર્ડ પાસે જશો? એમને બીજા કંપાર્ટમેન્ટમાં મૂક્યાં છે પરંતુ તેઓ હજુ બહુ વ્યથિત છે. મેં એમના માટે કૉફી મગાવી છે પણ એમનો સ્વભાવ એવો છે કે એમને કોઈ વાતો કરવાવાળું જોઈએ."

સ્વીડીશ લેડીએ કહ્યું: "હું જરૂર જઈશ. હું સમજી શકું છું કે એમને આઘાત લાગ્યો છે. આમ પણ એ મુસાફરીથી થાક્યા છે વળી દીકરીથી જુદાં પડ્યાં છે. હું જરૂર જઈશ. મારી સૂટકેસ ખુલ્લી જ છે. તમે તેની તપાસ કરી લો."

તે ડબામાંથી બહાર ગયાં. તેમના સામાનમાં સાવ ઓછી વસ્તુઓ હતી. એવું લાગતું હતું કે એમના હેટબૉક્સમાંથી થોડા વાયરો ઓછા થઈ ગયેલા એ બાબત પર એમનું ધ્યાન નહોતું ગયું.

મિસ ડેબેનહામ પોઈરોને જોતાં હતાં. પોઈરોએ ચાવી માગી ત્યારે તેમણે આપી. જ્યારે પોઈરોએ બૅગ ખોલી ત્યારે તેમણે પૂછ્યું: "મિસ્ટર પોઈરો, તમે તેને બહાર કેમ મોકલી દીધી?"

"પેલા અમેરિકન લેડીનું ધ્યાન રાખવા માટે." પોઈરોએ જવાબ આપ્યો.

"બહુ સારું બહાનું છે મિસ્ટર પોઈરો." મિસ ડેબેનહામે કહ્યું.

"હું તમારી વાત સમજતો નથી, મેડમ."

"તમે મારી વાત બરાબર સમજો છો, મિસ્ટર પોઈરો" મિસ ડેબેનહામ આછું હસીને બોલ્યાં.

"તમારે મને એકલી પાડી દેવી હતી ને? એ જ કારણ છે ને?"

"મેડમ, તમે તો મને મોઢામાં આંગળા ઘાલીને બોલાવી રહ્યા છો." પોઈરોએ કહ્યું.

"અને તમારા મગજમાં વિચારો પણ ભરું છું એમ કહેશો ને? અરે તમારા મગજમાં વિચારો તો પહેલેથી ભરેલા છે. ખરું કે નહીં?" મિસ ડેબેનહામે કહ્યું.

"અમારામાં એક કહેવત છે..."

પોઈરોનું વાક્ય પૂરું થાય તે પહેલાં મિસ ડેબેનહામ બોલી ઊઠ્યાં. "મને એ કહેવતની ખબર છે. 'જે વાંકમાં હોય એ બીજાનો વાંક કાઢે' બરાબર? હું પણ થોડું નિરીક્ષણ કરી શકું છું અને મારામાં કોમન સૅન્સ છે. કોઈ કારણસર તમે એમ માનો છો કે મને આ નીચ, અધમ કાર્ય વિષે કાંઈક માહિતી છે? અને એય તે એવા માણસની હત્યા વિષે, જેને મેં પહેલાં ક્યારેય જોયો પણ

નથી.”

“મેડમ, તમે કલ્પનામાં રાચો છો.” પોઈરોએ જણાવ્યું.

“હું કલ્પનામાં રાચતી જ નથી, મિસ્ટર પોઈરો! મને એમ લાગે છે કે આવી ગોળ ગોળ વાતોમાં બહુ સમય બગડે છે. સીધી સટ વાત કરો ને!”

પોઈરોએ ગંભીર થઈને કહ્યું: “ઠીક છે. તમારે સીધી વાત સાંભળવી છે ને? હું સીધી વાત કરીશ. આપણે સીરિયાથી ટ્રેનમાં આવતા હતા ત્યારે એક સ્ટેશને હું પગ છૂટો કરવા ઊતરેલો. ત્યારે મેં તમારી અને કર્નલ આર્બથનોટ વચ્ચે થતી વાતચીતના થોડા શબ્દો અનાયાસે સાંભળેલા. તમે એમને એમ કહેતાં હતાં કે ‘હમણાં નહીં, હમણાં નહીં, બધું પતી જાય પછી.’ આ શબ્દોનો અર્થ શું છે મેડમ?”

મિસ ડેબેનહામે બહુ શાંત અવાજે પૂછ્યું: “તમને એમ લાગે છે કે હું હત્યા વિષે વાત કરતી હતી?”

“પ્રશ્ન મેં પૂછ્યો છે, મેડમ.” પોઈરોએ પણ શાંતિથી કહ્યું.

મિસ ડેબેનહામે આછો નિસાસો નાખી થોડીવાર વિચાર કરતાં બેસી રહ્યાં. પછી કોઈ નિશ્ચય કર્યો હોય તે રીતે બોલ્યાં: “મિસ્ટર પોઈરો, એ શબ્દોનો એક ચોક્કસ અર્થ છે પરંતુ હું એ તમને કહી શકું એમ નથી. હું સોગંદપૂર્વક કહી શકું કે મેં આ માણસ, રાટચેટને પહેલાં ક્યારેય જોયો નથી.”

“તમે પેલા શબ્દોનો શું અર્થ થાય તે જણાવવાની ના પાડો છો?” પોઈરોએ પૂછ્યું.

“તમારે એમ માનવું હોય કે હું ના પાડું છું તો એમ માનો. એ શબ્દો મેં એક કામ સ્વીકારેલું એના સંદર્ભમાં બોલાયેલા.”

“એ કામ હવે પૂરું થઈ ગયું છે?” પોઈરોએ સવાલ ચાલુ રાખ્યા.

“એટલે? તમે કહેવા શું માગો છો?” મિસ ડેબેનહામે પૂછ્યું.

“એ જ કે હવે એ કામ પૂરું થઈ ગયું છે!”

“તમને એવું કેમ લાગે છે કે કામ પૂરું થઈ ગયું હોય?”

“મેડમ, મારી વાત સાંભળો. જ્યારે આપણે ઈસ્તંબુલ પહોંચવાનાં હતાં ત્યારે ટ્રેન મોડી પડી તો તમે બહુ ઉત્તેજિત થઈ ગયેલાં. તમે આમ તો બહુ શાંત, ઠરેલ છો. પરંતુ તે વખતે તમે એ શાંતિ ગુમાવી દીધેલી.” પોઈરોએ કહ્યું.

“અરે મારે ઓરિએન્ટ ઍક્સપ્રેસનું કનેક્શન ગુમાવવું નહોતું.” મિસ ડેબેનહામે જણાવ્યું.

“એવું તમે કહો છો. પરંતુ મેડમ, ઓરિએન્ટ ઍક્સપ્રેસ ઈસ્તંબુલથી રોજ ઊપડે છે. તમે કનેક્શન ચૂકી જાત તો પણ ચોવીસ કલાકનું જ મોડું થાત.” પોઈરોએ કહ્યું.

પહેલીવાર ડેબેનહામ ગુસ્સે થતાં દેખાયાં: “તમને કદાચ ખ્યાલ નથી આવતો કે લંડનમાં જે મિત્રો રાહ જોતા હોય તેમને બધાને આને કારણે કેટલી તકલીફ થાય!”

“ઓહો! એવું છે? તમારા મિત્રો રાહ જુએ છે અને તમારે એમને તકલીફ નથી પહોંચાડવી?”

“હાસ્તો વળી!”

“છતાં થોડું વિચિત્ર છે ને...” પોઈરોએ કહ્યું.

મિસ ડેબેનહામ વાત કાપતાં બોલ્યાં: “શું વિચિત્ર છે?”

“આ ટ્રેનમાં આપણને ફરીવાર મોડું થયું છે. પરિસ્થિતિ વધુ ગંભીર છે કારણકે કોઈપણ રીતે કોઈ જગ્યાએ ટેલિગ્રામ અથવા ટેલિફોનથી સંદેશો મોકલી શકાય એવી શક્યતા નથી.” પોઈરોએ કહ્યું.

“હા, ટેલિફોન કે ટેલિગ્રામ ન થાય તે તો બહુ અકળાવનારું છે!” મિસ ડેબેનહામે કહ્યું.

“આમ છતાં આ વખતે તમને કોઈ અકળામણ નથી. તમે શાંત દેખાઓ છો.”

મિસ ડેબેનહામના ગાલ પર થોડી લાલી છવાઈ અને તેમણે પોતાનો હોઠ દાંતથી દબાવ્યો, પણ એ હવે સ્મિત નહોતા કરતા.

"તમે કાંઈ જવાબ ન આપ્યો, મેડમ." પોઈરોએ કહ્યું.

"આમાં જવાબ દેવા જેવું શું છે?"

"તમારો પ્રતિભાવ કેમ બદલાઈ ગયો?"

મિસ ડેબેનહામે કહ્યું: "તમને નથી લાગતું કે તમે કાગનો વાઘ કરી રહ્યા છો?"

પોઈરોએ બે હાથ પહોળા કરીને કહ્યું: "અમારો ડિટેક્ટિવનો કદાચ આ જ વાંક હોય છે! અમે હંમેશાં માનીએ છીએ કે કોઈપણનું વર્તન દરેક વખતે સરખું જ હોવું જોઈએ, બદલાવું ન જોઈએ."

મિસ ડેબેનહામે કાંઈ જવાબ ન આપ્યો એટલે પોઈરોએ પૂછ્યું: "તમે કર્નલ આર્બથનોટને સારી રીતે ઓળખો છો ને?"

"હું એમને પહેલીવાર આ મુસાફરીમાં જ મળી." મિસ ડેબેનહામ વાત બદલાઈ એટલે રાહત અનુભવતાં હતાં એમ દેખાયું.

"તમને એવું લાગે છે કે કર્નલ રાટચેટને ઓળખતા હશે?"

મિસ ડેબેનહામે કહ્યું: "મને ખાતરી છે કે એ રાટચેટને નહીં ઓળખતા હોય."

"તમને શા માટે એવી ખાતરી છે?" પોઈરોએ પૂછ્યું.

"એમણે જે રીતે વાત કરી તેને લીધે."

"મેડમ, અમને રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી એક પાઇપ ક્લીનર મળેલું. આખી ટ્રેનમાં માત્ર કર્નલ આર્બથનોટ પાઇપ પીએ છે."

આ કહેતી વખતે પોઈરો મિસ ડેબેનહામનો ચહેરો ધ્યાનથી જોતા હતા, પણ એમના ચહેરા પર નવાઈ અથવા બીજા કોઈ ભાવ ન આવ્યા. એ એટલું જ બોલ્યાં: "સાવ વાહિયાત વાત! કર્નલ આવું કરે જ નહીં. એમાં પણ આવો નાટકિયો અપરાધ તો કદાપી નહીં!"

પોઈરો પણ કર્નલ માટે લગભગ આવો જ અભિપ્રાય ધરાવતા હતા પણ તેમણે કહ્યું: "મેડમ, તમે તો કહ્યું કે તમે એને બહુ સારી રીતે ઓળખતાં નથી, ખરું?"

મિસ ડેબેનહામે કહ્યું: "મને એમના જેવા લોકોનો સારો પરિચય છે."

પોઈરોએ ધીમેથી પૂછ્યું: "તમે હજુ પેલા શબ્દોનો અર્થ કહેવાની ના પાડો છો? 'બધું પતી જાય પછી."

મિસ ડેબેનહામે ઠંડા અવાજમાં કહ્યું: "મારે વધારે કાંઈ કહેવાનું નથી."

"કાંઈ વાંધો નહીં, હું શોધી લઈશ." પોઈરોએ કહ્યું અને કંપાર્ટમેન્ટમાંથી બહાર નીકળ્યા.

મિસ્ટર બુક બોલ્યા: "મિત્ર, તમે આ ઠીક કર્યું? એ તો હવે ચેતી જશે. એમના કારણે કર્નલ પણ ચેતી જશે."

પોઈરોએ કહ્યું: "મિત્ર, તમને ખબર છે કે સસલાને દરની બહાર કાઢવું હોય તો બિલાડીને દરની અંદર મુકાય છે? બિલાડીને જોઈને સસલું ભાગે. મેં એ જ કર્યું છે."

એ લોકો હિલ્ડેગાર્ડે સ્મીટના કંપાર્ટમેન્ટમાં આવ્યા. તેઓ રાહ જોઈને વિનયપૂર્વક ઊભા હતા પણ તેમના ચહેરા પર કોઈ ભાવ નહોતો.

પોઈરોએ નાની સૂટકેસની તપાસ ઝડપથી પૂરી કરી પછી કન્ડક્ટરને મોટી સૂટકેસ ઉતારવાનું કહ્યું અને મેડમ સ્મીટ પાસે ચાવી માગી. મેડમે જણાવ્યું "સૂટકેસ ખુલ્લી જ છે."

પોઈરોએ સૂટકેસ ખોલી અને કહ્યું: "ઓહો!" અને મિસ્ટર બુક તરફ ફરીને કહ્યું: "હું નહોતો કહેતો? અહીં જુઓ આ શું છે?"

સૂટકેસમાં સૌથી ઉપર ઉતાવળમાં ઘડી કરીને મૂકેલો કન્ડક્ટરનો યુનિફૉર્મ હતો!

મેડમ સ્મીટનો ભાવહીન ચહેરો અચાનક વિહ્વળ થઈ ગયો અને તે બોલી ઊઠ્યાંઃ “ના, આ મારો નથી! મેં એને ત્યાં નથી મૂક્યો.” તે પોઈરો અને બુક સામે વારાફરતી જોઈ રહ્યાં.

પોઈરોએ એમના હાથ પર હાથ મૂકીને કહ્યું: “મેડમ, બધું બરાબર છે. અમે તમારી વાત માનીએ છીએ. તમે ચિંતા ન કરો. મને ખાતરી છે કે તમે આ યુનિફૉર્મ અહીંયા નથી મૂક્યો. એવી જ રીતે મને એ પણ ખાતરી છે કે તમે બહુ સરસ રસોઈ બનાવો છો. ખરું કે નહીં?”

મેડમ સ્મીટ મૂંઝાયેલાં હતાં છતાં થોડું હસ્યાં અને બોલ્યાંઃ “હા, હું જેટલાને ત્યાં કામ કરતી હતી તે બધા...” આટલું કહીને તે અટકી ગયાં. તેમની આંખોમાં ભય દેખાતો હતો.

પોઈરોએ ધીરજથી કહ્યું: “મેડમ, ચિંતા ન કરો. હું જાણું છું કે આ કઈ રીતે થયું હશે. આ યુનિફૉર્મ પહેરેલો માણસ રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી નીકળ્યો અને તમારી સાથે અથડાયો. એ એનું બદનસીબ છે. એણે તો એમ જ માનેલું હશે કે એને કોઈ નહીં જુએ. હવે એણે શું કરવાનું? પહેલાં તો એણે યુનિફૉર્મનો નિકાલ કરી દેવો પડે.” આટલું કહી પોઈરોએ મિસ્ટર બુક અને ડૉક્ટર તરફ જોયું. બંને જણા ધ્યાનથી પોઈરોની વાત સાંભળતા હતા.

“બહાર તો બહુ બરફ પડતો હતો. આ બરફના તોફાનને કારણે તેનો આખો પ્લાન ચોપટ થઈ ગયો. હવે એ યુનિફૉર્મ ક્યાં સંતાડે? બધા કંપાર્ટમેન્ટ ભરેલા છે. ત્યાં એ એક કંપાર્ટમેન્ટ પાસેથી પસાર થાય છે જેનું બારણું ખુલ્લું છે. શક્ય છે કે જે લેડી એની સાથે અથડાયાં હતાં તેમનો કંપાર્ટમેન્ટ આ હોય.” પોઈરોએ જણાવ્યું અને આગળ કહ્યું: “એ ઝડપથી કંપાર્ટમેન્ટમાં આવે છે, યુનિફૉર્મ કાઢીને રેક ઉપર પડેલી સૂટકેસમાં ઠાંસી દે છે. કોઈને ખબર પડે એ પહેલાં ઘણો સમય થઈ ગયો હશે.”

“પછી શું થયું હશે?” મિસ્ટર બુકે પૂછ્યું.

“એ જ તો આપણે શોધવાનું છે.” પોઈરોએ ચેતવણી આપતી નજર નાખીને કહ્યું.

પોઈરોએ કન્ડક્ટરના યુનિફૉર્મનું જૅકેટ લઈને જોયું તો તેનું ઉપરથી ત્રીજું બટન ગાયબ હતું.

પોઈરોએ ખીસામાં હાથ નાખ્યો તો કન્ડક્ટરની પાસ કી તેમના હાથમાં આવી.

પાસ કી જોઈને મિસ્ટર બુક તરત બોલ્યાઃ “હવે સમજાય છે કે આ માણસ બંધ દરવાજામાંથી કઈ રીતે જઈ શકતો હતો. તમે મિસિસ હબ્બાર્ડને પૂછતાં હતાં તે જરૂરી નહોતું. બારણું બંધ હોય કે ખુલ્લું, આ ચાવીથી પેલો માણસ બે કંપાર્ટમેન્ટ વચ્ચેના બારણામાંથી આસાનીથી જઈ શકતો હતો. જેમ એની પાસે કન્ડક્ટરનો યુનિફૉર્મ હતો એમ કન્ડક્ટરની પાસ કી પણ હતી.”

“એ વાત સાચી.” પોઈરોએ કહ્યું.

“આપણને આની વહેલી ખબર પડવી જોઈતી હતી. યાદ છે, મિશેલે કહેલું કે એ જ્યારે મિસિસ હબ્બાર્ડનો બેલ સાંભળીને આવેલો ત્યારે કંપાર્ટમેન્ટનું કૉરિડૉર તરફનું બારણું બંધ હતું.” મિસ્ટર બુકે કહ્યું.

“એમ જ હતું, સર.” મિશેલે કહ્યું. “એટલા માટે જ મને થયેલું કે લેડીને સપનું આવ્યું હશે.”

“હવે બધું સમજાય છે. હત્યારો બે કંપાર્ટમેન્ટ વચ્ચેનું બારણું પણ બંધ કરવાનો હશે, પરંતુ પથારીમાંથી આવેલો અવાજ સાંભળીને ચોંકી ગયો હશે.” મિસ્ટર બુકે કહ્યું.

પોઈરોએ કહ્યું: “હવે એક જ કામ બાકી રહ્યું છે. લાલ રંગનો કીમોનો શોધવાનું.”

મિસ્ટર બુકે કહ્યું: “બરાબર. છેલ્લા બે કંપાર્ટમેન્ટ રહ્યા તેમાં પુરુષો છે.”

“છતાં આપણે એમના સામાનની તપાસ જરૂર કરીશું.”

“અલબત્ત કરીશું.” મિસ્ટર બુકે કહ્યું. “મને તમે શું કહ્યું હતું તે યાદ છે.”

મેકક્વીને પોતાના સામાનની તપાસ માટે તરત હા પાડી અને કડવું હાસ્ય કરીને બોલ્યાઃ “અરે મારો સામાન જેટલો જલદીથી તપાસો એટલું સારું! આખી ટ્રેનમાં હું જ એક એવો છું

જેની ઉપર બધા શંકા કરે. મિસ્ટર રાટચેટનું વિલ મળી જાય જેમાં એમણે મને વારસદાર તરીકે જાહેર કર્યો છે તો આ આખા કોયડાનો ઉકેલ આવી જાય, ખરું?"

મિસ્ટર બુકે તેની સામે અણગમો દેખાડતી નજરે જોયું એટલે એ જરા શાંત પડ્યા.

મેકક્વીન તરત ચોખવટ કરતા બોલ્યાઃ "સર, મજાક કરું છું હોં! એ તો મને રાતી પાઈ આપે એમ નહોતા. હું તો બસ એમને માટે એક 'ઉપયોગી' વ્યક્તિ હતી. ખાસ તો દુભાષિયા તરીકે. એમાં એવું છે કે તમને ફક્ત અમેરિકન ભાષા જ આવડતી હોય તો તમે બધે સફળ ન થાઓ. હું કાંઈ મોટો ભાષાનો વિદ્વાન નથી પણ મને કામચલાઉ ફ્રેંચ, જર્મન અને ઇટાલિયન ભાષા આવડે."

મેકક્વીન જરા વધુ પડતા મોટા અવાજમાં બોલતા હતા. એમ લાગતું હતું કે એમના સામાનની તપાસ થતી હતી તેનાથી એ બહુ ખુશ નહોતા.

પોઈરોએ તપાસ પૂરી કરીને કહ્યું: "કાંઈ નથી મળ્યું."

મેકક્વીને આછું હસીને કહ્યું: "થૅન્ક ગૉડ! છુટકારો થયો!"

ત્રણેય જણા છેલ્લા કંપાર્ટમેન્ટમાં આવ્યા. હટ્ટાકટ્ટા ઇટાલિયન કે નાના કદના નોકરના સામાનમાંથી કાંઈ નીકળ્યું નહીં.

ત્રણેય જણાં કોચના છેડે ઊભાં હતાં ત્યારે મિસ્ટર બુકે પૂછ્યું: "હવે શું?"

પોઈરોએ કહ્યું: "હવે આપણે ડાઇનિંગ કારમાં પાછા જઈશું. આપની પાસે મુસાફરોએ આપેલી જુબાની છે, સામાનની તપાસ કરી તેની વિગત છે અને આપણે જે નજરે જોયું તે છે. આનાથી વધારે કાંઈ મળી ન શકે. હવે આપણે આપણું મગજ ચલાવવાનું છે."

એમણે પોતાના ખીસામાંથી સિગરેટ કેસ કાઢીને જોયું તો તે ખાલી હતું. તેમણે કહ્યું: "તમે બંને જાઓ, હું થોડીવારમાં પહોંચું છું. સિગરેટ ખલાસ થઈ ગઈ છે તે લઈને આવું છું. આ આખો મામલો બહુ અઘરો અને વિચિત્ર છે. લાલ કીમોનો પહેરીને કોણ ફરતું હતું? અત્યારે એ ક્યાં છે? આ કેસમાં એવું કાંઈક છે જે મારા ધ્યાનમાં નથી આવતું. આ કેસ અઘરો એટલે લાગે છે કે તેને અઘરો બનાવી દેવામાં આવ્યો છે. આપણે તેની વિષે વાત કરીએ. હું થોડીવારમાં આવું છું."

પોઈરો પોતાના કંપાર્ટમેન્ટમાં સિગરેટ લેવા ગયા. એમણે સૂટકેસ ખોલી અને ચોંકી ગયા! સૂટકેસમાં સૌથી ઉપર, સરસ રીતે ઘડી કરેલો લાલ રંગનો ડ્રેગનની છાપ વાળો કીમોનો હતો!

પોઈરોએ વિચાર્યું: "હમમ. કોઈ મને ચૅલેન્જ કરવા માગે છે. વાંધો નહીં, હું પણ જોઈ લઈશ."

ભાગ–૩: હરક્યુલ પોઈરો વિચારો છે

પ્રકરણ–૧
બધામાંથી કોણ?

પોઈરો ડાઇનિંગ કારમાં આવ્યા ત્યારે મિસ્ટર બુક અને ડૉક્ટર કોન્સ્ટનટાઇન વાતો કરતા હતા. મિસ્ટર બુક નિરાશ દેખાતા હતા.

પોઈરોને જોઈને મિસ્ટર બુક બોલ્યાઃ "આવો આવો!" અને ઉમેર્યું, "તમે જો આ કોયડો ઉકેલી દો તો હું એમ માનીશ કે ચમત્કારો આજે પણ બને છે!"

"તમને આ કેસની ફિકર થાય છે?" પોઈરોએ પૂછ્યું.

"ચોક્કસ મને ફિકર થાય છે." મિસ્ટર બુકે કહ્યું, "આમાં મોં-માથાની ખબર નથી પડતી!"

"હું પણ એમ માનું છું." ડૉક્ટર કોન્સ્ટનટાઇને પોઈરો સામે જોઈને કહ્યું: "મને ખબર નથી પડતી કે તમે હવે શું કરવાના છો."

"સાચે જ?" પોઈરોએ પૂછ્યું અને એક સિગરેટ કાઢીને સળગાવી. તેમની આંખો સપનું જોતી હોય એવી લાગતી હતી.

"મને આ કેસમાં રસ એટલે પડે છે કે આપણે માટે ચીલાચાલુ પદ્ધતિના બધા રસ્તા બંધ થઈ ગયા છે." પોઈરોએ કહ્યું અને વાત આગળ વધારતા બોલ્યાઃ "આપણે જેટલા લોકો સાથે વાતો કરી તે બધા સાચું બોલે છે કે ખોટું એ નક્કી કરવાનો આપણી પાસે કોઈ સરળ રસ્તો નથી. આપણે પોતે જ એ રસ્તો શોધવો પડશે. ત્યાં જ મગજ ચલાવવાનું છે."

"એ તો બધું ઠીક પણ તમે આગળ કયા આધારે વધશો?" મિસ્ટર બુકે શંકા વ્યક્ત કરી.

મેં કહ્યું: "એમ મુસાફરોએ આપેલી અને આપણે જોયેલી સાબિતી ઉપર."

"મુસાફરોની સાબિતી? એમાંથી તો આપણને કાંઈ જ જાણવા મળ્યું નથી."

પોઈરોએ કહ્યું: "એવું નથી મિત્ર, મુસાફરોની જુબાની પરથી ઘણા રસપ્રદ મુદ્દા મળ્યા છે."

મિસ્ટર બુકે શંકા વ્યક્ત કરતા કહ્યું: "એમ? મને તો કોઈ ધ્યાનમાં ન આવ્યા."

"એનું કારણ છે કે તમે બધી વાત ધ્યાનપૂર્વક સાંભળી નહીં." પોઈરોએ જણાવ્યું.

"તો જણાવો, હું શું ચૂકી ગયો?" મિસ્ટર બુકે જરા ચીડ સાથે કહ્યું.

પોઈરોએ કહ્યું: "એક જ દાખલો આપું. મિસ્ટર મેકક્વીને, જેમની સાથે આપણે સૌથી પહેલી વાત કરી, એક બહુ મહત્ત્વની વાત કરેલી."

"રાટચેટને જે ધમકીભર્યા પત્રો મળેલા તે વાત?"

"ના, એ નહીં. મને જ્યાં સુધી યાદ છે ત્યાં સુધી મેકક્વીને કહેલું કે અમે જુદી જુદી જગ્યાએ ફર્યા. મિસ્ટર રાટચેટને આખું વિશ્વ જોવું હતું. પરંતુ તેમને ઇંગ્લિશ સિવાય કોઈ ભાષા આવડતી નહોતી. મેં તો દુભાષિયા તરીકે વધારે કામ કર્યું અને સેક્રેટરી તરીકે ઓછું."

આટલું બોલીને પોઈરોએ ડૉક્ટર અને મિસ્ટર બુક સામે જોયું અને કહ્યું: "હજુ તમને ખ્યાલ ન આવ્યો?" મેકક્વીને થોડીવાર પહેલાં બીજીવાર કહ્યું: "તમે ફક્ત અમેરિકન ભાષા આવડતી હોય તો તમે બધે સફળ ન થાઓ."

"તમે એમ કહો છો..." મિસ્ટર બુક હજુ મૂંઝાયેલા હતા.

પોઈરોએ કહ્યું: "હજુ વધુ ચોખવટ કરીને કહું? મિસ્ટર રાટચેટને ફ્રેંચ ભાષા નહોતી આવડતી. છતાં જ્યારે કન્ડક્ટરે તેમના કંપાર્ટમેન્ટનું બારણું ખટખટાવ્યું ત્યારે તેમણે ફ્રેંચમાં જવાબ આપેલો. વળી આ જવાબ એવો નહોતો કે જેને ભાંગ્યું તૂટ્યું ફ્રેંચ આવડતું હોય અને આપે. આ તો એવું વાક્ય હતું કે જે સારી રીતે ફ્રેંચ જાણતા હોય તે જ બોલી શકે."

"સાચી વાત, સાચી વાત!" ડૉક્ટર કોન્સ્ટનટાઇન ઉત્તેજિત થઈને બોલી ઊઠ્યાઃ "અમને આ

ખ્યાલ આવી જવો જોઈતો હતો. મને યાદ છે તમે અમને જ્યારે આ વાક્ય કહ્યું ત્યારે એક એક શબ્દ પર કેટલું મહત્ત્વ આપેલું. હવે સમજાય છે કે તમે બંધ પડેલી ઘડિયાળના સમય પર કેમ મદાર નહોતા રાખતા. એક વાગ્યામાં ત્રેવીસ મિનિટ બાકી હતી ત્યારે રાટચેટની હત્યા થઈ ચૂકેલી.”

“અને જેણે એની હત્યા કરી તેણે અંદરથી જવાબ આપેલો!” મિસ્ટર બુકે પોઈરોએ હાથ ઊંચો કરીને કહ્યું: “આપણે ઉતાવળા ન થઈએ અને જેટલી માહિતી છે તે કરતા વધારે અનુમાન ન કરીએ. એમ જરૂર કહી શકાય કે એ વખતે, એક વાગ્યામાં ત્રેવીસ મિનિટ બાકી હતી ત્યારે, કોઈ બીજી વ્યક્તિ રાટચેટના કંપાર્ટમેન્ટમાં હતી જે ફ્રેંચ હતી અથવા તો સારી રીતે ફ્રેંચ ભાષા બોલી શકતી હતી.”

“તમે ઘણા સાવચેત છો સર.” મિસ્ટર બુકે કહ્યું.

“હા, આપણે એક એક કદમ આગળ વધવું જોઈએ. આપણી પાસે કોઈ એવી સાબિતી નથી કે એ સમયે રાટચેટની હત્યા થઈ ચૂકેલી.” પોઈરોએ જણાવ્યું.

“તમને કાંઈક અવાજ સંભળાયેલો ને?” મિસ્ટર બુકે પોઈરોને પૂછ્યું.

“હા” પોઈરોએ કહ્યું.

મિસ્ટર બુકે વિચાર કરીને કહ્યું: “આ નવી બાબત આપણને બહુ મદદ કરે તેમ નથી. તમે કોઈને બાજુના કંપાર્ટમેન્ટમાં ફરતા સાંભળ્યા. એ રાટચેટ નહીં પણ કોઈ બીજું હતું. નક્કી એ પોતાના લોહિયાળ હાથ સાફ કરતો હશે, બધી નિશાનીઓ મિટાવતો હશે અને પત્ર સળગાવતો હશે. પછી એણે બધું શાંત થઈ જાય ત્યાં સુધી રાહ જોઈ હશે અને જ્યારે એને લાગ્યું હશે કે એ સલામત છે ત્યારે તેણે રાટચેટના કંપાર્ટમેન્ટનો દરવાજો અંદરથી બંધ કરી તેને લોક કરી દીધો હશે. પછી બે કંપાર્ટમેન્ટને જોડતું બારણું ખોલીને એ મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાં થઈને કૉરિડૉરમાં આવી ગયો હશે. આપણે જેમ વિચાર્યું હતું એમ જ આ થયું લાગે છે. ફક્ત એક જ ફરક છે. રાટચેટનું મૃત્યુ લગભગ અડધા કલાક પહેલાં થયેલું. ઘડિયાળને અડધો કલાક આગળ વધારી દેવાઈ જેથી હત્યારો હાજર નહોતો એમ એ સાબિત કરી શકે.”

“એ સાબિતી પણ બહુ નક્કર નથી.” પોઈરોએ કહ્યું. “ઘડિયાળના કાંટા એક વાગીને પંદર મિનિટનો સમય બતાવતા હતા. આ એ જ સમય છે જ્યારે હત્યારો કંપાર્ટમેન્ટમાંથી બહાર નીકળ્યો.”

“એ વાત પણ સાચી.” મિસ્ટર બુક ગૂંચવાડામાં હોય એમ લાગતું હતું. “તો પછી આ ઘડિયાળ શું દર્શાવે છે?”

“જો ઘડિયાળના કાંટા સાચે જ ફેરવવામાં આવ્યા હોય તો એનો કાંઈક ચોક્કસ હેતુ છે. સ્વાભાવિક રીતે એની ઉપર શંકા જાય જે આ સમયે ત્યાં હાજર ન હતો એમ સાબિત કરી શકે.”

“હા, એ વાત બરાબર છે.” ડૉક્ટરે કહ્યું.

પોઈરોએ કહ્યું: “આપણે આ હત્યારો કંપાર્ટમેન્ટમાં ક્યારે દાખલ થયો તેની પણ તપાસ કરવી જોઈએ. એને એ તક ક્યારે મળી? જો કન્ડક્ટર તેની સાથે ન સંડોવાયેલો હોય તો તેને માટે એક જ તક હતી. ટ્રેન વિન્કોવસીમાં ઊભી રહી ત્યારે. ટ્રેન વિન્કોવસીથી નીકળી ત્યાર પછી કન્ડક્ટર કૉરિડૉરની સામે જ બેઠેલા. જો કોઈ અજાણ્યો માણસ બહારથી આવ્યો હોત તો કન્ડક્ટરનું ધ્યાન પડ્યા વિના ન રહેત. વિન્કોવસીમાં ટ્રેન ઊભી રહી ત્યારે કન્ડક્ટર પ્લૅટફૉર્મ પર ગયેલા અને કૉરિડૉરમાં કોઈ નહોતું.”

“એનો અર્થ એમ કે આ વ્યક્તિ મુસાફરોમાંથી જ કોઈ છે. કોણ હશે?” બુકે પૂછ્યું.

પોઈરોએ સ્મિત કરીને કહ્યું: “જુઓ મેં યાદી બનાવી છે.”

મિસ્ટર બુકે અને ડૉક્ટરે યાદી જોઈ જેમાં વ્યવસ્થિત રીતે, જે ક્રમમાં મુસાફરો સાથે વાતચીત થયેલી એ જ ક્રમમાં દરેક મુસાફરના નામ લખેલા હતા.

હેક્ટર મેકક્વીન
અમેરિકન નાગરિક, બર્થ નંબર-૬, સેકન્ડ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
શક્ય છે મૃતક સાથે કામ કરતા હતા તેમાં ખટરાગ થયો હોય.

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(કર્નલ આર્બથનોટ અને કન્ડક્ટરની જુબાની
આ વાતને સમર્થન આપે છે.)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
એકપણ નહીં

કન્ડક્ટર પિયરે મિશેલ
ફ્રેંચ નાગરિક

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(હરક્યુલ પોઈરોએ અને બીજા બે કન્ડક્ટરોએ
આ સમય દરમ્યાન જોયેલા.)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
કન્ડક્ટરનો યુનિફૉર્મ મળી આવ્યો એ આમની તરફેણમાં છે.
એમને સંડોવવા માટે કોઈએ આ કર્યું હોય તેવું લાગે છે.

એડવર્ડ માસ્ટરમેન

ઇંગ્લિશ નાગરિક, બર્થ નંબર-૪, સેકન્ડ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
મૃતકના નોકર હોવાને કારણે ખટરાગ થયો હોઈ શકે.

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(એન્ટોનીઓ ફોસ્કારેલીના કહેવા પ્રમાણે.)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
માત્ર એ જ એવી વ્યક્તિ છે જેને કન્ડક્ટરનો યુનિફૉર્મ ફીટ થાય.
પરંતુ એ ફ્રેંચ ભાષા નથી બોલતા.

મિસિસ હબ્બાર્ડ
અમેરિકન નાગરિક, બર્થ નંબર-૩, ફર્સ્ટ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી. કોઈ સાક્ષી નહીં

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
એમણે જણાવેલું કે એમના કંપાર્ટમેન્ટમાં કોઈ માણસ છુપાયેલો હતો. હાર્ડમેન અને મેડમ સ્મીટની જુબાની અનુસાર આ વાત સાચી છે.

ગ્રેટા ઓલ્સન
સ્વીડીશ નાગરિક, બર્થ નંબર-૧૦, સેકન્ડ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.

(મિસ ડેબેનહામના કથન પ્રમાણે.
નોંધ: રાટચેટને છેલ્લા જીવતા જોવાવાળા આ છે.)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
કન્ડક્ટરનો યુનિફૉર્મ મળી આવ્યો એ આમની તરફેણમાં છે.
એમને સંડોવવા માટે કોઈએ આ કર્યું હોય તેવું લાગે છે.

પ્રિન્સેસ ડ્રેગોમીરોફ
ફ્રેંચ નાગરિક, બર્થ નંબર-૧૪, ફર્સ્ટ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
આર્મસ્ટ્રોંગ કુટુંબના અંગત મિત્ર.
સોનિયા આર્મસ્ટ્રોંગના ગોડમધર.

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(કન્ડક્ટર અને નોકરાણીના કહેવા પ્રમાણે.)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
એકપણ નહીં

કાઉન્ટ એન્ડ્રીની
હંગેરિયન નાગરિક. રાજદ્વારી પાસપોર્ટ, બર્થ નંબર-૧૩, ફર્સ્ટ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.

કન્ડક્ટરની જુબાની પ્રમાણે.
(આમાં ૧ થી ૧.૧૫ સુધીનો સમય ગણાતો નથી.)

તેમની સામે પુરાવા

એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
એકપણ નહીં

કાઉન્ટેસ એન્ડ્રીની
કાઉન્ટની માફક, બર્થ નંબર-૧૨, ફર્સ્ટ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
ઊંઘની દવા લઈને સૂઈ ગયેલાં (કાઉન્ટે કહ્યું: દવા કબાટમાં હતી.)

કર્નલ આર્બથનોટ
ઇંગ્લિશ નાગરિક, બર્થ નંબર-૧૫, ફર્સ્ટ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(મેકક્વીન સાથે ૧.૩૦ વાગ્યા સુધી વાતો કરી.
પછી પોતાના કંપાર્ટમેન્ટમાં જ હતા.
(મેકક્વીન અને કન્ડક્ટરના કહ્યા મુજબ.)

તેમની સામે પુરાવા
રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી મળી આવેલું પાઇપ ક્લીનર.

શંકાસ્પદ સંજોગો
એકપણ નહીં.

સાયરસ હાર્ડમેન
અમેરિકન નાગરિક, બર્થ નંબર-૧૬, સેકન્ડ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં.

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા

રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(કન્ડક્ટર અને મેકક્વીનના કહેવા પ્રમાણે.)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
એકપણ નહીં

એન્ટોનીઓ ફોસ્કારેલી
ઇટાલિયન મૂળનો અમેરિકન નાગરિક, બર્થ નંબર-૫, સેકન્ડ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(માસ્ટરમેનની જુબાની પ્રમાણે.)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
એકપણ નહીં

મેરી ડેબેનહામ
ઇંગ્લિશ નાગરિક, બર્થ નંબર-૧૧, સેકન્ડ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(ગ્રેટા ઓલ્સનના કહેવા પ્રમાણે)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
પોતે બોલેલા અમુક શબ્દો વિષે કાંઈ ચોખવટ ન કરવી.

હિલ્ડેગાર્ડે સ્મીટ
જર્મન નાગરિક, બર્થ નંબર-૮, સેકન્ડ ક્લાસ.

હત્યા માટેનો હેતુ
એકપણ નહીં

કયા સમયે હત્યાસ્થળ પર નહોતા
રાતે બાર વાગ્યાથી બે વાગ્યા સુધી.
(કન્ડક્ટર અને પ્રિન્સેસના કથન મુજબ.
કન્ડક્ટરે આશરે ૧૨.૩૮ વાગે ઉઠાડેલા.
ત્યારબાદ એ પ્રિન્સેસ પાસે ગયાં.)

તેમની સામે પુરાવા
એકપણ નહીં

શંકાસ્પદ સંજોગો
એકપણ નહીં

નોંધ: મુસાફરોનું કથન કન્ડકરના એ કથન સાથે મળતું આવે છે કે મિસ્ટર રાટચેટના કંપાર્ટમેન્ટમાં રાતે ૧૨ વાગ્યાથી ૧ વાગ્યા વચ્ચે અને ૧.૧૫ વાગ્યાથી ૨ વાગ્યા સુધી કોઈ આવ્યું કે ગયું નહોતું. કન્ડક્ટર ૧ વાગે બાજુના કોચમાં ગયેલા.

પોઈરોએ મિસ્ટર બુકને કહ્યું: "આ તો આપણે જે બધી જુબાની સાંભળી તેની ટૂંકી નોંધ છે.

મેં બની ગયેલી ઘટનાના ક્રમ પ્રમાણે એટલે લખેલી છે કે વાંચવામાં સરળ પડે."

મિસ્ટર બુકે મોઢું કટાણું કરીને પોઈરોને યાદી પાછી આપતાં કહ્યું: "આને કારણે આખી ઘટના પર બહુ પ્રકાશ નથી પડતો."

"કદાચ આ તમને વધુ પસંદ આવશે." પોઈરોએ આછું હસીને બીજો કાગળ આપ્યો.

પ્રકરણ–૨
દસ સવાલ

• કાગળ ઉપર લખેલું.
• નીચેની બાબતો વિષે ચોખવટ જરૂરી છે.
૧. 'H' અક્ષર ભરેલો હાથરૂમાલ કોનો છે?
૨. પાઇપ ક્લીનર મળ્યું એ કર્નલ આર્બથનોટથી પડી ગયેલું કે કોઈ બીજાથી?
૩. લાલ રંગનો કીમોનો પહેરીને કોણ ફરતું હતું?
૪. એ કોણ (પુરુષ અથવા સ્ત્રી) હતું જેણે કન્ડક્ટરનો યુનિફૉર્મ પહેરેલો?
૫. ઘડિયાળના કાંટા કેમ ૧.૧૫ નો સમય બતાવતા હતા?
૬. શું એ સમયે જ હત્યા થયેલી?
૭. હત્યા એ સમય પહેલાં થયેલી?
૮. હત્યા એ સમય પછી થયેલી?
૯. એ ખાતરી કરી શકાય કે રાટચેટ ઉપર એકથી વધારે વ્યક્તિએ છરીના ઘા કરેલા?
૧૦. રાટચેટના શરીર પર પડેલા ઘા વિષે બીજું શું કહી શકાય?

બુક જરા ઉત્સાહથી બોલ્યાઃ "ચાલો, આ પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયત્ન કરીએ. પહેલાં હાથરૂમાલની વાત કરીએ. હા, આપણે પદ્ધતિસર કામ કરવું છે.

"અવશ્ય." પોઈરોએ કહ્યું.

મિસ્ટર બુકે કહ્યું: "'H' અક્ષર ત્રણ વ્યક્તિના નામમાં છે. મિસિસ હબ્બાર્ડ, મિસ ડેબેનહામ, જેમનું વચલું નામ હર્મીઓન છે અને મેઈડ હિલ્ડેગાર્ડે સ્મીટ."

"અને એ ત્રણમાંથી આ રૂમાલ કોનો છે?" પોઈરોએ પૂછ્યું.

બુકે કહ્યું: "એ કહેવું જરા અઘરું છે પણ હું માનું છું કે એ મિસ ડેબેનહામનો હોવો જોઈએ. કોને ખબર, કદાચ એ એમના વચ્ચેના નામથી અમુક લોકોમાં જાણીતા હોય. વળી તેમની ઉપર થોડી શંકા છે જ. તમે એમણે કહેલા જે શબ્દો સાંભળ્યા તે જરા વિચિત્ર હતા અને તે એના વિષે કાંઈ ખુલાસો નથી કરતા એ પણ એટલું જ વિચિત્ર છે."

"જોકે હું માનું છું કે આ રૂમાલ અમેરિકન મેડમ હબ્બાર્ડનો છે." ડૉક્ટર કોન્સ્ટનટાઇને કહ્યું. "આ બહુ મોંઘો રૂમાલ છે અને અમેરિકન લોકો તો મોંઘીદાટ વસ્તુઓ ખરીદવા માટે જાણીતા છે."

"તમારા બંનેના કહેવા પ્રમાણે શું આ રૂમાલ મેઈડ હિલ્ડેગાર્ડેનો નથી?" પોઈરોએ પૂછ્યું.

"તેમણે તો પોતે કહ્યું હતું કે આ હાથરૂમાલ અમીર વર્ગની વ્યક્તિનો છે." ડૉક્ટરે કહ્યું.

"હવે બીજા સવાલ પર આવીએ. જે પાઇપ ક્લીનર મળ્યું તે કર્નલ આર્બથનોટથી પડી ગયું હશે કે બીજા કોઈથી?" મિસ્ટર બુકે સવાલ કર્યો.

"એ કહેવું અઘરું છે. તમે ઠીક કહેતા હતા કે ઇંગ્લિશ લોકો છરી મારીને હત્યા નથી કરતા. મને લાગે છે કે કોઈ બીજાએ આ પાઇપ ક્લીનર ત્યાં મૂક્યું હશે જેથી કર્નલ પર શંકા જાય." પોઈરોએ કહ્યું.

ડૉક્ટર કોન્સ્ટનટાઇન બોલ્યાઃ "બે સાબિતી એક સાથે મળે તે વિચિત્ર કહેવાય. હાથરૂમાલ કોઈથી પડી ગયો છે એટલે કોઈ કબૂલ નથી કરતું એ એમનો છે, પરંતુ પાઇપ ક્લીનર તો

ગેરમાર્ગે દોરવા જ મુકાયું છે. જુઓને, કર્નલ તો નિખાલસતાથી કહે છે કે એ પાઇપ પીએ છે અને આવા ક્લીનરનો ઉપયોગ કરે છે."

"તમે યોગ્ય રીતે આખી વાત સમજો છો." પોઈરોએ કહ્યું.

"હવે ત્રીજો પ્રશ્ન. લાલ રંગનો કીમોનો કોણે પહેરેલો?" મિસ્ટર બુકે કહ્યું. "હું કબૂલ કરું છું કે આ બાબતમાં મને કાંઈ ગતાગમ નથી પડતી. તમે શું કહો છો ડૉક્ટર?"

"મને પણ ખ્યાલ નથી આવતો." ડૉક્ટરે કહ્યું.

"તો એ સવાલનો જવાબ આપણી પાસે નથી. હવે ચોથો સવાલ જેનો જવાબ મળે તે શક્ય છે. કન્ડક્ટરનો યુનિફૉર્મ પહેરીને કોણ ફરતું હતું?" મિસ્ટર બુક બોલ્યા અને આગળ કહ્યું: "આપણે એ જરૂર નક્કી કરી શકીએ કે એ વ્યક્તિ કોણ નહીં હોય. હાર્ડમેન, કર્નલ, ફોસ્કારેલી, કાઉન્ટ એન્ડ્રીનાઈ અને મેકક્વીન, આ બધા ઘણા ઊંચા છે. મિસિસ હબ્બાર્ડ, હિલ્ડેગાર્ડ સ્મીટ અને ગ્રેટા ઓલ્સન ઘણા સ્થૂળ છે. આનો અર્થ એમ કે પેલો નોકર, મિસ ડેબેનહામ, પ્રિન્સેસ ડ્રેગોમીરોફ અને કાઉન્ટેસ એન્ડ્રીનાઈ; આટલામાંથી કોઈ હોઈ શકે. પરંતુ એકપણ એવા નથી લાગતા જેમણે આ કર્યું હોય!

ગ્રેટા ઓલ્સને કહ્યું કે મિસ ડેબેનહામ કંપાર્ટમેન્ટ છોડીને ક્યાંય ગયાં જ નહોતાં. આ જ વાત નોકર માટે ફોસ્કારેલીએ પણ કહી. હિલ્ડેગાર્ડ સ્મીટ કહે છે કે પ્રિન્સેસ એમના કંપાર્ટમેન્ટમાં જ હતાં અને કાઉન્ટે કહ્યું કે કાઉન્ટેસ ઊંઘની દવા લઈને સૂઈ ગયેલાં. આનો અર્થ એમ કે કન્ડક્ટરનો યુનિફૉર્મ પહેરીને ફરવાવાળું આમાંથી કોઈ નહોતું! કેવી વાહિયાત વાત છે?"

પોઈરો ધીમેથી ગણગણ્યા: "આવું જ ગ્રીક વૈજ્ઞાનિક યુકલીડે કહેલું."

"એ ચારમાંથી જ કોઈ એક હશે." ડૉક્ટર બોલ્યા: "સિવાય કે કોઈ બહારથી આવીને ટ્રેનમાં છુપાઈ ગયું હોય, જે આપણે જાણીએ છીએ એમ શક્ય નથી."

મિસ્ટર બુકે કાગળમાં જોઈને કહ્યું: "પાંચમો સવાલ. શા માટે તૂટેલી ઘડિયાળના કાંટા ૧.૧૫નો સમય બતાવે છે? મને લાગે છે કે એનાં બે કારણો હોઈ શકે. એક એ કે હત્યારાએ પોતે કાંટા આ રીતે ફેરવ્યા હોય જેથી પોતે એ સમયે ગેરહાજર હતો એમ સાબિત કરી શકે. ત્યાર પછી એ કંપાર્ટમેન્ટમાંથી નીકળી ન શક્યો કારણકે બાજુમાં અવાજ થયો. અથવા તો... અરે ઊભા રહો! મને એક વિચાર આવે છે..."

પોઈરો અને ડૉક્ટર મિસ્ટર બુક શું કહે છે તે સાંભળવા શાંત રહ્યા.

"મને ખ્યાલ આવી ગયો! ઘડિયાળના કાંટા હત્યારાએ નથી ફેરવ્યા! આ આપણે જેને 'બીજા હત્યારા' ગણીએ છીએ, જે ડાબેડી છે, એનું કામ છે! એટલે કે લાલ કીમોનો પહેરેલી લેડીનું. એ કંપાર્ટમેન્ટમાં પછીથી આવ્યાં હશે અને એમણે ઘડિયાળના કાંટા ફેરવી નાખ્યા હશે."

ડૉક્ટર કોન્સ્ટનટાઇને કહ્યું: "વાહ! એકદમ યોગ્ય તર્ક છે."

પોઈરોએ થોડા મશ્કરીના સ્વરમાં કહ્યું: "એમણે અંધારા કંપાર્ટમેન્ટમાં આવીને રાટચેટને છરીના ઘા માર્યા કારણકે એમને ખબર નહોતી કે રાટચેટની હત્યા થઈ ચૂકેલી છે. વળી તેમને પહેલેથી ખબર હશે કે રાટચેટના ખીસામાં ઘડિયાળ છે એટલે એ કાઢીને એમણે અંધારામાં જ તેના કાંટા ફેરવ્યા અને એની પર ઘોબા પાડ્યા, બરાબર?"

બુકે પોઈરો સામે જોઈને ઠંડા અવાજે પૂછ્યું: "તમારી પાસે આનાથી વધુ સારો ઉકેલ છે?"

પોઈરોએ કહ્યું: "ના. હાલની ઘડીમાં નહીં." પછી આગળ કહ્યું: "મને લાગે છે કે તમારા બંનેના ધ્યાનમાં ઘડિયાળ વિશેની સૌથી મહત્ત્વની વાત નથી આવી."

ડૉક્ટર બોલ્યા: "સવાલ નંબર છ વિષે વાત કરો છો ને, કે હત્યા એ સમયે થઈ હતી? પણ હું કહું છું `ના.'"

"હું પણ એમ કહું છું." મિસ્ટર બુકે કહ્યું: "સાતમો સવાલ છે હત્યા એ સમય પહેલાં

થયેલી? તો હું કહું છું `હા.' તમે શું માનો છો ડૉક્ટર?"

ડૉક્ટરે હકારમાં માથું હલાવીને કહ્યું: "પરંતુ એ પછીનો સવાલ, કે હત્યા એ સમય પછી થયેલી? એનો જવાબ પણ હામાં આવી શકે. હું તમારી વાત સાથે સહમત છું. મને લાગે છે કે પોઈરો પણ સહમત છે પણ અત્યારે કહેવા નથી માગતા. પહેલો હત્યારો ૧.૧૫ વાગ્યા પહેલાં આવ્યો. બીજો હત્યારો ૧.૧૫ વાગ્યા પછી આવ્યો. રહી વાત ડાબોડી વ્યક્તિની, તો આપણે તપાસ કરી શકીએ કે મુસાફરોમાં કોણ ડાબોડી છે."

પોઈરોએ કહ્યું: "એ વાત મારા ધ્યાનમાં હતી જ. તમે જોયું હશે કે મેં બધાને તેમના નામ અને સરનામાં લખવાનું કહેલું. જો કે આનાથી ચોક્કસ રીતે ન કહી શકાય કે કોઈ જમણેરી છે કે ડાબેરી, કારણકે ઘણા લોકો અમુક કામ જમણા હાથે કરતા હોય છે અને અમુક ડાબા હાથે. લખે જમણે હાથે પણ ક્રિકેટમાં બૅટિંગ ડાબા હાથે કરે, છતાં આનાથી અંદાજ આવી શકે. મેં જોયું કે બધાએ જમણે હાથે લખ્યું, સિવાય કે પ્રિન્સેસ ડ્રેગોમીરોફ, જેમણે લખવાની ના પાડી."

"પ્રિન્સેસ ડ્રેગોમીરોફ, એ તો આવું કરે જ નહીં" મિસ્ટર બુકે કહ્યું.

"હું નથી માનતો કે એમનામાં એટલી તાકાત છે કે એ લાશ પર ડાબા હાથે જે જખમ થયો છે તેવો જખમ કરી શકે." ડૉક્ટર શંકા સાથે બોલ્યા. "એ જખમ તો બહુ જોરથી કરવામાં આવ્યો છે."

"કોઈ લેડીથી એટલું જોર ન થઈ શકે?" પોઈરોએ પૂછ્યું.

"ના. હું એમ ન કહું. પરંતુ આટલું જોર કોઈ વૃદ્ધ લેડી ન કરી શકે. એમાં પણ પ્રિન્સેસનું શરીર તો ઘણું નાજુક છે." ડૉક્ટરે જણાવ્યું.

પોઈરોએ કહ્યું: "મનમાં ઝનૂન ભર્યું હોય તો નાજુક શરીરમાં પણ તાકાત આવી જાય.

પ્રિન્સેસ ડ્રેગોમીરોફ પ્રતિભાવંત છે અને દૃઢ મનોબળ ધરાવે છે, પણ હમણાં એ વાત રહેવા દઈએ."

ડૉક્ટરે કહ્યું: "નવમા અને દસમા સવાલની વાત કરીએ. શું આપણે ચોક્કસ રીતે કહી શકીએ કે રાટચેટની હત્યા એક કરતાં વધુ વ્યક્તિએ છરી મારીને કરેલી છે? જે ઘાવ પડ્યા છે તેનો બીજી કઈ રીતે ખુલાસો થઈ શકે? તબીબી દૃષ્ટિએ જોઈએ તો જેવા ઘાવ પડ્યા છે તે બે વ્યક્તિ દ્વારા જ થયા હોય. એમ તો ન માની શકાય કે એક જ વ્યક્તિએ પહેલા ઊંડા ઘાવ કર્યા હશે અને પછી ઘસરકા કર્યા હશે. અડધા કલાક પછી એણે જ છરી ડાબા હાથમાં લઈને ફરીવાર ઘાવ કર્યા હશે. આવું તો ન જ બન્યું હોય ને?"

"ના, આવું ન બન્યું હોય." પોઈરોએ કહ્યું. "પણ હત્યા બે જણાએ કરી હોય એવું બન્યું હોય?"

"તમે પોતે જ કહ્યું ને કે 'બીજી કઈ રીતે આ વાત સ્પષ્ટ થઈ શકે?" ડૉક્ટરે જણાવ્યું.

પોઈરોએ દૂર નજર કરતાં કહ્યું: "હું મારી જાતને પણ એ જ સવાલ કરું છું."

એમણે પોતાની ખુરશીમાં ટેકો દઈને, પોતાના કપાળ પર આંગળીથી ટકોરા મારતાં કહ્યું: "હવે બધું અહીંયા આવી ગયું છે. આપણી પાસે બધી વિગતો છે. એક પછી એક બધા મુસાફરોએ બયાન આપ્યું છે. આપણે જેટલું બહારથી જાણી શકીએ એટલું જાણી લીધું છે." પછી મિસ્ટર બુકની સામે જોઈ સ્મિત કરીને ઉમેર્યું: "હવે ખુરશીમાં ટેકો દઈને સત્ય શું છે તે વિચારવાનું છે."

આપણે ત્રણેય જણા આંખો બંધ કરીને વિચારીએ: "રાટચેટની હત્યા કોણે કરી છે?"

પ્રકરણ–૩
થોડા દિશાસૂચક મુદ્દા

પંદર મિનિટ સુધી કોઈ કાંઈ ન બોલ્યું, ત્રણે જણા આંખ બંધ કરીને વિચાર કરતા હતા. દરેક જણ આ અનેક ગૂંચવાડાથી ભરેલો અપરાધ કઈ રીતે ઉકેલી શકાય તે વિચારતા હતા.

મિસ્ટર બુક વિચારતા હતાઃ "મારે વિચારવું જોઈએ, પણ શું વિચારવું જોઈએ? કેટલું વિચારી લીધું! પોઈરો પેલી ઇંગ્લિશ યુવતી મેરી પર શક કરે છે. હું નથી માનતો એણે આવું કર્યું હોય. ઇંગ્લિશ લોકો તો બહુ અતડા હોય છે. જો કે અત્યારે એ વાત નથી. મને તો લાગતું હતું કે પેલા ઇટાલિયને જ હત્યા કરી હશે પણ રાટચેટનો નોકર કહે છે કે ઇટાલિયન આખી રાત એના કંપાર્ટમેન્ટમાંથી બહાર ગયો જ નથી. એ નોકર ખોટું બોલતો હશે? શું કામ ખોટું બોલે? એ કાંઈ પૈસાથી ખરીદાઈ જાય એવો નથી. ઇંગ્લિશ લોકો તો ભાગ્યે જ બીજા દેશના લોકો સાથે વાત કરે. આ બરફના તોફાનને પણ અત્યારે જ આવવાનું હતું? ખબર નથી ક્યારે આમાંથી નીકળશું? આ બરફના તોફાનમાં ફસાયેલાને બચાવવાનું કામ શરૂ થયું હશે કે નહિ? આ બધા દેશના લોકો તો બહુ ધીમા હોય છે! કલાકો વીતી જાય પછી જ કોઈક કાંઈક કરવાનો વિચાર કરે. એમાં આ દેશની પોલીસ! તોબા તોબા! એ લોકો તો એવા તુંડમિજાજી હોય છે! એ તો આમાંથી રાઈનો પર્વત બનાવશે. આવો મોકો કાંઈ વારે વારે મળે? એ તો આ બધું છાપે ચડાવશે..."

ડૉક્ટર કોન્સ્ટનટાઇન વિચારતા હતા, "આ બટકા માણસનું ચસકી ગયું હોય એમ લાગે છે! એ પાગલ છે કે જિનિયસ? એ આ કોયડો ઉકેલી શકશે? અશક્ય! મને તો કોઈ ઉકેલ દેખાતો નથી. બધું કેટલું ગૂંચવાડાવાળું છે! બધા જૂઠ્ઠું બોલતા હોય એમ લાગે છે. પરંતુ સાચું બોલતા હોય તો પણ ગૂંચવાડો તો ઊભો જ રહે! પેલા ઘાવ વિષે કાંઈ સમજાતું નથી. રાટચેટને ગોળી મારીને મારી નાખ્યો હોત તો સહેલાઈથી સમજાત. આ અમેરિકા રસપ્રદ દેશ લાગે છે. મારે એકવાર ત્યાં જવું છે. ઘરે પહોંચીને ડેમેટ્રિયસ ઝાગોનને મળીશ. એ અમેરિકા જઈ આવ્યો છે. એને બધી ખબર હોય. અત્યારે ઝિયા શું કરતી હશે?"

હરક્યુલ પોઈરો સાવ શાંત બેઠા હતા. જાણે સૂઈ ગયા હોય!

અચાનક પોઈરોની ભમર ઊંચી થઈ. એક આછો શ્વાસ લઈને તે બોલ્યાઃ "શા માટે નહીં? અને એવું હોય તો તો બધું સમજાઈ જાય એમ છે!"

અચાનક પોઈરોએ આંખો ખોલીને કહ્યું "મેં વિચારી લીધું, અને તમે?"

બંને જણા સફાળા જાગી ગયા. મિસ્ટર બુક બોલ્યાઃ "મેં પણ વિચાર્યું છે પણ હું એકેય જાતના નિર્ણય પર આવી નથી શક્યો. મિત્ર, અપરાધને ઉકેલવો એ તો તમારું ક્ષેત્ર છે, મારું નહીં."

ડૉક્ટરે જણાવ્યુંઃ "મેં ઘણું ગંભીરતાપૂર્વક વિચાર્યું, ઘણાં તર્ક કર્યા, પરંતુ એમાંનો એકપણ તર્ક મને જ માન્ય નથી."

પોઈરોએ સંમતિમાં ડોકું હલાવ્યું, જાણે કહેતા હોય. "ઓ.કે. મેં આ જ ધારેલું." પછી એમણે ટટ્ટાર થઈને કોઈ વક્તાની જેમ વાત શરૂ કરી. "મિત્રો, મેં બધી વિગત ફરીવાર યાદ કરી. દરેક મુસાફરની જુબાની યાદ કરી. એ ઉપરથી મને કાંઈક ઝાંખું ઝાંખું દેખાઈ રહ્યું છે જે આપણે જાણીએ છીએ એ બધી હકીકતોને આવરીને આખી વાત સ્પષ્ટ કરશે. આ બહુ વિચિત્ર લાગે એવી સ્પષ્ટતા છે. હજુ મને ખબર નથી કે એ સાચી છે કે નહીં. એ જાણવા માટે મારે થોડા અખતરા કરવા પડશે."

"હું અમુક મુદ્દા કહેવા માગું છું જે મારા મતે મહત્ત્વના છે. આપણે પહેલી વાર લંચ લેવા બેઠા ત્યારે મિસ્ટર બુકે જે કહેલું તેનાથી શરૂઆત કરીએ. તેમણે કહેલું કે દરેક ક્લાસના, દરેક વયના જુદા જુદા દેશોના લોકો એક સાથે મુસાફરી કરી રહ્યા છે. વર્ષના આ સમયે આવું જવલ્લે જ બને છે. એથેન્સ-પેરીસ અને બુચારેસ્ટ-પેરિસના કોચ લગભગ ખાલી જતા હોય છે. યાદ છે એક મુસાફર નહોતો આવેલો? આ વાત પણ મહત્ત્વની છે. બીજા અમુક પૉઇન્ટ છે જે મને મહત્ત્વના લાગે છે. જેમ કે મિસિસ હબ્બાર્ડની સ્પોંજ બૅગની જગ્યા, મિસિસ આર્મસ્ટ્રોંગના મધરનું નામ, ડિટેક્ટિવ હાર્ડમેન, મેકક્વીને જે સૂચન કરેલું કે આપણને જે બળેલો પત્ર મળેલો તે રાટચેટે પોતે બાળી નાખેલો. પ્રિન્સેસ ડ્રેગોમીરોફનું લગ્ન પહેલાંનું નામ અને હંગેરિયન પાસપોર્ટ ઉપર ગ્રીસનું ટપકું.

ડૉક્ટર અને મિસ્ટર બુક પોઈરો સામે જોઈ રહ્યા. પોઈરોએ મિસ્ટર બુકને પૂછ્યું: "આ પૉઇન્ટ પરથી તમને કાંઈ સમજાય છે?"

"ના." બુકે નિખાલસતાથી કહ્યું.

પોઈરોએ પૂછ્યું: "તમે ડૉક્ટર."

ડૉક્ટર બોલ્યાઃ "તમે જે વાત કરો છો એમાં મને કાંઈ સમજાતું નથી."

મિસ્ટર બુકે પાસપોર્ટની થોકડીમાંથી કાઉન્ટ અને કાઉન્ટેસનો પાસપોર્ટ કાઢી, એને ખોલીને પોઈરોને બતાવતાં કહ્યું: "તમે આ ડાઘાની વાત કરો છો?"

"હા, એ તાજો ડાઘ છે. તમે જોયું એ કઈ જગ્યાએ પડ્યો છે?" પોઈરોએ પૂછ્યું.

મિસ્ટર બુકે કહ્યું: "કાઉન્ટેસનું લગ્ન પહેલાંનું નામ ત્યાં શરૂ થાય છે. જો કે મને હજુ આ વાતનું મહત્ત્વ સમજાતું નથી."

પોઈરોએ કહ્યું: "આપણે આ આખી વાતને જુદા દૃષ્ટિકોણથી જોઈએ. રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી જે હાથરૂમાલ મળેલો તેમાં 'H' ગૂંથેલો હતો. આપણે જોયું એમ ત્રણ લેડીસના નામમાં 'H' આવે છે. મિસિસ હબ્બાર્ડ, મિસ ડેબેનહામ અને નોકરાણી. આખો મામલો બીજી રીતે જોઈએ તો આ હાથરૂમાલ બહુ મોંઘો છે. એવો રૂમાલ કોણ ખરીદી શકે? મિસિસ હબ્બાર્ડ નહીં કારણકે તે આવી રીતે પૈસા ઉડાડે નહીં. મિસ ડેબેનહામ ઇંગ્લિશ લેડી છે. તે સુંદર વસ્તુ જરૂર ખરીદે પણ આવો મોંઘો હાથરૂમાલ ક્યારેય ન ખરીદે. મેઈડનો તો સવાલ જ નથી આવતો. પરંતુ ટ્રેનમાં બીજા બે લેડી એવા છે જેમની પાસે આવો રૂમાલ હોઈ શકે. જોઈએ એમના નામમાં ક્યાંય પણ 'H' અક્ષર આવે છે? આ બે લેડી એટલે પ્રિન્સેસ ડ્રેગોમાઇરોફ..."

"એમનું લગ્ન પહેલાંનું નામ નાતાલી છે." મિસ્ટર બુક બોલી ઊઠ્યા.

"બરાબર. મેં કહ્યું એમ એમનું લગ્ન પહેલાંનું નામ સૂચિત અર્થ ધરાવે છે. બીજા લેડી છે કાઉન્ટેસ એન્ડ્રીનયી. આ જોઈને આપણને તરત ખ્યાલ આવે..."

પોઈરોની વાત કાપતાં મિસ્ટર બાઉંસ બોલી ઊઠ્યાઃ "આપણને નહીં તમને."

"સારું, મને, બસ? કાઉન્ટના પાસપોર્ટ પર લખેલાં કાઉન્ટેસના લગ્ન પહેલાંના નામ પર ગ્રીસનો ડાઘો પડેલો છે. તમે કહેશો કે 'એવું તો ભૂલથી થઈ જાય.' પરંતુ કાઉન્ટેસનું લગ્ન પહેલાનું નામ એલીના છે. (Elenna) હવે ધારો કે એમનું નામ એલેના ન હોય અને 'હેલીના' હોય, (Helena) તો કેપિટલ 'H' ને આસાનીથી 'E' માં ફેરવી શકાય. ત્યારબાદ નામની શરૂઆતમાં ગ્રીસનું ટીપું મૂકી દો જેને કારણે કરેલો ફેરફાર ઢંકાઈ જાય, એટલે વાત પૂરી!" પોઈરોએ જણાવ્યું.

મિસ્ટર બુક બોલ્યાઃ "હેલેનાનું નામ ફેરવીને એલેના કર્યું. અરે આ વાતમાં તો દમ છે!"

"હું મારો વિચાર સાચો છે કે નહીં એની સાબિતી પણ મેળવતો હોઉં છું. કાઉન્ટના સામાન

પરનું એક લેબલ જરા ભીનું થયેલું છે. તે લેબલ સૂટકેસ પર કાઉન્ટનું નામ લખેલું છે તેનો પહેલો અક્ષર ઢાંકી દે છે. આ લેબલને ભીનું કરીને ફરી જુદી જગ્યાએ લગાડવામાં આવે છે એમ લાગે છે."

બુકે કહ્યું: "તમારી વાત સાચી લાગે છે હોં! પરંતુ કાઉન્ટેસ આવું કરે...?"

"મિત્ર, હવે આપણે સાવ જુદા દૃષ્ટિકોણથી આ અપરાધને જોઈએ." પોઈરોએ કહ્યું: "હત્યારો બીજા બધાને આ હત્યા કઈ રીતે દેખાડવા ઇચ્છતો હતો? એ યાદ રાખીએ કે બરફના તોફાનને કારણે હત્યારાનું આખું આયોજન ઊંધું પડી ગયું. એમ માનીએ કે બરફનું તોફાન આવ્યું જ ન હોત અને ટ્રેન રાબેતા મુજબ ચાલી હોત તો શું થાત?"

"હત્યા થઈ છે તેની ખબર વહેલી સવારે પડત, જ્યારે ટ્રેન ઇટાલીની સરહદ પાસે હોત.

આપણને જેટલી સાબિતી મળી એટલી જ સાબિતી ઇટાલિયન પોલીસને મળી હોત. મેકક્વીને અડધો સળગેલો કાગળ બતાવ્યો હોત. મિસિસ હબ્બાર્ડે એમના કંપાર્ટમેન્ટમાં હત્યારો કઈ રીતે આવ્યો અને ગયો તેની વિગતે વાત કરી હોત. કન્ડક્ટરના જૅકેટનું બટન મળ્યું હોત. હું માનું છું કે ફક્ત બે વાત જુદી હોત. એક કે હત્યારો મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાંથી એક વાગ્યા પહેલાં પસાર થયો હોત અને બીજું કે કન્ડક્ટરનો યુનિફૉર્મ કોઈ બાથરૂમમાંથી મળ્યો હોત."

"એટલે તમે શું કહેવા માગો છો?" મિસ્ટર બુકે પૂછ્યું.

"હું એ કહેવા માગું છું કે આ હત્યા કોઈ બહારના માણસે કરી છે એવું દેખાડવાનું આયોજન હતું. હત્યારો બ્રોડ સ્ટેશન પર, જ્યાં ટ્રેન બાર વાગીને અઠ્ઠાવન મિનિટે પહોંચે છે, ઊતરી ગયો છે એમ લાગત. કોઈકની નજર આ કન્ડક્ટરનો યુનિફૉર્મ પહેરીને ફરતી વ્યક્તિ પર પડી હોત. પછી યુનિફૉર્મ એવી જગ્યાએ છુપાવવામાં આવત જ્યાંથી એ સહેલાઈથી મળી જાય. આને કારણે એમ જ લાગત કે કોઈ બહારથી આવીને, હત્યા કરીને, ટ્રેનમાંથી ઊતરી ગયું છે. મુસાફરો ઉપર કોઈને શંકા ન પડત. આ હત્યાનો મામલો બધાને આ રીતે દેખાય એવું હત્યારાનું આયોજન હતું.

"પરંતુ બરફના તોફાનમાં ટ્રેન અટકી પડી એટલે હત્યારાના આયોજનમાં મોટું વિઘ્ન આવ્યું. આને કારણે એ પણ સમજી શકાય છે કે હત્યા કર્યા પછી એ રાટચેટના કંપાર્ટમેન્ટમાં આટલો વખત શા માટે રોકાયો. એને એમ હશે કે ટ્રેન ચાલુ થઈ જશે. પછી એને ખ્યાલ આવ્યો કે ટ્રેન આગળ જવાની નહોતી. હવે એણે જુદા પ્લાન બનાવવાના હતા, કારણકે એ ખબર પડી જાય કે હત્યારો હજુ ટ્રેન પર જ છે.

બુકે ઉત્તેજના સાથે કહ્યું: "હા, હવે સમજાયું. પણ આમાં હાથરૂમાલ ક્યાં આવ્યો?"

"હું એ વાત ઉપર આવું છું." પોઈરોએ જણાવ્યું. "એક વાત સમજવા જેવી છે કે ધમકીભર્યા કાગળ ગેરમાર્ગે દોરવા માટે હતા. એ સાચા નથી લાગતા. કોઈ રહસ્યકથામાંથી અમુક વાક્યો લઈને આ કાગળ લખાયા હોય એમ લાગે છે, ખાસ કરીને પોલીસને ગેરમાર્ગે દોરવા માટે. શું રાટચેટ પણ એને સાચા માનતો હશે? લાગે છે કે એણે પણ આને પોકળ ધમકી માન્યા હશે. રાટચેટે હાર્ડમેનને સૂચના આપેલી એ પરથી લાગે છે કે એને ખબર હતી કે એના શત્રુ કોણ છે."

"હા, રાટચેટને એક પત્ર એવો મળેલો જે બીજા કરતાં જુદા પ્રકારનો હતો. એ પત્ર જેમાં આર્મસ્ટ્રોંગની બાળકીનો ઉલ્લેખ હતો અને જેનો એક ટુકડો આપણને એના કંપાર્ટમેન્ટમાં મળેલો.

આ પત્ર એટલે લખાયેલો કે રાટચેટ બરાબર સમજી શકે કે એને જાનની ધમકી કયા કારણસર મળતી હતી. મેં અગાઉ કહ્યું એમ હત્યારો નહોતો ઇચ્છતો કે એ પત્ર કોઈ પાસે જાય

એટલે જ એણે એ પત્ર બાળવા માટે પ્રયત્ન કર્યો. હત્યારા માટે આ બીજું વિઘ્ન હતું. પહેલું વિઘ્ન બરફનું તોફાન હતું અને બીજું આ પત્રનો ટુકડો આપણને મળી આવ્યો એ." પોઈરોએ સમજાવ્યું.

"આ પત્રને સળગાવીને તેનો નાશ કરવાનો અર્થ એક જ છે. આ ટ્રેનમાં કોઈ એવી વ્યક્તિ છે જે આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે નિકટનો સંબંધ ધરાવે છે. આ પત્ર જો કોઈના હાથમાં આવ્યો હોત તો તરત તે વ્યક્તિ પર શંકા જાય એવું હતું."

પોઈરોએ વાત ચાલુ રાખતાં કહ્યું: "હવે આપણે બીજી બે સાબિતી પર જઈએ જે આપણને મળેલી છે. હું પાઇપ ક્લીનર વિષે વધુ નહીં કહું કારણકે એને વિષે ઘણું કહેવાઈ ગયું છે. હવે વાત હાથરૂમાલની. સીધી રીતે જોઈએ તો આ રૂમાલ એવી વ્યક્તિ પર શંકા ઊભી કરે છે જેના નામમાં 'H' અક્ષર હોય અને જેનાથી આ રૂમાલ હત્યાની જગ્યાએ પડી ગયો હોય.

"બરાબર." ડૉક્ટર બોલ્યાઃ "જ્યારે તેને ખબર પડે છે કે તે હાથરૂમાલ ભૂલી ગઈ છે ત્યાર પછી એ પોતાનું લગ્ન પહેલાંનું નામ છુપાવવા માટે પાસપોર્ટ પર ડાઘા પાડે છે."

"તમે બહુ ઉતાવળથી નિર્ણય લઈ લો છો!" પોઈરોએ કહ્યું: "હું આટલી ઉતાવળ ન કરું."

ડૉક્ટરે પૂછ્યું: "બીજો કોઈ વિકલ્પ છે?"

"જરૂર છે. ધારો કે તમે હત્યા કરી છે અને એનું આળ તમે બીજા ઉપર ઢોળવા માગો છો. તમે ટ્રેનના મુસાફરોમાંથી એવી લેડીને જાણો છો જે આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે નિકટનો સંબંધ ધરાવે છે. માની લો કે એનો રૂમાલ લઈને તમે હત્યાના સ્થળે મૂકી દો છો. એ લેડીની તપાસ થશે ત્યારે એ આર્મસ્ટ્રોંગ કુટુંબને ઓળખતાં હતાં એમ ખબર પડશે. આથી તેમનો હેતુ સાબિત થશે. એમાં આ રૂમાલની સાબિતી ઉમેરાય એટલે એમના ઉપરની શંકા દૃઢ બનશે." પોઈરોએ વિગતથી સમજાવ્યું.

ડૉક્ટરે કહ્યું: "પરંતુ જો કોઈને ખબર હોય કે પોતે નિર્દોષ છે તો પોતાની ઓળખાણ શું કામ છુપાવે? નિખાલસતાથી સાચું ન કહી દે?"

પોઈરોએ કહ્યું: "તમે પોલીસની જેમ વિચારો છો પણ હું માણસના સ્વભાવને ઓળખું છું. જ્યારે કોઈને એમ લાગે કે એની ઉપર હત્યાનો આરોપ આવવાનો છે, તો સાવ નિર્દોષ લોકો પણ બહુ વિચિત્ર કામ કરતા હોય છે. ના, હું એમ નથી કહેતો કે પાસપોર્ટમાં કાઉન્ટેસના નામ પર ગ્રીસના ડાઘા છે અને સામાનનું લેબલ બદલાયેલું છે એટલે એ ગુનેગાર છે. હું એટલું જ કહું છું કે એ કોઈ કારણસર પોતાની ઓળખ છુપાવવા માંગે છે.

"પરંતુ એમનો આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે શું સંબંધ હોઈ શકે? એ તો કહે છે કે એ ક્યારેય અમેરિકા ગયાં નથી." ડૉક્ટરે સવાલ કર્યો.

"બરાબર. એ ભાંગ્યું તૂટ્યું ઇંગ્લિશ બોલે છે. પરદેશી હોવાનો જરા વધારે પડતો દેખાવ કરે છે પણ એ કોણ છે તેનું અનુમાન કરવું અઘરું નથી. મિસિસ આર્મસ્ટ્રોંગના મધરનું નામ લીન્ડા આર્ડન હતું. તે બહુ જાણીતાં અભિનેત્રી હતાં, ખાસ કરીને શેક્સપિયરનાં નાટકોના. પરંતુ આ તેમનું મૂળ નામ નહોતું. એમનું નામ કદાચ ગોલ્ડનબર્ગ હતું અને તેમના પૂર્વજો મધ્ય યુરોપના હતા."

"હું માનું છું કે મિસિસ આર્મસ્ટ્રોંગની નાની બહેન, જે આ કરુણ બનાવ વખતે નાની હતી, તે હેલેના ગોલ્ડનબર્ગ છે, લીન્ડા આર્ડનની નાની દીકરી, જેના લગ્ન કાઉન્ટ એન્ડ્રીની સાથે થયાં છે." પોઈરોએ કહ્યું.

"પરંતુ પ્રિન્સેસ ડ્રેગોમીરોફે તો એમ કહેલું કે મિસિસ આર્મસ્ટ્રોંગની નાની બહેનના લગ્ન કોઈ ઇંગ્લિશમેન સાથે થયાં છે." ડૉક્ટરે કહ્યું.

પોઈરોએ તરત જવાબ આપ્યોઃ "પ્રિન્સેસ એ ઇંગ્લિશમેનનું નામ નહોતા જાણતા! હું એ પૂછું

કે આવું બની શકે? પ્રિન્સેસ લીન્ડા આર્ડનને સારી રીતે ઓળખતાં હતાં. તે એમની એક દીકરીના ગોડમધર હતાં. એવું બની શકે કે પ્રિન્સેસ લીન્ડા આર્ડનની બીજી દીકરી કયા કુટુંબમાં પરણી છે તે ભૂલી જાય? શક્ય જ નથી. મને લાગે છે પ્રિન્સેસ ખોટું બોલતાં હતાં. એમણે હેલેનાને ટ્રેનમાં જોઈ હશે. જેવી એમને ખબર પડી કે રાટચેટની હત્યા થઈ છે કે એમને વિચાર આવ્યો કે હેલેના ઉપર શક થઈ શકે. એટલા માટે જ એમને મિસિસ આર્મસ્ટ્રોંગની નાની બહેન વિષે પ્રશ્ન પૂછ્યો તો એમણે ગોળ ગોળ જવાબ આપ્યો કેઃ “મને ખ્યાલ નથી... એ કોઈ ઇંગ્લિશમેનને પરણી છે.”

ડાઇનિંગ કારના એક વેઇટરે આવીને મિસ્ટર બુકને કહ્યું: “સર, ડીનર રેડી છે.”

મિસ્ટર બુકે પોઈરોની સામે જોયું. પોઈરોએ કહ્યું: “જરૂર. ચાલો ડીનર માટે જઈએ.”

કન્ડક્ટર કૉરિડૉરમાંથી પસાર થતાં બેલ વગાડતો બોલતો ગયોઃ “ચાલો, ડીનર રેડી છે.”

પ્રકરણ–૪
કાઉન્ટના પાસપોર્ટ પરનો ડાઘ

પોઈરો, મિસ્ટર બુક અને ડૉક્ટર એક ટેબલ પર ડીનર લેવા બેઠા.

ડાઇનિંગ કારમાં જેટલા મુસાફરો હતા તે બધા સાવ શાંત હતા. મિસિસ હબ્બાર્ડ, જે બહુ વાચાળ હતાં, તે પણ કાંઈ બોલતાં નહોતાં. ટેબલ પર બેસતાં એમણે ધીમેથી કહ્યું: "મને એવું થાય છે જાણે મારી ભૂખ મરી ગઈ છે." તેમની પાસે બેઠેલાં સ્વીડીશ લેડીએ આગ્રહ કર્યો ત્યાર પછી મિસિસ હબ્બાર્ડે દરેક વાનગી પ્લેટમાં લીધી.

ડીનર શરૂ થાય તે પહેલાં પોઈરોએ હેડ વેઇટરને કાંઈક સૂચના આપેલી. ડૉક્ટરને અંદાજ આવી ગયો હતો કે શું સૂચના હોઈ શકે. એમણે જોયું કે કાઉન્ટ અને કાઉન્ટેસને દરેક વાનગી છેલ્લે પીરસાતી હતી. તેમનું બીલ બનાવવામાં પણ વાર લાગી એટલે તે બંને છેલ્લે જમીને ઊઠ્યાં. એ લોકો ડાઇનિંગ કારની બહાર જતાં હતાં ત્યારે પોઈરોએ તેમની પાછળ જઈને કહ્યું: "માફ કરજો મેડમ, તમારો રૂમાલ પડી ગયો." અને તેમણે 'H' અક્ષર ભરેલો રૂમાલ દેખાડ્યો.

કાઉન્ટેસે રૂમાલ હાથમાં લઈને જોયો અને પાછો આપતાં કહ્યું: "સર, તમારી ભૂલ થાય છે. આ રૂમાલ મારો નથી."

"તમને ચોક્કસ ખાતરી છે, મેડમ?" પોઈરોએ પૂછ્યું.

"અવશ્ય મને ખાતરી છે, સર." કાઉન્ટેસે જવાબ આપ્યો.

પોઈરોએ કહ્યું: "પરંતુ તેના પર તમારા નામનો અક્ષર લખેલો છે. 'H' લખેલો છે."

કાઉન્ટ કાંઈક કહેવા ગયા પણ પોઈરોએ એમની પર ધ્યાન ન આપ્યું. પોઈરોની નજર કાઉન્ટેસના ચહેરાને નીરખતી હતી.

"હું કાંઈ સમજતી નથી સર, મારા નામના અક્ષરો 'E' અને 'A' છે. એલેના આર્ડન."

"ના મેડમ, તમારું નામ હેલેના છે, એલેના નહીં. હેલેના ગોલ્ડનબર્ગ, લીન્ડા આર્ડનના નાનાં દીકરી અને મિસિસ આર્મસ્ટ્રોંગના નાનાં બહેન." પોઈરોએ શાંત અવાજમાં જણાવ્યું.

ડાઇનિંગ કારમાં ખામોશી છવાઈ ગઈ. કાઉન્ટ અને કાઉન્ટેસના ચહેરા ફિક્કા પડી ગયા.

પોઈરોએ શાંત અવાજમાં કહ્યું: "આ જ સત્ય છે ને? એનો ઇનકાર કરવાથી કોઈ અર્થ નહીં સરે."

કાઉન્ટ ગુસ્સાથી બોલી ઊઠ્યા: "મારે જાણવું છે કે કયા અધિકારથી..." ત્યાં કાઉન્ટેસે હાથના ઇશારાથી એમને અટકાવીને કહ્યું: "રુડોલ્ફ, મને વાત કરવા દે. આ સજ્જન જે કહે છે તેનો ઇન્કાર કરવાનો કાંઈ અર્થ નથી. આપણે બેસીને વાત કરી લઈએ તે સૌથી સારું થશે." કાઉન્ટેસનો અવાજ નિશ્ચયવાળો અને સ્પષ્ટ હતો.

બંને જણાં પોઈરોની સામે બેઠાં અને હેલેનાએ વાત કરી: "તમારી વાત સાચી છે સર, હું જ હેલેના ગોલ્ડબર્ગ છું. મિસિસ આર્મસ્ટ્રોંગની નાની બહેન."

પોઈરોએ કહ્યું: "આ વાત તમે મને આજે સવારે ન કરી."

"ના."

"તમે અને તમારા પતિએ સવારે જે કાંઈ કહ્યું એ જુઠ્ઠું હતું, ખરું?" પોઈરોએ પૂછ્યું.

"સર." કાઉન્ટેનો ગુસ્સાવાળો અવાજ સંભળાયો.

કાઉન્ટેસે કહ્યું: "રુડોલ્ફ, ગુસ્સે ન થા. મિસ્ટર પોઈરો નિષ્ઠુર રીતે વાત કરે છે પરંતુ એમની વાતનો ઇનકાર થઈ શકે તેમ નથી."

પોઈરોએ કહ્યું: "મેડમ, તમે આટલી સરળતાથી મારી વાત સ્વીકારો છો તે માટે હું ખુશ છું.

હવે મને જણાવો કે તમારે ખોટી વિગત આપવાની અને પાસપોર્ટમાં તમારું લગ્ન પહેલાનું નામ છુપાવવાની જરૂર કેમ પડી?"

કાઉન્ટે કહ્યું: "એણે આ બધું મારા કહેવાને કારણે કરેલું."

હેલેનાએ શાંત અવાજમાં કહ્યું: "મિસ્ટર પોઈરો, તમે સમજી શકશો કે આની પાછળ મારું શું કારણ હોઈ શકે. જેની હત્યા થઈ તે માણસે મારી નાની ભત્રીજીને મારી નાખેલી. આને કારણે મારી બહેન અને બનેવીએ પ્રાણ ત્યાગી દીધા. ત્રણ જણા, જેમને હું સૌથી વધુ પ્રેમ કરતી હતી. તે ત્રણેય મારું ઘર, મારી દુનિયા હતા." એમના અવાજમાં ભારોભાર વેદના અને ઝનૂન ટપકતા હતા.

થોડાં સ્વસ્થ થઈને તેમણે વાત આગળ ચલાવી: "બધા મુસાફરોમાંથી ફક્ત મારી પાસે એને મારી નાખવાનો સૌથી સબળ હેતુ હતો."

"પણ તમે એની હત્યા નથી કરી, ખરું?" પોઈરોએ પૂછ્યું.

"ના. હું સોગંદપૂર્વક કહી શકું, અને મારા પતિ પણ કહી શકે, કે મેં એ માણસને આંગળી પણ નથી અડાડી. જો કે મને મન તો ઘણું થયેલું કે એને જાનથી મારી નાખું." હેલેનાએ કહ્યું.

"હું પણ સોગંદપૂર્વક કહું છું." કાઉન્ટ બોલ્યા. "ગઈકાલે રાતે હેલેના કંપાર્ટમેન્ટમાંથી બહાર નહોતી ગઈ. તેણે ઊંઘની દવા લીધી હતી. તે સાવ નિર્દોષ છે."

પોઈરોએ એ બંને સામે વારાફરતી જોયું. કાઉન્ટ ફરીવાર બોલ્યા: "સોગંદપૂર્વક કહું છું."

પોઈરોએ સહેજ માથું હલાવીને કહ્યું: "પાસપોર્ટ પરના નામ પર ગ્રીસનો ડાઘો તમે પાડેલો?"

કાઉન્ટ ગંભીરતાથી બોલ્યા: "તમે મારી પરિસ્થિતિનો વિચાર કરો, મિસ્ટર પોઈરો. તમને લાગે છે હું મારી પત્ની પર પોલીસ કેસ થવા દઉં? એ નિર્દોષ છે પરંતુ એ સાચું કહે છે. એ આર્મસ્ટ્રોંગ કુટુંબની સભ્ય છે એટલે એની ઉપર સૌથી પહેલી શંકા જાત. પોલીસ એને પ્રશ્ન પૂછત, કદાચ ગિરફતાર કરત. કમનસીબે અમે એ જ ટ્રેનમાં આવી ચડ્યા જેમાં પેલો નરાધમ રાટચેટ મુસાફરી કરતો હતો. હું કબૂલ કરું છું કે હું તમારી સામે જુઠ્ઠું બોલ્યો. પરંતુ મેં એક વાત સાચી કહી છે. મારી પત્ની ગઈકાલે રાતે કંપાર્ટમેન્ટમાંથી બહાર નહોતી ગઈ."

કાઉન્ટે આ વાત એટલી ગંભીરતાપૂર્વક કરી કે એનો ઇન્કાર કરવો અઘરો હતો.

"હું એમ નથી કહેતો કે તમારી વાત ખોટી છે." પોઈરોએ ધીમેથી કહ્યું. "હું જાણું છું કે તમારું ખાનદાન આબરૂદાર છે. તમારી પત્ની પર પોલીસ કેસ થાય તે તમારે માટે સહન કરવું અઘરું પડે તે સમજી શકાય એવી વાત છે. પરંતુ તમારી પત્નીનો હાથરૂમાલ રાટચેટના કંપાર્ટમેન્ટમાં કઈ રીતે આવ્યો? એનો શું ખુલાસો છે?"

"સર, એ હાથરૂમાલ મારો નથી." કાઉન્ટેસે કહ્યું.

"એની પર 'H' અક્ષર ભરેલો છે એ છતાં? પોઈરોએ સવાલ કર્યો.

"એ છતાં. મારી પાસે એના જેવા હાથરૂમાલ છે પણ આવી પેટર્નવાળો નથી. હું જાણું છું કે તમે મારી વાત નહીં માનો પણ હું ખાતરી આપું છું કે એ રૂમાલ મારો નથી." કાઉન્ટેસે કહ્યું.

"કોઈએ તમને સંડોવવા માટે એ ત્યાં મૂક્યો હોય એવું બને?"

કાઉન્ટેસ આછું હસીને બોલ્યા: "એમ પૂછીને તમે મારી પાસે કબૂલ કરાવવા માગો છો કે એ હાથરૂમાલ મારો છે પરંતુ મિસ્ટર પોઈરો, એ મારો નથી." એમના અવાજમાં ગંભીરતા હતી.

"જો એ હાથરૂમાલ તમારો નહોતો તો પાસપોર્ટમાં તમારું નામ છુપાવવાની શું જરૂર હતી?"

કાઉન્ટે જવાબ આપતાં કહ્યું: "એનું કારણ એ કે અમને ખબર પડી કે હત્યા થઈ છે એ કંપાર્ટમેન્ટમાં 'H' અક્ષર ભરેલો હાથરૂમાલ મળ્યો છે. તમે અમને વાતચીત કરવા બોલાવ્યા એ પહેલાં અમે બંનેએ આ વિષે વાત કરેલી. મેં હેલેનાને જણાવ્યું કે જો એમ ખબર પડશે કે તેનું નામ 'H'થી શરૂ થાય છે તો તેને બહુ બધા સવાલોનો સામનો કરવો પડશે. વળી 'હેલેના'

નામને 'એલેના' કરવાનું કામ સાવ સરળ હતું."

"કાઉન્ટ સર, તમારામાં એક બહુ સારા ગુનેગાર બનવાની ક્ષમતા છે.!" પોઈરોએ શુષ્ક અવાજમાં કહ્યું: "તમારામાં ઘણી ચતુરાઈ અને દૃઢતા દેખાય છે, જેનાથી ન્યાયને ગેરમાર્ગે દોરો છો."

"અરે ના, ના મિસ્ટર પોઈરો, એવું નથી." કાઉન્ટેસ બોલી ઊઠ્યાં. "એમણે તમને સમજાવ્યું એમ જ બન્યું છે. હું બહુ જ ડરી ગઈ હતી. તમે સમજી શકશો. તે વખતે આ ઘટના અત્યંત વેદનાજનક હતી અને એ બધું ફરીવાર ઊખળ્યું. મારી ઉપર શંકા આવશે અને મારે કદાચ જેલમાં જવું પડશે એ વિચારથી હું બહુ જ ડરી ગઈ હતી. તમે સમજી શકો છો ને?"

કાઉન્ટેસનો અવાજ ગહેરો હતો. એ અવાજમાં વેદના અને યાચના હતી.

પોઈરોએ ગંભીરતાપૂર્વક કહ્યું: "હું જો તમારી વાત સ્વીકારું, અને હું નથી કહેતો કે હું નહીં સ્વીકારું, તો તમારે મને મદદ કરવી પડશે."

"હું મદદ કરું? કઈ રીતે?"

"આ હત્યાનું મૂળ કારણ ભૂતકાળની એ ઘટનામાં છે, જેણે તમારું ઘર તબાહ કરી દીધું અને તમારા જીવનમાં ઝંઝાવાત પેદા કર્યો. પ્લીઝ મને એ ઘટના વિષે વિગતથી કહો. આ હત્યાની કડી કદાચ એ વાતમાંથી મળી આવે." પોઈરોએ જણાવ્યું.

કાઉન્ટેસે નિસાસો નાખીને કહ્યું: "હવે એમાં કહેવાનું શું બાકી રહ્યું છે? બધાં ચાલ્યાં ગયાં, કોઈ રહ્યું નહીં. રોબર્ટ, સોનિયા અને વ્હાલી વ્હાલી ડેઈસી... ઓહ... એ કેટલી ક્યુટ હતી! કેટલો આનંદ કરાવતી હતી. તેના વાંકડિયા વાળ હતા. અમે બધા તેની પાછળ પાગલ હતા."

પોઈરોએ કહ્યું: "એક બીજી વ્યક્તિ પણ મૃત્યુ પામેલી, આ ઘટનાને કારણે."

"સુસાનની વાત કરો છો? "કાઉન્ટેસે કહ્યું: "હા, હું એને ભૂલી ગઈ. બિચારી સુસાન. પોલીસને શક હતો કે આ ઘટનામાં તેનો હાથ હતો. તેમણે તેની સઘન પૂછપરછ કરેલી. એણે કદાચ નિર્દોષ ભાવે કોઈને ડેઈસી બહાર ક્યારે જાય છે તે વિષે જણાવેલું. બિચારી બહુ મૂંઝાઈ ગયેલી. એને એમ થયું કે બધા તેની ઉપર શક કરે છે. એણે બારીમાંથી કૂદીને આપઘાત કર્યો હતો. ઓહ એ કેટલું ભયંકર હતું!" આટલું કહેતાં કાઉન્ટેસ ધ્રૂજી ઊઠ્યાં અને એમણે બંને હાથથી ચહેરો ઢાંકી દીધો.

"એ કયા દેશનાં હતાં, મેડમ?" પોઈરોએ પૂછ્યું.

"ફ્રાન્સના." કાઉન્ટેસે કહ્યું.

"એમની અટક શું હતી?"

"એ બહુ યાદ નથી. કાંઈક વિચિત્ર અટક હતી. અમે તેને સુસાન કહેતા. બહુ આનંદી છોકરી હતી. ડેઈસી સાથે તો એવી હળીમળી ગયેલી!"

"સુસાન નર્સરી મેઈડ હતી, બરાબર? તો નર્સ કોણ હતું?" પોઈરોએ પૂછ્યું.

"સ્ટેનગલબર્ગ નામનાં લેડી, જે તાલીમ પામેલાં નર્સ હતાં. તે પણ ડેઈસી અને મારા બહેન પ્રત્યે બહુ સ્નેહ રાખતાં હતાં." કાઉન્ટેસે જણાવ્યું.

"મેડમ, હવે પૂછું છું એનો વિચાર કરીને જવાબ આપજો. તમે આ ટ્રેનમાં આવ્યા પછી તમને કોઈ ઓળખીતી વ્યક્તિ મળી છે?" પોઈરોએ સવાલ કર્યો.

કાઉન્ટેસે પોઈરો સામે જોઈને કહ્યું: "મને? ના મને એવું કોઈ નથી મળ્યું."

"પ્રિન્સેસ ડ્રેગોમીરોફ?"

"ઓહ, એમને તો હું ઓળખું છું. મને એમ કે તમે મને એ સમયના કોઈ વ્યક્તિ માટે પૂછી રહ્યા છો." કાઉન્ટેસે જણાવ્યું.

"હું પણ એ સમયની જ વાત કરું છું. મેડમ, ધ્યાનથી વિચારો. સમયને કારણે લોકોના

દેખાવમાં ફેરફાર થઈ જતા હોય છે." પોઈરોએ કહ્યું.

હેલેનાએ લાંબો વિચાર કરીને કહ્યું: "ના, એવું કોઈ નથી મળ્યું."

"તમે આ બનાવ વખતે નાનાં હતાં. તમારે માટે કોઈ ગવર્નેસ નહોતાં?"

"હા, હતાં ને. તે મારા ગવર્નેસ અને સોનિયાના સેક્રેટરી હતાં. એ ઇંગ્લૅન્ડના અથવા સ્કોટલેંડના હતાં. એ ઊંચા કદનાં અને તેમને લાલ વાળ હતાં. "કાઉન્ટેસે જણાવ્યું.

"એમનું નામ શું હતું?" પોઈરોએ પૂછ્યું.

કાઉન્ટેસે કહ્યું: "મિસ ફ્રીબોડી."

"એ જુવાન હતા કે વૃદ્ધ?"

"મને એ બહુ વૃદ્ધ લાગતાં! જો કે એમની ઉંમર ચાલીસ વર્ષથી વધુ નહીં હોય. જો કે મારા કપડાનું અને બીજી જરૂરિયાતનું ધ્યાન સુસાન રાખતી." કાઉન્ટેસે કહ્યું.

"ઘરમાં બીજું કોઈ રહેતું હતું?" પોઈરોએ પૂછ્યું.

"નોકરો સિવાય કોઈ નહીં" કાઉન્ટેસે જવાબ આપ્યો.

"તમને ચોક્કસ ખાતરી છે કે તમે કોઈ જાણીતી વ્યક્તિને આ ટ્રેન પર નથી મળ્યા?"

"હા, મને ચોક્કસ ખાતરી છે સર." કાઉન્ટેસે ગંભીરતાથી જવાબ આપ્યો.

પ્રકરણ–૫
પ્રિન્સેસ ડ્રેગોમીરોફનું લગ્ન પહેલાંનું નામ

કાઉન્ટ અને કાઉન્ટેસ ગયાં એટલે પોઈરોએ મિસ્ટર બુક અને ડૉક્ટર સામે જોઈને કહ્યું: "થોડી પ્રગતિ થઈ, ખરું?"

મિસ્ટર બુકે કહ્યું: "વાહ તમે તો ગજબનું કામ કર્યું! મને ક્યારેય કાઉન્ટ અને કાઉન્ટેસ ઉપર શંકા કરવાનો તો સ્વપ્નેય ખ્યાલ ન આવત. મને લાગે છે કે હત્યા કાઉન્ટેસે જ કરી છે, ખરું? દુ:ખદાયક વાત છે. જો કે એમને મૃત્યુદંડ નહીં મળે. સંજોગો એવા છે કે એમને બહુ બહુ તો થોડાં વર્ષની જેલની સજા થશે."

પોઈરોએ કહ્યું: "તમે તો કાઉન્ટેસે હત્યા કરી છે એમ માની લીધું છે."

બુકે કહ્યું: "હવે તો કોઈ શંકાને સ્થાન જ નથી ને? લાગે છે કે તમે એમની વાત સ્વીકારવાની એટલે હા પાડી કે પોલીસ આવીને બધું સંભાળી લે ત્યાં સુધી તકલીફ ન પડે."

"તો તમે કાઉન્ટે કહ્યું કે એમની પત્ની નિર્દોષ છે, એ વાત નથી માનતા?"

"એ તો સ્વાભાવિક છે ને? કાઉન્ટ બીજું શું કહે? એ પોતાની પત્નીને બચાવવા માગે છે એટલે મોટા જમીનદારના રોફ સાથે ભપકાથી ખોટું બોલે છે. પણ ખોટું આખરે ખોટું જ હોય છે." મિસ્ટર બુકે કહ્યું.

"મને તો મૂર્ખામીભર્યો વિચાર આવ્યો કે એ કહે છે તે સાચું હોઈ શકે." પોઈરોએ જણાવ્યું.

"ના, ના. પેલો હાથરૂમાલ કેમ ભૂલી જાઓ છો? એ તો મોટી સાબિતી છે." મિસ્ટર બુકે કહ્યું.

પોઈરોએ જણાવ્યું: "હું એને મોટી સાબિતી ન માનું. મેં કહ્યું એમ એ હાથરૂમાલ કોનો છે એ વિષે બે શક્યતા છે."

"છતાં પણ..." મિસ્ટર બુકનું વાક્ય અધૂરું રહ્યું. પ્રિન્સેસ ડ્રેગોમીરોફ ડાઇનિંગ કારમાં દાખલ થયાં. એ પાસે આવ્યાં એટલે ત્રણેય જણા આદર સાથે ઊભા થઈ ગયા.

પ્રિન્સેસે પોઈરોને કહ્યું: "સર, હું માનું છું મારો રૂમાલ તમારી પાસે છે."

પોઈરોએ મિસ્ટર બુક અને ડૉક્ટર સામે સફળતા દર્શાવતી નજર કરી અને પ્રિન્સેસને રૂમાલ દેખાડીને પૂછ્યું: "આ રૂમાલ?"

"હા, આ જ. તેના ખૂણામાં મારા નામનો અક્ષર ભરેલો છે." પ્રિન્સેસે જણાવ્યું.

મિસ્ટર બુક બોલ્યા: "મેડમ, એમાં તો 'H' અક્ષર ભરેલો છે. આપનું લગ્ન પહેલાંનું નામ તો નાટાલીઆ છે ને?"

પ્રિન્સેસે ઠંડી નજરે મિસ્ટર બુક સામે જોઈને કહ્યું: "એ વાત સાચી છે. પરંતુ મારા હાથરૂમાલમાં હંમેશાં રશિયન અક્ષરો ભરેલા હોય છે. રશિયનમાં 'H'ને 'N' ગણવામાં આવે છે.

મિસ્ટર બુક ઝંખવાણા પડી ગયા. પ્રિન્સેસની પર્સનાલિટી એવી હતી કે મિસ્ટર બુક થોડા અસ્વસ્થ થઈ ગયા.

પોઈરોએ કહ્યું: "સવારે વાત થઈ ત્યારે તમે આ હાથરૂમાલ તમારો છે એમ નહોતું કહ્યું."

પ્રિન્સેસે જવાબ આપ્યો: "તમે પૂછ્યું નહોતું."

"મેડમ, પ્લીઝ બેસોને." પોઈરોએ કહ્યું.

પ્રિન્સેસ આછો નિસાસો નાખી, "ઠીક છે." કહીને પોઈરો સામે બેઠાં.

કોઈ કાંઈ પૂછે એ પહેલાં પ્રિન્સેસે કહ્યું: "લાંબી વાતોનો કોઈ અર્થ નથી. તમે મને પૂછશો કે

મારો હાથરૂમાલ હત્યાના સ્થળે કઈ રીતે આવ્યો. તો મારો જવાબ છે કે મને ખ્યાલ નથી."

"સાચે જ તમને ખ્યાલ નથી?" પોઈરોએ પૂછ્યું.

"ના. જરાપણ ખ્યાલ નથી."

પોઈરોએ ધીમા અવાજે પૂછ્યું: "માફ કરજો મેડમ પણ તમે સાચું જ બોલો છો એ વાત પર કેટલા ટકા વિશ્વાસ કરી શકાય?"

પ્રિન્સેસ થોડી તોછડાઈથી બોલ્યાં: "તમે આ એટલે પૂછો છો ને કે મેં તમને જણાવ્યું નહીં કે હેલેના એન્ડ્રેની મિસિસ આર્મસ્ટ્રોંગની નાની બહેન છે?"

"મેડમ, તમે જાણી જોઈને આ વાત છુપાવેલી." પોઈરોએ કહ્યું.

"અલબત્ત મેં છુપાવેલી." પ્રિન્સેસ બોલ્યાં. "ફરીવાર પણ હું એમ જ કરું. એની મા મારી સખી હતી. સર, હું તો મિત્રો અને કુટુંબ પ્રત્યે વફાદારી જાળવવામાં માનું છું."

"તમે યોગ્ય રીતે ન્યાય થાય તેમાં નથી માનતા?"

"આ કિસ્સામાં તો યોગ્ય, સખત ન્યાય થઈ ચૂક્યો છે એમ હું કહું." પ્રિન્સેસે કહ્યું.

પોઈરોએ થોડા આગળ ઝૂકીને પૂછ્યું: "મારી મૂંઝવણ એ છે કે આ હાથરૂમાલની બાબતમાં હું તમારો વિશ્વાસ કરી શકું? કે પછી તમે તમારી સખીની દીકરીને બચાવી રહ્યા છો?"

પ્રિન્સેસ આછું હસીને બોલ્યાં: "તમારા કહેવાનો મતલબ સમજું છું. હું જે કહું છું તે આસાનીથી સાબિત થઈ શકે એમ છે. આ રૂમાલ પેરીસની એક કંપનીમાં બને છે. હું એમનું ઍડ્રેસ તમને આપીશ. તમે એમને આ રૂમાલ દેખાડશો એટલે તેઓ જણાવશે કે એમણે આ રૂમાલ મારા ઑર્ડર પ્રમાણે એક વર્ષ પહેલાં બનાવેલો. આ રૂમાલ મારો જ છે."

આટલું કહી તે ઊભાં થઈને બોલ્યાં: "તમારે વધારે કાંઈ પૂછવાનું છે?

પોઈરોએ કહ્યું: "તમારી મેઈડને અમે આ હાથરૂમાલ આજે સવારે બતાવ્યો ત્યારે એ ઓળખી ગયેલાં કે આ તમારો હાથરૂમાલ છે?"

"એ તો ઓળખી જ ગઈ હશે. છતાં તેણે કાંઈ કહ્યું નહીં? બતાવે છે કે એ પણ વફાદાર છે." આટલું કહીને તે ડાઇનિંગ કારની બહાર ગયાં.

પોઈરો બોલ્યા: "હમમ... હવે ખ્યાલ આવ્યો. મેં જ્યારે મેઈડને આ હાથરૂમાલ વિષે પૂછ્યું ત્યારે એ જવાબ આપતાં પહેલાં સહેજ ખચકાયેલાં. એમને મૂંઝવણ હતી કે આ જણાવવું કે નહીં. પરંતુ આ બધી વાત મારા વિચાર મુજબ બંધબેસતી થાય છે કે નહીં? કદાચ થાય છે."

"ઓહ, આ તો બહુ જબરાં લેડી છે!" મિસ્ટર બુકે કહ્યું.

"એમણે રાટચેટની હત્યા કરી હોય એ શક્ય લાગે છે?" પોઈરોએ ડૉક્ટરને પૂછ્યું.

ડૉક્ટરે માથું ધુણાવીને ના પાડી. "શરીર ઉપર જે ઘાવ હતા તેનાથી તો મસલ્સ વીંધાઈ ગયેલા. પ્રિન્સેસ જેવા નાજુક શરીરવાળી વ્યક્તિ આવા ઘા ક્યારેય ન કરી શકે."

"પરંતુ પેલા ઉઝરડા જેવા ઘા હતા એ પ્રિન્સેસે કર્યા હોય એવું બને?" પોઈરોએ પૂછ્યું.

"હા, એ શક્ય છે." ડૉક્ટરે જણાવ્યું.

પોઈરોએ કહ્યું: "આજે સવારે જ્યારે મેં એમને કહ્યું કે તેમની તાકાત એમની ઇચ્છા શક્તિમાં હતી અને બાવડામાં નહીં તે એમનો પ્રતિભાવ જાણવાની ચાલ હતી. મને એમ હતું કે તેઓ જમણા અથવા ડાબા બાવડા પર નજર કરશે. પરંતુ તેમણે બંને બાવડા પર નજર કરી. એમણે જે કહ્યું એ પણ થોડું વિચિત્ર હતું: મારા બાવડામાં તાકાત નથી. ખબર નથી મારે ખુશ થવું જોઈએ કે દુ:ખી."

"એ ખબર નથી પડતી કે તેઓ ડાબેરી છે કે જમણેરી." મિસ્ટર બુકે કહ્યું.

"હા, એ ખબર ન પડી. તમે જોયું કે કાઉન્ટ પોતાનો રૂમાલ કોટના જમણા ખિસ્સામાં રાખે છે? એનો અર્થ એ કે એ ડાબે હાથે રૂમાલ કાઢે છે." પોઈરોએ જણાવ્યું.

છેલ્લા અડધા કલાકમાં જે કાંઈ જાણવા મળ્યું હતું તેને યાદ કરી મિસ્ટર બુક માથું ધુણાવી બોલ્યાઃ "જુઠ્ઠાણાં અને વધુ જુઠ્ઠાણાં... મને અચરજ થાય છે કે લોકોએ આટલું બધું જુઠ્ઠું કેમ કહ્યું હશે?"

"હજુ વધારે જુઠ્ઠું સાંભળવાનું છે." પોઈરોએ આછું હસીને કહ્યું.

"એમ? તમને એવું લાગે છે?" મિસ્ટર બુકે પૂછ્યું.

"જો એવું નહીં હોય તો હું થોડો નિરાશ થઈશ!" પોઈરોએ કહ્યું.

મિસ્ટર બુક જરા ગુસ્સો કરતા બોલ્યાઃ "આવા કપટી લોકો બહુ ખતરનાક હોય છે પરંતુ તમને એવા લોકો સાથે મજા પડતી લાગે છે!"

પોઈરોએ શાંતિથી જવાબ આપતાં કહ્યું: "એવા લોકોના ફાયદા પણ છે. જો કોઈ જુઠ્ઠું બોલ્યું હોય તેને તમે સત્ય જણાવો તો તે જુઠ્ઠું બોલ્યા હતા તેવું કબૂલ કરી લે છે. હા, એ જરૂરી છે કે તમારે અનુમાન બરાબર કરવું પડે. તો જ તેની અસર થાય."

"આ આખા કેસને આગળ વધારવાનો આ રસ્તો છે. હું દરેક મુસાફર સાથે વાત કરું છું ત્યારે વિચારું છું કે 'જો આ જુઠ્ઠું બોલતા હોય તો કઈ બાબતમાં જુઠ્ઠું બોલતા હશે? અને એ કયા કારણથી જુઠ્ઠું બોલતા હશે? આ 'જો' શબ્દ મહત્ત્વનો છે. કારણકે એ બધા ચોક્કસ વાત અને કારણ માટે જુઠ્ઠું બોલતા હોય છે. તમે જોયું કે આ પદ્ધતિ કાઉન્ટ સામે બહુ સારી રીતે ચાલી. હવે મારે આ જ રીતે બીજા બધા મુસાફરો સાથે વાત કરવી છે." પોઈરોએ સમજાવ્યું.

"પરંતુ જો તમારું અનુમાન ખોટું નીકળે તો?" મિસ્ટર બુકે પૂછ્યું.

"તો કમસે કમ એક વ્યક્તિ શંકાથી પર થઈ જશે!" પોઈરોએ જણાવ્યું.

"હમમ... આ તો અમુક લોકોને જુદા પાડવાની પ્રક્રિયા છે." મિસ્ટર બુક બોલ્યા.

"તદ્દન બરાબર." પોઈરોએ કહ્યું.

"તો હવે કોની સાથે વાતો કરવી છે?"

"હવે પેલા સાહેબ કર્નલ આર્બથનોટ સાથે વાતો કરીએ." પોઈરોએ કહ્યું.

પ્રકરણ–૬
કર્નલ આર્બથનોટ સાથે બીજીવાર વાતચીત

કર્નલ આર્બથનોટને બીજીવાર ડાઇનિંગ કારમાં આવવું પડ્યું એ એમણે જરાપણ ગમ્યું નહોતું. એમના ચહેરા પર કરડાકી હતી. એમણે ખુરશીમાં બેસીને તરત પૂછ્યું: "બોલો શું છે?"

"તમને બીજી વખત અહીં આવવું પડ્યું તે તકલીફ બદલ હું માફી માગું છું." પોઈરોએ કહ્યું અને જણાવ્યું: "હું માનું છું કે હજુ થોડી વધુ માહિતી તમે અમને આપી શકો એમ છો."

"અચ્છા? મને તો એવું નથી લાગતું." કર્નલે કહ્યું.

"આપણે આ પાઇપ ક્લીનરથી શરૂ કરીએ." પોઈરોએ કર્નલને પાઇપ ક્લીનર દેખાડીને પૂછ્યું: "આ તમારું છે?"

"મને ખબર નથી. હું પાઇપ ક્લીનર પર મારી નિશાની નથી કરતો." કર્નલ બોલ્યા.

"કર્નલ, તમને એ ખબર છે કે ઈસ્તંબુલ-કાલાઈસ કોચના બધા મુસાફરોમાંથી તમે જ ફક્ત એવા છો જે પાઇપ પીઓ છો?" પોઈરોએ સવાલ કર્યો.

"તો એ કદાચ મારી હશે." કર્નલે બેફિકરાઈથી કહ્યું.

"તમને ખબર છે કે આ પાઇપ ક્લીનર ક્યાંથી મળેલું?" પોઈરોએ પૂછ્યું.

"ના, મને તો એ વિષે કાંઈ ખબર નથી." કર્નલે જણાવ્યું.

"એ રાટચેટના મૃતદેહ પાસેથી મળેલું." પોઈરોએ કહ્યું.

આ સાંભળી કર્નલની ભમર આશ્ચર્યથી ઊંચી થઈ. પોઈરોએ પૂછ્યું: "કર્નલ, તમે અમને કહી શકશો કે એ ત્યાં કઈ રીતે પહોંચ્યું હશે?"

કર્નલે કહ્યું: "તમે જો એમ પૂછતા હો કે પાઇપ ક્લીનર મારાથી ત્યાં પડી ગયું છે કે નહીં, તો હું કહીશ કે ના મારાથી નથી પડ્યું."

"તમે ક્યારેય રાટચેટના કંપાર્ટમેન્ટમાં ગયેલા?" પોઈરોએ પૂછ્યું.

"ના, મેં તો એની સાથે ક્યારેય વાત પણ નથી કરી." કર્નલે કહ્યું.

"તમે એની સાથે ક્યારેય વાત નથી કરી અને તમે તેની હત્યા નથી કરી, બરાબર?"

કર્નલ મજાક કરતા હોય એમ એમની ભમર ઊંચી થઈ અને તેમણે કહ્યું: "ધારો કે મેં એની હત્યા કરી હોય તો પણ એ વાત તમને તો ન જ જણાવું. સાચું એ છે કે મેં એની હત્યા નથી કરી."

"ઠીક છે." પોઈરોએ ધીમેથી કહ્યું. "એનું કાંઈ મહત્ત્વ નથી."

"તમે શું કહ્યું?" કર્નલે પૂછ્યું.

પોઈરોએ જવાબ આપ્યો: "મેં કહ્યું કે એનું કાંઈ મહત્ત્વ નથી."

"ઓહો!" કર્નલ જરા મૂંઝવણમાં હોય એમ પોઈરોની સામે જોઈ રહ્યા.

પોઈરોએ કહ્યું: "એનું કારણ એ છે કે પાઇપ ક્લીનરનું કોઈ મહત્ત્વ નથી. હું પોતે ડઝનબંધ કારણો આપી શકું કે એ ત્યાં શા માટે મળી આવ્યું."

કર્નલ આર્બથનોટ પોઈરોની સામે એકીટસે જોતા હતા. પોઈરોએ વાત આગળ ચલાવતાં કહ્યું: "મારે તમને જુદા જ કારણસર મળવું હતું. તમને કદાચ મિસ ડેબેનહામે વાત કરી હશે કે મેં કોન્યા સ્ટેશન તમારી વાતચીતના અમુક સંવાદો સાંભળેલા."

કર્નલ કાંઈ બોલ્યા નહીં.

પોઈરોએ કહ્યું: "મિસ ડેબેનહામ એમ કહેતાં હતાં કે 'હમણાં નહીં, બધું પૂરું થાય પછી' તમને ખબર છે એ કઈ બાબત માટે આમ કહેતાં હતાં?"

"મિસ્ટર પોઈરો. સૉરી, પણ હું આ પ્રશ્નનો જવાબ આપવાનો ઇનકાર કરું છું." કર્નલે બોલ્યા.

"શા માટે?" પોઈરોએ પૂછ્યું.

કર્નલે કડક અવાજમાં કહ્યું: "મને લાગે છે કે તમારે મિસ ડેબેનહામને જ આ શબ્દોનો અર્થ પૂછવો જોઈએ."

"મેં એમને પૂછેલું છે." પોઈરોએ જણાવ્યું.

"અને એમને જણાવવાની ના પાડી?" કર્નલે સામો સવાલ કર્યો.

"હા. એમણે ના પાડી."

"તો તો તમારે સમજી જવું જોઈએ કે હું પણ આ બાબતમાં કાંઈ નહીં કહું." કર્નલે કહ્યું.

"એટલે તમે એક લેડીનું રહસ્ય છતું નહીં થવા દો, એમ?" પોઈરોએ પૂછ્યું.

"એ તમારે જે માનવું હોય એ માનો."

"મિસ ડેબેનહામે કહેલું કે આ શબ્દો એમની કોઈક અંગત બાબત માટે બોલાયેલા."

"તો તમે એની વાત માની કેમ નથી લેતા?" કર્નલે પૂછ્યું.

"એનું કારણ એ છે કર્નલ કે મિસ ડેબેનહામ એક રહસ્યમય વ્યક્તિ છે." પોઈરોએ કહ્યું.

"સાવ વાહિયાત વાત કરો છો!" કર્નલે જરા ઉશ્કેરાઈને કહ્યું.

"આ વાહિયાત વાત નથી." પોઈરોએ જણાવ્યું.

"તમારી પાસે એમની સામેનો કોઈ પુરાવો નથી." કર્નલે ભારપૂર્વક કહ્યું.

"એ પુરાવો પૂરતો નથી કે જ્યારે નાની ડેઈસીનું અપહરણ થયેલું ત્યારે મિસ ડેબેનહામ આર્મસ્ટ્રોંગ કુટુંબમાં ડેપ્યુટી ગવર્નેસ તરીકે કામ કરતાં હતાં?" પોઈરોએ સવાલ કર્યો.

એક મિનિટ સુધી નીરવ શાંતિ છવાઈ રહી. પછી પોઈરોએ કહ્યું: "કર્નલ, તમે માનો છો એનાથી અમે વધુ જાણીએ છીએ. જો મિસ ડેબેનહામ નિર્દોષ છે તો એમણે આ વાત કેમ છુપાવી? એમણે એમ કેમ કહ્યું કે એ ક્યારેય અમેરિકા નથી ગયાં?"

કર્નલે ગળું સાફ કરીને કહ્યું: "તમને નથી લાગતું કે તમે ભૂલ કરી રહ્યા છો?"

"હું કોઈ ભૂલ નથી કરી રહ્યો. મિસ ડેબેનહામ જુઠ્ઠું શા માટે બોલ્યાં? પોઈરોએ પૂછ્યું.

કર્નલે ખભા ઉછાળીને કહ્યું: "એ તમે એમને જ પૂછો. હું હજુ માનું છું કે તમે ભૂલ કરો છો."

પોઈરોએ ડાઇનિંગ કારના એક વેઇટરને બોલાવીને કહ્યું: "અગિયાર નંબરની બર્થ પર જે મેડમ છે તેમને બોલાવી લાવો."

મિસ ડેબેનહામની રાહ જોઈને ચાર જણાં બેઠાં. કર્નલનો ચહેરો કોઈ પૂતળા જેવો સ્થિર અને સખત થઈ ગયો હતો. તેના ઉપર કોઈ હાવભાવ દેખાતા નહોતા.

થોડી વાર પછી મેરી ડેબેનહામ ડાઇનિંગ કારમાં આવ્યાં.

પ્રકરણ–૭
મેરી ડેબેનહામની ઓળખ

મેરી ડેબેનહામે હેટ નહોતી પ]હેરી. તેમની ડોક અક્કડ હતી અને વાળ માથાની પાછળ બાંધેલા હતા. તેમના ચહેરા પરથી લાગતું હતું કે તે કોઈપણ પરિસ્થિતિમાં ઝંપલાવવા તૈયાર હતાં.

તેમણે એક પળ માટે કર્નલ આર્બથનોટ તરફ જોયું અને પછી પોઈરોને પૂછ્યું: "તમારે મને મળવું હતું?"

પોઈરોએ કહ્યું: "હા મેડમ. મારે જાણવું હતું કે સવારે તમે અમને જુઠ્ઠી વાત કેમ કરી?"

"તમને જુઠ્ઠી વાત કરી? તમે શું કહો છો તે મને સમજાતું નથી." મેરીએ કહ્યું.

"તમે એ વાત છુપાવી કે જ્યારે આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે આ દારુણ ઘટના થઈ ત્યારે તમે એ ઘરમાં જ રહેતાં હતાં. તમે તો મને એમ કહેલું કે તમે ક્યારેય અમેરિકા ગયાં જ નથી!" પોઈરોએ કહ્યું.

પોઈરોએ જોયું કે મેરી થોડાં થથરી ગયાં પણ તરત સ્વસ્થ થઈ ગયાં અને બોલ્યાં: "હા સર, એ સાચું છે."

પોઈરોએ કહ્યું: "મેડમ, આમ જુઠ્ઠું બોલવું એ સાચું નહીં પણ ખોટું કેવાય."

"તમે મને સમજ્યા નહીં. હું એમ જ કહું છું કે એ સાચું છે કે હું ખોટું બોલેલી." મેરીએ કહ્યું.

'ઓહો! તમે એ વાતને કબૂલ કરો છો?" પોઈરોએ પૂછ્યું.

મેરી આછું હસીને બોલ્યાં: "આમ પણ તમને ખબર પડી જ ગઈ છે ને?"

"તમે નિખાલસ છો એટલું તો કહેવું પડશે!" પોઈરોએ કહ્યું.

"એની સિવાય મને કોઈ બીજો વિકલ્પ દેખાતો નથી." મેરીએ જણાવ્યું.

પોઈરોએ કહ્યું: "હા, એ વાત સાચી. હવે મને જણાવશો કે તમે આ વાત કેમ છુપાવી?"

મેરીએ કહ્યું: "મને તો લાગે છે કે કારણ આંખે ઊડીને વળગે એવું છે."

"મારી આંખે ઊડીને નથી વળગતું." પોઈરોએ કહ્યું.

મેરીએ ધીમેથી પણ સખ્ત અવાજમાં કહ્યું: "મારે આજીવિકા તો જોઈએ ને?"

"એટલે?"

મેરી પોઈરોની સામે નજર તાકીને જોઈને બોલ્યાં: "તમને ખબર છે કે સારી નોકરી મેળવવા અને તેને ટકાવી રાખવા કેટલી જહેમત કરવી પડે છે? તમને લાગે છે કે જે યુવતીની પૂછપરછ ખૂનના કેસમાં થયેલી હોય અને જેનું નામ છાપામાં આવ્યું હોય, કદાચ ફોટોગ્રાફ પણ છપાયા હોય, એને કોઈ સારા કુટુંબમાં ગવર્નેસ તરીકે કામ મળે?"

"શા માટે ન મળે? તમે જો નિર્દોષ હો તો તકલીફ ન પડે." પોઈરોએ જવાબ આપ્યો.

મેરીએ જવાબમાં કહ્યું: "એમાં નિર્દોષ હોવાનો કે ન હોવાનો સવાલ નથી આવતો. એક વાર છાપામાં નામ ઊછળે એટલે તકલીફ થાય જ. મિસ્ટર પોઈરો, જીવનમાં અત્યાર સુધી હું સફળ રહી છું. મને સારા પગારના સંતોષકારક કામ મળ્યા છે. હું એ બધું ગુમાવી બેસું એવું મારે નહોતું કરવું, ખાસ કરીને જ્યારે કોઈ હેતુ ન સરતો હોય."

"કોઈ હેતુ સરત કે નહીં એનો નિર્ણય હું વધુ સારી રીતે કરી શકું મેડમ." પોઈરોએ કહ્યું.

મેરી કાંઈ બોલ્યાં નહીં એટલે પોઈરોએ કહ્યું: "દાખલા તરીકે તમે મને કોઈની ઓળખાણ કરાવવામાં મદદરૂપ થઈ શક્યાં હોત."

"એટલે? હું સમજી નહીં."

“તમે કાઉન્ટેસ એન્ડ્રીનાઈને ન ઓળખી શક્યા? એ મિસિસ આર્મસ્ટ્રોંગની નાની બહેન છે જેને તમે ન્યૂયૉર્કમાં ભણાવેલી.” પોઈરોએ પૂછ્યું.

“હોય નહીં! કાઉન્ટેસ એન્ડ્રીનાઈ મિસિસ આર્મસ્ટ્રોંગની નાની બહેન છે?” મેરી બોલી ઊઠ્યાં.

“તમે નહીં માનો પણ હું એને ઓળખી ન શકી. હું એને ભણાવતી હતી ત્યારે તે નાની હતી. એ વાતને ત્રણ વર્ષ થઈ ગયાં. સાચું પૂછો તો એનો ચહેરો જાણીતો લાગતો હતો. અત્યારે એ કેટલી જુદી લાગે છે! જો કે મેં એને ડાઇનિંગ કારમાં અલપઝલપ જ જોયેલી છે. એમાં પણ મારું ધ્યાન એનાં કપડાં-ઘરેણાં પર વધુ હતું. ખબર છે ને કે લેડીઝને એવું હોય છે. વળી હું મારા વિચારોમાં ખોવાયેલી હતી.” મેરીએ વિગતવાર જવાબ આપ્યો.

“મેડમ, તમે મને તમારું રહસ્ય નહીં જણાવો?” પોઈરોએ શાંતિથી પૂછ્યું.

મેરીએ ધીમે અવાજે કહ્યું: “ના, એ શક્ય નથી. શક્ય નથી.” અને અચાનક એ પોતાના હાથમાં ચહેરો છુપાવીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં.

કર્નલ ઊભા થઈને એમની પાસે ગયા અને કહ્યું: “મેરી... આમ જો.” પછી પોઈરો તરફ ફરીને એમણે આંખો ફાડીને ક્રોધભર્યા અવાજમાં કહ્યું: “નાલાયક! તારા હાડકા ભાંગી નાખીશ!”

“સર...” મિસ્ટર બુકે કર્નલને શાંત કરતાં કહ્યું.

કર્નલે મેરીને કહ્યું: “મેરી, ભગવાનને ખાતર...”

મેરીએ ઊભાં થઈને કહ્યું: “કાંઈ નથી. હું ઠીક છું. મિસ્ટર પોઈરો, હવે તમારે મારી જરૂર નથીને? જો હોય તો મારી પાસે આવજો. ઓહ, હું પણ કેવી મૂરખ છું. તમાશો બની ગઈ!”

મેરી ઝડપથી ડાઇનિંગ કારની બહાર ગયાં. કર્નલે એમની પાછળ જતાં પહેલાં પોઈરો સામે જોયું અને કહ્યું: “મેરી સાવ નિર્દોષ છે, સમજ્યા? એને જો તકલીફ પડી તો હું તમને જોઈ લઈશ.”

પોઇરોએ કહ્યું: “મને ગુસ્સે ભરાયેલ ઇંગ્લિશમેન જોવા ગમે. જેમ જેમ એમનો ગુસ્સો વધતો જાય તેમ તેમ એમનો બકવાસ પણ વધતો જાય.”

મિસ્ટર બુકને કર્નલના બકવાસમાં રસ નહોતો એ તો અભિભૂત થઈને બોલી ઊઠ્યા: “અરે વાહ મિત્ર, ફરી તમે એક અદ્ભુત અનુમાન કર્યું! કહેવું પડે હોં!”

ડૉક્ટર કોન્સ્ટનટાઇને કહ્યું: “તેમ જે રીતે આ બધું વિચારી શકો છો એ આશ્ચર્યજનક છે!”

પોઈરોએ કહ્યું: “અરે નહીં! હું જશને લાયક નથી. આ કોઈ અનુમાન નહોતું. આ વાત તો કાઉન્ટેસ એન્ડ્રીનીએ મને લગભગ કહી દીધેલી.”

“હોય નહીં! એ કઈ રીતે?” ડૉક્ટરે પૂછ્યું.

“તમને યાદ છે કે મેં એમને પૂછેલું કે એમના ઘરમાં કોઈ ડેપ્યુટી ગવર્નેસ હતા કે નહીં? મેં અનુમાન કરેલું કે જો મિસ ડેબેનહામ આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે સંકળાયેલાં હોય તો એ આવી રીતે હોય.” પોઈરોએ જણાવ્યું.

“એ વાત બરાબર પણ કાઉન્ટેસે જે વર્ણન કરેલું તે તો સાવ જુદું હતું.” મિસ્ટર બુકે કહ્યું.

“બરાબર. એમણે ઊંચી, આધેડ વયની, લાલ વાળવાળી વ્યક્તિ વિષે વાત કરેલી. આ મિસ ડેબેનહામ કરતા એકદમ વિપરીત વર્ણન છે. એટલું વિપરીત કે એની પર ધ્યાન પડે. પછી મેં જ્યારે એનું નામ પૂછ્યું ત્યારે કાઉન્ટેસે જલદીથી એક નામ વિચારવું પડે એમ હતું. એમણે જણાવ્યું કે ડેપ્યુટી ગવર્નેસનું નામ મિસ ફ્રીબોડી હતું. આ નામ કહીને એમણે મને એ વાત જણાવી દીધી.” પોઈરોએ કહ્યું.

“કઈ રીતે?” ડૉક્ટરે સવાલ કર્યો.

પોઈરોએ કહ્યું: “લંડનમાં એક જાણીતો સ્ટોર છે જેનું નામ છે ડેબેનહામ ઍન્ડ ફ્રીબોડી. કાઉન્ટેસે જલદીથી નામ કહેવાનું હતું એટલે ડેબેનહામ સાથે જોડાયેલું નામ યાદ કરીને કહી દીધું.”

“એનો અર્થ એમ કે કાઉન્ટેસે એક બીજું જુઠ્ઠાણું ચલાવ્યું. એ શું કામ આવું કરે છે?”

“આ કદાચ વફાદારીનું પરિણામ છે. આને કારણે તકલીફ વધે છે.”

“શું ટ્રેનમાં જેટલા છે એ બધા જુઠ્ઠું બોલે છે?” બુકે પૂછ્યું.

“એ વાત જ આપણે શોધી કાઢવાના છીએ.” પોઈરોએ કહ્યું.

પ્રકરણ–૮
થોડાં વધુ આશ્ચર્ય

"હવે મને એકેય વાતની નવાઈ નહીં લાગે!" મિસ્ટર બુકે કહ્યું. "હવે તો આ ટ્રેનના બધા મુસાફરો આર્મસ્ટ્રૉંગ કુટુંબ સાથે એક યા બીજી રીતે જોડાયેલા હશે તો પણ નવાઈ નહીં લાગે!"

"તમે તો બહુ ગૂઢ વાત કરી!" પોઈરોએ જણાવ્યું અને પૂછ્યું: "તમારે જાણવું છે તમારા 'મિત્ર' ઇટાલિયનને આ બાબતમાં શું કહેવાનું છે?"

"તમે ફરીવાર તમારું 'વિખ્યાત' અનુમાન લગાવવાના છો?" મિસ્ટર બુકે પૂછ્યું.

"હા, એ જ કરવાનો છું."

ડૉક્ટર કોન્સ્ટનટાઇન બોલ્યા: "આ તો સૌથી વધુ આશ્ચર્યકારક કેસ છે!"

પોઈરોએ કહ્યું: "ના, આ બહુ સ્વાભાવિક કેસ છે."

બુકે હાથ ઊંચા કરીને મજાકમાં કહ્યું: "અરે! તમે આને સ્વાભાવિક કહો છો?"

પોઈરોએ વેઇટરને એન્ટોનીઓ ફોસ્કારેલીને બોલાવી લાવવા કહ્યું.

ઇટાલિયન ડાઇનિંગ કારમાં આવ્યો ત્યારે એની આંખમાં સાવચેતી દેખાતી હતી. એણે વારાફરતી ત્રણેય જણા સામે જોઈને કહ્યું: "હવે તમારે શું જોઈએ છે? મેં તો કહી દીધું છે કે મારે કાંઈ કહેવાનું નથી." પછી ટેબલ પર મુઠ્ઠી પછાડીને એણે કહ્યું: "કાંઈ જ કહેવાનું નથી, સમજ્યા?"

પોઈરોએ દૃઢતાથી કહ્યું: "અમને જે કહેવા જેવું છે, એ તમારી પાસે છે. જે સત્ય છે તે તમારે કહેવાનું છે!"

"જે સત્ય છે તે?" ઇટાલિયને જરા મૂંઝાઈને પોઈરો સામે જોયું. એની બધી ઉદ્ધતાઈ અને પ્રસન્નતા અદૃશ્ય થઈ ગયાં હતાં.

"હા, જે સત્ય છે તે." પોઈરોએ કહ્યું. "જોકે મને ખબર છે, પણ જો તમે પોતે કહી દેશો તો તમારા ફાયદામાં રહેશે."

"તમે તો અમેરિકાની પોલીસની જેમ કહો છો કે 'સાચું બોલી નાખો'" એન્ટોનીઓએ કહ્યું.

"ઓહો, તો તમને ન્યૂયૉર્કની પોલીસનો અનુભવ થઈ ચૂક્યો છે?" પોઇરોએ પૂછ્યું.

"ના. ક્યારેય નહીં. એ લોકો બહુ મથેલા પણ મારી વિરુદ્ધ કાંઈ સાબિત નહોતા કરી શક્યા."

પોઈરોએ ધીમે અવાજે એન્ટોનીઓની નજરમાં નજર નાખીને પૂછ્યું: "તમે આર્મસ્ટ્રૉંગ કેસની વાત કરો છો ને? તમે આર્મસ્ટ્રૉંગ કુટુંબના ડ્રાઇવર હતા ને?"

એન્ટોનીઓની રહીસહી હવા પણ નીકળી ગઈ. ઢીલાઢફ અવાજે તેણે પૂછ્યું: "તમને ખબર છે તો શું કામ પૂછો છો?"

"તમે સવારે જુઠ્ઠું કેમ કહ્યું?" પોઈરોની નજર હજુ એન્ટોનીઓ પર હતી.

"બિઝનેસને કારણે સર. હું યુગોસ્લાવિયાની પોલીસ પર ટકાભાર ભરોસો નથી કરતો. એ લોકોને તો ઇટાલિયનો સાથે આડવેર છે. એ લોકોએ ક્યારેય મને ન્યાય ન આપ્યો હોત."

"કદાચ એ લોકોએ જ તમને યોગ્ય ન્યાય આપ્યો હોત!" પોઈરોએ કહ્યું.

"ના રે. ગઈકાલે જે થયું એમાં મારો કોઈ હાથ નહોતો." એન્ટોનીઓએ કહ્યું. હું તો મારી બર્થ છોડીને ક્યાંય ગયો જ નહોતો હોં. પૂછી જુઓ પેલા સોગિયા મોઢાવાળા ઇંગ્લિશમેનને. મેં એ સુવરના બચ્ચા રાટચેટને નથી માર્યો. તમે મારી વિરુદ્ધ કાંઈ સાબિત કરી શકો એમ નથી."

પોઈરો કાગળ ઉપર કાંઈક લખતા હતા. તેમણે એન્ટોનીઓ સામે જોઈને શાંતિથી કહ્યું: "સારું. તમે જઈ શકો છો."

એન્ટોનીઓ ઊભો થયો પણ જવાને બદલે થોડું અચકાઈને બોલ્યો: "તમને ખ્યાલ આવે છે ને કે મેં આમાં કાંઈ નહોતું કરેલું?"

"મેં તમને કહ્યું કે તમે જઈ શકો છો." પોઈરોએ શાંતિથી દોહરાવ્યું.

એન્ટોનીઓ ઉત્તેજિત થઈને બોલ્યો: "અરે આ આખું કાવતરું હતું. તમે મારી ઉપર શંકા કરો છો? એ પણ પેલા સુવર માટે જેને ફાંસી થવી જોઈતી હતી? એ હરામી લાગવગથી બચી ગયો. એની જગ્યાએ જો હું હોત, હું પકડાયો હોત..."

પોઈરોએ એની વાત કાપતાં કહ્યું: "પણ તમે તેની જગ્યાએ નહોતા. તમે તો એ બાળકીના અપહરણમાં કોઈ ભાગ નહોતો ભજવ્યો."

"અરે શું વાત કરો છો, સર! એ નાની ઢીંગલી તો આખા ઘરને વહાલી હતી. એ મને ટોનીઓ કહેતી. કારમાં બેસીને દમામથી સ્ટિયરિંગ વ્હીલ પકડવાની ઍક્ટિંગ કરતી. આખું ઘર એની પાછળ પાગલ હતું. પોલીસને પણ એ વાતનો ખ્યાલ આવેલો. અરેરે કેવી રૂપાળી અને વહાલી હતી!" એન્ટોનીઓનો અવાજ તૂટ્યો અને એની આંખો ભરાઈ આવી. અચાનક એ ડાઇનિંગ કારની બહાર ચાલ્યો ગયો.

"પીએટ્રો" પોઈરોએ ડાઇનિંગ કારના વેઇટરને બોલાવ્યો અને કહ્યું: "દસ નંબરની બર્થ પર જે સ્વીડીશ લેડી છે એમને બોલાવી લાવો."

મિસ્ટર બુક બોલી ઊઠ્યા: "બીજું એક જુઠ્ઠાણું! ઓહ, આ તો માન્યામાં નથી આવતું!"

પોઈરોએ એમને સમજાવતાં કહ્યું: "મિત્ર, આ બધું જાણવું જરૂરી છે. ભલે અંતમાં દરેક મુસાફર પાસે રાટચેટની હત્યા કરવાનો હેતુ હતો એમ સાબિત થાય. આપણે આ જાણવું જરૂરી છે એકવાર આપણને જાણ થશે પછી આપણે કોણ ગુનેગાર છે એ વિષે અંતિમ નિર્ણય લઈ શકીશું."

"ઓહ, મારું તો માથું ભમે છે." મિસ્ટર બુકે કહ્યું.

વેઇટર સહાનુભૂતિ સાથે ગ્રેટા ઓલ્સનને ડાઇનિંગ કારમાં લઈ આવ્યો. તે ખૂબ રડતાં હતાં. તે પોઈરોની સામેની ખુરશીમાં ફસડાઈ પડ્યાં અને મોં ઉપર રૂમાલ ઢાંકીને હીબકાં ભરતાં રહ્યાં.

પોઈરોએ એમની પાસે જઈને તેમના ખભા પર હાથ મૂકીને કહ્યું: "મેડમ, પ્લીઝ આપ રડો નહીં. મારે તમને એક-બે વાત જ પૂછવી છે. તમે બાળકી ડેઈસી આર્મસ્ટ્રૉંગના નર્સ હતાં ને?

"હા, એ વાત સાચી છે." ગ્રેટા ઓલ્સન હીબકાં ભરતાં બોલ્યાં. "ઓહ, એ તો કેવી વહાલી હતી! એ મીઠડી તો બધાનો વિશ્વાસ કરતી હતી. એના દિલમાં પ્રેમ અને માયા સિવાય કાંઈ હતું જ નહીં. પેલો નરાધમ એને લઈ ગયો અને તેની ઉપર એણે ત્રાસ ગુજાર્યો. ડેઈસીની મા આ આઘાત સહન ન કરી શકી. એ અવસાન પામી. એના પેટમાં ઊછરી રહેલા શિશુને તો આ દુનિયા જોવા જ ન મળી. સર, તમે નહીં સમજી શકો, નહીં જાણો કે અમને બધાને કેવી વેદના થઈ હશે. તમે જો મારી જગ્યાએ હોત અને તમે આ આખી દારુણ ઘટના જોઈ હોત... હું માનું છું કે મારે તમને આ વાત આજે સવારે જ કહી દેવાની હતી પણ હું ડરી ગઈ હતી. હું જરૂર રાજી થઈ હતી કે એ નરાધમ રાક્ષસ મરી ગયો. હવે એ કોઈ નાના બાળકને મારી નહીં શકે કે હેરાન નહીં કરે. વધારે હું કાંઈ કહી નથી શકતી..." આટલું બોલીને ગ્રેટા ઓલ્સન વધુ વેદનાથી રડવાં લાગ્યાં.

પોઈરોએ એમનો ખભો પંપાળીને કહ્યું: "બસ. બસ. હું બધું સમજુ છું. તમને એકપણ સવાલ નહીં કરું. તમે સાચું કહી દીધું એટલે બસ. પ્લીઝ તમે રડવાનું બંધ કરો."

ગ્રેટા ઓલ્સનના હીબકાં ચાલુ હતાં એટલે એ કાંઈ બોલી નહોતાં શકતાં. એ ઊભાં થયાં

અને અડબડિયાં ખાતાં ડાઇનિંગ કારના બારણા પાસે ગયાં. એ બહાર નીકળ્યાં એ જ વખતે વેલેટ માસ્ટરમેન ડાઇનિંગ કારની અંદર આવ્યો.

એ સીધો પોઈરો પાસે આવ્યો અને તેના શાંત, શુષ્ક અવાજમાં બોલવા લાગ્યોઃ "સાહેબ, આશા રાખું કે હું ખલેલ નથી પહોંચાડતો. મેં વિચાર્યું કે સીધો તમારી પાસે આવીને સાચું કહી દઉં. યુદ્ધ દરમ્યાન હું કર્નલ આર્મસ્ટ્રોંગનો ઑર્ડરલી હતો અને ત્યાર પછી ન્યૂયૉર્કમાં એમનો નોકર હતો. મેં આ વાત તમારાથી છુપાવી એ મેં બહુ ખોટું કર્યું સર. એટલા માટે જ હું સામેથી આવીને આ કબૂલ કરું છું. સર, હું આશા રાખું કે તમે એન્ટોનીઓ પર શક નથી કરતા. એન્ટોનીઓ બહુ ભલો માણસ છે. એ તો કોઈને ઈજા પણ ન પહોંચાડે. હું સોગંદપૂર્વક કહી શકું કે એ આખી રાત કંપાર્ટમેન્ટમાં જ હતો. એટલે એણે આ હત્યા ન કરી હોય. સર, ભલે એ પરદેશી હોય પણ એ બહુ સારો છે. બીજા ક્રૂર ઇટાલિયનો વિષે વાંચીએ અને સાંભળીએ છીએ એવો એ હત્યારો નથી."

માસ્ટરમેને બોલવાનું પૂરું કર્યું એટલે પોઈરોએ પૂછ્યું: "આનાથી વધુ કાંઈ કહેવાનું છે?"

"ના સર, આટલું જ કહેવું હતું."

પોઈરો કાંઈ બોલ્યા નહીં એટલે થોડીવાર પછી માસ્ટરમેન ડાઇનિંગ કારની બહાર ગયો.

ડૉક્ટર કોન્સ્ટનટાઇન બોલી ઊઠ્યાઃ "આ તો કોઈ રહસ્યકથા કરતાં પણ વધુ રહસ્યમય છે."

મિસ્ટર બુકે કહ્યું: "હું પણ એમ જ કહું. બાર મુસાફરોમાંથી નવ એવા છે જે આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે સંકળાયેલા છે. હવે પછી શું? અથવા મારે એમ કહેવું જોઈએ કે હવે પછી કોણ?"

"એના જવાબો હું આસાનીથી આપી શકું." પોઈરોએ કહ્યું. "અમેરિકન ડિટેક્ટિવ મિસ્ટર હાર્ડમેન આવી રહ્યા છે."

"એ પણ શું કાંઈક કબૂલાત કરવા આવી રહ્યા છે?" મિસ્ટર બુકે પૂછ્યું.

પોઈરો કાંઈ જવાબ આપે એ પહેલા હાર્ડમેન ટેબલ પાસે પહોંચી ગયા હતા. એમણે ત્રણેય તરફ જોયું અને એમની સામે બેસીને વાત શરૂ કરી. આ ટ્રેનમાં શું ધમાલ ચાલી રહી છે?"

પોઈરોએ આછું હસીને કહ્યું: "મિસ્ટર હાર્ડમેન, તમને ચોક્કસ ખબર છે કે તમે પોતે આર્મસ્ટ્રોંગને ઘરે માળી તરીકે કામ નહોતા કરતા?"

"એ લોકોને ઘરે ગાર્ડન નથી." હાર્ડમેને જણાવ્યું.

"તો કદાચ બટલર તરીકે કામ કર્યું હશે?"

"મારામાં એવા કુટુંબના બટલર બનવાની લાયકાત નથી. મારે આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે કોઈપણ જાતનો સંપર્ક નહોતો. પરંતુ મને લાગે છે કે આખી ટ્રેનમાં હું એક જ એવો છું જેને આ કુટુંબ સાથે સંપર્ક નહોતો. આ તો બહુ કહેવાય ને?" હાર્ડમેને કહ્યું.

પોઈરોએ કહ્યું: "આ થોડું આશ્ચર્યજનક તો છે જ."

"અરે આ તો બહુ વિચિત્ર અને હાસ્યાસ્પદ છે!" મિસ્ટર બાઉંસ બોલી ઊઠ્યા.

પોઈરોએ પૂછ્યું: "તમે પોતે આ અપરાધ વિષે કોઈ ધારણા બાંધી છે?

"ના. હું તો સાવ મૂંઝાઈ ગયો છું. આમાં મો-માથાની ગતાગમ પડતી નથી. બધા મુસાફરો હત્યામાં સંડોવાયેલા ન હોઈ શકે. તો એમાંથી કોણ એક હત્યારો છે તેની મને ખબર નથી પડતી. મારે તો એ જાણવું છે કે તમે આટલું બધું પારખી કઈ રીતે શક્યા?" હાર્ડમેને કહ્યું.

"મેં તો ફક્ત અનુમાન કરેલા." પોઈરોએ કહ્યું.

હાર્ડમેને કહ્યું: "તો તો હું તમને શ્રેષ્ઠ અનુમાન કરનાર કહું. હા, હું તો બધાને કહીશ કે તમે બહુ ચતુરાઈથી અનુમાન કરો છો."

પછી તેમણે પોઈરો સામે જોઈને કહ્યું: "તમને જોઈને લાગે નહીં હોં, કે તમે આટલા બધા

પ્રતિભાશાળી હશો.”
“તમે વધુ પડતા વખાણ કરો છો, સર.” પોઈરોએ કહ્યું.
“ના, ના. સાચે જ તમે પ્રતિભા ધરાવો છો.”
પોઈરોએ કહ્યું: “છતાં પણ કોયડાનો ઉકેલ હજુ આવ્યો નથી. આપણે ચોક્કસ રીતે કહી શકીએ કે રાટચેટની હત્યા કોણે કરી?”
હાર્ડમેને કહ્યું: “હું તો કાંઈ કહી શકું એમ જ નથી. બસ, હું તમારાથી પ્રભાવિત છું. પરંતુ બે વ્યક્તિ રહી જાય છે ને? પેલા અમેરિકન લેડી અને જર્મન મેઈડ? આપણે એવું કહી શકીએ કે એ લોકો નિર્દોષ છે અને શંકાથી પર છે?”
“સિવાય કે એ બંનેએ આર્મસ્ટ્રોંગના ઘરમાં અનુક્રમે હાઉસકીપર અને કૂક તરીકે કામ કરેલું હોય!” પોઈરોએ આછું હસતા જણાવ્યું.
“એવું હોય તો પણ હવે મને નવાઈ નહીં લાગે.” મિસ્ટર હાર્ડમેન બોલ્યા.
મિસ્ટર બુકે કહ્યું: “અરે અરે, એ તો વધુ પડતો જોગાનુજોગ ન કહેવાય? બધા કઈ રીતે આ મામલામાં સામેલ હોઈ શકે?”
પોઈરોએ એમની સામે જોઈને કહ્યું: “તમે જરા પણ સમજતા નથી. તમને ખબર છે કે રાટચેટની હત્યા કોણે કરી?”
“તમને ખબર છે?” મિસ્ટર બુકે સામો સવાલ કર્યો.
પોઈરોએ ડોકું હલાવીને હા પાડી અને કહ્યું: “મને થોડા સમય પહેલાં ખબર પડી. આ એટલું સ્પષ્ટ છે કે મને નવાઈ લાગે છે કે તમને એ વિષે ખ્યાલ નથી આવ્યો.” પછી એમણે હાર્ડમેનને પૂછ્યું: “બોલો, તમને ખબર છે?”
હાર્ડમેને ડોકું ધુણાવીને ના પાડી અને કુતૂહલથી પોઈરોને જોઈને કહ્યું: “મને ખબર નથી. જરાપણ ખબર નથી કે કોણે રાટચેટની હત્યા કરી છે.”
પોઈરો થોડીવાર શાંત રહીને બોલ્યા: “મિસ્ટર હાર્ડમેન, હું તમને વિનંતિ કરું છું કે બધા મુસાફરોને ડાઇનિંગ કારમાં એકઠા કરો. મારી પાસે આ કેસના બે ઉકેલ છે. એ બંને ઉકેલ હું બધા સમક્ષ મૂકવા માગું છું.”

પ્રકરણ–૯
પોઈરો બે ઉકેલ રજૂ કરે છે

આખી ડાઇનિંગ કાર ભરચક હતી. બધા મુસાફરો ડાઇનિંગ કારમાં આવીને ખુરશીઓ ઉપર બેસી ગયેલાં. દરેકના ચહેરા પર આતુરતા અને દહેશત દેખાતાં હતાં.

સ્વીડીશ લેડી હજુ રડતાં હતાં. મિસિસ હબ્બાર્ડ તેમને આશ્વાસન આપતાં હતાં. "પ્લીઝ જરા સ્વસ્થ થઈ જા. બધું બરાબર થઈ જશે. ઢીલી ન પડ. આપણામાંથી આ હત્યા કોઈએ કરી હોય તો પણ તેં તો આ હત્યા ન જ કરી હોય એ બધાને ખબર છે. અરે કોઈ પાગલ હોય એ જ વિચારે કે તેં હત્યા કરી છે. જો હું તારી પાસે જ બેસું છું. હવે ચિંતા છોડી દે."

પોઈરો ઊભા થયા એટલે મિસિસ હબ્બાર્ડનો અવાજ આવતો બંધ થયો.

કન્ડક્ટર મિશેલે પોઈરોને પૂછ્યું: "હું હાજર રહી શકું?"

પોઈરોએ કહ્યું: "અલબત્ત મિશેલ."

પોઈરો ગળું સાફ કરીને બોલ્યાઃ "મેડમ અને સર, હું ઇંગ્લિશમાં વાત કરીશ કારણકે હું માનું છું કે બધાને ઇંગ્લિશ આવડે છે. આપણે બધા અહીંયા સેમ્યુઅલ એડવર્ડ રાટચેટ, યાને કાસેટીની હત્યા કઈ રીતે થઈ તેની તપાસ માટે એકઠાં થયાં છીએ. મારી પાસે આ હત્યાના બે ઉકેલ છે જેને હું તમારી સમક્ષ રજૂ કરીશ અને મિસ્ટર બુક તથા ડૉક્ટર કોન્સ્ટનટાઇનને વિનંતી કરીશ કે તેઓ નક્કી કરે કે કયો ઉકેલ સાચો છે."

"તમે બધાં આ કેસની વિગત જાણો છો. મિસ્ટર રાટચેટની લાશ આજે સવારે મળી આવી. તેમને છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી છે. તેઓ ગઈકાલે રાતે બાર વાગીને સાડાત્રીસ મિનિટ સુધી જીવિત હતા, જ્યારે એમણે કંપાર્ટમેન્ટના બારણા પાછળથી કન્ડક્ટર સાથે વાત કરેલી.

એમના પાયજામાના ખિસ્સામાંથી એક ઘડિયાળ મળેલી છે, જેની પર ઘણા ઘોબા પડેલા અને જે એક વાગીને પંદર મિનિટે કામ કરતાં અટકી ગઈ. ડૉક્ટર કોન્સ્ટનટાઇન, જેમણે લાશની તપાસ કરી છે, જણાવે છે કે મૃત્યુ રાતના બાર વાગ્યાથી બે વાગ્યા વચ્ચે થયું છે. તમને બધાને ખબર છે કે રાતે સાડાબાર વાગે ટ્રેન બરફના તોફાનમાં ફસાઈ ગઈ. આ સમય પછી કોઈ પણ માટે ટ્રેનની બહાર જવું અશક્ય હતું."

"મિસ્ટર હાર્ડમેન, જે ન્યૂયૉર્ક ડિટેક્ટિવ એજન્સીમાં કામ કરે છે. (આ સાંભળીને ઘણાએ હાર્ડમેન તરફ જોયું.) જણાવે છે કે એ આખી રાત જાગતા હતા અને કોઈ એમના સોળ નંબરના કંપાર્ટમેન્ટ, જે કોચના છેડે આવેલો છે, પાસેથી પસાર થયું હોત તો એમનું ધ્યાન પડ્યું જ હોત. પરંતુ કોઈ પસાર નથી થયું. આનો અર્થ એ કે જેણે હત્યા કરી છે તે ઈસ્તંબુલ-કાલાઈસ કોચમાંના મુસાફરોમાંથી જ છે."

"હું કહીશ કે આ અમારી માન્યતા હતી." પોઈરોએ કહ્યું.

"શું?" મિસ્ટર બુક બોલી ઊઠ્યા.

પોઈરોએ કહ્યું: "પરંતુ હું એક બીજી માન્યતા તમારી સમક્ષ મૂકીશ. એ બહુ સરળ છે. રાટચેટ પોતાના કોઈ દુશ્મનથી ડરતા હતા. એમણે હાર્ડમેનને એનું વર્ણન આપેલું અને કહેલું કે જો એમનો જાન લેવાનો પ્રયત્ન થશે તો એ ટ્રેનની મુસાફરીની બીજી રાતે થશે."

"હું તમને બધાને જણાવું કે મિસ્ટર રાટચેટે જેટલું કહ્યું એના કરતાં એ વધુ જાણતા હતા. એ જેને દુશ્મન માનતા હતા તે બેલગ્રેડ અથવા વિન્કોવસી સ્ટેશનથી ટ્રેનમાં આવ્યો હતો, જ્યારે કર્નલ આર્બથનોટ અને મિસ્ટર મેકક્વીન પ્લૅટફૉર્મ પર ઊતરેલા. આવનારને કોઈએ કન્ડક્ટરનો

યુનિફૉર્મ અને પાસ કી આપ્યા. એણે યુનિફૉર્મ પોતાનાં કપડાં પર પહેરી લીધો અને પાસ કી દ્વારા રાટચેટના કંપાર્ટમેન્ટનું બંધ બારણું ખોલી નાખ્યું. રાટચેટ ઊંઘની દવા લઈને સૂતા હતા. એમના દુશ્મને એમની ઉપર ઝનૂનથી છરીના ઘાવ કર્યા અને પછી બાજુના કંપાર્ટમેન્ટને જોડતું બારણું પાસ કી દ્વારા ખોલીને તે મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાં આવ્યો.”

“સાચી વાત.” મિસિસ હબ્બાર્ડે ડોકું હલાવીને સંમતિ દર્શાવી.

“એણે લોહિયાળ ચાકુ મિસિસ હબ્બાર્ડની સ્પોંજ બૅગમાં મૂકી દીધું. એને ખ્યાલ ન રહ્યો કે એના યુનિફૉર્મનું એક બટન તૂટીને નીચે પડ્યું છે. ત્યારબાદ એ કંપાર્ટમેન્ટમાંથી કૉરિડૉરમાં આવ્યો, એક ખાલી કંપાર્ટમેન્ટ હતો તેની સૂટકેસમાં એણે પોતે પહેરેલો યુનિફૉર્મ ખોસી દીધો અને થોડા વખત પછી એ ડાઇનિંગ કાર પાસેના દરવાજામાંથી ટ્રેનની બહાર જતો રહ્યો.”

બધાનો શ્વાસ થોડો અધ્ધર થઈ ગયેલો. હાર્ડમેને પૂછ્યું: “પણ ઘડિયાળનું શું?”

“આ ઘડિયાળને કારણે બધું સમજાઈ જાય છે! રાટચેટ ભૂલી ગયેલા કે ઝારીબ્રોડ સ્ટેશન પસાર કર્યા પછી એમણે પોતાની ઘડિયાળ એક કલાક પાછી લઈ જવાની છે! એમની ઘડિયાળ હજુ પૂર્વ યુરોપનો સમય બતાવતી હતી, જે મધ્ય યુરોપના સમય કરતા એક કલાક આગળ છે. આમ રાટચેટની હત્યા બાર વાગીને પંદર મિનિટે થયેલી, નહીં કે એક વાગીને પંદર મિનિટે.”

“પરંતુ આ ખુલાસો તો વાહિયાત છે.” મિસ્ટર બુક બોલ્યા. “રાટચેટના કંપાર્ટમેન્ટમાંથી એક વાગવામાં ત્રેવીસ મિનિટ બાકી હતી ત્યારે કોઈનો અવાજ આવેલો એનું શું? એ અવાજ કાં તો રાટચેટનો હતો અથવા એના હત્યારાનો.”

“જરૂરી નથી કે એ અવાજ રાટચેટનો અથવા એના હત્યારાનો હોય.” પોઈરોએ કહ્યું. એ કોઈ ત્રીજી જ વ્યક્તિનો પણ અવાજ હોઈ શકે. એ વ્યક્તિ જે રાટચેટ સાથે વાત કરવા ગઈ હોય અને જોયું હોય કે તે મૃત્યુ પામ્યા છે. એણે તરત કન્ડક્ટરને બોલાવવા બેલ માર્યો હોય પણ પછી એને ખ્યાલ આવ્યો હોય કે પોતે હત્યાના આરોપમાં ફસાઈ જાય એમ છે, એટલે એણે પોતે રાટચેટ છે એ રીતે કન્ડક્ટરને જવાબ આપ્યો હોય.”

“હા, એ પણ શક્ય છે.” બુક બોલ્યા.

પોઈરોએ મિસિસ હબ્બાર્ડ સામે જોઈને પૂછ્યું: “મેડમ, તમે શું કહો છો?”

“મને તો ખબર નથી પડતી કે મારે શું કહેવું. તમને લાગે છે કે હું પણ ઘડિયાળનો સમય પાછળ કરતાં ભૂલી ગઈ હોઈશ?” મિસિસ હબ્બાર્ડે કહ્યું.

પોઈરોએ કહ્યું: “ના મેડમ. મને લાગે છે કે તમે ઊંઘમાં કોઈ માણસના પસાર થવાનો અવાજ સાંભળ્યો હશે. પછી તમને ખરાબ સપનું આવ્યું જેમાં તમને લાગ્યું કે કોઈ માણસ તમારા કંપાર્ટમેન્ટમાં ઘૂસી ગયો છે. તમે સફાળાં જાગીને કન્ડક્ટરને બેલ મારીને બોલાવ્યો હશે.”

“હા, કદાચ એમ થયું હોય.” મિસિસ હબ્બાર્ડે કબૂલ કરતા કહ્યું.

પ્રિન્સેસ ડ્રેગોમીરોફે પૂછ્યું: “મારી મેઈડે જે માણસને કન્ડક્ટરના યુનિફૉર્મમાં જોયેલો એનું શું?”

“બહુ સીધું છે, મેડમ.” પોઈરોએ કહ્યું. “મેં તમારાં મેઈડને તમારો હાથરૂમાલ બતાવેલો તે તેમણે ઓળખી કાઢેલો, પરંતુ તમને બચાવવા તે ખોટું બોલેલાં. તેમણે કન્ડક્ટરનો યુનિફૉર્મ પહેરેલો માણસ જરૂર જોયેલો, પરંતુ તે વિન્કોવસી સ્ટેશને ટ્રેન ઊભી હતી ત્યારે. પરંતુ તમને છાવરવા માટે એમણે એમ કહ્યું કે એમણે એ માણસને પછીથી જોયેલો.”

પ્રિન્સેસ આદરપૂર્વક બોલ્યાં: “સર, મને તમારી ઉપર માન છે. તમે બધું વિચારેલું છે.”

થોડીવાર શાંતિ રહી ત્યાં અચાનક ડૉક્ટર કોન્સ્ટનટાઇને ટેબલ પર મુઠ્ઠી પછાડીને ઊંચા

અવાજમાં કહ્યું: "ના, ના. આ ખોટું છે. આ ઉકેલમાં ઘણી નાની નાની વાતોના ખુલાસા નથી. હત્યા આ પ્રકારે નહોતી કરવામાં આવી. મિસ્ટર પોઈરો એ સારી રીતે જાણે છે."

ડૉક્ટરના વર્તનથી બધા મુસાફરો થોડા ડઘાઈ ગયેલા. પોઈરોએ ડૉક્ટરને કહ્યું: "મને લાગે છે કે મારે બીજો ઉકેલ જણાવવો પડશે, પરંતુ આ ઉકેલ સાવ નાખી દેવા જેવો નથી હો! તમે થોડા વખત પછી કદાચ એને માન્ય રાખશો."

પછી બધા તરફ ફરીને એ બોલ્યાઃ "હવે હું બીજો ઉકેલ જણાવું છું.

"મેં જ્યારે બધી વિગતો જાણી ત્યારપછી મેં બેસીને એની ઉપર વિચાર કર્યો. અમુક બાબતોએ મારું ધ્યાન ખેંચ્યું જે વિષે મેં મારા આ બે મિત્રોને જણાવ્યું. દાખલા તરીકે પાસપોર્ટ પર પડેલો ગ્રીસનો ડાઘો. હવે બીજી બાબતો વિષે વાત કરું.

"મારે માટે સૌથી મહત્ત્વની વિગત એ હતી, જે મિસ્ટર બુકે ટ્રેન ઈસ્તંબુલથી નીકળી પછી પહેલે દિવસે લંચ લેતી વખતે કહેલી. તેમણે જણાવેલું કે `આજે ટ્રેનમાં જુદા જુદા દેશના અને સમાજના જુદા જુદા સ્તરના લોકો એક સાથે મુસાફરી કરી રહ્યા છે.'

"આ વાત વિષે મેં વધારે વિચાર્યું તો મને થયું કે આવી ટ્રેન મુસાફરીની સિવાય કોઈ એવી પરિસ્થિતિ હોઈ શકે કે જ્યારે જુદા જુદા દેશના લોકો એક જગ્યાએ ભેગા થયા હોય? મને વિચાર આવ્યો કે ફક્ત અમેરિકામાં રહેતા કુટુંબમાં આવું શક્ય છે. અમેરિકામાં એવું ઘર હોઈ શકે જ્યાં ઇટાલિયન ડ્રાઇવર, ઇંગ્લિશ ગવર્નેસ, સ્વીડીશ નર્સ અને ફ્રેંચ મેઈડ એકસાથે રહેતાં હોય. પછી મેં આ દરેક પાત્રને આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે સાંકળવા પ્રયત્ન કર્યો અને બહુ રસપ્રદ પરિણામ આવ્યાં.

"મેં દરેક વ્યક્તિની જુબાની વિષે ગહન વિચાર કર્યો અને મને વધુ વિગતો મળી. જેમ કે મિસ્ટર મેકક્વીને પહેલીવાર જે જુબાની આપી તેમાં કાંઈ વિચિત્ર નહોતું. પરંતુ એ બીજીવાર વાતચીત કરવા આવ્યા ત્યારે એમણે એક નવાઈ લાગે એવી વાત કરી. મેં જ્યારે એમ કહ્યું કે રાટચેટ પાસેથી મને બળેલા કાગળનો ટુકડો મળેલો જેમાં આર્મસ્ટ્રોંગ કેસનો ઉલ્લેખ હતો ત્યારે મેકક્વીન બોલી ઊઠ્યાઃ `અરે પણ તે તો...' પછી અટકીને બોલ્યાઃ `મારું એમ કહેવાનું છે કે એ તો રાટચેટની બેદરકારી કહેવાય.'

"મને ખ્યાલ આવ્યો કે મેકક્વીન એમ કહેવા માગતા હતા કે 'અરે પણ તે કાગળ તો બાળી નાખવામાં આવેલો!' એનો સીધો અર્થ એમ થયો કે મેકક્વીને એ કાગળ વિષે અને એને બાળી નાખવામાં આવ્યો છે એ વિષે જાણતા હતા. એટલે કાં તો એ પોતે હત્યારા હતા અથવા હત્યારાના સાથીદાર હતા.

"હવે રાટચેટના નોકરની વાત. એણે કહ્યું કે રાટચેટ જ્યારે ટ્રેનની મુસાફરી કરતા હોય ત્યારે એમને ઊંઘની દવા લેવાની ટેવ હતી. આ વાત કદાચ સાચી હોય તો પણ રાટચેટે ગઈકાલે રાતે ઊંઘની દવા લીધી હોય એ શક્ય હતું? એમના ઓશીકા નીચે રિવૉલ્વર મળી હતી. આ ચોક્ખું દેખાડે છે કે એમને ભય હતો કે ગઈકાલે રાતે એમની ઉપર હુમલો થશે. એનો અર્થ એમ કે બીજા કોઈએ રાટચેટને ખબર ન પડે એ રીતે એમને ઊંઘની દવા પાઈ દીધી હતી. બીજા કોણે? મેકક્વીને અથવા નોકરે.

"હવે હાર્ડમેને જે કહ્યું તેની ઉપર ધ્યાન દઈએ. એમણે પોતાના વિષે જે કાંઈ વાત કરી, કે તેઓ ન્યૂયૉર્ક ડિટેક્ટિવ એજન્સીમાં કામ કરતા હતા, તે મેં માની લીધી. પરંતુ જ્યારે એમણે જણાવ્યું કે પોતે કઈ રીતે રાટચેટને રક્ષણ આપ્યું ત્યારે મને એમની વાત સાવ વાહિયાત લાગી!

"રાટચેટને સારામાં સારી રીતે રક્ષણ તો આખી રાત એના કંપાર્ટમેન્ટમાં રહીને જ આપી શકાય ને?

"અથવા તો એ જગ્યાએથી જ્યાંથી રાટચેટના કંપાર્ટમેન્ટનું બારણું દેખાતું હોય. જો કે

એમની જુબાનીએ એક વાત ચોક્કસ કરી દીધી. એમ સાબિત થઈ ગયું કે ટ્રેનના બીજા ભાગમાંથી કોઈ વ્યક્તિએ આવીને રાટચેટની હત્યા કરી હોય એ અસંભવ હતું. ઈસ્તંબુલ-કાલાઈસ કોચના જ કોઈ મુસાફરે આ હત્યા કરી હોય એમ સાબિત થઈ ગયું. આ વાત મને જરા વિચિત્ર અને ન સમજાય એવી લાગી પણ મેં એની વિષે પછીથી વિચાર કરવાનું નક્કી કર્યું.

"તમને બધાને એ શબ્દો વિષે ખબર હશે જે મેં મિસ ડેબેનહામ અને કર્નલ વચ્ચે થતી વાતચીત દરમ્યાન સાંભળેલા. મને એ વાતમાં રસ પડેલો કે કર્નલ એમને 'મેરી' કહીને બોલાવતા હતા અને ચોક્ખું દેખાતું હતું એ મેરી સાથે નિકટનો સંબંધ ધરાવતા હતા. પરંતુ એવું જણાવવામાં આવેલું કે કર્નલ મેરીને પ્રથમવાર થોડા દિવસો પહેલાં જ મળ્યા હતા. હું કર્નલ જેવા ઇંગ્લિશ લોકોના સ્વભાવ જાણું છું. એમને મેરી સાથે પહેલી નજરે પ્રેમ થઈ ગયો હોત તો પણ તેઓ ગંભીરતા અને સાલસતાથી એ સંબંધ આગળ વધારત, કોઈ જાતની ઉતાવળ ન કરત. આ માટે મેં માન્યું કે કર્નલ અને મેરી એકબીજાંને ઘણા વખતથી જાણે છે અને અત્યારે એકબીજાંથી અજાણ્યાં બનવાનો ઢોંગ કરે છે. બીજો નાનો મુદ્દો ત્યારે ધ્યાનમાં આવ્યો જ્યારે મેરીએ 'ટ્રંકકોલને' બદલે `લોંગ ડિસ્ટન્સ કોલ' કહ્યું. આ અમેરિકન શબ્દ છે. જ્યારે મેરીએ તો મને જણાવેલું કે એ ક્યારેય અમેરિકા નથી ગયાં.

"મિસિસ હબ્બાર્ડની વાત કરીએ. તેમણે જણાવ્યું કે એ પથારીમાં સૂતાં હતાં એટલે એ જોઈ નહોતાં શકતાં કે બે કંપાર્ટમેન્ટ વચ્ચેનું બારણું બંધ છે કે નહીં અને એમણે મિસ ઓલ્સનને આ જોવા કહ્યું. એમની આ વાત સાચી હોત જો એ ૨, ૪, ૬ જેવા બેકી નંબરના કંપાર્ટમેન્ટમાં હોત. આવા કંપાર્ટમેન્ટમાં આગળિયો દરવાજાના હેન્ડલની નીચે હોય છે જ્યારે ૩, ૫, ૭ જેવા એકી નંબરના કંપાર્ટમેન્ટમાં આગળિયો દરવાજાના હેન્ડલની ઉપર હોય છે. આને કારણે આ આગળિયો હેન્ડલ પર લટકાવેલી સ્પોંજ બૅગથી ઢંકાઈ જાય એમ નહોતું. આને કારણે મને એમ લાગ્યું કે મિસિસ હબ્બાર્ડ એક એવી ઘટનાની વાત કરે છે જે બની જ નહોતી!

"હવે હું સમય વિષે થોડું કહીશ. પેલી ગોબા પડેલી અને અટકી ગયેલી ઘડિયાળ વિષે મને સૌથી વધુ નવાઈ એ લાગેલી કે એ રાટચેટના પાયજામાના ખિસ્સામાંથી મળેલી. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ સૂતી વખતે ઘડિયાળ પાયજામાના ખિસ્સામાં ન જ રાખે. અને બર્થ ઉપર તો ઘડિયાળ રાખવા માટે હુક આપેલા જ હોય છે. આ ઉપરથી મને લાગ્યું કે ઘડિયાળને ઘોબા પાડી, તેના કાંટા ખોટા સમયે સેટ કરીને પાયજામાના ખિસ્સામાં તો બનાવટ કરવા માટે જ મૂકવામાં આવી છે. આનો અર્થ એ થયો કે હત્યા એક વાગીને પંદર મિનિટે નહોતી થઈ.

`જો હત્યા એક વાગીને પંદર મિનિટે નહોતી થઈ તો ક્યારે થયેલી? શું એક વાગ્યામાં ત્રેવીસ મિનિટ બાકી હતી ત્યારે હત્યા થઈ હશે?' મિસ્ટર બુક આમ માને છે કારણકે બરાબર એ જ સમયે મને બાજુના કંપાર્ટમેન્ટમાં કોઈએ મોટેથી ચીસ પાડી હોય એવો અવાજ આવેલો, જેને કારણે હું જાગી ગયેલો. પરંતુ જો રાટચેટને ઊંઘની દવા પાઈ દેવામાં આવી હોય તો એ ચીસ ન પાડી શક્યા હોત. એ જો ચીસ પાડી શકે એટલા જાગૃત હોત તો એમણે પોતાનો બચાવ કરવા તરફડિયાં માર્યાં હોત. આવો કાંઈ ઝઘડો થયો હોય એવી એકપણ નિશાની દેખાઈ નહોતી.

"મેકક્વીને બે વખત જણાવેલું કે રાટચેટને ફ્રેંચ ભાષા નહોતી આવડતી. પછી મને ખ્યાલ આવ્યો કે એક વાગવામાં ત્રેવીસ મિનિટે જે કાંઈ થયું એ મને ગૂંચવવા માટે થયેલું! ઘડિયાળની જે દશા કરવામાં આવી, ઘોબા પાડીને કાંટા ફેરવવામાં આવ્યા, તે તો કોઈપણ ડિટેક્ટિવ વાર્તામાં થતું હોય છે. જેમણે આ કર્યું એમને ખ્યાલ હશે કે મને આ બનાવટ છે એમ ખબર પડી જશે. વળી હું એમ પણ વિચારીશ કે રાટચેટ ફ્રેંચ ભાષા નહોતા બોલતા એટલે તે સમયે જે અવાજ સંભળાયો તે રાટચેટનો નહોતો અને ત્યારે રાટચેટની હત્યા થઈ ચૂકેલી. હવે મને

ખાતરી છે કે એક વાગવામાં ત્રેવીસ મિનિટ બાકી હતી ત્યારે રાટચેટ જીવતા હતા અને ઘેનમાં હતા.

"પણ એમનો કીમિયો કારગત નીવડ્યો! મેં મારું બારણું ખોલીને બહાર જોયું. મેં ફ્રેંચ ભાષામાં બોલાયેલું વાક્ય પણ સાંભળ્યું. આ એક તરકીબ હતી જેને કારણે મને એમ લાગે કે આ વાક્ય રાટચેટ નહીં પણ કોઈ બીજી વ્યક્તિ બોલી છે, કારણકે રાટચેટને ફ્રેંચ નહોતું આવડતું."

"તો સવાલ એ રહ્યો કે રાટચેટની હત્યા કેટલા વાગે થઈ અને એ હત્યા કોણે કરી?"

"હું એમ માનું છું કે રાટચેટની હત્યા રાતના બે વાગ્યાની આસપાસ થઈ. ડૉક્ટર કોન્સ્ટનટાઇને પણ કહેલું છે કે આ હત્યા રાતે બાર વાગ્યાથી બે વાગ્યા વચ્ચે થયેલી છે."

"હવે સૌથી અગત્યની વાત. આ હત્યા કોણે કરી?" પોઈરોએ બોલવાનું બંધ કરીને જોયું તો બધા એકીટસે એમની સામે જોતા હતા. ટાંકણી પડે તો પણ અવાજ સંભળાય એવી શાંતિ હતી.

પોઈરોએ ધીમેથી વાત આગળ વધારી.

"મારું ધ્યાન એ વાત તરફ ગયું કે આ કેસમાં કોઈપણ એક વ્યક્તિનો અપરાધ સાબિત કરવો બહુ અઘરો હતો. મેં એ પણ જોયું કે દરેક વ્યક્તિની હત્યાના સ્થળેથી ગેરહાજરી બતાવતી જુબાની કોઇ એવી વ્યક્તિએ આપેલી જે એકબીજાને જાણતા પણ ના હોય. આમ કર્નલ અને મેકક્વીને, ઇંગ્લિશ નોકરે અને ઇટાલિયને અને સ્વીડીશ લેડી અને મેરી ડેબેનહામે એકબીજા માટે આ પ્રકારની જુબાની આપી. ત્યારે મને એમ થયું કે આ તો ભારે વિચિત્ર! આ બધા કાંઈ હત્યામાં ન સંડોવાયેલા હોય!

"ત્યાર પછી મને ખ્યાલ આવ્યો કે બધાએ આ હત્યામાં ભાગ લીધેલો. આટલા બધા લોકો જે આર્મસ્ટ્રૉંગ કુટુંબ સાથે સંકળાયેલા હતા તેઓ બધા એક સાથે મુસાફરી કરે તે જોગાનુજોગ હોય એ અશક્ય હતું. આ તો એક આયોજન હતું. કર્નલ આર્બથનૉટ જ્યૂરી દ્વારા ન્યાય વિષે બોલેલા. જ્યૂરીમાં બાર સભ્યો હોય છે. આમાં બાર મુસાફરો હતા. રાટચેટ ઉપર બાર વખત ચાકુના પ્રહાર થયેલા. મને જે પ્રશ્ન મૂંઝવતો હતો, કે આવા સમયે ઈસ્તંબુલ- કાલાઈસ કોચમાં એક સાથે આટલા બધા મુસાફરો કઈ રીતે આવી ગયા, તેનો પણ ઉકેલ મળી ગયો.

"રાટચેટ અમેરિકામાં કાયદાની પકડમાંથી છટકી ગયેલો. એના અપરાધ વિષે તો રતીભાર શંકા નહોતી. મેં વિચાર્યું કે બાર જણાએ જ્યુરીનું પાત્ર ભજવીને રાટચેટને મોતની સજા ફરમાવી હશે અને એ લોકોએ જ એ સજાનો અમલ કર્યો હશે. જ્યુરી પણ એ બાર જણા અને જલ્લાદ પણ એ લોકો જ. મને જેવો આ વિચાર આવ્યો કે આખો કેસ દીવા જેવો સાફ થઈ ગયો.

"આ એક એવું નાટક હતું જેમાં દરેક પાત્રની ભૂમિકા નક્કી થઈ ગયેલી. જો કોઈ એક પર શંકા જાય તો બીજો તેને પોતાની જુબાનીથી બચાવી લે અને કેસ ગૂંચવી નાખે એમ નક્કી થયેલું.

"હાર્ડમેનની જુબાની એટલે જરૂરી હતી કે કોઈ બહારના માણસ પર શંકા જાય અને એ સાબિત ન કરી શકે કે એ હત્યાના સમયે સ્થળ પર નહોતો તો હાર્ડમેનનું બયાન એને બચાવી લે. ઈસ્તંબુલ-કાલાઈસ કોચના કોઈ મુસાફર ઉપર તો ખતરો જ નહોતો. તેમની જુબાનીની ઝીણામાં ઝીણી વિગત પહેલેથી જ નક્કી થઈ ચૂકી હતી. આ આખો ખેલ એવી રીતે ગોઠવાયેલો કે કોઈપણ નવો પુરાવો ફૂટી નીકળે તો એને કારણે કોયડો વધુ ગૂંચવાય. મિસ્ટર બુકે કહેલું એમ આ આખો કોયડો કલ્પનાની બહાર લાગે એવો અશક્ય હતો. આવી જ છાપ ઊભી કરવાનો પ્રયત્ન હતો.

“આ બીજો ઉકેલ છે એ શું દરેક વાતનો ખુલાસો કરતો હતો? હા. એ ઉકેલ બધું સ્પષ્ટ કરતો હતો. લાશ ઉપર બાર ઘા હતા એમાંના અમુક ઊંડા હતા તો અમુક ઉપરછલ્લા હતા, કારણકે બાર વ્યક્તિએ ઘા કરેલા. ઉપજાવી કાઢેલા પત્રો. ઉપજાવી કાઢેલા એટલે કે તે વાસ્તવિક નહોતા. ફક્ત પુરાવા તરીકે રજૂ કરવા ઉપજાવી કાઢેલા. (એમાં કોઈ શંકા નથી કે સાચા પત્રો પણ આવેલા હતા, જેમાં રાટચેટને ધમકી આપવામાં આવેલી. આ પત્રોનો મેકક્વીને નાશ કરેલો અને એની જગ્યાએ આ ઉપજાવી કાઢેલા પત્રો મૂકી દીધેલા.) પછી આવી હાર્ડમેનની વાત જેમાં એણે જણાવ્યું કે રાટચેટે એને પોતાના રક્ષણ માટે રાખેલો. આ વાત સાવ ખોટી હતી. એણે પેલા ‘નાના કદના, તીણા અવાજવાળા’ માણસ વિષે વાત કરી. આ બહુ સગવડિયું વર્ણન હતું કારણકે કોઈ કન્ડક્ટર આવો નહોતો અને આ વર્ણન કોઈપણ પુરુષ અથવા સ્ત્રીને બંધબેસતું હતું.

“છરી મારીને હત્યા કરવાનો વિચાર પહેલી નજરે વિચિત્ર લાગે પણ પછી સમજી શકાય કે આ સંજોગોમાં એ સૌથી વધુ અનુકૂળ હતો. કોઈપણ વ્યક્તિ, સશક્ત હોય કે દુર્બળ, ચાકુ મારી શકે. એમાં કોઈ જાતનો અવાજ પણ ન થાય. હું કદાચ ખોટો હોઉં પણ મને લાગે છે કે દરેક વ્યક્તિએ મિસિસ હબ્બાર્ડના કંપાર્ટમેન્ટમાંથી રાટચેટના કંપાર્ટમેન્ટમાં આવીને એની ઉપર વાર કર્યો. જો કે કોઈને ખબર નથી કે કોના વારને કારણે રાટચેટનું મૃત્યુ થયું.

“રાટચેટને જે છેલ્લો પત્ર મળ્યો તેને કાળજીપૂર્વક સળગાવી દેવામાં આવ્યો જેથી કરીને આ હત્યાને આર્મસ્ટ્રોંગ કેસ સાથે સાંકળી ન શકાય અને ટ્રેનના કોઈ મુસાફર ઉપર શંકા ન જાય. આ હત્યા કોઈએ બહારથી આવીને કરી છે એમ જ કહેવાય. પછી બે કે ત્રણ મુસાફરો એમ કહે કે ‘અમે એક નાના કદના, તીણા અવાજવાળા માણસને ટ્રેનમાંથી બ્રૉડ સ્ટેશન પર ઊતરતાં જોયેલો.’

“મને ખબર નથી કે જ્યારે આ બધું આયોજન બરફના તોફાનને કારણે ટ્રેન અટકી પડી એટલે ખોરવાઈ ગયું ત્યારે આના સુત્રધારોએ શું વિચાર્યું? મને લાગે છે કે તે બધાએ મળીને નક્કી કર્યું કે તેઓએ જે આયોજન કર્યું છે તેને આગળ ધપાવશે. એ વાત નક્કી હતી કે હવે એકથી વધુ મુસાફરો ઉપર શંકા થાય એ શક્ય હતું. જો કે આ શક્યતા વિષે પહેલેથી વિચાર થઈ ગયેલો અને તેનું નિરાકરણ પણ નક્કી થયેલું. હવે એક જ વાત કરવાની હતી. આખો કોયડો વધુ ગૂંચવવા માટે બે ‘પુરાવા’ રાટચેટના કંપાર્ટમેન્ટમાં ‘ભૂલી જવામાં’ આવ્યા. એક કર્નલની પાઇપનું ક્લીનર જેથી એમની ઉપર શક થાય પણ કર્નલ તો આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે સંકળાયેલા નહોતા. બીજો હતો હાથરૂમાલ જે પ્રિન્સેસ ડ્રેગોનમીરોફનો હતો, જેમનું શરીર જોઈને ન લાગે કે તે આવી ઘાતકી હત્યા કરી શકે.

“પ્રિન્સેસ ડ્રેગોનમીરોફ માટે એમના મેઈડ અને કન્ડક્ટરે એ પ્રકારના બયાન આપેલા કે તેઓ હત્યાના સમયે પોતાના કંપાર્ટમેન્ટમાં જ હતા એવું સાબિત થાય. કોયડાને વધુ ગૂંચવવા માટે કોઈ ‘લેડી’ લાલ રંગનો કીમોનો પહેરીને કૉરિડૉરમાં ફરતાં દેખાયેલાં. મારું બારણું કોઈએ જોરથી ખટખટાવ્યું, મેં જ્યારે બહાર જોયું ત્યારે એક લેડી કૉરિડૉરમાં જતાં હતાં, જેમણે લાલ કીમોનો પહેરેલો. આ લેડીને કન્ડક્ટરે, મિસ ડેબેનહામે અને મેકક્વીને પણ જોયેલા. ત્યારબાદ કોઈ રમૂજી સ્વભાવની વ્યક્તિએ; હું જ્યારે ડાઇનિંગ કારમાં મુસાફરો સાથે વાતો કરતો હતો ત્યારે; એ લાલ કીમોનો મારી સૂટકેસમાં મૂકી દીધો. આ લાલ કીમોનો કોનો છે એ મને ખબર નથી. કદાચ કાઉન્ટેસ એન્ડ્રીનાઈનો હોઈ શકે કારણકે એમના સામાનમાં કોઈ ડ્રેસિંગ ગાઉન નહોતો મળ્યો.

“જ્યારે મેકક્વીનને ખબર પડી કે એણે સળગાવેલો પત્ર સંપૂર્ણ રીતે બળી નહોતો ગયો અને એમાં ‘આર્મસ્ટ્રોંગ’ શબ્દ વંચાતો હતો, ત્યારે તેણે બધાને ચેતવી દીધા. આને પરિણામે કાઉન્ટેસ

ઉપર આફત આવે એવી શક્યતા વધી ગઈ, માટે કાઉન્ટે પાસપોર્ટમાં કાઉન્ટેસના નામ પર ગ્રીસ લગાડી દીધું. આ બીજી ઘટના હતી જે એમના માટે કમનસીબ સાબિત થઈ!

"એ બધાએ નક્કી કર્યું કે દરેક વ્યક્તિ એમ જણાવશે કે એને આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે કોઈ સંબંધ નહોતો. એ બધાને ખબર હતી કે મારી પાસે આ વાત જાણવા માટે કોઈ માહિતી નથી અને એમને લાગેલું કે મને કોઇ એક વ્યક્તિ પર શંકા નહીં પડે તો હું આ બાબતમાં ઊંડો નહીં ઊતરું.

"હવે એક મહત્ત્વનો મુદ્દો. જો મારો આ ઉકેલ સાચો હોય તો કન્ડક્ટર પોતે પણ આ બધા સાથે ભળેલો હતો એ નક્કી હતું. એનો અર્થ એમ કે આમાં બાર નહીં પણ તેર જણા સાથે હતાં. આને કારણે મને સવાલ થયો. જો બાર જણાએ જ હત્યા કરવામાં ભાગ ભજવ્યો હોય તો આ તેરમાંથી નિર્દોષ કોણ હતું?

"પછી હું એક આશ્ચર્ય થાય એવા તારણ પર આવ્યો. મેં વિચાર્યું કે એ વ્યક્તિ નિર્દોષ હશે જેની ઉપર શંકા કરવાના સૌથી વધુ સબળ પુરાવા હોય. હું કાઉન્ટેસ એન્ડ્રીનાઈની વાત કરું છું.

"એમના પતિએ ગંભીરતાથી, સોગંદપૂર્વક જણાવેલું કે કાઉન્ટેસ કંપાર્ટમેન્ટમાંથી બહાર નહોતા ગયાં. આનો અર્થ એમ કે કાઉન્ટે પોતાની પત્નીનું સ્થાન લઈ લીધું.

"જો આવું હોય તો કન્ડક્ટર પિયરે મિશેલ બાર જણમાંથી એક હતો. પરંતુ એ આ કેસમાં કઈ રીતે ભળેલો હોય? એ તો ઘણાં વર્ષોથી આ રેલવે કંપનીમાં કામ કરતો હતો અને કોઈપણ પ્રકારની લાલચથી ખરીદાય એવો નહોતો. એનો અર્થ એ કે તે આર્મસ્ટ્રોંગ કેસ સાથે જોડાયેલો હોય.

આ વાત અશક્ય લાગતી હતી. ત્યાં મને યાદ આવ્યું કે પેલી નર્સરી મેઈડ, જેની ઉપર આરોપ આવેલો અને જેણે આત્મહત્યા કરેલી, તે ફ્રેંચ હતી. શક્ય હતું કે એ મિશેલની દીકરી હોઈ શકે. જો આવું હોય તો આખી વાત સ્પષ્ટ થઈ જતી હતી. એ પણ સમજાઈ જતું હતું કે આ હત્યા કરવા માટે આ ટ્રેન શા માટે પસંદ કરવામાં આવી.

"હવે એવી કઈ વ્યક્તિ રહી હતી જેની આ 'નાટકમાં' શું ભૂમિકા હતી તે સ્પષ્ટ નહોતું? કર્નલ આર્બથનોટ કર્નલ આર્મસ્ટ્રોંગના મિત્ર હોય અને યુદ્ધમાં એ બંને સાથે હોય તે શક્ય હતું. મેઈડ હિલ્ડાગાર્ડે સ્મીટ આર્મસ્ટ્રોંગ કુટુંબમાં કૂક તરીકે રહ્યા હોય તે શક્ય હતું. મેં એમને પૂછેલું કે 'તમે સારા કૂક છો એમ હું માનું છું.' ત્યારે તેમણે કહેલું `હા હું સારી રસોઈ બનાવું છું. મેં જેટલાને ત્યાં કામ કર્યું તે બધાએ મારી રસોઈ વખાણી છે.' પરંતુ એ અત્યારે મેઈડ તરીકે કામ કરતા હતા અને મેઈડને રસોઈ કરવાની તક ભાગ્યે જ મળતી હોય છે.

"હવે હાર્ડમેનની વાત. એ તો દેખીતું હતું કે એણે આર્મસ્ટ્રોંગના ઘરે કામ ન કર્યું હોય. મેં વિચાર્યું કે એ કદાચ ફ્રેંચ યુવતીનો પ્રેમી હોઈ શકે. મેં જ્યારે એને કહેલું કે 'પરદેશી યુવતીઓ ખુશનુમા હોય છે' ત્યારે એની આંખમાં પાણી આવી ગયેલા.

"મિસિસ હબ્બાર્ડે તો આ નાટકમાં સૌથી વધુ અગત્યની ભૂમિકા નિભાવી. એ રાટચેટના કંપાર્ટમેન્ટની બાજુના કંપાર્ટમેન્ટમાં હતાં એટલે સૌથી વધુ શંકા એમની ઉપર થાય તે સ્વાભાવિક હતું. કોઈ એ ગેરહાજર હતા એવું બયાન આપી શકે એમ નહોતું. એમણે જે સ્વાભાવિક પરંતુ થોડી હાસ્યાસ્પદ લાગે એવી અમેરિકન માતાની ભૂમિકા ભજવી. એને માટે તો કોઈ સક્ષમ અભિનેત્રીની જરૂર હતી. આર્મસ્ટ્રોંગ કુટુંબ સાથે એક અભિનેત્રી જોડાયેલાં હતાં. મિસિસ આર્મસ્ટ્રોંગના મધર, વિખ્યાત અભિનેત્રી લીન્ડા આર્ડન...!"

પોઈરો આટલું કહીને બોલતા અટક્યા. મિસિસ હબ્બાર્ડે અત્યાર સુધી જે અવાજમાં વાત કરી હતી તેનાથી તદ્દન જુદા, સંમોહક અને મધુર અવાજમાં કહ્યું "મને કોમેડી રોલ કરવાનું

બહુ ગમે."

ત્યારબાદ એમણે કહ્યું: "પેલી સ્પોંજ બૅગને બારણાના હેન્ડલ પર લટકાડીએ તો પણ આગળિયો તો દેખાય એ વાત સાવ ધ્યાન બહાર ગઈ! અમે જ્યારે પ્રૅક્ટિસ કરી ત્યારે કદાચ હું ૨, ૪ કે ૬ નંબરના કંપાર્ટમેન્ટમાં હોઈશ! એ ખ્યાલ જ ના રહ્યો કે આગળિયો જુદા સ્થાને હોય."

પછી એમણે પોઈરો સામે નજર કરીને કહ્યું: "મિસ્ટર પોઈરો, તમને બધી ખબર છે. તમે ખરેખર અદ્ભુત વ્યક્તિ છો. પરંતુ તમે પણ કલ્પના નહીં કરી શકો કે તે દિવસે ન્યૂયૉર્કમાં અમારી શું હાલત હતી. હું તો દુ:ખથી પાગલ થઈ ગઈ હતી. બધા નોકરોની પણ એ જ પરિસ્થિતિ હતી. કર્નલ આર્બથનોટ એ વખતે ત્યાં હતા. તે કર્નલ આર્મસ્ટ્રોંગના જીગરી દોસ્ત હતા."

"કર્નલ આર્મસ્ટ્રોંગે યુદ્ધમાં મારી જિંદગી બચાવેલી." કર્નલ આર્બથનોટે કહ્યું.

"અમને જ્યારે ખબર મળી કે કાસેટી મૃત્યુની સજામાંથી છટકી ગયો છે ત્યારે જ અમે બધાએ નક્કી કર્યું એ સજા અમે બધા મળીને તેને આપશું. કદાચ આ નિર્ણય પાગલપણામાં લેવાયેલો. અમે બાર જણાં હતાં. અગિયાર ન્યૂયૉર્કમાં અને સુસાનના પિતા ફ્રાન્સમાં. પહેલાં અમે નક્કી કર્યું કે કાસેટીની હત્યા કોણ કરશે એના માટે ચિઠ્ઠી ખેંચીએ. પછી નક્કી થયું કે બધા મળીને એનું કાસળ કાઢી નાખીશું. આ સૂચન ડ્રાઇવર એન્ટોનીઓનું હતું. મેરીએ હેક્ટર મેકક્વીન સાથે મળીને વિગતવાર ચર્ચા કરી લીધેલી. મેકક્વીનને મારી દીકરી સોનિયા આર્મસ્ટ્રોંગ પર બહુ માન હતું અને મેકક્વીને જ અમને બધાને જણાવ્યું કે કાસેટી મોતની સજામાંથી કેવી રીતે પૈસા વેરીને છટકી ગયેલો.

"અમારી આખી યોજનાને અમલમાં મૂકતાં ઘણી વાર લાગી. પહેલાં તો અમારે કાસેટીને શોધવાનો હતો. હાર્ડમેને એ કામ કર્યું. ત્યારબાદ અમારે માસ્ટરમેન અને મેકક્વીનને રાટચેટ નોકરી આપે તેવું આયોજન કરવાનું હતું. એનો પણ મેળ પડી ગયો. પછી અમે સુસાનના પિતાને વાત કરી. કર્નલ આર્બથનોટ અમે બાર જણા હોઈએ એવો આગ્રહ રાખતા હતા. છરીથી હત્યા કરવાની પદ્ધતિ એમને બહુ પસંદ નહોતી, પણ અંતે એમણે સ્વીકાર્યું કે એ સારામાં સારી રીત હતી. સુસાનના પિતા આ યોજનામાં સામેલ થવા તૈયાર હતા. સુસાન એમની એકની એક દીકરી હતી. મેકક્વીને અમને જણાવેલું કે રાટચેટ વહેલોમોડો ઓરિએન્ટ ઍક્સપ્રેસમાં મુસાફરી કરીને પાછો આવશે. સુસાનના પિતા આ કંપનીમાં જ કામ કરતા હતા એટલે આ તક તો જવા દેવા જેવી નહોતી. વધારામાં આને કારણે બહારની કોઈ વ્યક્તિ ઉપર શંકા ન થાય એ પણ ફાયદો હતો.

"અલબત્ત, મારી દીકરીના પતિને આ વાત કરવી જરૂરી હતી. એમણે આગ્રહ રાખ્યો કે એ પણ ટ્રેનમાં સાથે મુસાફરી કરશે. મેકક્વીને ચાલાકીથી રાટચેટને એ દિવસે જ મુસાફરી કરવા માટે સમજાવી દીધા જ્યારે મિશેલ ફરજ પર હાજર હોય. અમારો વિચાર હતો કે ઈસ્તંબુલ-કાલાઈસના કોચની દરેક બર્થનું રિઝર્વેશન કરાવી દેવું. કમભાગ્યે અમને એક બર્થ ન મળી. ઘણા દિવસો પહેલાં એ બર્થ કોઈ કંપનીના ડાયરેક્ટર માટે રીઝર્વ થઈ ગયેલી. મિસ્ટર હેરીસ તો કાલ્પનિક નામ હતું. હેક્ટરના કંપાર્ટમેન્ટમાં કોઈ અજાણી વ્યક્તિ આવે એ અનુકૂળ નહોતું. પછી તમે આવ્યા..."

મિસિસ હબ્બાર્ડ આટલું કહીને થોડીવાર મૌન રહ્યાં અને પછી બોલ્યાં: "હવે તમે બધું જાણો છો તો એના માટે તમે શું કરવાના છો? જો કોઈને ગુનેગાર ઠરાવવાનો જ હોય તો બધો આરોપ ફક્ત મારી ઉપર જ ન મૂકી શકો? હું બહુ જ ખુશીથી એ નરાધમ રાક્ષસને બાર વખત છરી મારત. એ ફક્ત મારી દીકરી અને મારી દોહિત્રીના મૃત્યુ માટે અને પેલું શિશુ, જે જન્મી જ ન

શક્યું એના મૃત્યુ માટે જ જવાબદાર નહોતો. ડેઈસીની પહેલાં પણ એણે અનેક બાળકોના અપહરણ કરીને એમને મારી નાખેલાં. કોને ખબર વધુ કેટલાં બાળકોના એ આવા હાલ કરત. સમાજે તો એને ગુનેગાર ઠરાવેલો જ. અમે તો ફક્ત એને સજા આપી છે, પરંતુ આ બધાને એને માટે કસૂરવાર ઠરાવવાની જરૂર નથી. એ બધા સારા-સાલસ સ્વભાવના છે. બિચારા મિશેલની હાલત તો કહેવાય એવી નથી. મેરી અને કર્નલ એકમેકને ચાહે છે."

એમનો સંમોહક અવાજ આખી ડાઇનિંગ કારમાં ગુંજતો હતો અને દરેક વ્યક્તિ એ લાગણીથી ભરેલા, હૃદયસ્પર્શી અવાજને ધ્યાનથી સાંભળતા હતા. આ એ જ અવાજ હતો જેણે ન્યૂયૉર્કના અનેક પ્રેક્ષકોને મોહિત કરેલા.

પોઈરોએ મિસ્ટર બુક સામે જોઈને પૂછ્યું: "તમે કંપનીના ડાયરેક્ટર તરીકે શું કહો છો?"

મિસ્ટર બુક ગળું સાફ કરીને બોલ્યાઃ "મિસ્ટર પોઈરો, તમે જે પહેલો ઉપાય જણાવ્યો, કે કોઈ બહારથી આવીને રાટચેટની હત્યા કરીને ટ્રેનમાંથી ભાગી ગયું, તે બરાબર છે. આપણે યુગોસ્લાવિયાની પોલીસને એ પ્રમાણે જ જણાવશું. શું કહો છો ડૉક્ટર?"

ડૉક્ટર કોન્સ્ટનટાઇન બોલ્યાઃ "હું સંપૂર્ણ સહમત છું. આમ પણ તબીબી પુરાવા તરીકે મેં એક-બે ઉત્તમ સૂચનો કર્યાં છે."

પોઈરોએ કહ્યું: "તો બસ, આ બે ઉપાયો તમારી સમક્ષ મૂકીને હું આ કેસમાંથી નિવૃત્ત થાઉં છું."

